ઘણે ઘણે વર્ષે

પૃથ્વી] બળવંતરાય ક. ઠાકોર [સોનેટ

સખે, હૃદય, ક્યાં ગયો? જિવન એકલું ધૂળ આ,
ન કાંઇ સુઝતું, ગમે નવ કશું, કળે ના પડે.
સ્મૃતી મલિલ બધિયાર જલ શા કૂવે આવર્યા,
મનોહરતરંગિ જે હતું તાજુ 'નુભવ્યું યદા
અકારું કડ છું અપેય બનિયું કશું ને અરે,
નવું ય કશું ના રુચે, જગત બાધું નિસ્તેજ આ.

નિહાળું મનુજો ઘણાંય નિજ જોડ ગોતા રુવે,
ઘડીક પશુ શા બરાડત, દયા બધે ભીખના;
પરંતુ મટ ભૂલિ જે જુનું નવે કશે વળગના,
–ગુની શુન રતે રતે સુરત જેમ મ્હાલે નવે!
સપાટિ પરના અનેક પ્રણયો શુ થે શું ભવે,
કયહ્રામિ લવ નેહમાર ભટકંત હૈયે ગવે!

મુખો વિવિધ રે વિચિત્ર જડમાનળા ચે દિહા,
રતી મુજ પુગળ કાત વતવૈજયતી કિહા!

ટિપ્પણ–'કાંત' કવિ સંજ્ઞાધિની રતિ પૈકી પણ કાત મસ્તકથી પગ લગી આખા દેહને પીંછી સેતી શોભાવતી વગી જાણે મોટા અમાધારણ વિજયની પતાકા હોય તેવી ભાસાને વૈજયતી કહે છે. હિંમુત જયત અને ત્રિવિક્રમ દેવાધિદેવ શ્રીકૃષ્ણનુ એ એક મુખ્ય આભરણ પણ છે.

ફેબ્રુવારી ૧૯૪૫, મુંબાઇ.

કવિકથાઓ

મૂળરાજ એંજનરિયા.

Love & Letters

When Jennie was a friend of Perey's
She used to write erotie verses;
She then enjoyed a great success
As a leading "Vers libre" poetess;
Bur when she fell
In love with Peter,
It brought her back
To rhyme and metre;
At last she married mr. Rose,
So now she writes the dullest prose.
(Punch)

એટલે સ્તો!

"આ મોહનભાઈને મે ગાજકોટ જવા ઉપડ્યા ત્યારે જ કહી રાખેલુ કે "ઈ વીરાવાળાનો વિશ્વાસ કરવા જેવો નથી." બલ્લુકાકા એક સાહિત્યકારને એક દિવસ વાત કરી રહ્યા હતા (ગાંધીજીને એ "મોહનભાઈ" કહે છે.)

"ઈ ગરાશીઓ મૂળથી જ ભારે ખટપટી. હું રાજકુમાર કૉલેજમાં આચાર્ય હતો ત્યારે એ ભણવા આવેલો. એક દિવસ એની ઓરડીમાથી મેં દારૂના શીશા-પકડેલા ને તેને "રસ્ટીકેટ" કરાવેલો પણ માળો ભારે પહોંચેલ ચુંદી. એણે તો છેક વડા આચાર્ય કને જઈ ખટપટ કરી "રસ્ટીકેશન" રદ કરાવેલું. વિદ્યાર્થી અવસ્થાથી જ એનાં લક્ષણ હું તો જાણું એટલે મોહનભાઇને ચેતવેલા."

"પણ એ શીશા ભરેલા હતા કે ખાલી?" સાહિત્યકારે પૂછ્યું.

"ખાલી, સાવ ખાલી." કાકાએ પ્રશ્નનો મર્મ સમજ્યા વિના નિર્દોષતાથી કહ્યું.

"તેમાં રતો રસ્ટીકેટ કરાવ્યો હશે." સાહિત્યકારે મમરો મૂકયો.

કવિનું આયુષ્ય

એક કવિ મિત્રમંડળીમાં વાતોને તડાકે ચડ્યા હતા: "મેં એટલાં સારાં કાવ્યો લખ્યાં છે કે આધુનિક કાવ્યસાહિત્યનો પ્રવાહ એ પ્રગટ થયા પછી બદલાઈ જશે પણ મારી ઇચ્છા છે કે મારા મૃત્યુ બાદ એ બધાં કાવ્યો છપાય તો ઠીક."

"ઈશ્વર તમને લાંબું આયુષ્ય આપે!" મિત્રો એકી અવાજે બોલી ઊઠ્યા

કવિની શિખામણ

એક વાર કવિવર ટાગોર પ્રસે એક પ્રેમી યુગલ ગયુ. જઈને ગુરૂદેવને વંદન કર્યું. ગુરૂદેવ એ બેઉની દાંડી આવ, પીળો રંગ, ભરેલી આંખો, ઇન્તેજારી, બેકરારી, વિ પ્રેમલક્ષણો પરથી તેમની મનોદશા પારખી ગયા ને પૂછ્યુ-પુરૂષને પૂછ્યું: "શું છે?"

"ગુરૂદેવ, અમે બન્ને પ્રેમમાં પડ્યાં છીએ"

ગુરૂદેવે એક ઉંડો નિશ્વાસ નાખ્યો ને ગંભીરતાથી જોયા: "એનુ જ મને દુઃખ છે. હું એમ ઇચ્છતો હતો કે તમારા જેવા સ્ત્રી-પુરૂષો પ્રેમમાં "પડવા"ને બદલે પ્રેમમા ઉંચે ચડે. જે પ્રેમ વ્યક્તિને પાડે છે તે સાચો પ્રેમ નથી. સાચો પ્રેમ પ્રેરણાત્મક અને ઉંચે ચડાવનારો હોય છે."

હે, કવિજન!

ખંધી અસ્પષ્ટ મેધા, દરશન અધૂરાં, ભવ્ય આદર્શ ગપ્પાં
સિદ્ધાંતોના સુંવાળા સુલલિત શબ્દે રોજ ઓળોટવાનું

ગીતોની ગર્જનામાં સકળ જગતની ગોષ્ઠી રથાન પામે
ચિત્ત પાડોશી સાથે કવિજન! હૃદયે મેળ તારો ન જમે.

—ઈન્દુલાલ ગાંધી

કવિની ખુમારી

જીંદગીની ઉતરતી ઉંમરે કાન્તમાં એક જાતની લાપરવાઈ આવી ગઈ હતી. મિત્રમંડળ ઓછું થઈ ગયું હતું. કેટલાંક કયારના મૃત્યુ પામ્યા હતા. બીજા મિત્રો દૂર વસતા હતા.

ભાવનગરમાં કામ કરતા હતા ત્યારે તેમના મિજાજને છેડવાની કોઈ હિંમત કરતું નહિ. મહારાજા ભાવસિંહજી પણ તેમનું પૂરેપૂરું સન્માન કરતા.

કાન્ત જમતા હોય અને ભાવનગરના મહારાજા બગીમાં બેસીને આવે અને કાન્તને તેની ખબર કહેવામાં આવે તો ય કાન્ત જમવામાં ઉતાવળ કરે નહિ. એટલું જ કહેવડાવે "કહો, હું આવું છું"

એક વાર મહારાજા માહેશ્વરીમા તેમના બેસને હાથ અડાડયો હતો. એ બેસ ત્યાને ત્યાં મૂકી કાન્ત ચાલી ગયા, ભાવસિંહજીને આવા ગુણીજનો ગમતા. ગુણીજનો મિજાજી હોય એમ મહારાજા માનતા.

કાવ્યનો પ્રસવ

એક વાર આચાર્ય ક્ષિતિમોહનસેન ગુરુદેવ (ટાગો ની સાથે આગગાડીમાં મુસાફરી કરી રહ્યા હ તેનજીએ જોયું તો ગુરુદેવને કોઈ કાવ્યની પ્રેરણા થ હોય એમ લાગ્યું. તેથી તે રબ્બાની સંડાસમાં સર ગયા ને ત્યાં બેસી રહ્યા, જેથી કવિ શાન્તિથી કા પુરું કરી શકે.

ગુરુદેવે કાવ્ય પુરું કર્યું ને ક્ષિતિમોહ બોલાવવા લાગ્યા. બહાર આવતા ક્ષિતિમોહનને જો કવિવરે કહ્યું "ક્યાં હતા તમે? હમણા જ ર કાવ્યનો પ્રસવ થયો."

"પણ ગુરુદેવ, પ્રસવ સમયે કોઈ પુરુષ બો હાજર રહી શકે છે?" ક્ષિતિમોહનએ કહ્યું.

કવિનો જન્મ

"દરેક નવું જન્મતું બાળક પૂરવાર કરે છે ઈશ્વર હજી માનવજાતથી નિરાશ થયો નથી."—ટાગો

"ટાગોર આપણા દેશમાં જન્મ્યા એ પૂરવ કરે છે કે ઈશ્વર હજી આપણાથી નિરાશ થયો નથી

—સર રાધાકૃષ્ણ



માધનું મૃત્યુ

ચંદ્રવદન મહેતા

ગયા અંકમાં જ શ્રી રતુભાઈ દેસાઈનું 'કલ્પનાને' કાવ્ય રજુ કરતાં અમે શ્રી ચન્દ્રવદન મહેતાની અનોખી કૃતિ "માધનું મૃત્યુ" કાવ્યનો છેલ્લા દાયકાના ઉત્તમ કાવ્યોમાંના એક તરીકે ઉલ્લેખ કર્યો હતો. એ કાવ્ય અમે રજુ કરીશું એ વચન અમે અહિં પાળીએ છીએ. ગુજરાતના વિદ્વાન વિવેચકો સમક્ષ અને કાવ્યરસિકો સમક્ષ 'કવિતા' 'માધનું મૃત્યુ' રજુ કરે છે. આ કાવ્યને રજુ કરતાં અમને વિશેષ આનંદ તો એ છે કે આ કૃતિ શ્રી ચંદ્રવદન મહેતાની શ્રેષ્ઠ કૃતિ છે. 'માધના મૃત્યુ'ને–ગંભીરમાં ગંભીર, કરૂણમાં કરૂણ પળને કવિએ વાનીમાં એટલી હૃદય-સ્પર્શી રીતે ગૂંથી છે કે માધનો સૂરજ આથમતો આંખ આગળ દેખાય છે. આ કાવ્યમાં સંધ્યાકાળને અનુકૂળ સર્વે રંગો પ્રસર્યા છે. ઉત્તમ કવિતાઓને આવશ્યક એવાં સર્વે લક્ષણો આ કવિતામાં સ્પષ્ટ થાય છે અને એથી જ અમે આ કૃતિને છેલ્લા દાયકાની ઉત્તમ કૃતિઓ-માંની એક તરીકે ઓળખાવવાને લલચાઈએ છીએ. : તંત્રી.

[મહાકવિ માધની એક પ્રચલિત કિંવદંતી ઉપરથી આ રૂપક ઉપજાવ્યું છે. પિતાની દોલત ઉડાવી દેતાં, પત્નીને અવન્તિનાથ પાસે, શ્લોક સનાથે, મોકલી, અને રાજાએ સવાલક્ષ ભેટ આપી. અવન્તિની પ્રજાએ કહ્યું કે માધ તો મહાઉદાર, એની પત્ની પણ એવી જ હોવી જોઇએ, એટલે પત્નીએ સુવર્ણને લોકોમાં વહેંચી દીધું. માધપત્ની ઘર આવ્યાં ત્યારે ગરીબાઇથી માધ મૃત્યુશય્યા ઉપર છેલ્લા શ્વાસ લેતા હતા.

આ રૂપક મોટે ભાગે શ્રવણીય છે, કેવળ દૃશ્ય નથી. જ્યારે દિવસે રેડીઓરૂપકો–એક જ વસ્તુલક્ષી, સરળ કથાનકવાળા, છતાં સંગીતની વિવિધતા ભરેલા લંબાતા જશે, લખવા જ પડશે. આ એક એવો પ્રયત્ન છે. ભજવવા માટે યા રજુ કરવા માટે એમાં થોડી વધઘટ જરૂરી છે. એ વધઘટનો આધાર કુશળ સૂત્રધાર પર જ છે.–લેખક]

(અનુ.)

એકઃ ઉત્તરે ગુર્જરે દેશે, વિસ્તરે અરવલ્લરી;
અને ત્યાં આભ ઊડન્તો, ઊભો છે આબુનો ગિરિ.

બીજોઃ હતી ના ત્યાં મરુભૂમિ, પલ્લવી ફળી સંસ્કૃતિ;
ઊંડેરી જ્ઞાનવારિની, વહેતી'તી ત્યાં સરસ્વતી.

ત્રીજોઃ ઘેરી એ ગિરિમાળામાં, શ્રીનગરી શ્રીમાળની;
અર્બુદાચળની છાંયે, શોભન્તી કંચને મઢિ.

એકઃ ઉપમામાં સુલાલિત્યે, ગભીરા અર્થગૌરવે;
વાચસ્પતિ મહામાઘ, ભારતે કવિઓ કવે.

બીજો: પિતા સર્વાશ્રયે દીધી, પુત્રને લક્ષ્મીની લીલા;
પુત્રે સરસ્વતી પૂજી, પત્નીમાં વધુ ઉત્કલા.

ત્રીજો: શ્રીમાળે માઘની કીર્તિ, સૂર્યશી પ્રસરી રહી;
વિસ્તરી ભારતે ત્યાંથી, યુગે યુગે પછી વહી.

(ગીત)
(રાગ દુર્ગા)

બધાં: એણે પૂજી સરસ્વતી મન, એવો સબરસીયો,
જેણે નવલાં કીધાં સર્જન, એવો સબરસીયો,
એણે વહેંચાવ્યાં અઢળક ધન, એવો સબરસીયો,
જેણે તાર્યા કંઈક નિર્ધન, એવો સબરસીયો,
એણે રેલાવ્યાં કાવ્યગુંજન, એવો સબરસીયો,
જેને લાધ્યાં'તાં રસદર્શન, એવો સબરસીયો,

.....એણે પૂજી.....

(અનુ.)

એકઃ શ્રીમાળે ધાન્ય ને લક્ષ્મી, વસે કારાગૃહે સિદ્ધા,
કવિએ જ્ઞાનથી છેદ્યાં, વસમાં બંધનો બધાં.

(લાવણી)

બીજો: એક દિવસ ઉજ્જયિની રાજન, આવ્યા'તા શ્રીમાળનગર,
રાજનગરની રૈયત રડતી, માઘકવિને પડી નજર,
ધનભંડારે હતી અમુલખ, સંપતિ ધરતી લેંય ભરી,
લાજ રાખવા રાજનગરની, ગરીબ લોકને ચરણ ધરી.

(અનુ)

એકઃ કવેન્દુ એ દયા સિન્ધુ, દીનબન્ધુ શ્રીનંદન,
લક્ષ્મીને દાનમાં અર્પી, બન્યા એ જગવંદન.

બીજોઃ પત્ની તો પ્રેરણામૂર્તિ, મંત્રિણી સહુચારિણી;
અનુરાગી છતાં ત્યાગી, સંસારે તો વિરાગિણી.

ત્રીજોઃ જ્ઞાનીને ન મળે અન્ન, ધનીને જ્ઞાન ના મળે;
સંસારે એ વિધિયોગ, યોગી એ ગતિ ના કળે.

એકઃ પત્નીને શ્લોક સંગાથે, પ્રેરી ઉજ્જયિની પ્રતિ;
શ્રીમાળે કાવ્યનું મૂલ્ય, થયું ના, ના થતું કદી.

બીજોઃ એવા એ કવિ માઘ, હવે સંકેલતા કલા;
સન્ધ્યાને આંગણે આવ્યા, દારિદ્રે અતિ દુર્બળા.

(મન્દા.)

બેઃ પુરુષ અને સ્ત્રી ધીમે ધીમે દશદિશ વહી, કીર્તિની શુભ્ર જ્યોતિ,
ને લક્ષ્મી તે તરલ ચપલા, સુકૃપા ઓસરી'તી;
દૌર્બલ્યેથી અવયવ ગળે, ઘેરતી મૃત્યુજ્વાળ,
આવી ઉલ્કા નિકટ ગરવો, એમનો અંતકાળ.

(માલિની)

એકઃસ્ત્રી ઉદધિજલ વિલોલે, ભાગ્યની એમ લીલા,
દહન કરતી તાપે, ને ઘડી છાંય શીળા;
કવિવર સુખ શય્યા, મૃત્યુની માણતા'તા,
ગુણીજન સહુ ભેળા, ભાવથી ગીત ગાતા.

(ગીત)

(રાગ સારંગ)

બધાંઃ ધનધન કવિજન રસયોગી!
લીધું અંતર અવલોકી!

જ્ઞાનજળ ગાળીને નિર્મળ, સભરસ તેં તારવીયાં;
સકળ વિશ્વને અવલોકી, હે કવિ! ભાર ઉંડા સારવીયા.
રસસાર સૌ ઘોળી નવલી, ઉપમા તેં ઉપજાવી;
નવલરંગથી રંગી એને, વધુ લલિત બનાવી.
સરસ્વતી રસવંતી ત્યાંથી, કૃપા પ્રેરણા પીધી;

અલંકાર અણુમોલા પામી, અર્થ ગૌરવી કીધી.
.....ધનધન કવિજન

(મન્દા)

એ· ધીમેધીમે કવિવરતણી, આંખડી પાંદડીશી
ખીલાતી'તી કમલવદને, પત્ની ત્યાં તો પ્રવેશી;
આવી ઊભી સમીપ શયને, હોય સંજીવની એ,
ખૂલ્યાં નેનો વદન વિકસે, સર્વ એ દૃશ્ય જૂએ.

(અનુ.)

માધઃ તમે છો જ્ઞાનના પંથી, ટાળ્યા શોક વિમોહને;
પામ્યા છો પદ કૈવલ્ય, હવે દો પામવા મને.

પત્નીઃ મહાભાગ મહાભાગ, હુતા સ્પર્શમણિ તમે,
પામી એ થઈ જ્ઞાન, અનંતે મનડું ભમે.

માધઃ તમે સરસ્વતી તીર્થ, ક્ષિપ્રાતીર્થ પ્રવાસિની,
કહો યાત્રાતણી વાત, કલ્યાણી મૃદુભાષિણી.

(ઉપજાતિ)

પત્નીઃ સભા ભરી ભવ્ય અવન્તીનાથે,
શોભે વણી પંડિતવર્ય સાથે,
સત્કાર કીધો અતિ હર્ષ લાવી,
સુવર્ણ ને રૌપ્ય ફૂલે વધાવી.



(મન્દા.)

ને મેં ગાયો કવિવર તમે, જે દીધો તેજ શ્લોક,
હર્ષાશ્રુથી પુલકિત થયા, સાંભળી સર્વ લોક,

માધઃ દેવી કંઠે અનુપમ, તમે, સંભળાવો મને એ,
લ્હેર્યો જાઉં રસસરિતમાં, શાંતિથી હું અનંતે.

(માલિની)

પત્નીઃ કુમુદવનની શોભા, ખીલતી ઝંખવાય,
રવિશશિ નભ ઊગે આથમે, એમ થાય,
સુખદુઃખ ગતિચક્રે, યોગવૈચિત્ર્ય જાણો,
વિધવિધ વિધિલીલા, માનવી જ પ્રમાણો.

(અનુ)

માધઃ નકી એ રાજવી જ્ઞાની, જાણ્યું સત્ય સનાતન;
રસજ્ઞ વિરલા એવા, કલિયુગે કદાચન.

(મન્દા.)

પત્નીઃ માર્ગે લોકો સરળ હૃદયે, માધની કીર્તિ ગાય,
જ્ઞાનેદાને ધરતી ઉપરે, અન્ય એવો ન થાય;
ને આનદે ઉછળી ઉજવે, ઉત્સવો ઉજ્જયિની,
છો શ્રીમાળે કવિવર વસે, તો ય એ ભાવભીની.

(અનુ)

માધઃ ધન્ય છે ! ધન્ય છે ! ભાર્યા !, સંસારે પથદર્શિકા;
આજે હું અધિકો મ્હોર્યો, માધની કીર્તિદીપિકા.

(વસંતતિલકા)

પત્નીઃ ચિંતા જળ્યા, હૃદયભગ્ન, હતાશ, દુઃખે,
આવ્યા પ્રજાજન ત્યહીં, કજળેલ ભૂખે;
અર્પી દીધી સકળ લક્ષ્મી, સુવર્ણ મ્હોર,
એથી થઈ ઉર પ્રપુલ્લ, પ્રજા ચકોર.

(અનુ)

માધઃ ધન્ય છે ! ધન્ય છે ! દેવી, તમે તો કુલદીવડી;
કાળના ગર્ભથી તાર્યો, ઉગારી મૃત્યુની ઘડી.

(મન્દા)

પત્નીઃ સૌલ્લાસે સૌ વચન ઉચરે, માધ હૈયા વિશાળ,
ત્યાગી એવો ઉદધિઉરનો, દીનશું નિત્ય વ્હાલ;

માધઃ જીત્યા દેવી નૃપવર થકી, ને જીવ્યું ધન્ય કીધું,
મારું આજે અમર ઉજળું, મૃત્યુનું કાવ્ય કીધું.

(મન્દા.)

પત્નીઃ ખાલી હાથે અહીં થકી ગઈ, એમ પાછી ફરી હું,
માધઃ ના રે દેવી! વિરલ અહકી, પુણ્ય કીર્તિ વરી તું;
પત્નીઃ સાથી વ્હાલા! જીવનપથના!, સારથિ! આવું સાથ,
માધઃ માંડો સેવા પીડિત જનની, છો તમે શક્તિમાત.

(અનુ.)

માધઃ લક્ષ્મીને દૂર છે રાખી, વિધિએ ચોગ્ય છે કીધું,
દીનોને દાનમાં દેતાં, અનોખું પદ છે લીધું.

(આર્યા ગીતી)

એકઃ મરણ નિરખતું દ્વારે, મુખ મધુરું મલકાવે;
પગ અમુલખ લખી, આવી, મંગલ પગલે આવે.

(ગીત)

(રાગ ભીમપલાસ)

બધાંઃ મરણ રૂપ ધરે નવલું,
નીરખી ભરે લલિત પગલું;

ઉપમાઓ બંધોણી બોણી, સંજીવની રૂપ લીધું,
કવિવર દ્વારે આવી બોલે, મુખ ઉજિયારું કીધું;

જ્યોતકિરણ ઝગકાવી બોલે, માણ પરોવી લીધા,
માધકુળને અમર બોવા, અક્ષયકીર્તિ દીધા;

કલ્પનાએ ઘડી પાંખો દીધીને, ઊડવાને અવકાશ,
સચરાચરમાં ઊડતાં બોને, અંતર લાધ્યો પ્રકાશ.

.....મરણ રૂપ ધરે નવલું.

(ઝૂલણા)

એકઃ ગુર્જરીલોમમાં, માઘ મોંઘા કવિ,
કીર્તિની જ્યોત તેં તો જગાવી;
કાવ્ય 'શિશુપાલ વધ' તેં લખી વધ કીધી,
કીર્તિ કેં કેં કવિએ જમાવી.

દીનને નિતિ સૌ ભકત કવિવરતણા,
ગાય તુજ ગુણકથા મુકત કંઠે;
ઊભી આ શારદા આજ ગૌરવહીણી,
મૂક થૈ આમ જાતાં અનંતે

(ગીત)
(રાગિણી ભૈરવી)

બધાંઃ ધન્ય કવિવર! સુંદર જીવન જ્યોત,
આતમના પરતાપે તે તો કીધ પરાજિત મોત;
ધન્ય.....
કમળથી અતિ નિર્મળ ઉરમાં, ભાવ ફૂંળા રે ભરેલ,
નિર્ધન તોય હુકાળે હૈયે, નિત્ય તમે રે વસેલ;
ધન્ય.....
ધરતીનાં ફૂલ ધૂપ ધરે અહિં, પમરાવી ભરી મ્હેક,
રૂપ ભરી વદળિયેા, લાવી, મેઘ કરે અભિષેક,
ધન્ય કવિવર.....
અણુએ અણુએ રાસ રચાતા, ગાતા મંગળ ગીત,
પ્રાણ કવિવર વિશ્વતણા, મૃત્યુ પરે થઈ જીત,
ધન્ય કવિવર.....

(મન્દા.)

પત્નીઃ સંધ્યાકાળે રવિ કમળને, એકલાં જાય છોડી.
એવી રીતે કવિવર તમે, આજ છાતાં વિછોડી;

માધઃ દેવી વ્હાલાં! હસિત હૃદયે, હર્ષથી દો વિદાય,

બધાંઃ પ્રાર્થો ભેળાં પરમ કવિને, સૌનું કલ્યાણ થાય.

तमसो मा ज्योतिर्गमय
असतो मा सद्गमय
मृत्योर्माऽमृतं गमय।

ગુજરાતી સાહિત્યમાં ગઝલ

નસીમ'

લેખાંક ચોથો

તવારૂદ-પંક્તિમેળ :

ગઝલકારોને તવારૂદ વિષે પણ જાણકારી આવશ્યકતા છે. તવારૂદનો ગુજરાતી પ્રયોગ આપણે પંક્તિમેળ કરી શકીએ. ગઝલકારોએ કરેલી સ્વતંત્ર રચના અથવા મુશાયરો-કવિસંમેલનમાં રજુ કરેલી કૃતિ વિષે કેટલીક વાર એવું બને છે કે બે જુદા જુદા કવિઓની પંક્તિઓનો અર્થ સ્વાભાવિક રીતે એક જ પ્રકારનો આવી જાય છે. આટલું છતાં તે બંને કવિઓની જાણકાર હોય છે. બંને કવિઓએ કરેલી સ્વતંત્ર રચના છતાં આવી રીતે ભાવની અથડામણ થઈ જાય છે, તેને ગઝલની પરિભાષામાં તવારૂદ કહે છે. તવારૂદ સ્વાભાવિક અને અનિવાર્ય હોવાથી તેને દોષરૂપ ગણવામાં આવતો નથી. સમકાલિન કવિઓમાં એવા તવારૂદ થાય છે તેમ પૂર્વે થઈ ગયેલા કવિઓએ રચેલી કૃતિઓની જાણ વગર ઉત્તરકાળના કવિઓએ રચેલી કૃતિઓમાં પણ તવારૂદનો અવકાશ રહેલો છે અને એવા દાખલાઓ પણ મળી આવે છે. આ બીજા પ્રકારના તવારૂદમાં સંભાળ લેવાની આવશ્યકતા છે, નહિતર અપહરણના દોષનો કવિ ભોગ થઈ પડે છે.

ઈરાનના વિખ્યાત રાજદ્વારી અને કવિ અમીરઅલી મીર ફનાએ પોતાના મુરબ્બી રાજાની પ્રશંસામાં એક કસીદા-પ્રશસ્તિ કાવ્ય લખ્યું હતું પરંતુ તેનું અંતિમ ચરણ બની શકયું નહોતું. આ દરમ્યાન તેમના એક કવિમિત્ર તેમને ઘેર આવી ચડયા. એમણે પણ મન્સૂર રાજાની પ્રશંસામાં એક કસીદો લખ્યો હતો તેઓ પણ તેનું અંતિમ ચરણ રચી શકયા નહોતા. તેમણે ફનાને આ વાત કરી. આ વાત જાણીને ફનાને રસ વધ્યો. તેમણે પણ પોતાની સ્થિતિ જેવા કવિમિત્ર આગળ રજુ કરી. બંનેએ એક ચોરડો બંધ કરી જુદા જુદા બેસી અંતિમ ચરણો રચી કાઢયાં. આ બંને ચરણનો ભાવ કુદરતી રીતે એકબીજાને મળતો આવતો હતો. એટલું જ નહિ પણ જાણે ચમત્કાર હોય તેમ બંને ચરણ શબ્દશઃ મળતા હતા. શબ્દરચના બંનેની એક જ હતી અને કસીદા રાજાની હજુરમાં રજુ કરવામાં આવ્યા અને આ તવારૂદની વાત પણ ત્યાં ચર્ચાઈ. ફારસી કવિઓના તઝકેરાઓમાં આ બિનાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુજરાતી ગઝલમાં પણ નિર્દોષ રીતે આ પ્રકારના તવારૂદનો અવકાશ રહેલો છે. અને તવારૂદ થાય તો બહુ ચિંતા કરવાનું કારણ નથી.

સરીકા-અપહરણ:

તવારૂદનું બીજસ્થાન પણ છે અને એ બીજસ્થાનને સરીકા કહેવામાં આવે છે. આપણા ગુજરાતી સાહિત્યમાં અપહરણનો જે પ્રયોગ પ્રચલિત છે તે એના અનુકૂળ અર્થમાં વાપરી શકાશે. અપહરણ નીતિ અને કલા બંનેની દૃષ્ટિએ દોષપાત્ર છે, એનો કોઈ ઈન્કાર કરી શકશે નહિ. મૂળ કાવ્યની રચના બદલી નાખીને ભાવ, વિચાર કે અન્ય પ્રકારનું કરેલું અપહરણ કાવ્યકલા અને કવિના વ્યક્તિગત વિકાસનો નાશ કરે છે. કોઈની માલમત્તા છીનવી લેવા જેવું જ આ નિંદાપાત્ર કાર્ય છે. અપહરણ કરનારા કવિની પંક્તિઓ પકડાઈ આવે છે ત્યારે તેની અપજ્ઞાતિ થાય છે.

ફારસી ઉર્દુ કાવ્યસાહિત્યમાં ઘણા સિધ્ધહસ્ત કવિઓએ પણ એવાં અપહરણો કરેલાં છે. અને તેને સુજ્ઞ અભ્યાસીઓએ પકડી પાડયાં છે. ઘણા અપહરણો તો ચુસ્ત્રિયાતુર્યના નમુના છે. ઘણા જુના વખતથી કાવ્યનાં અપહરણો થતાં આવ્યાં છે અને આજે પણ થાય છે. આ અપહરણો સુંદર

અને સ્વતંત્ર કળાસર્જનની અશક્તિને અંશે થાય છે એમ કહેવામાં કાંઇ અતિશયોક્તિ નથી. અપહરણ વિષે કવિ ગાલીએ એક સુંદર ફારસી નઝમ લખી છે, અને અપહરણ કરનાર કવિઓને ઉઘડા લીધા છે. ઔરંગઝેબના કાળના એક નામાંકિત ફારસી કવિના દીવાનમાંથી સાંપ્રત સમયના એક વિદ્વાને સેંકડો ધંધ અપહરણો પકડી પાડયાં છે. આ અપહરણો તે કવિની કીર્તિને આજે ઝાંખી પાડી રહ્યાં છે.

અપહરણને કળામાં સ્થાન

અપહરણની સારી બાજુ પણ છે. એ વિષે પણ અત્રે ઉલ્લેખ કરવાની અગત્ય લાગી છે. હીજરી સનના ચૌદા પાંચમા સૈકામાં ઇરાનમાં ફારસી કવિતા ખીલતી હતી એ સમય દરમ્યાન અરબી કાવ્યનું જ્ઞાન ધરાવનારા ઘણા જાણીતા ફારસી કવિઓએ અરબી પંક્તિઓને ફારસી કાવ્યોમાં ઉતારી હતી. ફારસી કાવ્ય ખીલવવાની દૃષ્ટિએ તથા અરબી કાવ્યના સમૃધ્ધ અંગોને વિકસાવવાના પ્રમાણિક આશયથી તેમણે એ કાર્ય કર્યું હતું મૂળ કવિના નામસહિત આવી વસ્તુ પીરસવામાં આવે તો આ વસ્તુ દોષપાત્ર ગણાવી જોઇએ નહિ અધ્યાપક હાઉદ પોટાએ અરબી ફારસી કાવ્યની પારસ્પરિક અસર વિષેના પોતાના વિસ્તૃત નિબંધમાં એવી સંખ્યાબંધ પંક્તિઓ આપી છે અને તેનું અંગ્રેજીમા ભાષાન્તરે ય કર્યું છે.

અપહરણની સારી બાજુમાં એક બીજી કળા-દૃષ્ટિ પણ રહેલી છે. કદાચ અત્રે અપહરણ વિષે કરેલા ઉલ્લેખથી વાંચકોને આશ્ચર્ય ઉત્પન્ન થશે, પરંતુ આ પ્રકારનું અપહરણ જુદી જાતનું છે એ લક્ષમાં લેવું જોઇએ. દૃષ્ટાંત તરીકે કોઈ પૂર્વે થઈ ગયેલા અથવા સાંપ્રત કાળના કવિની એ પંક્તિ-માંથી એક ચરણ લઇને તેમાં દર્શાવેલા મૂળ વિચારને બીજા અનુકૂળ સુંદર વિચાર સાથે રચેલું ચરણ કળાનો ઓપ આપીને કોઇ કવિ બનાવે તો તે વાસ્તવિક છે, અને અપહરણમાં ગણાશે નહિ. આ જાતના અપહરણોએ–ખરી રીતે તેને અપહરણ કહેવું ન જોઇએ–કળા અને સૌંદર્ય વધાર્યાં છે, કારણ કે કવિની પોતાની જ સ્વતંત્ર શક્તિનો તેમાં સમાવેશ થયેલો હોય છે અને મૂળ ચરણ બીજા કવિનું છે, એવો તેમાં સ્વીકાર કરેલો હોય છે.

મુશાઇરા સંમેલનોમાં આપેલી પંક્તિની પૂર્તિ કરવામાં આવે છે, એ પ્રકારની આ પણ એક પૂર્તિ જ હોય છે.

હમતરાહ ગઝલો

કાવ્યના વિકાસ અર્થે હમતરાહ ગઝલો કહેવાની પ્રથા ફારસી–ઉર્દુ ગઝલકારોમાં પ્રચલિત છે. હમતરાહની રુઢિ આવકારદાયક છે. હમતરાહ માટે ગુજરાતી પારિભાષિક સપક્તિક શબ્દ વાપરી શકાશું. અથવા એક જ ભૂમિમાં કહેની ગઝલો આપણે કહી શકશુ કારણ કે, તે માત્ર એક બહર-છંદમાં જ હોતી નથી બલકે એક જ પ્રકારના કાફિયા–રદીફમાં લખાયેલી હોય છે. પૂર્વે થયેલા સમકાલીન ઉસ્તાદ કવિઓની મૂળ ગઝલો ઉપર પોતાની કાવ્યશક્તિ ખીલવવા અને કલાયુક્ત પ્રતિસ્પર્ધી કરવા હમતરાહ ગઝલો રચવામાં આવે છે. સમ્રાટ ઔરંગઝેબના સમયની કોઇ *મખ્ફી નામની કવિયત્રીએ સિરાઝના વિખ્યાત કવિવર હાફિઝની ગઝલો ઉપર હમતરાહ ગઝલો લખી છેઃ હાફિઝનું દીવાન એ કવિયત્રીએ દૃષ્ટિ સમક્ષ રાખ્યું હતુ. મખ્ફીની કેટલીક પંક્તિઓ સુરમ્ય લાગે છે છતાં આખી ગઝલ કે કૃતિસમૂહ જોતાં મખ્ફી ઉપર હાફિઝનું પ્રભુત્વ સિદ્ધ થાય છે.

ઉર્દુ સાહિત્યમાં મીર અને સૌદા, આતિશ અને નાસિખ, દાગ અને અમીર, ઇકબાલ અને સીમાબ, ફાની અને તાબિશની હમતરાહ ગઝલો આપણે જોઇએ છીએ. આ ઉપરથી ઉસ્તાદ ગઝ-

* કેટલાક તઝકેરાઓમાં મખ્ફીને સમ્રાટ ઔરંગઝેબની પુત્રી તરીકે માનવામાં આવી છે પરંતુ એ સમયનાં ફારસી ઇતિહાસ ઉપરથી શિબ્લી આદિ ઇતિહાસકારોએ આ વાત અસત્ય ઠરાવી છે. એટલે મખ્ફી ઔરંગઝેબની પુત્રી ઝેબુન્નિસા નહિ પણ મહેલની કોઇ દાસી હતી એવી અટકળ કરવામાં આવે છે.

લકારોનું કાવ્ય ભાષા અને ભાવ ઉપરનું પ્રભુત્વ અને સાહિત્ય જાણવા મળે છે. ગઝલના વિકાસ માટે આ વસ્તુ આવકારદાયક છે.

ગુજરાતી ગઝલકારોની પણ હમતરાઢ ગઝલો સાપ્તાહિકો અને માસિકોમાં વાંચકો વાંચી શકે છે. પહેલાં અને પાછળના કવિની ગઝલકૃતિઓ સરખાવીને વાંચી હોય તો બહુ રસ પડે છે. મૂળ કવિનો વાસ્તવિક રંગ શો છે અને પાછળના કવિનો રંગ કેવો છે અને તેણે મૂળ કવિના રંગમાં ચમકવાનો કેવો પ્રયત્ન કર્યો છે, તે જાણી શકાય છે. આ વિષયમાં મૂળ ગઝલકારને ફાળે સન્માન આવે છે તેમ પાછળના કવિને ફાળે. પણ આવે છે. પરંતુ, પાછળના કવિએ હમતરાઢ ગઝલ કહેવામાં સફળતા મેળવેથી હોવી જોઈએ. ગઝલ ઉપર તઝમીન પણ કરવામાં આવે છે. ગુજરાતી ગઝલમા પણ તઝમીન કરવાના દાખલા મળે છે. તઝમીન પ્રથમ કવિની બહર-છંદ તથા કાફીઆ-રદીફમા લખવામાં આવે છે. કોઈ કવિ તઝમીન કરે છે ત્યારે પ્રથમ કવિની ગઝલના આરંભના બે ચરણ સાથે સરખા ભાવના ત્રણ ચરણ મેળવી સઘળાં પાંચ ચરણ કરે છે અને બીજી પંક્તિના પ્રથમ ચરણ સાથે બે તેવા જ ચરણ ઉમેરે છે એટલે ત્રણ ચરણ વચલાં હોય છે અને બાકીના બેમાં મૂળ કવિના ગઝલના કાફીઆવાળા ચરણ સાથે પોતાનું તેવું જ કાફીઆવાળું ચરણ ઉમેરી પાંચ ચરણ બનાવે છે ને એવી રીતે મૂળ કવિના ગઝલની કડીઓ જેટલા પાંચ પાંચ મુક્તકો રચે છે. તખલ્લુસની અંતિમ કડીઓ પણ એમ મિશ્રિત આવે છે.

ઇઝાફત

દરેક ભાષાની રચનાના નિયમો જુદા જુદા હોય છે, અને તેમાં કેટલીક લાક્ષણિકતાનો પણ સમાવેશ થયેલો હોય છે. ફારસી અને ઉર્દુ ભાષામાં રચનાઓ અંગે એવી કેટલીક લાક્ષણિકતાઓ અસ્તિત્વ ધરાવે છે. આ લાક્ષણિકતામાંની એક ઇઝાફત. ઇઝાફતનો સામાન્ય અર્થ ઉમેરણ થાય છે. ફારસી કે ઉર્દુમાં કાવ્યરચના કરવામાં આવે છે ત્યારે કેટલીક વખત બે શબ્દોને જોડનારો હમ્ઝાહ કે ઝેર ઉમેરીને સંયોજક વાક્ય બનાવવામાં આવે છે. ગુજરાતી ભાષામાં ઇઝાફતનું અસ્તિત્વ નથી. આપણી ગુજરાતીમાં એને કંઈક મળતો સમાસનો નિયમ છે. દાખલા તરીકે ગુજરાતીમાં સામાન્ય રીતે પદ્યની રચના કહેવામાં આવે છે. એ શબ્દનો ટૂંકો પ્રકાર પદ્યરચના એમ કરવામાં આવે છે. આ રીતે 'ની' શબ્દ કાઢી નાખવા છતાં તેનો ભાવ સમાસમાં તેનો તે જ રહે છે આ સમાસનો નિયમ ઇઝાફત સમજવામાં કાંઈક ઝાંખી આપનારો છે, તેને તદ્દન બંધબેસતો નથી

ઉર્દુ ફારસીમાં ઇઝાફત કેમ વપરાય છે, તે હવે જોઇશું. દૃષ્ટાંત તરીકે દુરને યાર, દાગે જીગર, શોલએ ઇશ્ક, સુર્મએ ચશ્મ, અને આ જાતના બીજા શબ્દોપ્રયોગોમાં એનો જે ધ્વનિ નીકળે છે તેને ઇઝાફત કહે છે. દુરને યારનો અર્થ પ્રીતિપાત્રનું સૌન્દર્ય, દાગે જીગરનો અર્થ હૃદયનો દાગ, શોએલએ ઇશ્કનો અર્થ પ્રેમની જ્વાળા અને સુર્મએ ચશ્મનો અર્થ આંખમાંનો સુરમો તેવો થાય છે. આ શબ્દોમાં નું, ની, નો એ સંયોજક શબ્દો છે એટલે આગળપાછળના શબ્દોને જોડી તે એક ભાવના ઉત્પન્ન કરે છે ઇઝાફતના વિષયમાં પણ એવો જ નિયમ કામ કરે છે. ફારસી ઉર્દુ ભાષામાં આ રીતે ઇઝાફત ભાષાના સ્વભાવિક બંધારણ પ્રમાણે પ્રચલિત છે.

ઉર્દુ-ફારસી સાહિત્યમાં ઇઝાફતનો અર્થ નિયમ હોવા છતાં કાવ્યકળાની દૃષ્ટિએ તેને મર્યાદિત બનાવવામાં આવ્યો છે, એટલે એક મીસરા-ચરણમાં બે ઇઝાફત સુધી વાપરવાની છૂટ છે. કદાચિત બહુ જ સુંદર પંક્તિ હોય, અને ભાવદર્શન ઇઝાફત વગર અનિવાર્ય હોય, તો જ ત્રીજી ઇઝાફત વાપરી શકાય છે. સામાન્ય રીતે ત્રણ કે ત્રણથી વધુ ઇઝાફતને દોષપાત્ર ગણવામાં આવી છે.

આ નિયમ ગુજરાતી ગઝલોને જુદી રીતે લાગુ પડે છે. મણિલાલ, કલાપિ, સાગર, આદી ગુજરાતી ગઝલકારોએ પોતાની ગઝલોમાં ઇઝાફતનો પ્રયોગ

કર્યો છે હાલમા કેટલાક મુસ્લીમ ગઝલકારો પણ ઇઝાફતનો કયારેક કયારેક ઉપયોગ કરે છે ગુજરાતી ભાષાના સ્વભાવની દૃષ્ટિએ ઇઝાફતને સ્થાન જ નથી એટલે ભાષા વિશુદ્ધી અને કળાને અર્થે ઇઝાફતનો પ્રયોગ કરવો જોઇતો નથી મણિલાલ કહાપિ, અને સાગરે ઇઝાફતના પ્રયોગો કર્યા હોય તો તે અનુકરણીય ગણાવા ન જોઇએ આ બધે ગઝલકારોની દૃષ્ટિ ગુજરાતીમા ઉર્દુ ગઝલ બીનવવાની હતી એટલે આવા પ્રયોગો તેઓએ કર્યા છે પણ ગુજરાતી ભાષામા ઇઝાફત માટે સ્વાભાવિક અનુકૂળતા ન હોવાથી તેનો ત્યાગ જ ઉત્તમ છે આ રીતે ગુજરાતી ભાષા ની વિશુદ્ધી અર્થે સેવા બજાવવાની આપણુને તક મળશે એ કવિ કે સાહિત્યકાર ભાષાનો પ્રેમી પણ હોય છે અને તેનો ભાષાપ્રેમ તેની વિશુદ્ધી અને કળાને અર્થે હોવો જોઇએ જે ભાષા બીનતી હોય અને કલામય બનતી હોય તો તેવા મર્યાદિત વિજાતીય પ્રયોગો આગળ કહેવામા આવ્યુ તેમ દોષપાત્ર થઇ શકતા નથી

ગુજરાતના સુત્ત મુસ્લીમ ગઝલકારોએ પણ ગુજરાતી ગઝલોમા ઇઝાફતનો પ્રયોગ મુલ્ત જ નહિ કરવાનો નિયમ એકમત સ્વીકાર્યો છે અને તેઓ પોતાની ગઝલોમા ઇઝાફતનો પ્રયોગ કરતા નથી ગુજરાતી ગઝલનો આ પહેલો અને બહુ પ્રશસનિય સુધારો છે ગુજરાતી ગઝલસાહિત્યના ઇતિહાસમા ત પહેલા સ્વાભ્ય પ્રયોગ મતફક-તરીકે ગણાશે જે નવા ગઝલકારોના લક્ષ બહાર આ વસ્તુ હોય તેમણે આ સુધારાને અપનાવી લેવો જોઇએ

ઇસ્લાહ

ઇસ્લાહ એટલે સુધારણા કાવ્યની પરિભાષામા તેને પરિશુદ્ધી કહે છે ઇસ્લાહ ગઝલશરીરને સુડોળ બનાવવામા બહુ અગત્યનો ભાગ ભજવે છે ભાષા રચના ભાવ તથા ગઝલના શાસ્ત્રને અનુસરી કોઇપણ પ્રકારના દોષથી તેને મુક્ત રાખવાની નેમ ઇસ્લાહની છે ફારસી-ઉર્દુના શિષ્ટ કવિની ઇસ્લાહ ઉસ્તાદ કવિઓ કરે છે ઇસ્લાહના સાધનથી શિષ્ય જલદી શુદ્ધ ગઝલ લખતા શીખે છે, કારણ ઉસ્તાદ પરિશુદ્ધી કરે છે તેનુ કારણ જાણવાથી શિષ્યનું જ્ઞાન વધતું જાય છે અને ઉસ્તાદનુ જ્ઞાન તેને સહાયક બને છે કેટલાક કવિઓ અભ્યાસીવૃત્તિના હોઇ પોતાની પરિશુદ્ધી પોતે જ કરે છે ગુજરાતી ગઝલકારને પોતાની જ ઇસ્લાહ કરવાની હોય છે અને તેના ઇસ્લાહની સાત્વિકતા તેના જ્ઞાન ન્યાયશક્તિ અને નિરીક્ષણ ઉપર રહેની હોય છે સીમા અકબરાબાદીએ લખેલા પોતાના કાવ્યગુરુ દાદના જીવન ચરિત્ર અને અમીર મીનાઇના પત્રોની પ્રસ્તાવનામા એવી ઇસ્લાહના નમુના આપવામા આવ્યા છે ઇસ્લાહના ઉસ્તાદ કવિઓના જૂદા જૂદા ધોરણ હોય છે આ ધોરણ ઉસ્તાદની રૂચિ અને કાવ્યજ્ઞાન ઉપર આધાર રાખે છે

સંકેલન

ગઝલમા કળાને લગતી એવી બીજી ઘણી ઝીણવટ છે આ જ્ઞાનકડા નિબંધમા તેનો વિચાર અશક્યને છે ગુજરાતમા ગઝલ બીનતી જશે તેમ તેની કળા અને શાસ્ત્રિયતા પણ બીનશે છતા ગઝલ એક પ્રકારના જોડકણા કે ચોકકાનુ નામ છે એમ તો કોઇ તેની શાસ્ત્રિયતા જોયા જાણ્યા પછી ન કહી શકે ગઝલકારોના જે દર્શન શ્રી બાલાશ કરે અને ગઝલની શાસ્ત્રિયતા સહગત ગંગાધરરાવને સમજાઇ હતી તે ગુજરાતી જનતાને સમજાય અને ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થાય એવી મ્હારી પ્રાર્થના છે

અભિનાષો અમારા એ બને ગુજરાત નદનવન –
અમારી ગુજરી સરકારનું પામે નવુ જીવત.

રસિયા-વાલમ

ડૉ. હરિપ્રસાદ દેસાઇ

[ગુજરાતના આ જાણીતા સેવક સાહિત્યકારની આ અત્યંત રમૂજી કૃતિ અહિં રજુ થાય છે. ડૉ. હરિપ્રસાદ 'સબ્ય સુંદરકા વેપારી' છે. વડોદરામાં લેખકમિલન મળેલું ત્યારે એમણે 'રસિયા વાલમ' ગાઈ બતાવેલું. મને ખૂબ મઝા પડેલી. મેં ત્યાં જ ડૉકટર સાહેબ સાથે નક્કી કર્યું કે રસિયા વાલમે એનું વહાલ 'કવિતા' પર ઢોળવું. એના પરિણામે અમો એ અને એ પછીની કૃતિઓ અહીં રજુ કરીએ છીએ. જેલમાં બેઠા બેઠા ડૉકટર સાહેબના રંગીલા સ્વભાવે જે જે આનંદ માણ્યો તે એમણે એમની કવિતાણાનીમાં ગૂંથ્યો છે. અમે દર અંકે હપ્તે હપ્તે એ રજુ કરીશું-કૉલક]

પ્રસ્તાવનાઃ રસિયા વાલમ નાટક આખ્યાન ૪૨ની જેલ વખતે સાબરમતી જેલમાં લખાયું હતું. એક-બે પ્રેમી પ્રીતમો અમારી સાથે હતા અને એમની પ્રિયતમાઓ પણ જેલમાં હતી. એથી એ વધારે વ્યગ્ર બનતા હતા. એમાંનાં એકનાં લક્ષણ આમાં બતાવ્યાં છે.

રસિયા વાલમ શબ્દ બહુ જૂનો છે. ઘણા નવિનો એમ ધારે છે કે ઇંગ્રેજ લોકના સંસર્ગમાં આવ્યા પછી આપણે પ્રેમ શીખ્યા, એ વાત ખોટી છે. આબુ ઉપર દેલવાડાના દેવળોની પશ્ચિમ દિશાએ એક ખૂણે રસિયા વાલમ ને કુમારી કન્યાનાં પૂતળાં છે. વાત એમ ચાલે છે કે એક કન્યા તરફ એક યુવકને પ્રેમ થયો. એણે બેધડક કન્યાની મા પાસે જઇને એના હાથની માગણી કરી માને એની સાથે પોતાની દીકરીને નહોતી પરણાવવી તેથી અશકય શરત મૂકી કે બ્હાણું વોતામાં તહારા ઘર અને મ્હારા ઘરની વચ્ચે સડક બનાવી દે તો હું લગ્ન કરાવું. પ્રેમી તો સાહસિક હોય છે. એણે શરત કબૂલ કરી અને તરત સડક કરવા માંડયો. બ્હાણું વાતામાં એ સડક કરી નાખશે એમ માને લાગ્યું એટલે હજી તો ત્રણ-વાગ્યા હતા એટલામાં માએ ખોટો કુકડો બોલાવ્યો ને કહ્યું કે બ્હાણું વાઈ ગયું અને તું શરત હાર્યો છે. યુવક ત્યાં ને ત્યાં હૃદય બંધ થવાથી ગુજરી ગયો. છોકરી પણ એ દશ્ય જોઇને મરી ગઇ.

તે દિવસથી લોકોએ ત્રણ પૂતળાં કર્યાં છેઃ રસિયા વાલમ, કુમારી કન્યા અને ડોશીનાં. લોકો જે જોવા જાય છે તે આજ પણ ડોશીને ઢેખલા મારે છે ને પેલા બેને પુલ ચડાવે છે. નાટક-આખ્યાનનું વસ્તુ એવું છે કે રસિયા વાલમ નડિયાદની ભાગોળે તળાવ કિનારે ફરવા નીકળ્યા છે અને પનિહારીઓની ઠમક ઠમક ઠમકતી ચાલ જુવે છે તે વખતે મણીલાલ નભુભાઇની ઉત્તર રામચરિત્રની સીતા-ઝવેરીલાલ યાજ્ઞિકના કાળીદાસના ભાષાંતરની શકુંતલા અને ગોવર્ધનરામની કુસુમ ને બાલાશંકરના લાવીઝની શીરાઝી સંભારતા સંભારતા વિહ્વલ બને છે પણ કોર્ટનો સમય થવા આવ્યો છે એટલે કાયદાના ગુંચવાડામાં પાછું એ રસિક હૃદય ગુંચવાઇ જાય છે. પાછા એ ગુંચવાડામાંથી સાહિત્ય અને ભાગોળમાં મન ખેંચે છે અને પોલિસ વોરંટથી એમને સાબરમતી લઇ જવાનું વારંટ આવે છે.

એ જેલે પહોંચે છે અને વિચાર કરે છે કે હે વિધાતા ! મ્હને શા વાંકે તેં જેલમાં મોકલ્યો ? કોઇ વખત હું ગાંધીજીનું નામ બોલ્યો નથી, ખાદીને સ્પર્શ નથી કર્યો અને ભારતમાતાને દુઃખથી બરાડતી સાંભળી લાગણી થઈ છતાં સ્વાતંત્ર્યના હકક બાબત કોઇ શબ્દ ઉચ્ચાર્યો નથી.

પરંતુ એવા તો ઘણાને વિધાત્રીએ આ વખતે જેલમાં ધકેલ્યા હતા અને કાંચન અને કામિનીમાં

પડેલાને સ્વદેશમેવા ભૂલવા માટે પણ સજ્જએ ભારતમાતાએ કરી હતી. આ રસિયા પાછળ તો એમનાં બી પણ જેલે આવ્યાં કારણ કે એ રાજકારણમાં કંઈક ભાગ લેતાં હતાં.

જેલમાં આવ્યા પછી જે બન્યું તે આ આખ્યાન નાટિકામાં છે. ટેન્ટેલાઈઝર ગ્રીક નાટકનો એક નાયક છે એને એવો શાપ હતો કે જે ચીજ એને જોઈતી હોય તેને એ અડકી બસ એટલે એ જરાક આઘી ખસી જતી. અડકાયે નહિ અને લેવાનો લોભ મટે નહિ એવીજ દશા "આ રસિયા વાલમની થઈ" એવો બાપદેવીએ એમનાં દેશપ્રત્યેનાં કર્તવ્યમાં હરામખોરી કરેલી તેથી શાપ આપેલો છે. તેથી "દશા ટેન્ટેલાઈઝર" એમ કહેવાયું છે.

સર્ગ ૧

૧

જંબૂદ્વિપે ભરતખંડે, ભૂમિ ચારુત્તરામાં
નટપુર પૂરાણી, નગરી ત્યાં, રમ્ય શોભી સરિતા—
નવ ભાગોળે, નવ નવ વૃક્ષે એક એકે તળાવ
પનિહારીની, ઠમક ઠમતી, ચાલ આ કોણ જોતો!
બાલાશંકર, મણીનબુને, બન્ય ગોવર્ધનોથી
કવિ કુલગુરુ સ્મૃતિ સરતી, કાપતા ગુંચવાડે
ભવભૂતિ કૃત સીતા, ઉત્તર રામ રમ્ય
ભુવન મનરંગનારી શાન્ત શકુન્તલાને!
ઘડી પછી હારીજે ઉઠાડ્યો ચિત્ત જોતું શિગાઝી
તક્ષશ્યામ, કપસુન્દર ગોરી, બાલ ગુલાબી મધ્ય
બુખારાને સપર નગરે બક્ષવા કંઠનોતો—
વાલમજીએ વિકલ બનીને બાનને છેક ભૂલ્યા!

૨

શોભી મેમ્વે કુદયા, વટાવી વેગી, બાગી ખુરી કરીને
હાકે હાકે, ધડક હૃદયે, ઉમ જેલે પ્રવેશ્યા!
"ભઈ શું! કયારે! આમ શું! ભાગ્યદેવી!
યા હોમે મા! જેલમા પુરી દીધો!
કમા રે માતા! બાદી શું રપરાં કીધા!
ઉચ્ચારો મા, ગાંધી બોલ્યો, કદાપી!
ભઈ શું કયારે, ઘડી, અધઘડી, 'ગાન્ધ' ઉચ્ચાર કીધા!
કયારે માડી! વતન દઝની, વાત સ્વપ્ને સરી છે!
તારાં દુઃખો સમજી મનમાં, માત હું દુઃખ પામ્યો,
કિન્તુ કદી જરી દાખ્યો! જનનિ! માતા! ત્રાસી જરાકી"—

૩

બાઈ દેવી હતી કોપી
સાસા મીમતી શાપીઆં;
"જેવો જેલ જઈ સાથે
દશા ટેન્ટેલાઈઝર!"

૪

શ્રીમતી પગલાં જોતાં
આવ્યાં પાછળ પાછળ
દાદા આદમની પૂંઠે
દાદી કવ સાથે ગયાં—૧

સકરચંદ ખાવાને
ઠાઠો સપરનો સ્વર્ગથી
વકીલાત તણી આવ્યા
રસિયા જી કસાવિયા!—૨

થતી સાગણી માતાની
ચિત્ત દાઝતું દુઃખથી
પરન્તુ પનદા રામાં
જીવ સપટાનો જતો—૩

૫

[જેલની બારીસની પેઠેચેથી કોરાનાં છિદ્રોમાંથી મીમતી ને જોવાની લાલચે રસિયાવાલમ, સ્ત્રીદીઓના બડમા નજર નાખી રહ્યા છે વારવાર, સ્ત્રી વાર્તની સાદેલીઓ મીમતીને સમોપીને ચેલી ઊઠે છે.]

બાબી અમારી! ઉભા અટારી
પેલા, તમારા પ્રાણ!
રે! દનમત તાજી, આંખોને આંજી
છિદ્રોમાંથી, ' ઝોડે બાલ—

સાખી—મોજાં પગમાં પાણીને,
ડુંગી જાંગ મુરવાળ;
ઘુરો કડક વસ્ત્રમાં
તેલ ચમેલી વાળ!—બાબી.

૬

રસિયાવાલમ—:
"અલ્યા બાલો!

જરી મ્હને ઝાલો !
મ્હારા પેટમાં–'આમ, આમ, થાય છે !"

મિત્રોઃ–

"અરે ભાઇ ! તને શું શું થાય છે?"

રસિયાવાલમઃ–

"આમળ ગોટા વળે ને
પગ પાણી થાય છે
માથું ભમે ને મ્હારું
પેટ બળી જાય છે"

(પડદો પડે છે,)

સર્ગ બીજો

૧

સ્થળઃ જેલમાં સ્ત્રીઓનો ખંડઃ

[સ્ત્રી જેલનાં રક્ષક જમના ગાય છે અને બીજી સ્ત્રીઓ ઝીલે છે]

રસિયા વાલમ, ચેડિયા છે, લીંમડે !
ડાળે, ડાળેથી જોતા, જાય !–
વારી જાવું વિરહા !

પૂર્વ દિશાએ, દરવાજા જેલના !
પશ્ચિમે, બીજા વાલમ જોડ !–
વારી જાવું વિરહા !

જુવે ઉત્તરે તમેરા ભેંશના
દક્ષિણ દિશે સાહેલીનો સાથ–
વારી.

૨

[સીમડા પરથી રસીયા વાલમે એ ગીત સાંભળીને ગાઈ ઉઠે છેઃ]

દૈવે, પાંખો આપી હોત પીંડમાં,
ઉડી આવું, તમારી પાસ ! સાળાનાં જ્હેનડી!

બીજો વાલમો દિન દિન ઘૂસતો
અમે એવાં શાં કીધાં છે પાપ ?–સાળાનાં.

મારી જમના તમે પૂછો એટલું
પત્ર * પૂર્ણિમાનો આવ્યો હાથ–સાળાનાં.
તમે વિધવા શું જાણો વેદના,
જાણો ! પરદેશી પ્રીતમ દાઝ–સાળાનાં.

૩

આમ સંવાદ થાતાને,
સંકેતી ગરબા વિષે;
જોશી જેલર આવીને
વા લ મ જી ઉ તા રી આ !
જમના જોશીને જોવાં,
ननामा[1] પત્રની કથા;
રસિયા જુઠું બોલીને,
પરાણે ત્યાંથી છુટીઆ
ભાઇ રે જોશીડા !
હ ર બે જ્હે લો
વિ યો ગ દુઃ બે
ગાં ડો થે લો.....
એક જ દે ! ચીનગારી
સગડીમાની એક જ દે ચીનગારી !

*

આખું શરીર નથી મ્હારે જોવું
ટચલી આંગળી, એક જ્હાની !
રહેજ જ સ્પર્શથી પુલકિત થાવું
રહીશ સદા ઉપકારી–સગડીગાંની.

[* પૂર્ણિમાનો પત્ર, ननामो, રસીઆ વાલમે શ્રીમતી પર મોકલ્યો હતો. એમાં વિયોગનું દુ:ખ ઉભરાતુ હતું. દરેક સ્ત્રી એ વાંચે ને બીજાને આપે શ્રીમતી સમજ્યાં પણ એમણે પણ ન સમજ્યાનો ડોળ કર્યો. પછી સમૂહ વાચન થયેલુ –બધાં મનમાં સમજી ગયાં હતા કે એ કોના છે]

[વાલમજી સીમડાથી પોતાના વાડીમાં જતાં રસ્તામા ગલિયા બળદની જેમ ઉભા રહે છે અને જોશીને વિનતી કરે છે]

૫

દયાદૃષ્ટિ પદ્મને જોતી,
'અંગુલિ રત્નજડિત ચોળાવ્યા'
રસિયા વાલમજી મુખે
સુંદર મહકી ગોખની!

સર્ગ ૩

[રથન સ્ત્રી યાદના દુઃખ ભણ્યા]

૧

છોડાને મારી આગળી,
પાડોશણ દેખે રે! વાળો! લાજ જાય!
કાજ પેથી ચોરણી—
પૂનિમા ના પત્ર થી—
ભીનણ બનાવ કીધા
પોપટ બાજ બાપ—ઠોરાને.

૨

[યાદની અદ્રશ્ય રીતે ગાય છે]

મેદી તે વાવી માળવે,
એનો રંગ ગયો ગુજરાત રે—
મેદી રંગ લાગ્યો.

અમારો યાદ તે માળવો
સામો યાદ ગયો ગુજરાત-મેદી

હાથે તે રંગ કમુંજ્યા ને
એનો જોનારો પરદેશ રે—મેદી.

૩

[જમના મા અને સખારીઓ આજુબાજુની ઊંચાઈએ ઊભાને ઉ આખરે નિરાશ થઈ રસિયા વાલમ પોતાની ખોળી તરફ ભગ્ન હૃદયે પગ ફરે ઉ રસ્તામાં થપડતા થપડતા જે ઘેટા સંભળાય ઉ]

અમમે લાગી નજરીઆ, તુમારી રે!
તમમે જીવનસરિતા બાઇ ખારી રે!

૪

વૈદ્યની, વનમા વસવરે
અધારી રાત—
બને ને વિમ ઉજળો
નથી માત કે તાત!
જમસે નજરીઆ પડ ગઇ
અમમે લાગી નજરીઆ તુમારી રે!
તમમે જીવનસરિતા બાઇ ખારી રે!

૫

રમ આવી, સૂતા કીધા
રે! ગોદડે, માથે ગોદડા
તારા જે ડીબી ચડીઆ
સવારા અર્ધ સ્વપ્નમા

૬

"લાડકી બહેની રે, કમાડ
બાગાયને નીરખવા રે!
દાદાજી એ વર જોને
એ વર છે વરણાગીઆ રે!

૭

દિલદાર યાર છે લાગે
જોયા નિતર યાર—"
[પડદો પડે છે]

સમાપ્ત

પતીલની એક ઉર્દુ ગઝલ?

અનામી

[આપણા જાણીતા ગઝલકાર શ્રી પતીલની 'કવિતા'ના નવેંબર અંકમાં પ્રગટ થએલી ગઝલ પર ટીકા કરતો આ લેખ અને અહીં પ્રકટ કર્યો છે. આ ટીકાલેખના લેખક સૂરતના જાણીતા વિદ્વાન શખ્સ છે. અમે કોઈ પણ સિદ્ધાંતિક ચર્ચા-ટીકાને હમેશા આવકાર આપીશું જ. ભલે પછી તે ટીકા ખુદ આ માસિકના તંત્રી કોલકની કવિતા પર હોય! ભાઈ શ્રી પતીલને આ ટીકા સામે કઈ ખુલાસો કરવો યોગ્ય લાગે તો તેઓ પણ જરૂર અમને પ્રગટ કરવાને મોકલી આપે છતાં એક વાતનો એકરાર કરવો જોઈએ. કેટલીક શબ્દભૂલો મુદ્રણદોષને લીધે થવા પામી હોય તો તેની જવાબદારી અમારે શિર છે. એ વાતનો એકરાર કરી લઈએ છીએ. તંત્રી]

કવિતા માસિકના નવેમ્બરના અંકમાં શ્રી 'પતીલ'ની એક ઉર્દુ ગઝલ પ્રગટ થઈ છે. ગુજરાત શ્રી પતીલથી પરિચિત થઇ ચૂકયું છે એટલે પરિચિતનો પરિચય શો? તેઓ સંસ્કૃત પિંગળશાસ્ત્રના નિયમાનુસાર ગુજરાતી કાવ્યો લખે છે જ પણ અરબી પિંગળશાસ્ત્રના નિયમાનુસાર ગઝલો પણ રચે છે અને તેમનું નામ "ચાલુ સિક્કા" તરીકે ચાલુ થઇ ગયું હોઇ તેમના નામે જે કંઇ તેઓ પ્રકાશનાર્થે મોકલે છે તે ચાલ્યું જાય છે. એવી જ રીતે એમની એક ઉર્દુ ગઝલ (!) અનુવાદ-સહિત પ્રગટ થઈ છે. જો કે એ વિવેચનને ઘણુ ખમી શકે એવી નથી છતાં.....

સદ્‌ગત 'બાલાશંકરે' જે છંદમાં "ગુજરે જે શીરે તારે જગતનો નાથ તે સહેજે"ની મશહૂર કૃતિ રચી છે તે જ છંદમાં થી પતીલની આ ગઝલ છે.

તેમની પહેલી કડી પ્રથમા (એટલે મતલઅ) લઇએ:

(કડીઓ 'કવિતા'માંથી સાંગોપાંગ ઉતારી છે.)

"અગર મિલ જાય રસ્તેમેં મુઝે વહ દોસ્ત ભરતાના
ઉસે દૂં જાઝ્યા પાનોલી વ પીરામન ઔ નજરાના."

ઇરસીના પ્રખ્યાત કવિ 'હાફિઝ'ની એક કડી આ સ્થળે સ્મૃતિ પર અથડાય છે.

"અગર આં તુર્કે શીરાઝી બદસ્તારદ દિલે મારા
બખાલે હિંદુયશ બખ્શમ 'સમરકંદો' 'બુખારારા."

શીરાઝના કવિવર હાફિઝ, સનમના વદન-તલ ઉપર મોહિત થઈ સમરકંદ અને બુખારા જેવાં શહેરો પણ (પોતાના કબ્જામાં હોય તો) સનમને બક્ષિસમાં આપી દેવાની મુરબ્બીયાંગ દે કે છે. ત્યારે એ જ છંદમાં ગુજરાતના પતીલ એમનું અનુકરણ કરતાં કહે છે કે "જો મને એ મરતાના દોસ્ત રસ્તામાં મળી જાય તો એને હું 'પાનોલી' ને 'પીર મણ' બનજરાના-બક્ષિસમાં આપું." ભાષાની વાત પછી કરીશું. પહેલાં એનો અર્થ સમજી લઇએ. કવિ કહે છે કે જો એ વરણાગિયો (મરતાનાનો તરજુમો વરણાગિયો કર્યો છે.) મિત્ર રસ્તામાં મળી જાય તો તેને તેઓ બે ગામ બક્ષિસમાં આપી દે. રસ્તામાં મળી જાય તો બક્ષિસમાં બે ગામો આપી દેવાં એમાં નવીનતા છે, કેમકે કયાં આપણા બે કે આપવાં છે? પણ કવિમિત્રને શું કહેવું કે આમાં કાવ્યત્વ નથી? એક બાળકબુદ્ધિના વિચાર સિવાય એમાં કશું નથી. 'હાફિઝ'નો નમૂનો ઉપર ટાંકયો છે એ કોઈ વસ્તુ પર મોહિત થઇને કંઇ અર્પણ કરવાની વાત કરે છે. કેવળ રસ્તામાં મિત્ર મળી જાય અને બે ગામ બક્ષિસમાં આપી દેવાં એમાં મિત્રનું અપમાન કરવામાં આવ્યું છે કે 'પાનોલી' ને પીરામનનું? "મિલ જાય" નહિ "મિલ જાએ" જોઇએ. બનજરાનામાં -બક્ષિસમાં આપી દેવાનો આશય સમાઈ જાય છે. "દૂં બસ બનજરાના" આ કેવો પ્રયોગ! રાસ્તેમેં કે રસ્તેમેં?

બીજી કડી

"હુએ બરબાદ ફિરતા હુ જિસીકે ઇશ્કમે હરદમ
જિગર બક્ષા હય ઉનેહી મુઝે ઇતના અમીરાના"

આમા 'હુએ બરબાદ' એટલે 'બરબાદ થયા' જ્યારે કવિ કહેવા માગે છે 'બરબાદ થઇને' 'જિસીકે ઇશ્કમે' બદલે 'જિસકે ઇશ્કમે' જોઇએ 'વઝન'ની જાળવણી કરવા જતાં ભાષાની જાળવણી પ્રત્યે દુર્લક્ષ સેવ્યુ છે 'હરદમ' અસંગત છે (જો કે વિચાર સારો કહ્યો) વળી "જીગર ઇતના અમીરાના" આ રથળે ઠીક નથી "જીગર અયસા અમીરાના" જોઇએ

ત્રીજી કડી

"કઇ હય દેખને આતે ઝમાનેસે હુઆ મઅરૂફ
ઉસીકે કૂએ સુબ્હામે મિરા મસકન ગરીબાના"

એમણે કરેલ ગુજરાતી તરજૂમો આ પ્રમાણે છે

"એ જ વિભૂતિના પવિત્ર મહોલ્લામા (અર્થાત્ સુબહાન વાડ યાને 'સુભાન વાડ'મા) આવેલુ વગેરેથી જાણીતું મારુ કૌતુકપ્રચૂર મકાન જોવા માટે કેટલાયે મહેમાનો દૂર દૂરથી આવે છે"

અહીં 'કૌતુકપ્રચૂર' અને 'મહેમાનો' એ કયા ઉર્દૂ શબ્દોના અર્થો છે એ જણાયુ નહિ. અર્થ સમજાવવા પ્રયત્ન કર્યો છે છતા અસ્પષ્ટતા કાયમ રહે છે 'મઅરૂફ' શબ્દનુ 'મઆરૂફ' થઇ ગયુ છે કે લખાવુ જ હતું ? 'ઝમાનેસે હુઆ મઅરૂફ' એ કદાચિત પ્રયોગ છે 'ઝમાનેસે હુઆ મઅનુમ' એમ કદાચ કવિ કહેવા માગે છે 'ઝમાનેસે'મા પણ એ અર્થનો સમાવેશ થાય છે એક "યુગ"થી અથવા "ઘણા સમયથી". અહીં પણ એક નિષ્ફળ વિચાર સાથે કવિએ રમત કરવાનો પ્રયત્ન કરી નિષ્ફળતા મેળવી છે. "ઉસીકે" અહિ, ત્યારે જ કહી શકાને કે જ્યારે કડીના પહેલા ચરણમા કઇ ઘટસ્ફોટ કર્યો હોત અથવા 'કૂએ સુબ્હા" વિ કંઇ ઉલ્લેખ કર્યો હોત–

ચોથી કડી

"છૂપાનેવાલે પર્દેમે કહા હય દૂસરા તેરા
મૂઝ્યાદ બેમહન અઝમા–જવાહર સા અઝીઝાના"

અહીં ભાષાનુ અજ્ઞાન પરાકાષ્ટાએ છે 'છૂપાનેવાલે' એટલે છૂપાવવાવાળો. પહેલા ચરણનો અર્થ એવો થાય કે "પર્દામાં છૂપાવવાવાળા તારો બીજો કયાં છે?" 'છૂપનેવાલે' ને બદલે 'છૂપાનેવાલે' અને 'કહાં હય દૂસરા તુઝસા'નુ દુસરા તેરા' કોણ બેસાડયુ છે આ થઇ પહેલા ચરણની વાત, કડીના બીજા ચરણ માટે મારે એમ કહેવુ જોઇએ કે જો તે ઉર્દુમા લખાયેલી વાચવા મળે તો જ સમજ પડે કે શુ 'ગરમડ' છે. 'બેમહન' નો 'હ' સાદો છે કે 'guttural' 'હ' છે? 'અઝમા જવાહરસા અઝીઝાના' કેવી ભાષા! શો અર્થ ? એ ચરણ એવુ વિચિત્ર છે કે એનો ગુજરાતી અર્થ જોવી રીતે કરવામા આવ્યો છે તેવી રીતે કરી જ કેમ શકાય ? ફકત 'ગુસ્સો' અને 'દયા'ની મિશ્રિત લાગણીઓની ખંડણો એ કડી ભોગવી લે છે

પાંચમી કડી

"નહી મેહરામમે પાયા, મનાબર પર નઝર આયા
કિસીકોભી ન દિખાયા તિરા સાયા છબીનાના"

આ કડીનો પણ ગુજરાતી અર્થ આપ્યો છે છતા 'મેહરામ'નો તરજુમો નથી આપ્યો (મેહરામ તે જમ્યાને કહે છે કે જે મસ્જીદમા 'ઇમામ' માટે નિયુક્ત થએલી હોય છે) કવિ પહેલા ચરણમાં કહે છે "નહી મેહરામમેં પાયા, મનાબર પર નઝર આયા" એટલે એવો અર્થ થયો 'મેહરાબમાં ન જડયા, વ્યાખ્યાનમચો (મનાબર) પર દેખાયા" કહેવા એમ ઇચ્છે છે "નહી મેહરાબમેં પાયા, ન મિમ્બર પર નઝર આયા" (જો કે આ હોત તો પણ દોષરહિત ન હોત) બીજા ચરણમા કહે છે કિસીકો ભી ન દિખલાયા તેરા સાયા છબીલાના 'સાયા'નો અર્થ કવિ 'તસ્વીર'ના અર્થમા તારવી એનુ ગુજરાતીકરણ 'છબી' કરે છે પણ 'સાયા' એટલે 'પડછાયો' થાય છે. 'છબીનાના' એ શબ્દ ઉર્દુમા છે કે કેમ ! કદાચ કવિની નવી શોધ પણ હોય.

છઠ્ઠી કડી

"હુએ ફાશ્કિ હય દુન્યાસે તુજે જો દૂઢને નિકલે
ભટકતે જગહોમે હય વસે દરકારે વીરાના"

એનો તરજુમો આપ્યો છે કે. 'તને શોધવા

નીકળ્યા તેઓએ દુનિયાનો મોહ છોડી દીધો છે. કેટલાક જંગલોમાં રખડે છે અને કેટલાક ગુફાઓ સેવે છે.' જે બરાબર નથી. પણ એનો અર્થ કાઢીએ તો આમ થાય કે...તને શોધવા નીકળ્યા તેઓ દુન્યાથી નિવૃત્ત (ફારિગ) થયા અને જંગલો અને વેરાન સ્થળોમાં ભટકે છે. કવિએ ફારિગનો ખોટો અર્થ કર્યો છે. "વસે દરકારે વીરાના." 'વસે' એટલે શું? 'વસે'નો અર્થ 'સેવે છે' કર્યો છે શું? 'દરકારે વીરાના' એટલે વેરાન સ્થળોને તાબીએ. એને કદાચ ગુફાઓ કહી શકાય? વળી બીજી ઊંડી દૃષ્ટિએ જોતાં 'જંગલો અને વેરાન સ્થળો 'દુન્યા'માં જ છે. તો શોધનારાઓ દુન્યાથી નિવૃત્ત શી રીતે થઇ ગયા? એકલો 'દુન્યા' શબ્દ ભાવ વ્યકત કરવા માટે અધૂરો છે.

સાતમી કડી

"હુઆ કયા ગર ન હો તકિયા તબ્દરતગાહમેં અપના
રહો કાયમ કયામત તક મિરા ખિરકા ફકીરાના"

કવિ કયામત સુધી પોતાનો ફકીરી વેશ ટકી રહે એવું વાંચ્છે છે. એમાં અવિશદતા છે, અર્થમાં અવાસ્તવિકતા છે. 'ખિરકા ફકીરાના' નહિ પણ 'ખિરકએ ફકીરાના' જોઇએ.

આઠમી કડી

"યે કૈસા મૌકએ ખુબ થા અહાહા! ગર હુઆ હોતા
કદમોમે ઇશતિરે આશિકકા મરજના શહીદાના"

આ કડીમાં 'વજન'નું ખૂત થએલું છે. પહેલાં તો 'ખુબ'ને કેવો 'ખૂબ' ચમકાવ્યો છે; તે જૂઓ. 'અહાહા.....' ખૂબ દીર્ઘથી ઉચ્ચાર થાય છે જે અહીં ખુબ (હ્રસ્વ) થઇ ગયો છે. 'મરજના શહીદાના' ખોટો પ્રયોગ; ભાષા દોષ. 'શહીદકી મૌત' 'શહીદ હોકે મરના' એમ કહેવાય છે. 'મરજના શહીદાના' કેમ ચાલે?' 'કદમોમે ઇશતિરે' પહેલી દૃષ્ટિએ મેં એમજ અર્થ કર્યો: "ઇશ્વર તારા ચરણોમાં" પણ વિચાર્યું તો 'ઇસ' (એટલે આ) ને બદલે 'ઇશ' છપાઈ અથવા છપાઈ ગયું હશે.

છેલ્લી કડી અંતિમા (મકતઅ્)

"અરે ઓ શાયિકે ઉસ્તદ મુઝે પરવા ન મજલગકી
કિ બલબલ બળબળે મુલતાજ હુંય તર્જે પતીલાના."

કવિએ અનુવાદ આપ્યો છે: "ઓ પ્રેમના શૌકીન! મને પૈસાની પરવા નથી કેમકે પતીલની કવિતા સાંભળવા કેટલાયે મહાનુભાવ તલસે છે." અહીં 'મજલગ'નો અર્થ પૈસા કરવામાં આવ્યો છે. 'મજલગ'નો અંત્યાક્ષર 'ગ' Guttural 'ગ' એટલે ઉર્દુમાં જેને 'ગૈન' કહેવામાં આવે છે તે 'ગ' છે. એટલે એ 'મજલગ'નો અર્થ A Sum' (રકમ), અથવા Place of arrival (આગમનસ્થળ) થાય છે, પણ 'ધન' નહિ. કિ બલબલ બળબળે', કયી ભાષાના શબ્દો છે તે સમજતા નથી. એ શબ્દોનો ગુજરાતી અર્થ 'મહાનુભાવ' એમને મનફાવતી રીતે કર્યો છે, છતાં અર્થ થતો નથી. 'તર્જે પતીલાના' એટલે **પતીલાનાની તરજ**'. તો 'પતીલાનાની તરજના બલબલ બળબળે મુલતાજ છે' એમાંથી શું પ્રતિપાદિત થાય છે? 'પ્રેમના શૌકિન'ને સંબોધી શા માટે કહેવું કે 'મને પૈસાની પરવા નથી.' સાર એ કે આખી ગઝલમાં કોઈ ખાસ વિચારતાવિન્ય, ભાવમાધુર્ય કે અર્થચમત્કૃતિનો સદંતર અભાવ છે અને ઠેરઠેર ભાષાદોષ છે.

શ્રી. પતીલ શા માટે એમના ભૂતપૂર્વ કિર્તિસ્થંભ ઉપર આવી કૃતિઓના કુહાડા મારી રહ્યા હશે?

આ કૃતિ પર એમણે મથાળે 'ગઝલ' લખ્યું છે, પણ એને 'ગઝલ' પણ ગણી શકાય કે કેમ એ એક પ્રશ્ન છે! (ભારીક દૂષણો મેં છોડી દીધાં છે.)

એમને બોદું જરૂર લાગશે, પણ ગઝલસાહિત્યને નામે એવી જવાબદાર વ્યકિતઓ બીનજવાબદાર રીતે એવા પ્રતિષ્ઠિત સામયિકોમાં એવી ગઝલો પ્રગટ કરાવી ગઝલસાહિત્યથી અજ્ઞાન વાંચકોમાં ભલે નામના મેળવતા હોય પણ એમા 'કવિતા'નું અપમાન છે. સાહિત્યનું ઘોર પાપ છે. મહા કલંક છે. કદાચ એવી જ કૃતિઓ માટે શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી કહે છે:

"ઢંગ વગરના તરંગોના પતંગો ચગાવવા એમાં
કયો રસ નિત્યપ્ય થાય છે? એ મસ્તી નથી,
મસ્તીડંબર છે. એમાં ભાષાનું ફસુંગર છે. એમાં
સૌંદર્યનું નામ નથી. હા, રમત છે, કરામત છે,
એ ઘડી મોજ છે.'

પાંદડીને

સ્નેહરશ્મિ

પાંદડી, કિયા તે વનની તું પાંદડી !

આધા આધા કોક ડુંગરાની પાળે,
ઊંચેરી કોક મ્હેક મ્હેકંતી ડાળે,
કિયા વંટોળ તણે ઊર્મિ ઉછાળે
મોહી સંગાથે રમણે ચડી ! પાંદડી.

નહિ રે દીઠેલો કે નહિ રે પ્રીછેલો,
કયાથી ચઢયો એ આવી અલબેલો ?—
જાણે હો જગમા એ એક ને અકેલો!
એને કોની ના મના નડી ! પાંદડી.

ઊણું હતું કશું કયારે શું તારે ?
ઊડતાં જરી ય જોયું પાછું તેં ના રે !
વનના સોહાગ વિના તારા સૂનારે !
બાધા કશી ય તને ના અડી ? પાંદડી.

આસન તારૂ પડયું ખાલી જ ખાલી,
રૂવે વિરહે તારી સૂની શી ડાળી,
જાયે એનાં બધાં પંખીડાં ચાલી,
લુવે એની કોણ આખડી ! પાંદડી.

કોકે ભલેને તને ભૂરકી રે નાખી,
સ્મરણોની હો નવી દુનિયા ય આખી,
જૂની પ્રીતિની છતાં મૂંગી ઉરે રાખી
ભૂંલી ભૂલાય કેમ વાતડી ! પાંદડી.

શ્રી. મહાદેવી વર્મા

શ્રી જેઠાલાલ જોષી

ડૉ. હરિપ્રસાદ દેસાઈના મુખે હિંદી કવયિત્રી શ્રી. મહાદેવી વર્માના માનવપ્રેમ વિષે ભારોભાર વખાણ સાંભળી આપણું મન આનંદથી તૃપ્ત થાય કે ગુજરાતના સાહિત્યરસિકો હવે હિંદી સાહિત્ય-સૃષ્ટાઓ વિષે રસ લેતા થયા છે. પ્રસંગ આ હતોઃ બંગાળના ભૂખમરા વિષે છાપાઓમાં અનેક લખાણો આવતાં, મૌખિક સહાનુભૂતિ અને અલ્પાંશે આર્થિક સહાય પણ મોકલવામાં આવતી; પરંતુ આપણે ત્યાંથી એકે કવિ ત્યાં જઈ પ્રત્યક્ષ દુઃખદ દશ્યો જોઈ આવવા પ્રેરાયો નહિ, પણ હિંદનાં આ બહેનનું હૈયું ક્ષુધાતુરોના ક્રંદનથી કંપી ઊઠ્યું અને તેને શબ્દોમાં ઉતાર્યું અને બીજા કવિઓના કાવ્યો સાથે 'બંગદર્શન' નામે પુસ્તક પ્રગટ કર્યું. તેની કિંમત પાંચ રૂપિયાથી સો રૂપિયા સુધી ઉપજવીને બધી રકમ બંગાળ રાહતમાં મોકલાવી આપી. ઘોડા વખત પર મારા નાનાભાઈ શ્રી. કાન્તીલાલ જોષી (એમ. એ.) રાષ્ટ્ર-ભાષા પ્રચાર સમિતિના કામે પ્રયાગ ગયેલા. મને એમણે કહેલું કે 'શ્રી મહાદેવી વર્માને મળ્યો. એ મારા જીવનની મારા વિશેષતા છે. એ દેવીના દર્શનથી મારા હૃદયમાં જે ઉમળકો આવ્યો તે એ કે 'એવી માતાને પેટે મને જન્મ મળે' એવી ઇચ્છા થઈ આવી.

શ્રી. મહાદેવી વર્મા બંગાળાના ભૂખમરાથી મહાન દુઃખી છે. તેમણે અનેકવાર પોતાની આગળ આવેલા ભોજનથાળનો ત્યાગ કર્યો છે. અનેકવાર બંગાળાના પ્રત્યક્ષ જોયેલાં બર્બર દશ્યોથી ચોધાર આંસુડે રડ્યાં છે અને પોતાની નિઃસહાય સ્થિતિ માટે આત્મક્લેશ કર્યો છે.

શ્રી. મહાદેવી વર્માનો જન્મ શ્રી. હેમરાણીદેવીની કુખે સંવત ૧૯૬૪ (ઇ. સ. ૧૯૦૭)માં ફરૂખાબાદમાં થયો હતો. તેમના પિતાશ્રી. ગોવિંદપ્રસાદ વર્મા એમ. એ. એલ. એલ. બી થયેલ સુશિક્ષિત અને શિક્ષાપ્રેમી ગૃહસ્થ હતા. શ્રી. મહાદેવીને બે ભાઈઓ અને-એક બહેન છે.

શ્રી. મહાદેવીનું પ્રાથમિક શિક્ષણ ઇન્દોરમાં શરૂ થયું અને પછી ૧૧ વર્ષની બાળવયમાં ડૉ. સ્વરૂપ-નારાયણ વર્મા સાથે તેમનું લગ્ન થયું. સંવત ૧૯૮૧માં મેટ્રિકની પરીક્ષામાં સમગ્ર સંયુક્ત પ્રાંતમાં એ સર્વ પ્રથમ નંબરે પાસ થયાં. ૨૧ વર્ષની વયે ૧૯૮૫માં સંસ્કૃત ફીલોસોફી લઈ બી. એ. માં પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થયા અને ક્રાદયવેટ ગર્લ્સ કૉલેજમાં સર્વ પ્રથમ આવ્યાં. પછી સંસ્કૃત વિષય લઈ એમ. એ થયાં.

કવયિત્રી મહાદેવી આજે પ્રયાગ મહિલા વિદ્યા-પીઠનાં પ્રિન્સીપાલ છે અને હિંદી સાહિત્યસંસદના પ્રધાનમંત્રી છે. તેમણે 'ચાંદ' માસિકનું વર્ષો સુધી સંપાદન કર્યું છે.

શ્રી. મહાદેવી વર્માને નાનપણથી જ કવિતા રચવાનો શોખ હતો. કવિતા કરતાં તે કાગળ લખતાં, લખતાં વાંચતાં, ને મનમાં ખુશ થઈ કાગળ ફાડી નાખતાં. જ્ઞાન, અનુભવ અને અભ્યાસ વધવાની સાથોસાથ આ કાવ્ય રચવાની વૃત્તિ પણ વધી. પ્રારંભિક રચનાઓ 'ચાંદ'માં છપાઈ; પછી તો 'માધુરી', 'સુધા', 'મનોરમા' વગેરે માસિકમાં પણ એમનાં કાવ્યો પ્રગટ થવા લાગ્યાં. આજે તેઓ હિંદમાં પ્રથમ કોટિનાં કવિઓમાંના એક છે. તેમની કવિતાસમૃદ્ધિ અને તેમનાં પ્રકાશનો માટે 'હિન્દી' ગૌરવ લે છે.

આપણે મહાદેવીને વર્તમાન યુગની 'મીરાં' કહી શકાએ. બન્નેમાં અંતર માત્ર સમય અને સમયનાં

ઉપકરણોનુ જ છે. મીરાં સંસ્કાર ગિરિધર વર પ્રભુનાં પરમ ભક્ત કવયિત્રી હતાં, તો મહાદેવી અણુઅણુમાં વ્યાપી રહેલ નિરાકાર બ્રહ્મનાં પરમ ઉપાસક છે કવયિત્રીના અંતરમાં વિરહ માટેની વેદના અને અનુભૂતિ છે. કવયિત્રીનો પોતાનો જ એક જગતનો સંસાર છે તેમને મન તો 'માનવ એક સજીવ કાવ્ય છે. કવિનુ કાવ્ય તો આ સજીવ કાવ્યનુ માત્ર શબ્દચિત્ર છે. અને આ શબ્દચિત્ર-કાવ્ય દ્વારા કવિ પોતાની સંસારની એકતાને સમજી શકે છે.' દુ:ખ અને તેનો કાવ્ય સાથે શો સંબંધ છે, તેને કવયિત્રી બરાબર પીછાને છે અને દુ:ખને અપનાવી હસતા હસતાં નિરાકારની કલ્પનામા તેને સમાવી દેવામા મોક્ષ છે એમ માને છે. કવયિત્રીની દૃષ્ટિએ દુ:ખ જીવનનુ એક એવુ કાવ્ય છે જે આખા સંસારને એક સૂત્રમા બાંધી રાખવાની શક્તિ ધરાવે છે.

આ દૃષ્ટિએ જોતા કવયિત્રીની રચનાઓમા વેદના, દુ:ખવાદ, અંતર્પીડા વિશેષ જોઇ શકાય છે.* પણ ધીમે ધીમે તેમની રચનાઓમા હર્ષ, વિહ્વળતા, આતુરતા, અને પ્રસન્નતા પણ આવતા ગયા છે. છેવટે કવયિત્રી પોતાના વિશિષ્ટ સ્થાને પહોંચે છે અને અંતરધ્વનિ રૂપે છે

'सजनि ! विश्वका कण कण मुझको आज कहेगा चिरसुहागिनी !

* **प्रणोंका दीप जलाकर करती रहती दीवाली**

મહાદેવી વર્મા શરૂઆતમાં 'છાયાવાદી' છે. પછી ક્રમશ 'રહસ્યવાદી' બનતાં ગયા છે. તેઓ એક પ્રૌઢ ગદ્યલેખક અને નિબંધકાર પણ છે. તેમનામાં કવિતાનું હાર્દ અને સાહિત્યનો મર્મ સમજાવવાની અપૂર્વ શક્તિ છે. તેમણે આ વિષે કેટલાક સ્વતંત્ર લેખો પણ લખ્યા છે. તેમની કવિતામાં મીરાંના પ્રેમની ઉષ્મા, કૃષ્ણની મુરલીનું સંગીત અને ભગવાન બુદ્ધની કરુણાનુ સમિશ્રણ છે

શ્રી. મહાદેવી કવયિત્રી છે તે સાથે સુંદર ચિત્ર-લેખા અને સંગીતકાર પણ છે. 'યામા' 'દીપશિખા'માનાં ચિત્રો અને સુશોભનો તેમના પોતાનાં જ દોરેલાં છે. આટલા સમયમાં તેમણે પંદરેક પુસ્તકો પ્રગટ કર્યાં છે તેમાં નીહાર, નીરજા, રશ્મિ, સાંધ્યગીત, દીપશિખા, યામા, અતિતકે, આનમિત્ર, નારીજીવનની શૃંખલાઓ વગેરે મુખ્ય છે.

શ્રી. મહાદેવીને તેમની કૃતિ 'નીરજા' માટે પાંચસો રૂપિયાનુ જોડ સેકસરિયા પારિતોષિક પૂ. મહાત્મા ગાંધીજીના હાથે મળ્યું છે. તેમનાં સાંધ્યગીત, યામા અને દીપશિખાના પ્રકાશનસૌંદર્ય માટે કોઇપણ ભાષા ગૌરવ લઇ શકે તેમ છે. શ્રી. મહાદેવી વર્મા હિંદનું અમોલુ રત્ન છે ×

× સ્ત્રીજીવનના દીપોત્સવી અંકમાંથી.



શ્રી. કિસ્મત

પ્રભુતામાં પગલાં ભરે છે

ઘણી સારી આશા આપતા કવિતાના નિયમિત લેખક, ગુજરાતના ઉગતા કવિ શ્રી કિસ્મતે ભાવનગર ખાતે તા. ૫-૧૧-૪૫ ને રોજ પ્રભુતામા પગલાં ભર્યાં છે. એ લગ્નપ્રસંગે ભાવનગરના મધ્યકાલીન મુક્તીમ શાયરોએ પોતાની કૃતિઓ છાપી એમને અભિનંદન આપ્યાં હતા. એ ભાવનગરે ગઝલસભાના આગેવાન શાયર સહયો શ્રી ચમકાર, બેબસ, બલીચ, રોશન, આસિફ, નિશાત વગેરે ભાઇઓએ એમને મુખ રકબાદી આપી હતી પ્રભુતામાં પગલા ભરતા આ ઉગતા સિતારાને અમો પણ મુબારકબાદી આપીએ છીએ.

કવિતાની પગદંડી

કવિતાની પગદંડીના વિભાગમાં સંખ્યાબંધ કવિતાઓ પડી છે. કેવી રીતે પ્રગટ કરવી એ પણ પ્રશ્ન થઈ પડયો છે. નવીન કવિનિત્રોની આતુરતા સમજી શકાય તેમ છે. આ માટે અમે એક યોજના એ કરી છે કે કેમ-માર્ગ-એપ્રીલ-મે એ ચાર અંકમાં ૮ પાનાં પગદંડીનાં આપવાં. અને મે મુદીમાં જમા થએલી તમામ કૃતિઓ ઉધારી કાઢવી. નવીન કવિમધુઓ જેમની કૃતિઓ સ્વીકારેલી છે તેઓ આટલી મધુ ધીરજ રાખે એ વિનંતિ. -તંત્રી

મિતાક્ષરી મતદર્શન

કેટલાક અનિવાર્ય સંજોગોને લીધે આ અંકે આપી શકયા નથી. દિલગીર. આવતે અંકે અવશ્ય આપવામાં આવશે.

ગુલેચમન

વિખ્યાત આંગ્લ કવિ શેલીને ૧૮૧૬ની સાલમાં વિચિત્ર પ્રકારનો માનસિક ભ્રમ વળગ્યો હતો. એના મનમાં ભૂત ભરાયું હતું કે મુસાફરીમાં એની સામે બેઠેલી એક જાડી બાઇ જેને પગે 'હાથી-પગો રસ' ઊતર્યો હતો તે ચેપી રોગ હોવાથી એને પણ એ ચેપના જંતુ લાગ્યાં હતા. ત્યાર પછી એ હંમેશા એના પગનું કદ તપાસયા કરતો; હાથ-પગની ચામડીને, ગરદનની ચામડીને, એ સખ્ત રીતે ખેંચી જોતો, અને જો એ જરાય બરછટ લાગતી તો ગાંડાની જેમ પોતાની પાસે બેઠેલા ગમે તે માણસની ચામડી ખેંચીને સરખાવી જોતો. આ ટેવને લીધે એ અનેક જુવાન સ્ત્રીઓને ગભરાવી મૂકતો.

ઓસ્ટ્રેલિયાની એક જાણીતી પ્રકાશનસંસ્થા તરફથી અર્વ મેસેના નામથી એક કાવ્યસંગ્રહ બહાર પાડવામાં આવ્યો હતો અને ઓસ્ટ્રેલિયાના કવિઓએ અને સાહિત્ય વિવેચકોએ તે કાવ્યસંગ્રહને કળાની એક સુન્દર કૃતિ તરીકે વધાવી લીધો હતો આમ તે સંગ્રહ ઉપર ચોતરફથી મંજુરિઓની વર્ષા વરસી રહી હતી તે દરમિયાન એવી દરકીકત બહાર પડી કે આ કાવ્યસંગ્રહના રચનાર બે ઓસ્ટ્રેલિયન સૈનિકો હતા અને તેમનો આશય ઓસ્ટ્રેલિયાના

સાહિત્યકારોની કેવળ બનાવટ કરવાનો હતો! આ બન્ને સૈનિકો એક દિવસ બપોરે ઑક્સફર્ડનો અવતરણ્યસગ્રહ તેમ જ બીજાં કેટલાંક પુસ્તકો લઈને બેઠા અને બે લીટી અહીંની અને ચાર લીટી બીજેથી એમ મનમા આવ્યુ તેમ વિવિધ સામગ્રી એકઠી કરીને તેમાંથી અર્થ વિનાની કેટલીક કવિતાઓ તેમણે વિણી કાઢી અને સંગ્રહરૂપે બહાર પાડી. એક ચોક્કસ કાવ્યની ત્રણ લીટીઓ તો મચ્છરો ઉત્પન્ન કરતાં રથળોની સફાઈ સંબંધે કરવામાં આવેલ અમેરિકન રિપોર્ટમાંથી જ સીધેસીધે ઉધ્ધૃત કરવામાં આવી હતી! આ કાવ્યને હર્ષપૂર્વક વધાવી લેનારા કેટલાક વિવેચકોમાં એકાદ પેંગ્વીન પણ હતા. તેમણે પ્રસ્તુત સગ્રહને અસાધારણ બુદ્ધિપ્રતિભાના સર્જન તરીકે ઓળખાવ્યો હતો ને જણાવ્યુ હતુ કે તેમણે જેવેતે ઓક્સ્ફર્ડીઆના બે સમકાલીન સાહિત્યધુરંધરોમાંના એક તરીકે તુરત જ ઓળખી કાઢયો હતો!

●

જાણું વિશ્વે—

તપી અંગારશા દિવસભરના તાપ, હળવા બની શીળા થાશે, રવિક્ષિતિજમાં સૌમ્ય બનશે;
અને રંગો વેરી ગગનપટ સન્ધ્યા સુડવશે,
સખા, ત્યારે લેજે મુજ ગૃહતણો પથ મળવા.

કદી દીવા હોયે ઝગમગ થતા રમ્ય ગૃહમાં,
વિસામો લેજે તું ક્ષણિક નિરખી બાર નિકટે;
શમી જાશે સૌ એ ટગમગ થતા દીપ પડખે
પડયો હોઉં ત્યારે, પુનિત મુકજે પાય ગૃહમાં.

ઊભો રહેજે પાસે ત્વરિત બનતો ના-નિરખજે,
અને જાગે જ્યારે ગત સમયના રંક સ્મરણો,
ઝમે મારા નેને ગદગદ થતા, અશ્રુઝરણો,
સખા ત્યારે તારો વરદ કર ભાલે રગળજે.

કરું શું! જાણું હું, પર સમયની તું વિહરતો,
છતાં જાણું નિશ્ચે અવસર થતાં આવી મળતો.

નન્દકુમાર પાઠક

●

ના વાટ પાછી મળી?

પીધાને વનપક્ષિણી શિશુ કને સાંજે વળે નીડ પે,
ને ધેનૂય વળન્ત બ્હાલ કરવા વાડે વસ્યાં વત્સને;
કિન્તુ તુ ગઈ ત્યાથી ના જ જનની! અદ્યાપિ પાછી વળી,
કે બનતાં જ ગયું જવાય, પણ નો આ વાટ પાછી મળી?

દેવજી રા. મોઢ

●

શબ્દ ઘાત

કષ્ટોના અગણિત ડુંગર ઉગે, ખો તું જરા ધૈર્યના,
શસ્ત્રાઘાત અરે! કદિક રૂઝતો, તેનીય ના વેદના!
કિન્તુ એવું કંઈક છે હૃદય શું છુપા અંગમાં
શબ્દાઘાત થતો યદિ તવ પરે, તે રૂઝતો કો'દિ ના?

નિર્ભય

●

અમે જગમુસાફરો

અમે જગમુસાફરો, ભ્રમણશીલ નિષ્પ્સી ન કો
સ્વદેશ, પરદેશ વા અખિલ વિશ્વને લેખતા
અમે સદન, એક સ્થાન રહી ના કદી ગાળતા
અસાર ગતિગ્રન્થ જીવન, નિસર્ગનાં બાળકો.
અમે વનવનાન્ત, ખીણ, ગિરિ, કદ-ના, કોતરો,
અસખ્ય નગરો, અનેક વળી ગ્રામવિસ્તારમાં
સદા રખડતા પ્રવાહગતિ માતરિશ્વા સમા,
ફરી જીવનસૌરભે ગ્રથિત દેશદેશાન્તરો.
નડે ન અમને કદી વિષમ વિઘ્ન કો માર્ગમાં.
યથારુચિ નિવાસ; સ્વૈરભ્રમણો; ન ચિંતા કશી
રૂપડા ન ઘરબાર રાચરચિલાની ચિત્તે વસી.
સદા નિદરતા અમે પ્રકૃતિની મીઠી ગોદમાં
ઉરે પ્રબળ વૃત્તિ રાગ અણુરાગની રાખતા.
નિરાવસ સ્વતંત્ર નિષ્પ્સીજીવને ન લાગે મણા
અમે પ્રતિક્ષણે સ્વરૂપપરિવર્તનો પેખતા
અલિપ્ત હૃદયે સનાતન વિવર્તલીલાતણાં

અમીદાસ કાણકિયા

○

ગૂંથી મંજુલ પ્રેમ કાવ્ય મધુરાં કુણી કળી ખીલવી,
ને તે પુષ્પ પ્રફુલ્લના ઉપડતાં જોઈ ઋચા કાવ્ય શ્રીઃ
પુષ્પે કાવ્ય પ્રસન્નને રમણ ત્યાં થ્યા મુગ્ધ પુષ્પે વળીઃ
કાવ્યો, પુષ્પ, રસાર્દ્રથી રમણતા સર્જે ત્રિવેણી ત્યહીં.

'પ્રણય કાવ્યો'ના કવિ શ્રી રમણ નરહરી વકીલ સ્વભાવે અને દેખાવે ગુલાબી, વર્તને વડેવારુ આચાર્ય થઈને બેઠા છે. ગુજરાતમાં એ એક જ કવિ એવા છે કે જે બધા ક્ષેત્રે સફળ થતા જ રહ્યા છે! એઓ કવિ છે તેની જ સાથે વાણિજ્યની દીર્ઘદૃષ્ટિ પણ એમને વરેલી છે.

પ્રધ્યાપક રહીને પ્રણય કાવ્યો લખ્યાં. પ્રણય કાવ્યો લખીને પ્રિયતમા મેળવ્યાં–પ્રિયતમા મેળવીને પત્ની મેળવ્યાં–અને પત્ની મેળવીને પ્રણય કાવ્યોની પરમકૃપા પામ્યા! પ્રિયતમાને માટે પ્રણય કાવ્યો લખ્યાં કે પ્રણય કાવ્યોને માટે પ્રિયતમા મેળવ્યાં તે તો કોણ કહી શકે? એમણે પુષ્પમાં કવિતા જોઈ અને કવિતામાં પુષ્પની સૌરભ જોઈ–દર્શન થેલા કવિ પ્રફુલ્લ બન્યા અને ગુજરાતને પ્રણયાર્દ્ર સૌરભનાં કાવ્યો મળ્યાં!

નામે જ રમણ! જીવન પણ રમણારંગ્યું! પત્ની પણ કવયિત્રી! ગુજરાતને ખોળે આ કવિ દંપતી–ગુજરાતની એક શોભા છે કારણ કે કવિને કવયિત્રી મળી અને કવયિત્રીને કવિ મળ્યો. પણ નિરનિરાળાં ઝરણાં એક બીજાને મળવાને વેગે દોડે–પણ જ્યારે બંને ઝરણાં બેગાં થાયછે ત્યારે પડોળા પટ પર મંદગતિએ વહે! એની સર્જન દશા આ બન્નેના એકલીન જીવનની છે છતા બંનેએ વખતોવખત કાવ્યગ્રંથો પ્રગટ કર્યા છે!

બંને કેળવણી સંસ્થામાં આચાર્યો છે. શિક્ષણ સર્જન, પર્યટન, વર્તન, જીવનના તમામ વડેવારોમાં એક ત્રાજવાનાં આ બંને પલ્લાંઓ સમતુલા જાળવે છે.

શ્રી વકીલે કવ્યો લખ્યાં છે, નાટકો લખ્યાં છે, વાર્તાઓ લખી છે, સંપાદન કરવાના કોડ સેવ્યા છે. રાજકારણમાં મૂગા કાર્યકરો હોય છે એવીજ રીતે સાહિત્ય ક્ષેત્રે પણ મૂગા કાર્યકર છે.

કેટલાક કવિઓ સરસ્વતીના સેવક થયા પણ લક્ષ્મીથી તરછોડાયા! આ સેવક સરસ્વતી અને લક્ષ્મી બંનેની એક સરખી મહેર પામેલા છે. એટલું જ નહી પણ જીવનમાં પણ એમણે સરસ્વતી અને લક્ષ્મીની સંયોગિત પ્રતિમા સમાં દેવીની પ્રતિમાની સ્થાપના કરી છે. એમની વ્યવહારુ દૃષ્ટિ આ રીતે તરે છે!

શ્રી. વકીલની કવિતાઓ પ્રણયરંગી છે. એ કવિતાઓ વિશદ છે પણ વિલાસી નથી, સરળ અને સુરેખ છે પણ પ્રણયકરૂણા જેટલી ગદ્‌ગદગેરી નથી. જેટલા સરળ અને સફાઈદાર દેખાવે–તેટલી જ સરળ અને સફાઈદાર એમની કવિતાઓ! નાટકો લખ્યાં છે ઓછાં પણ બહુ ભજવાયાં છે!

શ્રી વકીલની સર્જનપ્રવૃત્તિની ફલશ્રુતી છે એમની અંગ્રેજી કૃતિ "યુરોપા"! એ ફલશ્રુતી માત્ર વકીલની જ કીર્તિફલશ્રુતી નથી-પણ આખા ગુજરાતની છે-આખા હિંદ દેશની છે! 'યુરોપા' અંગ્રેજી કાવ્યોની પાંચ પાંચ આવૃત્તિઓ થઈ છે–એજ એ કાવ્યની સફળતા છે.

એઓ ગુજરાતી અને અંગ્રેજી કવિતાઓ લખી

છે-પણ પ્રોત્સાહન આપે એવી સફળતા એમણે
ણેજી કાવ્યોમાં મેળવી છે. ગુજરાતી કવિઓમા
એમને પ્રોત્સાહન મળે ચિરંજીવ પ્રોત્સાહન મળે
ું મળ્યું છે–તે પ્રણય કાવ્યોના પ્રાણ
। પ્રિયતમા ! આમ સફળતા તો ઊભય ક્ષેત્રે
ી છે, માત્ર સફળતાના પ્રકાર જુદા છે !

શ્રી રમણ વકીલ નરસિંહરાવના ચાર શિષ્યો
ાદરાયણ, બેટાઈ, વકીલ, કાણકિયા'માંના એક
છે. નરસિંહરાવની દીક્ષાને હજી એઓ વફાદાર
રહ્યા છે

ગુજરાતી કવિતા હજી એમની પાસેથી કંઈક
અપેક્ષા રાખે છે. પણ લાગે છે કે પ્રણયકવિતા
પાછળનો ઇચ્છિત પ્રાણ મળી જતા એમની
ભારચની વાણિયા મનોવૃત્તિ કવિતા-સર્જનમાં
ઉદાસીન ન બનાવે એટલી જ આપણે ઇચ્છા
રાખીએ !



ગુજરાતી 933

રામા

લટકાળી લલનાને લલાટે છઠ્ઠીના લેખ

રામા, ભિલોરિ પુતળી, નસજળ ભૂરે
ટીપેટિપું રુધિર ઓપત પોખરાળ,
તાળા ગુલાબ લજવાય જ જેનિ આંખે.

જ્યાં એ કપોલ પર ખંજન પિચ્છ ફેરે,
ત્યાં નેત્ર ને અધર શા મલકંત દીપે,
ચીબૂકની લબક આકર શી રહે ને.

એ ટીપળી મૃદુ મુખે સુખ સ્પર્શ ધન્ય
કોના થશે મલપતા, કહિ ? બોલ રામા !

એ સ્પર્શથી શરમ ને સુખ કેરિ લાલી
એ પોખરાજિ મુખનૂં રચશે ડરવિંદ:
ને એ સુધામદ રગે રગ દોડતો થૈ

—રામા, ભિલોરિ પુતળી, ઉંચકાઈ જાશે,
વેલી થકે વળગતી ઝુલતી લપાશે,
પંબોડા સરિબેયને લટ લટે શાં રપષ્ટ સંતાડશે !

ભગવંતરાય ક. ઠાકોર

૧પમુ:-ભૂરી નસોની જળમાં ઝોળીનું ટીપે ટીપું. ૨જાંપ: જાંખી
૩. ખંજન પીંછું ફેરે, કોઈ બી તેવો પ્રસંગ બરાક બની જતાં
૪વિંદ : લાલ કમળ. રગે રગ નસેની.

આ સોનેટ લખાયું હતે મેં રાજકોટ ઊતર્યું (૧૯૧૬ આખરે) તે પહેલાં અપૂર્ણ સોનેટ (૧) લખાયું. ૧૬ના અન્યમાં તે પછી.

અશબ્દ શબ્દાવલિ

હોઠમાં હજાર વાત,
એથીયે અનેક ગાઢ વાત નેનમાં;
કૈંક દર્દ, રોષ, શોક, હાસ્ય ને ઉમંગનાં
પળે પળે ફરે છે ચિત્ર રંગભૂમિ ઢંગનાં.
નેત્ર છે જ નાટ્યચોક,
ત્યાં લખ્યું છ થોક થોક:
પાંપણો જરાક ઊંચકાય ત્યાં અપાર દૃશ્ય
આવીને સમાઈ જાય નેનના ઉછંગમાં.
એ હસે છ ત્યાં કળી ખીલે છ કૈંક દિલની
એ ઢળે છ ત્યાં ઊઠે છ આખ કૈંક બળેલની:
રહી અશબ્દ, શબ્દ સર્જતી નવીન રંગના.
હોઠને હલાવશો નહિ વધુ હવે !
આંખથી જ કહેવું હોય તે કહો ભલે.

ઈન્દુલાલ ગાંધી

●

તારલિયા!

આંગણિયે આવો આભેથી રમવા નીચે તારલિયા!
ઊંચા આકાશેથી ઊતરો રમવા નીચે તારલિયા!
—આંગણિયે૦

ઝગમગતા ટગમગના ધીમા
તેજ-ખરંતાં ડગલાં દેતાં
ચમકારા કરતા આંગણિયે આવો મારે તારલિયા!
—આંગણિયે૦

ગગનતણા ઘુમ્મટને ભરતાં
ગીતો ગાતા હર્ષ-છલકતાં
ઝલકાતા મુખડે ઊભો આંગણાં આ તારલિયા!
—આંગણિયે૦

ઘનગન ઘનગન નર્તન કરતાં
તેજપુવારે નભને ભરતાં
અધાગ ઢલેચો આવી આંગણેથી તારલિયા!
—આંગણિયે૦

પુષ્પા ર. વેકરીલ

* ઉદયાસ્ત

રેલાવી સૌમ્ય જ્યોતિ ત્યાં અકાળે અણચિંતવ્યો
બીજના ચંદ્ર જેવો તું ઊગતાં આથમી ગયો.
અત્યલ્પ જીવને મીઠી ઉષાની સુરખી રંગી,
તપ્યો મધ્યાહ્ન ને પૂરી રોશની ચમકી નહીં.
ચઢી આંધિ તુફાનોની અંધારે જગ આવર્યું,
ઘોર નૈરાશ્ય ઓળાએ હૈયાને રહતું કર્યું.
કૃતઘ્ની, બેઈમાની ને પ્રપંચે જગ આ ભર્યું;
નિહાળી, વેદના જાગી, હૈયું મૂક બની ગયું.
જીવતાં જંપ ના જાણ્યો, માણી ના તેં કૃતજ્ઞતા,
કહેવા દે મને બંધુ! ભરી હૈયે કઠોરતા—
હોય જો શાંતિ મૃત્યુમાં, ભલો તું પરલોકમાં!!
મર્ત્ય આ લોકના ઘેરા વિષાદો સ્પર્શશે નહીં,
આત્મનો પ્રેમ-જ્યોતિ એ અખંડ જલશે ત્યહીં.
—ને મધ્યાહ્ન અધૂરો જે તપ્યો આ હીન લોકમાં
તપશે પૂર્ણ તેજે ત્યાં, અદીઠી સાંધિકાતણાં
મધુરાં તેજ રેલાશે દિવ્ય, શાંત, સનાતન.

રમણ વકીલ

(*૨૭. શંકરપ્રસાદ શુક્લના અકાળ મરણે પ્રેરેલું કાવ્ય.)



કવિ કથાઓ

મૂળરાજ અંજરિયા

કવિની વિદાય

પ્રકૃતિએ કહ્યું: "કવિ, તમે જાઓ છો?"

"હા, હવે હું જાઉં છું." કવિએ હસીને કહ્યું, "જો, જે પળે હું જઈશ, તું મને આનંદથી વિદાય આપીશ ના?

"અરે, તું આવું તે શું બોલે છે?" પ્રકૃતિએ કંઈક દુ:ખથી કહ્યું, "પ્રકૃતિનો પ્રાણ કવિ છે; કવિ અને પ્રકૃતિની તે વળી વિદાય કેવી?"

"તારું કહેવું ઠીક છે. કવિ અને પ્રકૃતિની તે વળી વિદાય કેવી? પણ મને તારા વિના કેમ ફાવશે? હવે તો હું ઘણા દિવસ તારો બોળો ખૂંદી ચૂક્યો. જો, આજ સીત્તેર વર્ષથી હું અહીં બેઠો છું. હવે મારે જવું જ જોઈએ."

કંઈ ખોવાઈ ગયું હોય એમ પ્રકૃતિ કવિની સામે જોઈ રહી, ન જાણે શું. કવિમાં કંઈક શોધી રહી હોય તેમ કવિને મૌન જોઈ એ બોલી: "એ બધુ તો ઠીક, પણ હવે મારી સંભાળ કોણ લેશે? મારી સાથે સુખદુ:ખ કોણ અનુભવશે? મારાં કુસુમોની કટોરી કાવ્યોમાં કોણ ગુંથી આપશે? ગરવી ગુજરાતણોને અંજલિમાં અમૃત ઝીલતાં કોણ શીખવશે? ગુલાબને ગાતાં કોણ સાંભળશે? એના કરમાવાથી અનોખું તત્વજ્ઞાન કોને સૂઝશે? અને ગ્રીષ્મના બળતા બપોરે પોતાની શીતળ સુરાવલિ સુણાવી અમારું હૈયું કોણ ઠારશે?"

કવિ હસ્યો: "અરે, આ શી રમત માંડી બેઠી છો? મારી વિદાયવેળાએ આવું શું કહી રહી છો? તેં જ તો એક દિવસ વૃક્ષો અને નદીઓ તરફ આંગળી ચીંધી કહ્યું હતું ના કે: 'બેટા, આમના જેવો પરોપકારી થજે,' અને આજ તું જ સ્વાર્થી બની રહી છો? જો, ક્ષિતિજને પેલે પાર પાર મહાન વિશ્વેશ્વર મને બોલાવી રહ્યો છે. પણે જો, મને પોંખવા પરીઓ અને જગમાલણો આવતી જણાય છે. તારે સ્વાર્થ તરફ ન જોતાં તારા નિયમ પર અટલ રહેવું જોઈએ."

પ્રકૃતિ મૌન હતી; વાતાવરણ શાંત હતું; કલ્પનાની આંખો ભરાઈ આવી હતી. એ પણ કવિને જતો રોકી શકી નહિ.

●

ODTAA

ઈંગ્લેંડના રાજકવિ સર જહોન મેસફિલ્ડે કેટલાક વર્ષ પૂર્વે "Odtaa" નામે પુસ્તક લખ્યું હતું. કોઈએ એ નામનો અર્થ શું થાય છે તે પૂછતાં કવિએ ફોડ પાડ્યો:

"One damn thing after another" (એક પર બીજી ઘૃણાસ્પદ વસ્તુ.) સામાન્ય લોકોને કવિતા બહુ ગમતી નથી. ગમે છે તેમને બહુ સમજાતી નથી. સમજાતી નથી ત્યારે તેઓ એ કૃતિ વિષે જે બકવાટ કરે છે તે વાક્યના શબ્દોનો પહેલો અક્ષર લઈ મેં એ નામકરણ કર્યું છે."

કવિની મુંઝવણ

"હૈયે 'જેવું' જગત વદતું, "હોઠમાં આવી બેસે" અર્થો સત્યો પ્રણયજનને ભાસતાં સૌ મને એ;
જ્યારે જ્યારે તવ નિકટતા સેવું છું વાત માટે, હોઠે મારે વચન રમતાં છોડી હૈયે સિધાવે.

નંદકુમાર પાઠક

મણિલાલ સોલીસીટર અને ન્યાયાધીશ સ્વ. દીનશા મુલ્લાં કવિ પણ હતા. એમણે ફારસ અને સોરાબના કિસ્સા પર અંગ્રેજીમાં એક લાંબું કાવ્ય લખીને અંગ્રેજ રાજકવિ ટેનીસન પર અભિપ્રાય માટે મોકલ્યું

દિવસો પર દિવસો થયા પણ જવાબ ન આવ્યો. આ ઊગતા કવિને જવાબની તાલાવેલી થઇ. આખરે જવાબ આવ્યો ખરો, દીનશાજી તો ખુશ ખુશ થઇ ગયા. પરખીડીયું ખોલ્યું. ટેનીસને લખ્યું હતું : "કવિતા વાંચી; તમે કાબેલ લખો છો કે સોલીસીટરનો ધંધો કરો છો ? પારાશાસ્ત્રીના ધંધામાં તમને સફળતા ઇચ્છું છું !"

ઉમિયાશંકર અને અર્ધનારીશ્વર

ફાર્બસ સભાખંડમાં મહીડા પારિતોષિક સ્વીકાર કરતી વેળા જવાબ આપતાં એમની આગળ બોલી ગયેલા વંકના શ્રી જ્યોતીન્દ્ર દવે અને શ્રી ચંદ્રવદન મહેતાનો ઉલ્લેખ કરતાં ભૂલથી બંને નામનો સમન્વય કરી ઉમાશંકરે કહ્યું કે: "ઉમાશું શ્રી જ્યોતીન્દ્ર મહેતા જે કહી ગયા..."

નહિ પણ દવે.

"જે હોય તે," ઉમાશંકરે કહ્યું, "દવે કે મહેતા એક બીજાથી જૂદા નથી. અર્ધનારીશ્વરની જેમ એક છે."

"અમારા એમાં નર કોણ ને નારી કોણ એ વાત જવા દઇએ" જ્યોતીન્દ્ર વચ્ચે કૂદી પડ્યા. "પણ તમે તો અર્ધનારીશ્વર છો જ. ઉમિયા અને શંકર બન્ને તમારામાં સમાયાં છે."

કવિની દલીલ

રેવદીવાળીના એક પ્રસંગે કવિશ્રી કાંતે કહેલું : "આ જૂનાગઢના નવાબે કૂતરાકૂતરીનાં લગ્નનો મોટો સમારંભ કરી હજારો રૂપીઆનું પાણી કર્યું એ માટે લોકો એને મૂર્ખ ગણે છે. પણ આ બેવકૂફ હિંદુઓ દર વર્ષે હજારોની સંખ્યામાં જાઓ અને પત્થરનાં લગ્ન કરે છે, એના કરતાં કૂતરાકૂતરીનાં લગ્ન કરનાર નવાબ વધારે ડાહ્યો છે એમ તમને નથી લાગતું ?"

પડછાયા પ્રાંત

રતુભાઇ દેસાઈ

(અંજની : પરિવર્ધન)

(૧)

શુદ્ધ સનાતન ઓ, સંગાથી !
જીવનમૃત્યુના ચિરસાથી !
દુનિયા મૂર્ખ ભલે નવ ન્હાતી,
હું તુજને ચાહું !
ઓળા ! ચાહું ને ચાહું.

(૨)

તરછોડે તુજને કઈ દુનિયા,
દીધુ કહે છો ને અપમુલિયા,
મૂલે રણ ભલે સૌ રગદિયા,
વિસરું ના ઓળા !
મધુ, અમરવના ભોળા.

(૩)

નિર્મલ નિર્ઝર તટની પાસે,
પુણ્યોજ્જ્વલ પ્રિય ચંદ્રપ્રકાશે;
રવિદર્પણ આછા આભાસે,
શિશુ વયમા જોયો,
તુજને જોઈ હું મોહ્યો

(૪)

ભોળા ભેરુઓની સાથે,
શેરીમા આખડતા આથે;
ધીમો તડકો ઝમતા રાતે,
તુજને જઈ સાથી,
મેં તો સાથી ને ચાહ્યો

(૫)

જીવનઅંધારે અથડાતા,
પ્રકાશદર્પણ ન્હાતાં ન્હાતા;
એકલદોકલ ઉરને રહાતા
સાથે ને સાથે,
ઓળા! તું મુજસ માથે.

(૬)

મુખના સાથી સૌ ચાલ્યાં-
થાતાં જ્યારે આથાંપાછાં,
પાછાં પડતાં દેવા કાચાં;
ત્યારે તુ સાથે,
આવે નારી સંગાથે.

(૭)

સ્નેહીઓ કરને તરછોડે,
મિત્રજન પણ મુખડાં મચકોડે;
રાજી ના રહેવા કોઇ જોડે,
ત્યારે તું રહેડે,
આવી ઊભો મુજ જોડે.

(૮)

મૃત્યુ કેરો કોઇ ના વે,
દુખડાં માત્ર રડી સૌ ગાવે;
પાર્થિવ પોળા સુધી જે આવે,
પાછા સહુ જતા,
ફરી નિજ જીવને મૂંઝાતા

(૯)

આવે જો કોઈક મશાણે,
બોલી બીકા બોલ વખાણે;
આંખોમા આંસુ કંઇ આણે,
ભૂલી તે। જતા,
ફરી જીવન પંથે પળતા.

(૧૦)

મુજ યું હસી હસી સૌ બોલ્યાં,
બોલ્યાં સૌ કો ને દિલ ખોલ્યાં;
જગદ્વેષાં જોતો તું પોલાં-
દૂર મૂક ઊલેા,
કરતો ઊંડા મતમૂલેા-

(૧૧)

ચાહ્યા નીસરી સૌ દઈ વાંચી.
છોડી બીજા જંજાલઝાડી;
ભરતી પ્રેમતણી લઈ માઠી,
ત્યારે તું આવ્યો,
આવી મૂલેા મલકાયેા.

(૧૨)

હાસપ્રકાશ ચુમાવે સર્વે,
તિમિરકટાક્ષ મહીં ઉરમર્વે;
ત્યારે તું ભરભર લઇ ખર્વે-
હા સ પ્ર કા શ દી વેા,
ઉરમાં કર દઇ તું ઊભેા!

(૧૩)

શુદ્ધ સનાતન ઓ ! સંગાથી !
જીવનમૃત્યુના ચિરસાથી !
દુનિયા મૂર્ખ ભલે નવ ન્હાતી
હું તુજને ચાહું.
તુજને ચાહું ને ચાહું'

અનામી મિત્રને

પતીલ

નેયાને સૂરતે તો દર ગલેમંદી બૂદમ.
રમીદે બીરા દર આં જાએ બુરા ચંદી બૂદમ:
દીદમ્ સૂરત વલે ન સૂરતે સૂરત દીદમ;
બ વતન બાજ્ આમદમ્ વ "મર ચંદી" બૂદમ:
મરા બાઝારે ઈંકલેસર ચું હીચ સૂદ ન કર્દ;
ઝ કિશ્તે માદરી દાશ્તે ઝરકંદી બૂદમ:
વલે હર કારી કે કર્દમ, મરા ઈકબાલ ન બુદ,
ઝીરા કે, અજ્ઞ બરાએ યાર સિપંદી બૂદમ.
બુરપાને મિસ્તરે બુખાર, બુખારા દીદમ્
બખ્વાબ, રહરવે રામો સમરકંદી બૂદમ:
કુજા આં બાલે તો? વ આ કુજા રુખસારે તો!
ખબર અજ્ઞ બા'રઝમ ન બુદ ચુ બુજંદી બૂદમ:
દર શહે આરિફાં યકી મનીદમમ્ ગાહા,
બ અરાબાત ચું રફતમ્ દર આં રિન્દી બૂદમ્:
ઝમનવાએ તહી દસ્તી બો હુમદર્સે બુલ્બલ,
બામ પસ્તી રા વ મૌહુતાજે બુલંદી બૂદમ્;
ચેરા નઝર કુની પતીલ રા બ ઈસ્તિહકાર?
કે મરા નિસ્ત ગુનહ—આં ચે પસંદી બૂદમ!

*

તારા વદનના દર્શન કરવની લાલસાથી હું ગલેમંદીમાં વસ્યો. પોતાની જાતથી બેવાકેફ જગેલો એવો હું ઉપરોક્ત સુંદર સ્થળે અમુક સમય રહ્યો.

મેં સૂરત તો દીઠું પરંતુ જોવા જેવી તારી સૂરત નિરખવા ન પામ્યો. મારે વતન પાછો ફર્યો, અને બોડો વધુ વખત ત્યાં કાઢયો. ('મર ચંદી' ને બીજી રીતે અર્થમાં બદલાવીને કહેતાં, મરચંટ પાને બેપારી બન્યો.)

ઈંકલેસ્વરના બજારમાં કશો નફો ન મળ્યો; એટલે માના તરફથી વારસામાં મળેલી જમીન

સમાલી, સોનાના કદનો માલિક બન્યો ("ઝર કદ" મારા ખેતર પાસે આવેલા 'જળકુંડ' નામના રથળનો પણ ઉલ્લેખ કરે છે)

પરંતુ જે કંઈ કામ મેં હાથમા લીધુ તેમા નસીબે મને યારી ન આપી કારણ કે મિત્ર પ્રેમને લીધે સિપદના દાણા જેવી સ્થિતિને હું પ્રાપ્ત થયો હતો (વધારની કડછીમા '૨૧૮'ના દાણાની મિસાલ) તાવની પથારીમા સૂતો સૂતો હું ભુખારા વિષેનો ખ્યાલ કરતો, ઊંઘમા શામ અને સમર કંદની મુસાફરીના સ્વપ્ન સેવતો

તારો પેનો જણીતો (કાળો) તત્ત્વ કયા છે? અને બહુ વખણાયેલો પેનો તારો માલ કયા છે? (જુઓ 'કવિતા' ના ગતાકમા પૃષ્ટ ૩૮૧, ત્રોલમ પરેડીમા શ્રી અનામીએ ટાકેલી કવીન્દ્ર કાદ્રિઝની કડી)

પ્રભુને માનનાર પવિત્ર પુરુષોના વર્ગમા હું આસ્તિકપણે સેવતો અને છાકટાઓના સમુદાયમા છાકટો થઇ જતો

તગીની સાથે બેસીને નિત્ય ભોજન કરનારો, અજ્ઞાનરૂપી મિત્રનો સહાધ્યાયી, પડતીનો વહાનો અને ઉન્નતિથી વંચિત રહી ગયેલો કહાવુ છુ

પતીલ તરફ નિષ્ઠુર દૃષ્ટિએ તું શા માટે જુએ છે? મારો કશો ગુનો નથી, જેવો તે મને ખાધો હતો તેવો હું બન્યો છુ

તોહમતદારના પિંજરામાંથી

પતીલ

કવિતા માસિકના જાન્યુઆરી અંકમાં ભાઈશ્રી અનામીના લેખમાં મારે વિષે ઉપસ્થિત થએલી ટીકા પરત્વે ગુસ્સાની લાગણી બતાવવા જેવું મને કશું લાગ્યું નથી એવો ઇકરાર કરતાં, સૂરતના એ વિદ્વાન મિત્રનો પ્રથમ તો, પહેલી જ તકે મારે આભાર માનવો જોઇએ. જે નિર્ભીકપણે એમણે મારે વિષે ચર્ચા ઉપાડી છે તેના વડે હું ખરેખર તેમનો ઓશીંગણ થયો છું. હું સમજું છું જ કે ગુજરાતી સામયિકોમાં ઉર્દૂ ફારસી કવિતા છપાય તેનો કશો જ અર્થ નથી; છતાં, મારી એક ધૂનને વશ થઇ આવારતવાર હું એવી કેટલીક રચનાઓ પ્રકાશન માટે મોકલું છું. તેમ કરતાં કેટલીક કૃતિઓ બનતી ચીવટ રાખવા છતાં સદોષ હાલતમાં મુદ્રણ-દોષનો વિશેષ લાભ પામી સામયિકોનાં પૃષ્ઠો ઉપર દેખા દે છે. ગુજરાતી સામયિકોના તંત્રીઓ સાથેના બીજા સંબંધને પરિણામે મારા અજ્ઞાનપણામાં ક્ષતિઓવાળી રચનાઓ પણ કવચિત શુદ્ધ કવિતા તરીકે ખપી જાય છે એ પૂરવાર થયેલી સાચી હકીકત છે. આ એક ગુનો છે અને ચોખ્ખી છેતરપીંડી જેવો ગુનો છે; એટલે તેની શિક્ષા પોતાને કે પારકે હાથે થવી જોઇએ અને એને જ લેખકવૃત્તિનો સાચો પુરસ્કાર સમજી હસતે મોંએ સદન કરી લેવી જોઇએ. શ્રી અનામી મને માત્ર ખ્યાતિનો ગુલામ સમજીને મારાથી દૂર ન ન્હાસે તેમજ મારા દોષ તરફ ઉદાર વૃત્તિ કેળવતા બંધ ન થાય એવા શુભાશયથી જ આ ખુલાસો લખ્યું છું.

ગુજરાતની ફળદ્રુપ ભૂમિના એક રસાળ ખૂણામાં એકલવાયું જીવન ગુજારનાર આ રંકને ખોળી કાઢી મારા જમાનાના સુશિક્ષિત બંધુઓએ સ્નેહની મિશ્રિત લાગણીઓથી વારંવાર નવાજ્યો છે. શ્રી અનામીએ પણ એવી લાગણીથી પ્રેરાઇ, મારી એક નાચીજ કવિતાના બારામાં કાવ્યરસિકતાના અધિકારીની રૂએ પૂરા ત્રણ પાનાં રોકવાની તસ્દી ઉઠાવી એ મારા એકલાને માટે નહીં પરંતુ ગુજરાતી લખી વાંચી જાણનાર આલમ માટે અલભ્ય લહાવો છે. મારા નામ રહિત ચર્ચાપત્રી હિંદુ હો યા મુસ્લિમ–મને તે વિષે શંકા કરવાનો કશો હક્ક નથી; છતાં એટલું તો ચોક્કસ જણાઈ આવ્યું છે કે તેઓ મારા બહુ જ નજીકના પડોશી છે અને ઉર્દૂ ભાષાના પરમ ભક્ત છે.

ગુજરાતી ભાષાની સેવાથી આ લેખકે પોતાના હાથ સાવ ધોઇ નાખ્યા નથી. છતાં એના માથા પર અત્યારે એવાં વિઘ્નોના વાદળ છે અને એની કફોડી સ્થિતિમાં પોતાના દિવસો નિર્ગમે છે કે સાહિત્ય સેવા તો શું, પણ કેટલીક વાર વર્તમાનપત્રો તરફ નજર ફેરવવા જેટલી નિરાંત અનુભવાતી નથી. મારા લગભગ મજૂરી સરખા ધંધામાં આસાયશનું એકાદ અલ્પ કિરણ કદીક કદીક ડોકિયાં કરી જાય છે, જેના વડે એક યા અન્ય સિફાસમાં કવિતા સુંદરી સ્વસ્થતે પોતાનું જાણીતું મોહક તત્વ મને ધરે છે. હિંદના અન્ય સાહિત્યકારોની સરખામણીમા મારી દશા સંપૂર્ણ ઉભગી જેવી છે, એમ કહું તો ચાલે. મુસ્લિમ બિરાદરોને ગળથૂથીમાંથી મળેલી ભાષા તરફ અનુરાગ સેવી તેની કૃપાપાત્ર થવાના કોડ જન્માવનાર સૂરતના જ એક ગૌરવશીલ મુસ્લિમ સાક્ષર છે. મારામાં જો તેઓ છેતરાયા ન હોય તો તેમનો આશીર્વાદ વહેલોમોડો જરૂર ફળશે જ એમ હું માનું છું.

માતૃભાષાની સેવામાં પણ સૌથી વિશેષ કોણ કરનારો કદાચ હું એકલો જ મણાતો હોઉં. કેટલાક

મારી જાણમાં છે અને કેટલાક જાણ બહાર. કવિતામાં શું શું ક્ષમ્ય છે અને શું શું નથી તેનો નિર્ણય કરવાની ગડમથલમાં પડનાર કદાચ કાવ્યતત્વની સાચી કેડીથી વંચિત જ રહે. હરકોઇ ભાષામાં કલમ ચલાવનાર વાચ્યે માત્ર પુરોગામીઓના સફળ નિષ્ફળ અખતરાઓ તરફ જ મીટ માંડવી રહી આમવર્ગમા બોલાતી ભાષામાં કાળાંતરે જે ફેરફાર થયા કરે છે તેને અટકાવવા જતાં, મને ભય લાગે છે, કે ભાષાનો વિકાસ સદંતર અટકી જાય.

ઊર્દૂભાષાભિમાનીઓની એક મજબૂત કુટે। પ્રયોગક્ષમતાના અભાવની છે. હું ભૂલતો ન હોઉં તો, આંતરદેશીય ખ્યાતિ પામી ચૂકેલ હિંદના મહાન શાયર ડૉ. ઇકબાલની શાયરી પણ શરૂઆતમાં ફ્રેંચ્યુસ્તના હિમાયતીઓના પ્રહારથી બચી ન હતી. મને સંશય છે કે કદાચ એવા જ કોઈ વાસ્તવિક કારણને લીધે અસરારે ખુદી, રમૂઝે ખુદી તેમજ જાવીદનામા જેવી વિશ્વવિખ્યાત સુંદર મસ્નવીઓ ઊર્દૂમા ઉતારવી મોકૂફ રાખી રૂમીપદ્ધતિની સરાપા ફારસી જબાનનો આસરો એમણે લીધો. ઊર્દૂમાં એમનાં કાવ્યો મુખ્યત્વે લિરિક પદ્ધતિના જ જન્મ્યાં; ગઝલનો દોર નક્ષિત થઇ ગયો. કતઆતવૈભવમાં માત્ર બેમાલૂમ જ નવીનતા આવી

લિંગવચનના સંકુચિત કાનૂનો, અકારાત શબ્દોનો ક્રિયાપદ સાથેનો અનિવાર્ય યોગ, અપૂર્ણ ક્રિયાપદોનું વાક્યોમા નિશ્ચિત સ્થાન, રૂઢ પ્રયોગોનો બધારે પડતો સમાદર, જાતિ વિષેના ઘોરણોની નિતાન્ત પંગુતા અને સ્વરોની કાયમની તાણ હિંદી તેમજ ઊર્દૂ જબાનના કલેવરમાં ઘર કરી રહેવી હોઇ, કવિતારચના મોટે ભાગે ગાંધીખાનાની દુકાન જેવી સ્થિતિનુ દર્શન કરાવે છે. આ હકીકત ઉપરોક્ત નામી શાયરના કેટલાક પુરોગામીઓને પણ ખૂંચી હતી. સંસ્કૃત પદ્ધતિના છંદો તેમજ મુલાયમ બ્લેંકવર્સ જેવી રચનાઓના દાખલા દફતરેદફતર ફેંદી નાખનારને પણ એમાથી ભાગ્યે જ જડે. તથાપિ જમાના ઉપર એનું આકર્ષણ છે–માત્ર આકર્ષણ નહિ, મોહિની પણ છે

ઊર્દૂ ભાષા ની ખિદમતમાં હિસ્સો માગવાનો મારો હક્ક શો ? કેટલીક વિશેષ ખાનગી બાબતો અત્રે જણાવવી પ્રસ્તુત નથી. મોઘમમાં કહું તો, તાજી વિધાએલી બકરી સમી મારે આંગણે એ વસી છે. જેવો મળે એવો ચારો ખાય છે અને મારાં બાળકોનું યથાશક્તિ રક્ષણ કરે છે. એની ઉછેરને કદાપિ કતલખાને મોકલીશ નહીં, એવા સોગંદ સહિત બાત્રો આપુ છું, કે સર્જનહારે પેદા કરેલી દુનિયામાં માનવજાતની બેદાદીના ઔષધ લેખે બને તેટલું એનું ગૌરવ કરીશ.

ભાઇશ્રી બનામીએ મારી ગઝલમાં જે દોષ બતાવ્યા છે તેમાથી લગભગ બધા જ સહેલાઇથી નિવારી શકાય એમ છે કેટલાક મુદ્રણદોષનો હું બીજા જ અંકમાં ખુલાસો કરવાનો હતો; પરંતુ કવિતા સાથે તેનું મુક્તભાષાંતર પણ આપેલું હોઇ, મને તેમ કરવાની ખાસ જરૂર લાગી નહીં. ભાષાન્તર મુક્ત જ કર્યું હતું એ વાત હુ ભારપૂર્વક કહું છું અને નોધુ છું કે મારા વિદ્વાન ચર્ચાપત્રીને કવિતાની ઓપજોખ કરવામાં એને લીધે બેવડી તક મળી ગઇ. એમના સંતોષ ખાતર એક તરફ કવિતાલેખકનું ભાષાજ્ઞાન અજ્ઞાનની પરાકાષ્ઠાએ પડોચેલું માની લેવામાં આવે, તો બીજી તરફ દાનિશમંદ ટીકાકારની તર્કશક્તિ પૂર્વગ્રહની મર્યાદા વટાવી ગયેલી હોય એવું લાગ્યા વિના રહેતું નથી વાકયે વાકયે અને શબ્દે શબ્દે લેખકે જાણે દોષ જ કર્યો હોવા જોઇએ એવી ભીતિ રાખીને તેમજ જે જે દોષ જણાય તે બધા અક્ષમ્ય જ હોય એવો ખ્યાલ સેરીને એકેએક કડીને જૂના દાગીનાનો નવેસરથી ઘાટ બનાવવા પ્રવૃત્ત થયેલ સુવર્ણકારની અદાથી એમણે પોતાની છીણી ચલાવી છે 'છીણી ચલાવી' એમ કહેવામા એમનુ ગૌરવ કરવાનો જ આશય છે. હું ધારું છું કે એમના હાથમાં સુવર્ણથી વિપરીત કોઈ હલકી ધાતુ પડી નથી

આખી કવિતામાં શરતચૂકથી રહી જવા પામેલી એક જ ભૂલ, ચોથી કડીનો પડેલો શબ્દ મને સુધા-

રહ્યા યોગ્ય લાગ્યો છે અને તે આ રીતે અહીં જ સુધારું છું.

"ઓ છુપને વાલે પદે મેં કહાં હય દૂસરા તેરા?"

('દૂસરા તુઝસા' કરતાં 'દૂસરા તેરા' જ વધારે અર્થસૂચક છે)

પહેલી કડીમાં "મિલ જાયે રસ્તે મેં" એમ જ ઊર્દૂ સ્ક્રીપ્ટમાં લખતી વેળા ઉતારાય 'રાસ્તે મેં' ને બદલે "રસ્તે મેં" આપણી પ્રાન્તીયતાના દ્યોતક તરીકે ધરાદાપૂર્વક રાખેલું છે.

બીજી કડીમાં જે વ્યંજન રહેલો છે તેની પુર્તીમાં "અપના અમીરાના" કરતાં "ઉનકા અમીરાના" વિશેષ અનુરૂપ છે.

ત્રીજી કડી ગદ્યમાં આ રીતે મૂકાય:

"જમાને સે મગ્રૂર હુઆ (હય જો વુહ) મિરા ગરીબના મસકન દેખનેકે લિયે ઉસી (દોસ્ત) કે કુએ મુબ્દોં મેં કઇ (આદમી) આતે હૈં."

'ઉસકે' નું 'ઉસીકે' મિત્ર અનામીની ઇસ્લાહ મુજબ પહેલેથી જ પ્રથમ ચરણમાં દોસ્તની વાત ઉપાડીને તેનો ઘટસ્ફોટ કર્યો બાદ સાભિપ્રેત લખ્યું છે, પરંતુ આપણે દોષ જ કાઢવા હોય તો એક પંક્તિમાંથી, એક તો શું પણ ત્રીસ ત્રીસ દોષ બતાવી શકાય.

ચોથી કડીમાં "મુકમ્મદ"નું "મુકમ્માદ" મુદ્રણ-દોષને અંગે થવા પામ્યું છે

"મેહરાજ" અને "મનાજર" ('મિંનજર'નું બહુ-વચન) ઇસ્લામના મઝહબી શબ્દો છે. મેં તેમને મંદિરનો "ગોખલો" અને "બાસેપીઠો"ના સામાન્ય અર્થમાં વાપર્યો છે. તેમ કરવામાં કંઈ ખોટું થયું હોય તો મારા મુસ્લિમ બંધુઓ ઉદાર દિલથી મને માફ કરે.

"સાયા"નો અર્થ પડછાયો છે. એટલે "ફોટો-ગ્રાફ" જેવો અંગ્રેજી શબ્દ યોજવા કરતાં તેને જ એ અર્થમાં કેમ ન વાપરવો એવા ભાનસહિત બોલ્યો છે. "તસ્વીર" જેવા શબ્દથી મારું કામ સરી શકે એમ ન હતું. "તસ્વીરાના" એ ઊર્દૂ-શબ્દ છે એવી શોધ મેં નથી કરી. આ રાંક સેવકના ખિસ્સામાંનો એ છે, એટલું બે હાથ જોડીને કબૂલ કરું. પ્યારી ઊર્દૂ જબાન! શબ્દોની બોદી આબરૂછેટથી બચેલી તને ક્યારે જોઇશ?

છઠ્ઠી કડીમાં—

"અપને દર કબરે વીરાના" ને બદલે જે કંઈ છપાયું હોય તે પણ મુદ્રણદોષને આભારી છે. પ્રસ્તુતઃ પંક્તિમાં અર્થનો અનર્થ કરવા ખાતર જ જાણે બોટું પીંજણ ન કર્યું હોય એવું ઊર્દૂના સાધારણ સમજનારને પણ લાગે.

સાતમી કડીમાં—

"મિરા કબીરાના જિકો" એવો નગ્નકનો પાઠ છોડીને "જિકરેમે કબીરાના" કરવાની જરૂર રહેતી નથી. જનાબ અનામી સાહેબ, મને તો ખાત્રી છે કે, કવિઓને ભાષણ કરતા કરી દેવાનો જ વિશેષ બંત રાખે છે.

આઠમી કડીમાં અક્ષમ્ય મુદ્રણદોષ છે:

ઉત્તરાર્ધમાં

"તિરે કદમોં મેં ઉસ આશક કા મગ જના શહીદાના" મૂળ કોપીમાં હતું.

"મરજના શહીદાના" નર્યાધૂર બોટો પ્રયોગ! હાય, હાય! બાપાદોષ! તું કેવી રીતે બાપડા કવિ-ઓને વળગી પડે છે? "શહીદાના" એટલે "શહીદ"નો લાયકી સહિત. બીજી પણ એક ભૂલ એજ પંક્તિમા ગોતવી રહી ગઇ છે

"શહીદ કી મિસોલ મિરા 'મર જના' હુઆ હોતા" એમ કહ્યું છે તે બાજબી નથી, "મિરા મૌત" અથવા "મિરા મરના" એવું જ કદાચ મારા ટીકા-કાર બંધુ સૂચવતે, "એ-વાઉ-એ" નો ઉચ્ચાર 'ખુન' નહીં પણ "ખૂન" થાય એવી ઇસ્લાહ એમના સરખા ફારસીઅરબીના જ્ઞાતા જ આપી શકે!

છેલ્લી કડી (મક્તઅ) માં 'મગ્રૂર' શબ્દ શ્રી મુનાદીની પહનિએ 'ગ' ની નીચે નુકતો મૂકીને લખ્યો હતો. "ગોયન્દ કે મગ્રૂદ અસ્ત ઇતિમાસે શાહનામા, મહમૂદ મગ્રૂરગી કમતર અસ્ત આં ચે મુકરર શુદા

ખૂદ મ ફિરદૌસી ફિરસ્તાદ." "મસલ્લમે ઝર" એમ કહેવાની ખાસ અગત્ય કોઇએ સ્વીકારી નથી. મઝકૂર શબ્દનો અર્થ Place of arrival; amount, sum, ready money; much, many, little, વગેરે થાય છે તેની હું ક્યાં ના પાડું છું? 'ભલભલ' નો અર્થ ભલે ભલે, બડભડે (અથવા ઉર્દૂ તલ્લકુઝ મુજમ્મ બળબળો) આપના જેવા મોટા—ઉદારદિલ. 'ફાવતું આવે તે ખાવું અને ભાવતું બોલવું' એ મસલને અનુસરવાનો ક્યાં મારા એકલાનો ઇજારો છે? "તર્જે પતીલાના"નો એક અર્થ બંધબેસતો ન આવ્યો તો આપણે બીજો અર્થ કાઢીશું. પણ તેથી નિરાશ થઇને આપડી કવિતામાંથી આપણે એને રુખસદ શા માટે દઇએ?

ઓ મિત્રાચારીના રસિયા, પૈસાની મને તમા નથી. એવી તમા નથી રાખતો એ બરાબર છે; કારણ કે એક વાર સાધનસંપન્ન સ્થિતિવાળા તેમજ આગળ પડતા કહેવરાવનાર કેટલાએ આદમી, તર્જે પતીલાના યાને પતીલ જેવી ઉદારવૃત્તિ કેળવવાને પરિણામે ખાલીખમ થઇ ગયા છે. તાત્પર્ય કે એવી રીતે ખુવાર થઇ જવામાં જ ખરી શોભા છે.

મેં આપેલો અર્થ ઘટાવવા છેલ્લી પંક્તિને છેડે 'કે' શબ્દ અધ્યાહાર રાખેલો છે તે ગદ્યપાઠમાં લઇ લેવો જોઇએ.

*બહોત સમઝ કિયે તો મર રહિયે 'મીર';
બસ અપના તો ઇતના હિ મકદૂર હય'

આટલો મારો ખુલાસો છે. હું કંઇ સાવ ગંગ-ધમાંથી ચાલી આવેલો આદમી નથી કે આપની વિદ્વત્તાની કદર ન કરું. માત્ર વિદ્વત્તા ઉપર વારી જવા કરતાં થોડું થોડું અજ્ઞાન સેવવું એ કવિઓના હકમાં વધારે દાયદાકારક છે. અત્યાર સુધી તો હું માત્ર ભૂલો જ કરી જાણતો હતો. પણ હવે તો ભૂલો સુધારવાની થોડી ઘણી ગતાગમ આપ જેવાને પ્રતાપે પડી જશે એમ માનીને વિશેષ તસલ્લી અનુભવું છું. ખરોખોટો રસ્તો લીધા વિના કદાપિ મકસદે પહોંચી શકાતું નથી. બેદાદીના સહરામાં ટળવળતા કળાના નિરાધાર પથિકોને આત્મવિશ્વાસ સિવાય બીજો વધારે યોગ્ય રાહબર કયો મળી શકે?

બાધથી અનાબી રખે એમ માની બેસે કે તેમની સાત્વિક ઇમદાદનો હું ઇન્કાર કરું છું. એમના કથનમાં જે હકીકત કોઇને ખૂંચે એવી હોય તે એ છે કે મર્દ થઇને એમના પ્રીતિપાત્ર થવાને સાવ અયોગ્ય નહિ એવા એક સાહસિક શબ્દને નિર્માલ્ય પીછેહઠનો ઉપદેશ આપવાની ભૂનભૂનામણીમા એઓ પડી ગયા. મારો ભૂતપૂર્વ કીર્તિસ્તંભ કયે સ્થળે છે તે હું જાણતો નથી. ભાષાનું ખૂન કરી સાહિત્યનું ઘોર અપમાન કરનાર કલકોના ધરાક તરીકે ઓળખાવાનું હું વિશેષ પસંદ કરું છું; કારણ કે ભાષાને સંપૂર્ણ વાંઝણી રાખવાનું વિશેષ દયાજનક પાપ કરવામાં શરીક થવું મને હરામ છે.

કટ કટ કે મિરા દામન કટ જાયેગા કહાં તક?
અય દીવ! ખૌફ તેરા બતલાયેગા કહાં તક!

જો સો રહે હંય પત્થર કૂઓં મેં આયકાં કે,
ઉનકો હમારે સર પર બરસાયેગા કહાં તક?

રહને દે—અબકે, મૈં ભી હું જાનતા યે કયા હય;
બંજર કી સાથ બંજર બયકાયેગા કહાં તક!

ઓ મસ્ત, મસ્ત શાયિક! હરરોજ પીને વાલે,
તૂ કૂએ મયકદા સે કતરાયેગા કહાં તક!

મૈં આજ કા નહીં, હું કબસે પતીલ! તેરા,
કહ દે કે "યાર મેરા ફિરજાયેગા કહાં તક!"

---

*જબાનમાંથી મતરૂક યાને ત્યકત થયેલા શબ્દોના ભારણવાળી ઉપરોકત પંક્તિઓ ઉર્દૂભાષાના એક પાઠ્યપુસ્તકમાંથી સહેતુક ટાંકી છે, ભાષાના નિયમોમાં નવા નવા અપવાદ દાખલ કરીને ધીમે ધીમે આપણે ગેયતાથી દૂર ચાલ્યા જઇએ છીએ એ મારું છૂપું વિધાન સાચું નથી શું?

કોસિયો

દેવજી રા. મોઢા

થંભી હતી ગગનમાં ગતિ સૂર્ય કેરી,
ને વિશ્વનો પવન મંદ પડી ગયો'તો;
પંખી, પશુ, મનુજ : સૌ નિજ સ્થાન માંહે
બેસી જઈ ઘડીક શાંતિ લઈ રહ્યાં'તાં.

એવે ટાણે ઘુંટાઈને મધુરો સ્વર આવતો:
બીકતા શાનની વચ્ચે જાણે વ્હે સ્રોત શીતળો !

ઘેરા, મીઠા, દૂરથી આવતા એ ધ્વનિને
મેં માની લૈ વ, દિશા બદલાવી મારી;
ના માનવી તદપિ કોઈ મળે જ સામે,
પાંખે ચડયાં વિહગની મળતી સવારી.

પંખીની પ્રીત પામેલો દેશ ના નિર્જળો હશે:
તમ પાદે પરોવાયું ચિત્ત ઊખડી ત્યા ધસે.

દીઠું તહીં વિમળ વારિની વાવ માથે
ઝૂકી રહ્યાં તરુવરો તણું એક ઝૂંડ;
જાણે ન હોય મદમસ્ત ગજેની સૂંઢ
એવી દીઠી હીંચકતી વડવાઈઓ મે.

દીઠા મેં ડાળીએ બાંધ્યાં ઠીબડાં જલથી ભર્યા,
ન દીઠાં પાણી પીવાને પંખી બે ચાર ઊતર્યાં.

ને સાંભળ્યો કિચુડ કીચુડ ફ્રેસ કેરો
અવાજ, પાણી પણ ફ્રેસ મહીં પુરાતાં
મેં સાંભળ્યાં, કૂવિકનો ડચકાર કાને
આવ્યો, સુણ્યો ગણગણાટ વણી બગાંનો.

દૂબળા બેલ દીઠા, ને દીઠા પુચ્છ ઉમેળતા;
ગાલ-બેઠા, કદે-હેઠા, ફ્રેડ-વાંગ્યા કિસાનને.

પાણી ભરી ઉપર આવત કેમ દીઠો
દીઠા પડન્ત જલ ત્યા ઠલવાઈ થાળે,
ને છિદ્રથી ઝરી જતા જલબિન્દુઓને
વાચે ફરી ટપકીને પડતા ય દીઠા

થાળામાથી ધસે વેગે, પ્રવેશે પરનાળમા,
જાણે દોડી જતા ભાડુ ખોયા ભાડુની ભાળમા

ને જોઈ મે ઝીલતી સૂરજતાપ દેહે
કોદાળી ધારી કર પાણુત કેા કરન્તી
ને અર્થપૂર્ણ જવ સામુ નિહાળી રહેતી
અગે હુતાશન જલાવતી એક બાળા

આમ આગે ધપ્યે જાઉ, વાગે ચોચિતી ઠેસ ત્યા,
ને પ્રવાસે પડ્યુ મારુ ચિત્ત પાછુ ફરન્ત જ્યા–

ત્યા વાવ ના, પરણ પાણી તણી ય ના ત્યા,
ના કેસિયેા, વળી ન પાણુતવળી કન્યા,
એમાનુ ના કઇ તહીં, મુજ દૃષ્ટિ આગે
ચોચિતુ એક જડુ દર્શન આપી લાગે

જ વિના પાણી ઊલેચી ભૂતમા ભરતેા જતેા
દીઠેા મે વૃદ્ધતા–ભારે નમેલેા કાલ–કેાસિયેા !

ને ભાવિના અતલ કૂપ થકી ચડન્તા
એ ભાગ્યના મનિન નિર્ભળ નીર કયારે
વાળન્તી, ને સકળ નિષ્ફળ થૈ રહન્તી,
રે ! ધીંય દીઠી તહીં પાણુતિયાની શી મે !



"ચાકીના ચોરો"

બેલ બજ્યો છેલ્લો, થઇ છૂટ્ટી,
વર્ગ વિષેથી હડીઓ મૂકી
સાઇકલ ઝાલી જોયું ઝટપટ—
ચાકી . કયાં ખૂટી ?
ખૂણાખાંચા બધા તપાસ્યા,
શિક્ષિત જન જ્યાં કરે તમાસા
ત્યહીં મળે કયા બીજા ખુલાસા ?
બલકે નિરાશા !
મિત્રો ઉપડયાં કરી 'નમસ્તે'
હાર્દિક સરકયા બસતે બસતે,
હું એકલઉર ચાલું હસતે—
કૉલેજને રસ્તે !
દિવાનપરામાં વાસ અમારો,
સુંદરતા ! ના બીજો ઠઠારો;
ભવ્ય ઘરો, રસ્તો — રઢિયાળો—
થંઇ પડયો અકારો !
કયાં આ કૉલેજ ? કયાં ઘર મારું ?
દોઢ માઇલનો પંથ વિચારું,
ચાકી ચોરો સાથ પનારું—
કયા પડિયું મારું !
' સાઇકલને સૌ દેજો તાળાં,"
પ્રીન્સીપાલે કરેલ ચાળા,
ચાકીને કયાં દેવાં તાળા ?—
કહો બુદ્ધિવાળા !
ચાકી હવે નથી મળતી સસતે,
તેથી તો આ સૌ ફારસ છે;
બાકી તો પગ ઘસતે ઘસતે—
પડવાનું રસ્તે !
ચાકીના શિક્ષિત ચોરોની
વાતો કરવી શું વીતકોની ?
અનુભવ્યે એ મઝા રસોની—
લેવી કે દેવી !

'શશિન' - ઓઝા

: મને :

પ્રહાર ધિક્કાર હાર મુજને ભલે ને મળ્યાં,
ભલે ને ઉર આ ધીખ્યું ધખધખ્યું ઊંડાં દુઃખથી,
ખમી ખમી પ્રહાર, રોઈ ખુબ રોઈ રીઢું થયું
હવે હૃદય માહરું; હરદ એક દર્દે ભર્યો
કદી ન ઝરશે, અસહ્ય પણ આજ રહેવું હવે.
ગયાં સ્વજન સૌ ચડાખીડ અંધોર અંધાર લાં
રહ્યો જીવનમાં છવાઈ; ઝીણી ધૂમરેખા ચઢે
ઉંચે હૃદય-ભેદતી; અગર-બત્તી જેવી જલે,
જલી રહું જ નિત્ય મંદ ઉર મંદ તેવું અરે,
જલે ઘડીક બે ઘડી અગરબત્તી તો યે પ્રભો !
મીઠા મઘમઘાટથી હૃદય કૈંક મ્હેંકાવતી;
રહું હૃદય તેવું આ જલતું ને હજીયે જલે,
પરંતુ નહીં ભવ્ય એ વિલય, ના ઉરેાં મ્હેંકવાં,
નથી જ, અફસોસ એ ! મુજ નસીબ એવું કર્યું.
ગયું બધું ગયુ, ગણી જ ગતખાડ આ જીંદગી
બુઝા થઇ જતી અને હૃદય કેવું કે, છેક હા
તૂટે કડકડાટતું તહીંજ રે ફરી ગુંજવું:
ભલે અગરબત્તીના મઘમઘાટથી મ્હેંકતી
બની ન કદી જીંદગી-કયુંજ દર્દ, દુઃખો કશો,
કશો જ અફસોસ ?
જી જવું, જલી જવું, ખપી જવું ખુમારી થકી
નહીં અદકું ભવ્ય ભવ્યતર જીંદગાની મહીં.'

ઉપેન્દ્ર પંડયા

☆

તેથી શું ?

રજનીની નિરવતા ભરી હતી નયનોમાં,
કીકીઓમાં ભરી હતી રાતની કાળાશ;
દુઃખોથી ભરેલાં આંસુ ખર્યાં તારકોની પેઠે—
તેથી શું બધડી જશે ઉરનું આકાશ ?

ગોજન દેશાઈ

જ ય હિં દ

સુસુપ્ત બળ ભૂમિનું તરવરાટનું આખરે
ધર્યાં સડસડાટ એ જ જયહિંદના નાદથી
કતાર બની ભોમની લડત મોરચે ઊભશે
પ્રચંડ પડકારથી, કરતું મુક્તિની ઘોષણા.
પ્રકાશ ધરવા અખંડ જલતી મશાલો ઘણી
કરે કર મિલાવી પ્રૂચ કરશે જહીં સૈનિકો
જશે થરથરી તૂટી પ્રબળ પાય સામ્રાજ્યનાં
અને દિશદિશે પ્રજા-વિજયનાં થશે તોરણો.

સમગ્ર ઇતિહાસને નવલ રૂપથી આંકવા
અને સુભગ સંઘના: જગ નવાજવા શાંતિથી, ૧૦
સદા બલિ બનો, અહો પરમ મંત્ર આ ભોમનો!
પુકાર જયહિંદનો ઉરઉરે રહો ગુંજતો
ગુલામ અમ ભોમ તો ય ઉરમાં વસે સર્વદા
પ્રદીપ્ત રવિ તેજ શી વિમલ રંગની ભાવના.

રમણ પટેલ

ઝિંદા દિલી

ઝૂકાવું નૈયા મઝધાર ઝૂઝવા
આરે અહીં કયાં લગી નાંગરેલી
પડી રહે એ, અનુકૂળ વાયુની
કર્યા કરું કયાં લગી હું પ્રતીક્ષા?
ઝઝી રહ્યું સાહસશૂર હૈયું
હિલ્લોળવા ચક પ્રચંડ તાંડવે,
ને ધન્યને યૌવન મસ્ત માણ
તરંગ તોખાર તીખા પલાણવા!

નિર્ભીક હું, નિશ્ચલ આત્મશ્રદ્ધા,
ને બાવડાં સાબૂત હોય આ, ત્યાં
'હુન્ને સબે મંગલ આ પ્રયાણ'
કહેનાર એવું કહી હોય વા ના,
તમા કશી? લાપરવા ઝૂકાવું
ઝિંદાદિલી છે બસ ઝૂઝવામાં!

"નૌતમ"

ગીત છે ગાવાં રે

(મલિંગડો)

મારે ગીત આજ છે ગાવાં રે
હૈયામહીં જે ન સમાયાં રે.

આભ અનંત અસીમ દિશેદિશામાં પ્રસરાવું રે,
સાગર લોલવિલોલ ગિરિવરકંદર છાવું રે;
એવાં મારે ગીત ગજવા રે,
જનેજન માંહ્ય ઝીલાવાં રે.

તરસતાં ઝરણાં ઉરકેરું રોદન રાતું રે,
વરસતાં ઘન વાદળકેરી વેદન વાતું રે;
એનાં મારે ગીત છે ગાવાં રે
હૈયા મહીં જે ન સમાયાં રે.

તિમિર ઘોર મહીંય ચકોર તણી ઉર આરજુ રે,
મધુર ચાંદનીનું પૂર શીતલ સરલ નાચતું રે;
એનાં મારે ગીત છે ગાવાં રે
હૈયા મહીં જે ન સમાયાં રે.

ફાગણના રસ-રાગભરેલ વિલાસ ઉંશારા રે,
મખમખેલ ધરાતટના ગૂઢ સ્યામ નિસાસા રે,
એનાં મારે ગીત છે ગાવાં રે
હૈયા મહીં જે ન સમાયાં રે.

નવલ પ્રણયમોરલીના સૂર મોહન મીઠા રે,
દલિતના કપાળટ પરાધીન અંતરપીડા રે;
એનાં મારે ગીત છે ગાવાં રે
હૈયા મહીં જે ન સમાયાં રે.

નાકઝમાળ મહાલય-મંદિરનાં તમ ઘેરા રે,
કાજળના ઢગ શી ઝુપડીનાં તેજ અનેરાં રે,
એનાં મારે ગીત છે ગાવાં રે
હૈયા મહીં જે ન સમાયાં રે

શૈશવકાલતણાં રિમત યૌવનની નવ આંખડી રે,
કાળતણી કૂકથી કરમાતી જીવન પાંખડી રે;
એનાં મારે ગીત છે ગાવાં રે
હૈયા મહીં જે ન સમાયાં રે.

માનવજીવનના જય-મંગલ આશમિનારા રે,
એના જીવનના અકલિત અગોચર આરા રે;
એનાં મારે ગીત છે ગાવાં રે
હૈયા મહીં જે ન સમાયાં રે.

મારે આજ ગીત છે ગાવા રે,
હૈયા મહીં જે ન સમાયાં રે.

હસિત બુધ

આવ્યાં છો તો—

આવ્યા છો તો અહીં જ રહી જાઓ હવે, રાહ જોઈ
પાકેલાં આ નયન મીંચવા દો તમારા ઉછંગે;
કહેવાની છે કથની હજી તો દુઃખની રોઈ રોઈ
ગાળ્યા લાંબા વિરહદિન આશ્વાસનોના ઉમંગે.

લંબાવીને ભુવન ભરતો ગાઢ ઘેરો તમિસ્ર
જેમાં તારાગણ નહીં, નહીં ચાંદની ચંદ્રમાની.
એકાન્તોના હતું અધરપે મૌન જામ્યું અમિશ્ર,
જેમાં ના કિરણ રવ તણી હેરતો કૈં નિશાની.

આવ્યાં છો તો અહીં જ રહી જાઓ જરા, પાસ મારી:
ધન્યું મારે ભવન ધૃતિછાયા તમારી છવાય;
જામે રાત્રિદિવસ રસના ઉત્સવો ચિત્તહારી,
સૌની જાગે વિરલ ઉજળું ભાગ્ય મારું ગવાય.

સ્થાને સ્થાને તમ સહ રહો નામ-ઉલ્લેખ મારો
કે વિશ્વે ના અસફલ બને યોગ મારો તમારો.

જયન્ત પાઠક

મિતાક્ષરી મતદર્શન

રામપ્રસાદ બક્ષી : અરુણ ઓક્ટ

છીપલાં: લેખક મોહન ઠક્કર, પ્રકાશક **ભારતી સાહિત્ય સંઘ, મૂલ્ય છ આના.**

કાવ્યની જીવાતુભૂત સ્ફુરણાને ભલે સ્વયંભૂ કહીએ, પણ પ્રત્યેક કાવ્યવ્યાપારમાં કૃત્રિમતા અનિવાર્ય છે. આ કૃત્રિમતા કૃતિમાત્રનો સહજ વ્યાપાર છે: **कृत्रिम** એટલે **कृत्वा निर्मितम्**. કલા એટલે કૃત્રિમતા. કૃત્રિમને સ્વાભાવિક બતાવવું એ કલા.

કોઈ પ્રૌઢ વ્યક્તિ પોતાના વય અને સ્થાનને અનુરૂપ ભાવોને કાવ્યવ્યાપારનો વિષય બનાવે એમાં કાવ્યસ્વરૂપના નિર્માણમાં કૃત્રિમતાનું તત્ત્વ આવે. પણ વિષયભૂત વિચારસરણી એ વ્યક્તિની સ્વાભાવિક અને સહજ હોય. બાળક પોતાના અપક્વ વિચારોને અપક્વ વાણીમાં પ્રકટ કરે એ વ્યાપાર બાળકને સહજ છે.

પરંતુ જ્યારે પ્રૌઢ પુરુષ નાનાં બાળકોના જીવનને અનુરૂપ પ્રસંગો કે વિચારો આલેખે ત્યારે એનો એ વ્યાપાર વિશેષરૂપે કૃત્રિમ બને છે એ કૃત્રિમતાને સ્વાભાવિક બનાવવાની કલા, વિચાર અને વાણી બંનેની અસાહજિકતાને લીધે, બેવડી દુર્ઘટ બને છે. જેથી બાલકાવ્યોની રચનામાં સફળતા સહેલાઈથી મળતી નથી.

બાળકના જ વિચારોને બાળકની જ વાણીમાં સજાવીને પદ્યના ઢાળમાં ઢાળવાથી બાલકાવ્ય બની જતું નથી. બાલસાહિત્યના રચનાર યોજનારને બાલિશ અને બાલભોગ્ય શબ્દોનો અર્થ સમજીને ચાલવું પડે છે. શિશુની કાલી કાલી વાણીમાં બોલીને લાડ લડાવતાં પિતાની રીતે તો બાલસાહિત્ય નથી લખાતું પણ તદ્દન એ રીતે નહિ તો કોઈક એ પ્રકારે બાલસાહિત્ય લખતો લેખક, બાલકાવ્ય ઘડતો કવિ, બાલકથા કહેતો શિક્ષક ભીંત ભૂલે છે; બાલકના રુચિતંત્રને, કલ્પનાપ્રિય માનસને, વર્ધિષ્ણુ જિજ્ઞાસાને- એ અન્યાય કરે છે; પાંખાળી બાલપ્રતિભાને ચાલણ ચોકઠામાં જકડે છે; નવરસની રસિયણ બાલબુદ્ધિને બોધપાઠથી કાયર કરે છે.

અદ્ભુત, વીર, કરુણ અને હાસ્ય એ રસચોક બાલમાનસનું પ્રકૃતિપ્રિય ક્રીડાંગણ છે; **अर्थोगिराम् अर्पिहितः पिहितश्च किंचित्** એ કુતૂહલને ગલીપચી કરતો કાવ્યકોયડો બાલબુદ્ધિનો અખાડો છે; અભિનયકાવ્યવસ્તુ એ બાલક્રીડા. અનુકરણ વૃત્તિની રંગભૂમિ છે; કાર્યવેગથી ધપતું વસ્તુવિધાન એ બાલજિજ્ઞાસાની ઘોડદોડનો પટ છે.

આજે બાલસાહિત્ય આ દિશામાં પ્રવૃત્ત થયું છે એ આનંદની વાત છે. આ દિશામાં સફળ પ્રગતિ સાધતો શ્રી મોહન ઠક્કરનો બાલગીતસંગ્રહ "છીપલાં" આવકારપાત્ર છે. એ છીપલાં જ નથી, મોતીની છીપો છે.

બાલગીતો એટલે બાલકો માટેનાં ગીતો. એનો વિષય અને એની વાણી બંને બાળકોની બુદ્ધિને ફાવે અને રુચિને ભાવે તેવાં હોવાં જોઇએ. આ ગીતોના વિષયો પૂરેપૂરા બાલભોગ્ય છે; કારણ કે બાલકોના સહચાર દરમ્યાન બાલકોના જીવનમાંથી જ એ વીણાયા છે. વાણી પણ એકંદર બાલગમ્ય છે. બાલસાહિત્યનો ઉદ્દેશ આનંદદ્વારા અલક્ષિત રીતે બાલકની વિચારસંપત્તિ અને ભાષાસામગ્રી વધારવાનો હોવો જોઇએ. તે સાથોસાથ શબ્દાર્થ સમજવાનો શ્રમ આનંદમાં નડતર કરે એવું ન બનવું જોઇએ. આ દૃષ્ટિએ જોતાં, સમીરણ, સંજીવની, બાવુક જેવા શબ્દો, ગોરજટાણું, રજનીપૂર જેવા સમાસો, સર્વદમન જેવો ઉલ્લેખ આ પ્રકારનાં બાલગીતોમાં ચોગ્ય નથી. આ વાતનો ખ્યાલ ભાઇ મોહન ઠક્કરને ન હોય એવું ગીતોની સમગ્રશૈલી જોતા મનાતું નથી; તેથી આ પ્રયોગોમાં કાં તો અનવધાન-

દોષ જોવો પડે કે પછી બાલકને શબ્દજ્ઞાનની સીડીએ જલદી ચડાવવાનો ઇરાદો વાંચવો પડે

કથાકાવ્યો, રસમય વર્ણનો, રમુજી પ્રસંગો, પરીકાવ્યો જેવાં કલ્પનામય કાવ્યો, બાલકના સ્વભાવને અને સહજ વ્યાપારને અથવા એના કુતૂહલને અને અભિલાષને આલેખતાં કાવ્યો—આવું બાલકાવ્યના ક્ષેત્રને સમૃદ્ધ કરતું વૈવિધ્ય આ સંગ્રહ રજૂ કરે છે. બાલગીતોના આવા અનેક પ્રકારો શક્ય છે. તેને, રજૂઆતના ભેદની દૃષ્ટિએ, બે વર્ગમાં મૂકી શકાય. એક, જેમાં બાલકને લક્ષમાં રાખીને, બાલકને માટે લખાયેલાં કાવ્યો; બીજો, જેમાં કવિ પોતે બાલકના વ્યક્તિત્વની ઓથે છુપાઈને બાલમુખે જ બોલતો હોય તેવાં કાવ્યો. આ સંગ્રહમાંના ૨૬ોટા ભાગનાં-લગભગ ૨૧—ગીતો આ બીજા વર્ગનાં છે. એમાં બાલકોએ સ્વમુખે પ્રકૃતિતત્ત્વોનાં રંગાત્મક, ગતિમય, પ્રકાશમય સ્વરૂપો પામવાની ઝંખના ગાઈ છે; અને એથી આ ગીતો કવચિત આછા અભિનય સાથે ગાવા માટેની યોગ્યતા પ્રાપ્ત કરે છે. 'કુંગાવાળો,' 'ચાડિયો,' "વેપારી" એ ગીતોમાં બાળકને તે પાત્રની ભૂમિકા ભજવવાનો અવકાશ હોઈ અભિનયતત્વ વિશેષ છે. રમુજી પ્રસંગો આલેખતાં "બોલવે બહાદર," "દાદાજીનાં ચશ્મા," "ચાટ પડ્યા" એ ગીતોમાં માનવસુલભ અથવા બાલકસુલભ સ્વભાવક્ષતિના કે મુગ્ધ બુદ્ધિના, પ્રસંગમાં હાસ્યબીજ રહ્યું છે.

પરીગીતોમાં બાલ મોદનની કલ્પના ટૂંકા પ્રયાણથી, થોડીક કૃતિ કે ચેષ્ટા વર્ણવીને, અટકે છે; એમાં પરીપ્રદેશનું છતું અણછતું અદ્‌ભુત રહસ્યમય બોલક વાતાવરણ વિસ્તરતું નથી. તેમ પરીનાં કાર્યોનો, મર્ત્યજીવનની મર્યાદાઓ તોડીને ચમત્કાર દ્વારા ઉપકાર કરવા માટે કે તે માનવની અલ્પગતિને મુંઝવતી મસ્તી મચાવવા માટે, બાળકના જીવનમાં પ્રવેશ થતો નથી. બાલ મોદન હજીરની પરી દૂરની દૂર રહે અને પોતાના પરત્વ યા તો ટીખળી સ્વભાવનાં પારખાં કરાવતી નથી તેથી "પરીની" ખરી મોહકતા આ ગીતોમાં અનુભવાતી નથી.

બાલ મોદન હજીરે જીવનમાં વ્યાપક નીતિતત્વોને બે બાલગીતોમાં સરળતાથી અને સંક્ષેપથી ઉતારવામાં સ્તુત્ય સહજતા મેળવી છે. આ બે ગીતો તે "કસકસિયો અને કોપરું" અને "ઝરણું અને સાગર"—; સંગ્રહના છેલ્લાં બે ગીતો. આ દિશામાં ગીતની માધુરીમાં ઈસપ-ટ્રેમલેટ જેવું કથાવસ્તુ મેળવીને ખરા કાવ્યાનંદ સાથે શુભ હેતુકતાનો યોગ સાધવાની શક્યતા રહેલી છે

આ સંગ્રહનાં—અર્થાત કવિમાનસનાં પણ-લાક્ષણિક ગીતો જોવાં હોય તો ક્રમાંક ૧ થી ૭ અને ૧૪ થી ૨૬ એ ગીતો જોવા એમાં જે પ્રકૃતિનાં સુંદર તત્વોની લગનીભરી કદર છે, સાંકડી જીવનપરિપાટી તજીને વિશાળતામાં વિહરવાના સાહસભર્યા કોડ છે, મનોહર પ્રકૃતિ તત્વોમાં મુગ્ધ બાલમાનસના ભાવોનો પ્રતિધ્વનિ છે અને નિર્મલ બાલમાનસમાં તેજરતી સૃષ્ટિતત્વોનાં પ્રતિબિંબો છે, તે બાલ મોદન હકકરની કવિતાનાં લાક્ષણિક તત્ત્વો છે. એ ગીતોમાંનું પ્રત્યેક બાળક મોદન હકકર છે.

વિષયની વિવિધતા જેવી ઉપયોગની વિવિધતા પણ 'છીપલાં'માં છે. ગાવાની મજા ખાતર ગાવાં ગમે તેવાં લયમધુર ગીતો છે; છટાથી પાઠ કરી શકાય તેવી રચના પણ છે; મગજને કલ્પનાની પાંખ આપે અને આંખને ઝખનાથી ઝીણી બનાવે એવાં અભિલાષ ગીતો છે; સાદાં અનુકૃતિ ગીતોથી માંડીને સરલ અભિનયને યોગ્ય પાત્રગીતો અને રંગભરી પૃષ્ઠભૂ તેમજ ધ્વનિમય વાતાવરણમાં શોભે તેવાં નાટય ગીતો પણ છે.

આપણાં બધા બાળગીતોમાં એક વાતે ઉણપ રહેતી હશે. ગીત રચનાર, બાલગીતો રચે ત્યારે, કુમાર હશે કે યુવક હશે, બાલક જોડે સાચી ભાવસમાનતા અને સહૃદયતા સાધવાની ઉંમરે—Second childhood માં—બાલગીત રચનારા થોડા છે. બાલ મોદન હકકરે લક્ષમાં રાખવા જેવી આ વાત છે. કવિવર ટાગોર જેને રેસા પગરની પાકી હાકુસ સાથે સરખાવે છે તેવી પુખ્ત-પુખ્ત જ નહિ "ધપડી"—વગે રચાયેલાં બાલગીતો પણ હાકુસ જેવાં મધુરાં બને. બાળકોને એ કાવ્યહાકુમો જોઈએ; તેઓ કહે છે:—

"આંબા તારા મોર મધુરા
ખીલી મહેક પસારે;
* * *
પણ અમને તો મોર થયા એ
કેરી અદકી ભાવે.

ટૂંકું ને ટચ: લેખક મૂળરાજ અંજારિયા. પ્રકાશક: એન. એમ. ઠક્કરની કું. મુંબઈ ૨. પૃષ્ઠ. ૨૧૦. કીંમત રૂા. ૩-૮-૦.

છેલ્લા કેટલાક વર્ષોથી 'નવચેતન' માસિકમાં કટાક્ષકણિકાઓ લખી શ્રી અંજારિયાએ સાહિત્ય જગતનું ઠીક ઠીક ધ્યાન ખેંચ્યું છે. કટાક્ષ કરવામાં એમણે કોઇ જ ક્ષેત્ર બાકી રાખ્યું નથી. જ્યાં જ્યાં, જે જે ક્ષેત્રમાં, વ્યક્તિમાં કે પ્રવૃત્તિમાં તેમને ત્રુટિ, દંભ, કે નબળી કડી દેખાણી છે તે તે પકડી લઇ તેમણે તે પર પોતાના કલમકટાક્ષ કરે રાખ્યા છે. "ટૂંકું ને ટચ," "હૈયે તેવું હોઠે" તથા 'નિત નવી વાતો'ના બયાળાં હેઠળ પ્રગટ થઇ ગયેલી એ કટાક્ષ કણિકાઓનો સમૂહ આજે પુસ્તકરૂપે પ્રગટ થાય છે.

ટૂંકામાં ઝાઝું કહી દેવું, સો વાતની એક વાત કરી નાંખવી, એ આપણે ત્યાં લેખનની દૃષ્ટિએ ઘણું ઓછાએ સાધ્ય કરી છે. વિદેશોમાં તો આ હથોટીના ઘણા લેખકો છે અને એ દરેકને તેમની પોતાની શૈલી છે.

આપણે ત્યાં એકાદ જ્યોતીન્દ્રને બાદ કરતાં આ ક્ષેત્રમાં ઝૂઝવા નીકળેલા બાકી અંજારિયા પહેલા જ છે. અને હથોટી પણ ઠીક મેળવી લીધી છે. જો કે તેમના કટાક્ષો કેટલીક વાર હથોડીના ઘા જેવા આકરા પણ હોય છે. ને તેમાં રહેલો દંશ સ્પષ્ટપણે તરી આવે છે, જે લેખકની નબળી કડી કહેવાય.

આમાંના ઘણાં પ્રસંગો જોતાં લેખકે વિદેશી સાહિત્યનો, હાસ્યસાહિત્યનો વિપુલ ઉપયોગ કર્યો છે. ને એમની ટૂંકી ને ટચ શૈલી જાણે એમનાં એ વાંચનનો જ પરિપાક હોય એમ સ્પષ્ટ દેખાઇ આવે છે.

હાસ્ય ઉપજાવવા લેખકે હાજરજવાબી અને સામાને મહાત્ કરવા વાક્ચાતુર્યના ઘણા પ્રસંગો રજૂ કર્યા છે. કટાક્ષકથનનો સુંદરમાં સુંદર નમુનો તો "સામળદાસ! તારી માંદગી"વાળો ફકરો પૂરો પાડે છે, જે આપણાં દૈનિક પત્રકારત્વમાં ઘૂસી ગયેલી આડંબરી ભાષાનો સફળ ઉપહાસ છે.

સાહિત્યનાં સુરસુરિયાં, રાજકીય રમુજો, રજવાડી રમુજો, અક્કલ બડી કે ભેંસ, અભિનય અને અદાકારો, તંત્રીકથાઓ, કવિકથાઓ, વેપારવણજના વ્યંગો, જાહેરખબરોની ઝમક, રવિકિરણો, વિગેરે દશ વિભાગોમાં વહેંચાયલું આ પુસ્તક લગભગ દરેક રુચિ અને કક્ષાનાં વાંચકને રમુજ પુરી પાડી જાય છે. ટીખળ, ટપાકવેડા, ચબરાકિયાપણું, એ બધું લેખકને સહજસાધ્ય થઈ પડયું છે. ને લેખક એમાં પૂરબહારમાં ખીલી ઉઠે છે.

"રવિકિરણો"માંના કવિવર ટાગોરના કેટલાક અપ્રગટ જીવનપ્રસંગો હૃદયસ્પર્શી છે. પ્રતિકાવ્યોમાં લેખક ફાવ્યા નથી. એકાદ "ગીતાંજલિ"વાળું મૂકી દેતાં બાકીનાં નબળાં છે.

રમુજનું તત્વ પારખી, તેને પકડી, યોગ્ય કલમમરોડ આપવાની અનોખી શક્તિ આ સંગ્રહ દ્વારા લેખકમાં દેખાઇ આવે છે. ને તેઓ જીવનના દરેક ક્ષેત્રમાથી રમુજ ઉપાડી લે છે.

સંગ્રહાયલા ૫૦૦ રમુજી ફકરાઓમાંથી એક પણ નબળો નથી જતો. શ્રી જ્યોતીન્દ્રની પ્રસ્તાવના એ આ પુસ્તકનો શિરમોર છે.

ખાસ નોંધ

અનિવાર્ય સંજોગોમાં આ વખતે 'કવિતા'ના સંપાદનમાં ખૂબ ઉતાવળ કરવી પડતાં કવિતાનાં મુખ્ય અંગો પડતાં મૂકવાં પડયાં છે. તે બદલ વાંચકોની ક્ષમા ચાહીએ છીએ.

મૃત્યુને—

. બળવંતરાય ક. ઠાકોર

["પંચોતેરમે" એટલે પ્રો. ઠાકોરે ભાવનગરથી પુના લગીની સાત સમારંભસભાઓમાં કરેલાં સાત પ્રવચનોનો સંગ્રહ. આ પ્રવચનોની વિશિષ્ટતા આ છે કે એમાં પ્રો. ઠાકોરે પોતાના અનુભવ અને વાંચનચિંતનમનને બાંધેલા પ્રમુખ આચારવિચારસિદ્ધાંતો એમાં વક્તાએ પોતાની છસાત દાયકાની સ્મૃતિઓની સાથે વણી લીધેલા છે. એ સંગ્રહ છપાઈ ગયો છે અને થોડા સમયમાં બહાર પડશે. તેમાં અંતે પ્રો. ઠાકોરે "મૃત્યુને" એ ગુજરાતી પદ નવું રચીને છાપ્યું છે. શ્રી નરહરિભાઈ કવિના અમદાવાદનાં અવસાનના માઠા સમાચાર અહીં બીજે સવારે આવ્યા તે જ તારીખે પ્રો. ઠાકોરે આ પદ પાછલે પ્રહરે રચ્યું હતું. તે પોતાના "કવિતા" ઉપરના પક્ષપાતને લઈને અહીં અમારા વાચકો માટે આગળથી છાપવાને અમને આપે છે તેથી અમે એમના ખાસ ઋણી છીએ.—તંત્રી 'કવિતા'] [ગુજરાતી

મૃત્યુ રે ઉપાડિ લે બહને.
સર્વ પુસ્તકો અપૂર્ણ, કાવ્યસ્વપ્ન અર્ધદૃષ્ટ,
છે ન જે ઘણાં, ન મોટ એક જેહમાં,
તે કરી પુરાં હું હોઉં ચીંચતો ચડંત ઘૂમ-
ચક્ર શૂન્યનેત્ર ને નિહાળતો સુપુપ્તચિત્ત,
મારિ ત્રાપ ત્યાં જ તું ઉપાડજે બહને,
પડંત કાયખોખું ધબ્બ હોઉ-
દાઉ તાદરી બલે બને! ૮

મૃત્યુ રે ઉપાડી લે બહને!
પુત્ર પૌત્ર કોઈ મોટ મારિ મોથ હર્ષભેર
હર્ષ એ બહને ય હોય કે થકયો, અને પ્રસંગ
ભૂત હર્ષનો હું જો સુણાવતો જ એહને
રમણું એહ હોઉં હું રસંત ભૂતને ચિત્વંત ચાદિને,
મારિ જાપ ત્યાં જ તું ઉપાડજે બહને,
પડંત વસ્ત્ર ખોખું બાપ બાલતો જ-
મૃત્યુ રે ઉપાડિ લે બહને!

મુહૂર્ત્ત શેષ રાત્રિ ત્યાં રહુરંત સોણું ભીડતું,
જાણું રોણું, તોય મુગ્ધ એહને કુંકી જરા
કુલાવતો ખિલાવતો બધેચ્છ એમ માનુતા
ઉડું તિહાં જ ખાર હોઉ કાયખોખું વિસ્તરે, અને
કોઈ બ્લેહું જાગનાર મૃત્યુમોડમાં બહને
નીંદ્યો નિહાળિ આર્ત્ત સાંકરે બધાં ય-
મૃત્યુ ત્હારિ હાક એ બલે બને! ૨૪

મૃત્યુ રે હશે જ કાન સાત ભાન ગ્રહિત થે ત્હને?
વિનંતિ સાંભળે તું શું? કદી તું થંભ કવું કરે?
પાશ નાખતાં તું થા જુવે શિકારની બણી!
તું જાણતો શું બાંહપુવારહ બોદને!
તું પ્રીછતો શું કવિ-અકવિ! મોદમુગ્ધ મુજને!
કૂર-સૌમ્ય મિષ્ટ-કટુ ત્વરિત-મંદ આવશે તું તાદરી ધૂને!
છું હું સજ્જ દાપું, ધર્મ, ધર્મ તુજ

કવિસમ્રાટને

આ સિ મ

કવિશ્રી ન્હાનાલાલના અવસાને ગુજરાતના સંખ્યાબંધ કવિઓને, ન્હાનાલાલ પ્રેમીઓને ગમગીન કર્યા છે "કાવસમ્રાટને અંજલિ"મા આપણા જાણીતા યુવાન શાયર ભાઈ આસીમ રાંદેરી મહાકવિ ન્હાનાલાલને એક ભવ્ય અંજલિ અર્પે છે. એક સાંજે હું રડુડિયો પર બેઠો હતો ત્યાં ભાઇ આસીમ આવી ચઢ્યા. એમણે મને આ કવિતા બતાવી મેં ગૂંજવા માંડી–જેમ જેમ ગૂંજતો ગયો તેમ તેમ હું મારી દુનિયા ભૂલતો ગયો. ન્હાનાલાલની આ અંજલિએ મને ઘેરો રંગ લગાવવા માંડયો ભાઇ આસીમની આ કૃતિનાં વખાણ કરવાને પૂરતા શબ્દો નથી. જો ન્હાનાલાલ જીવતા જ હોત તો આસીમની આ કૃતિ ન્હાનાલાલની સર્વશ્રેષ્ઠ પ્રિય કૃતિ થઈ હોત. એક નહિ પણ અનેક પંક્તિઓ પહેલદાર હીરાની



હિન્દ–ગૌરવ તું, તને ગુજરાત! હો સો સો નમન,
તારી રજ રજ ચાંદ–સૂરજ, તારી ભૂમિ છે ગગન!
તારા હરફો તારી કીર્તિનું કથે નિશદિન કથન,
સંસ્કૃતિથી પૂર્વની શોભિત હજી છે તુજ વદન!
તુજ પ્રપુલ્લિત છે ઉષા ચેતન તણું ઊર્મિ વહન,
તારી સંધ્યા, એક જાણે શાન્તિ કેરું છે સદન,
તારી નદીઓ કેરાં અમૃત અર્પે મનને શાન્તવન,
પાનખર જોયાં ન જેણે, એ છે તારાં ઊપવન!
તારી મસ્જિદ, મંદિરોની ભવ્યતા એવી ગહન,
અપ્સરાઓ, દેવ ત્યાં આવી કરે ભક્તિ–ભજન!
કૂખથી જન્મ્યા છે તારા સેંકડો એવા રતન,
જેટલાં ગાઉં છે થોડાં એમના યશનાં કવન!
આજ કિન્તુ એક તુજ ખુલ્લુલતું કરવું છે રૂદન,
ઉદયનથી જેના, તારું થઇ ગયું ઉજ્જડ ચમન!

આવ આવી કર નજર ગુજરાત મારા હાલ પર,
અશ્રુનાં પુષ્પો લૂંટાવું છું હું 'ન્હાનાલાલ' પર!

રાંદેરી

માળા જેમ ગૂંથાઈ છે. આ અંજલિમાં શોકનું એક ભૂગર્ભમાં વહેતું ઝરણું છે. પણ મહાન ન્હાનાલાલની મહત્તાનો એમણે જે ખ્યાલ આપ્યો છે તે જેટલો મૌલિક છે તેટલો જ મહાન છે. "સ્વર્ગની અંજુમન"ની બે પંક્તિઓ ગુજરાતી કવિશ્રી ન્હાનાલાલના નામ સાથે કાયમને માટે ગુજરાતમાં રહેશે. ન્હાનાલાલને અંજલિ અર્પતી કૃતિઓ લખાઈ છે ને લખાય છે. એ સૌમાં સર્વશ્રેષ્ઠ અંજલિ આ છે અને એ કૃતિને હું "કવિતા"માં રજુ કરું છું આ કૃતિનું લાંબું વિવેચન અનિવાર્ય રીતે આવશ્યક છે છતાં અવકાશ નથી એ એક દિલગીરી છે. છતાં એ કૃતિની વિશેષ વિવેચનાનો વિષય ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત વિદ્વાન વિવેચકો માટે રહેવા દઈશું. —કોલક



એ કવિના મૌત પર "આસિમ" રૂદું ના કાં રૂદન?
હું છું ગુજરાતી અને ગુજરાત છે મારું વતન!
બાલ, નર્મદ, નરસિંહ, દલપત ને કલાપી ગોરધન,
પ્રેમાનંદ, ભાલણ, દયારામો સમા ગુર્જર-સુમન,
સ્વર્ગમાં ગુર્જરગિરા ઉચ્ચારનાં એ નવ રતન,
શું, થયા વ્યાકુળ "ન્હાનાલાલ"નાં સુણવા કવન?
કે, કદર ના થઇ અહીં, એથી કર્યું સ્વર્ગે ગમન?
કેમ રીસાઈ ગયા એ મૌનનું પહેરી કફન?!
પણ નહીં, કારણ જુદું લાગ્યું, કર્યું જ્યારે મનન,
થઈ ગયું હા, એ થકી કંપ ગારી શંકાનું શમન!
સ્વર્ગ-બાગે જ્યારે જગ-કવિઓ બધા રચતા કવન,
ટાગોરો, ઇકબાલ, ગેટે, શેકસપિઅર-થાતું મિલન!
ગાતાં સૌ બંગાલી, ઉર્દૂ, જર્મન, ઇંગ્લિશનાં કવન,
કિન્તુ ગુજરાતી વિના ફિક્કી હતી એ અંજુમન!
એથી આમંત્રણ મોકલ્યું ને એ ગયા છોડી વતન,
પૂર્ણ કરવા સ્વર્ગમાં નો જગ-કવિનું સંમેલન!
દાદ લેવા કાવ્યની પરલોકમાં ચાલી ગયા
હાય! એ ગુર્જરગિરા વાડી તણા માળી ગયા!

છેડો કાં....

[ભાઇ નંદકુમારની આ ટૂકી છતાં અત્યંત મીઠી ગેય કૃતિ "એક વાર ગાઇ ભૂલાય નહિ" એટલી સમર્થ બની છે 'છેડો કાં નેણલાં હઠીલાં' એ ભાવ અનુકૂળ શબ્દોમાં વ્યકત થયો છે–કહો કે એ ભાવ વ્યકત કરવાને આ જ અનુકૂળ રચના છે શ્રી નંદકુમારની આ વિશદ મધુરી ગેયકૃતિ આપણા સુંદર ગેયગીતોમાં ગૌરવથી સ્થાન લેશે એમાં શંકા નથી. –તંત્રી]

છેડો કાં નેણલાં હઠીલાં,
છબીલવર, છેડો કાં નેણલાં હઠીલાં;
છેડો તો નાચનના તેડો,
છબીલવર, છેડો કાં નેણલાં હઠીલાં.
છેડો કાં હૈયા છબીલાં,
છબીલવર, છેડો કાં હૈયાં છબીલાં;
છેડો તો મૂકો કાં કેડો,
છબીલવર, છેડો કાં હૈયાં છબીલાં
છેડો કાં નેણન રસીલા,
છબીલવર, છેડો કાં નેણન રસીલાં;
છેડો તો દુખડા કે ફેડો,
છબીલવર, છેડો કાં નેણન રસીલાં.

નન્દકુમાર પાઠક



હું કેમ લખું છું ?

કોલક

હું જે કંઈ લખું છું તે વાંચવાને અને વંચાવવાને: અન્તરની લાગણીઓને વ્યક્ત કરવાને લખું છું અને કેટલી યે વાર લખી રહ્યા પછી લખાણમાંથી જ હું આશ્વાસન મેળવું છું. છતાં હવે હવે આ પ્રશ્ન મને પણ મહત્ત્વનો લાગવા માંડયો છે. હું જે કંઈ લખું તેની પાછળ વધુ ઉદાર હેતુ રાખવાની હવે ઇચ્છા રહે છે. છતાં એક વાત તો નક્કી જ છે કે પૈસા કમાવાને ખાતર તો લખતો નથી જ. અને જો પૈસા થોડાઘણા આમતેમથી કમાતો હોઉં તો તે માત્ર ગુમાવ્યા વિના સાચવી રાખવાને પણ લખવાનું બંધ જ કરવું જોઇએ.

જે વાંચે તેને માટે લખું છું. કોલકના કાંઠાથી માંડી અનંત આકાશમાં અદૃશ્ય રહેલા પ્રભુ સુધી સૌને માટે લખું છું એમ કહી શકું. છતાં મારા અન્તરમાં જેમને સ્થાન છે તેમને માટે જ લખાતું આવ્યું છે, રીઝાતી માનવતા, ધવાતાં અન્તરો અને વગોવાતો ઈશ્વર એ સૌ મારા લખાણના પ્રાણ બને છે.

કલમ–કાગળ–શાહીમાં ખાસ શોખ નથી. માત્ર આરામખુરશીમાં બેસીને લખવાનું હોય તો વિશેષ અનુકૂળ થઈ પડે છે. ઇન્ડીપેનથી લખું છું. ઘણા વખતથી 'કેમલ' ઇન્ડીપેન વાપરતો પણ તે ચોરાઈ જતાં બીજી ઇન્ડીપેન આવી પડી છે એનાથી લખું છું. કાગળમાં તો હું વર્તમાનપત્રમાં (હવે તો વેન્ગાર્ડ સ્ટુડીઓઝમાં છું) હોઈને સહેજે સાધારણ રીતે હલકામાં હલકો ગણાતો કાગળ લખવામાં પસંદ કરું છું કારણ કે પૈસા પણ નથી બેસતા.

લખતી વેળા ખાસ ટેવ નથી જ. લખતા પહેલાં કંઈક છે. ચહા પીવા મળી હોય, પાન ખાવા મળ્યું હોય, સીગારેટ–ચીરૂટ ફૂંકવા મળ્યાં હોય તો ગાડીના એન્જીનને કોલસો મળે તેમ લખવા માટે તૈયાર થયો હોઉં એમ ભાસે છે. છતાં ઘણી યે વાર એમાંનું એકકે ન મળ્યું હોય છતાં સારું લખી શકું છું. મારાં બાળકો મને વીંટળાઈને ગડબડ કરતાં હોય તો યે હું લખી શકું છું–પણ બીજું કોઇ મોટું માણસ બસેલ કરે તો બસાસ !–સ્વભાવ તીખો થાય છે.

લેખકજીવનમાં મને ઘસડી લાવવામાં શરૂઆતનો મુખ્ય ભાગ ભજવ્યો હોય તો શ્રી. જ્યોતીન્દ્ર દવેએ અને પાછળથી અતિ મહત્ત્વનો–ગુરૂ તરીકેનો–ફાળો આપ્યો હોય તો તે કવિશ્રી ખબરદાર છે.

પ્રેરણા જેવી વસ્તુ હું ઓળખી શકતો નથી. એક વાત છે. અમુક સંજોગોમાં તાન આવે છે, ગીત ગૂંજવા માંડું–એક વખત સારી જહાંના બાદશાહની જેમ ગીતપંક્તિ ગૂંજવામાં તલ્લીન બની જાઉં–પછી સહેજે ગીતને કાગળ પર ઉતારું છું. લાંબાં કાવ્યોમાં પણ તાન મુખ્ય ભાગ ભજવે છે. એ તાનમાં બસો બસો લીટીઓ એક સાથે લખી શકું છું.

એકી દિવસે ને એકી બેઠકે પણ લખાય અને બેત્રણ બેઠકે પણ લખાય. વર્તમાનપત્રની ઓફિસમાં રહેવાને કારણે કાઉનનાં ૩૨ પાનાં થાય એટલું યે લખી નાખું. પણ કવિતા લખી છે ત્યાં સુધી એકી બેઠકે 'પ્રેમધનુષ્ય' નાના બેત્રણ ખંડો લખાયેલા છે–એ પ્રત્યેક ખંડ ૨૫૦–૩૦૦ લીટીનો છે. પણ એની જ સાથે બીજી હકીકત એ છે કે એક રચના અને બીજી રચના વચ્ચે દિવસોના દિવસો પણ નીકળી જાય છે.

લેખકોના તો ઠીક પણ વાંચકોમાંથી વિચિત્ર કાગળો આવે છે ખરા. 'પ્રેમધનુષ્ય' બહાર પડયા પછી કોઇ અજાણ્યા વ્યક્તિએ મારા પર કાગળ લખ્યો કે 'બ્હાલા કોલક, તારી કવિતા 'પ્રેમધનુષ્ય' પર ફીદા. પણ એમાં 'કબર' શબ્દ કેમ વાપર્યો ?...વગેરે.'

આવા અનુભવો એક નહિ પણ અનેક છે. પણ એમાંથી એક વસ્તુ હું જોઈ શકું છું કે મારાં પુસ્તકો રસપૂર્વક વંચાય છે અને એથી મને સંતોષ થાય છે.

લેખકજીવન બરાબર ગમે છે. જગતમાં આનંદનાં અનેક સાધનો છે તેમાં સર્જનનો આનંદ પરમાનંદ છે. એનાં ફળ પણ એટલાં જ સુંદર છે. મૃત્યુ પછી કોઈ અમર ચિહ્ન આ ધરતી પર મૂકી જવું હોય તો તે એક અમર સાહિત્યકૃતિ છે. જગતમાં એના જેટલું ચિર આયુ કોઈ વસ્તુનું નથી. અને એ અભિલાષા હોય તેમાં નવીન નથી. દુનિયામાં બે વસ્તુ પ્રાપ્ત કરવાની–પૈસો કે પ્રતિષ્ઠા. એમાં પૈસો તો છે નહિ–મેળવવા છતાં આવતો નથી. પ્રતિષ્ઠા એની મેળે આવતી જાય છે સર્જનના આનંદમાં પ્રતિષ્ઠા એનો પંથ કરે છે. એટલે જ લેખકજીવન ગમે છે.

રાતે લખું કે દિવસે લખું એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ઘણી વાર મને સાંજનો સમય બહુ અનુકૂળ આવે છે. સાંજના વખતે એકલા આરામ ખુરશીમાં પડી વિચારવાનું–ચૂંથવાનું મને એટલું બધું ગમે છે કે એ સમયે મને મારા બાળકો સિવાય કોઈની પણ બિલકુલ પસંદ પડતી નથી–મારાં પત્નીને પણ નહિ. બાકી દિવસે પણ લખાય છે અને રાતે પણ લખાય છે. ઊંઘમાંથી એકાએક જાગીને કદી લખવા બેઠો નથી. સવારમાં ઊઠતાંની સાથે કોઈ વાર એકાદ ગીત ટપકે. પણ એ બધામ સંધ્યાકાળે હું મસ્ત બનું છું–અને એ જ લખવાને સારામાં સારો સમય મને લાગ્યો છે.

"સાંધ્યગીત" અને "સ્વાતિ" નાં ગીતો અને કાવ્યો છૂટક છૂટક લખાયેલાં. ખૂબ લોકપ્રિય બનેલું 'સાંધ્યગીત' કોઈ અનોખા રંગમાં જ લખાયેલું બીજી વાત એ છે કે મારી લાંબી કૃતિઓ હું એક વખતે જ લખું છું. પણ 'દક્ષસુતા' કવિતા પાંચ પાંચ વાર લખીને ફાડી નાખેલી. ત્યાં સુધી મને પોતાને મારી કૃતિ હૃદયંગમ નથી થતી ત્યાં સુધી હું તેને એક દિવસ પણ મારી સાથે રહેવા દેતો નથી. અને જે સારી રીતે શરૂ થઈ તે સારી રીતે જ પૂરી થાય છે એનો નમૂનો 'સ્વાતિ'માંની 'તાજમહાલ' કૃતિ છે. તે એકી સપાટે લખાએલી. 'પ્રેમધનુષ્ય' કેવી રીતે લખાયું તેની હકીકત તો મેં 'પ્રેમધનુષ્ય' ના નિવેદનમાં આપી છે.

'નવચેતન'માં પ્રગટ થએલ

—:o:—

जीवन

चाहे जिये बहुत वर्ष मनुष्य किन्तु
जीता नहीं जीवनके हर एक क्षणको।
हो चेतना स्फुरित अन्तरमें-जीवनमें-
क्षण वे ही सच्चे क्षण हैं जीवन के॥
तो चंद गर मिस जिन्दगीके
क्षण गये तो रंज क्यों?
जिये ज़रा-है जी लिया,
तो फिर अधिकसे मोह क्यों?

—मन्जुल

'केडी'मे-श्री भानुशंकर व्यास 'बादरायण'की मिसी नामकी एक कविताका पद्यानुवाद॥

મોતી સમર્પ્યાં

હૈયા મહીંથી સ્મૃતિવારિ ઊંચકી
બની ગઈ પાંપણ ભીની વાદળી:
ધીમે ધીમે ઢાંકી અનિદ્ર આંખને
મોતી સમર્પ્યાં મરુલોમને મૂકી.

ઈન્દુલાલ ગાંધી

ગઝલ—કળા

કૃષ્ણ માતરી

ગઝલ એ કોઈ છંદનું નામ નથી. કાવ્યનો એ એક પ્રકાર છે. અનેક છંદમાં અનેક રીતે ગઝલ કહેવાય છે. ગઝલનો શબ્દાર્થ પ્રિયતમાના મિલન અને પ્રણયની વાત કરતી એવો નીકળે છે.

ગઝલ નામ કેમ પડ્યું હશે ? એમ કહેવાય છે કે અરબસ્તાનમાં ગઝલ નામનો એક માણસ થઈ ગયો, જેનું સમસ્ત જીવન પ્રણયપ્રાપ્તિમાં વીતી ગયું હતું. હરહંમેશ એ જ્યાં જતો ત્યાં, જેને મળતો તેની આગળ પ્રેમ અને રૂપની જ વાતો કર્યા કરતો, અને એની કવિતા પણ રચતો. એ પછી જે કોઈ કવિ કાવ્યમાં રૂપ અને પ્રેમની વાત કરે, કે તરત લોકો ગઝલની યાદમાં એવી કવિતાને ગઝલ તરીકે ઓળખતા થઈ ગયા.

સાધારણે નિયમ તરીકે ગઝલમાં, ઓછામાં ઓછી પાંચ અને વધુમાં વધુ ૧૧ કડીઓ હોય છે. પણ પહેલા ઉર્દૂમાં ત્રણ શેર કહેનાર હતા. અને વધુમાં વધુ ૨૫ શેર લખનારા પણ હતા. પ્રાસભ કોળ દેખાડવાની એ એક ફેશન ગણાતી, અને એ માટે કવિનું ગૌરવ પણ મનાતું.

શે'ર, અરબી ભાષાનો શબ્દ છે અને તેનો અર્થ કેશ થાય તે રૂપની શોભામાં કેટલો મહત્વનો હિસ્સો છે. સુંદર મુખ પર પ્રિયતમાની અલકલટ પ્રેમીને મુગ્ધ બનાવી દે છે. કેશ વિનાની સ્ત્રી કદરૂપી દેખાય. ગઝલને સુંદરી કલ્પીએ તો શે'ર એ તેની મોતી ભરી મૂડી છે. ગઝલના એક ચરણને મીસરા કહેવાય છે. ગઝલના પહેલા શે'ર મત્લા અને છેલ્લા શેરને મકતા તરીકે ઓળખવામાં આવે છે. કાફિયાને ગુજરાતીમાં ઉપાન્ત્ય પ્રાસ કહી શકાય. જેમકે બનાવી · મનાવી, સજાવી, વગેરે. કાફિયાના પછી આવતા શબ્દોને રદીફ કહેવાય છે. તેને માટે અન્ત્ય પ્રાસ શબ્દ વાપરી શકાય. જેમકે કોઈ તને ગુલામ બનાવી 'નહીં શકે.'

આમાં 'બનાવી' કાફિયા તરીકે રજુ કરાયો છે. અને 'નહીં શકે' તે રદીફ છે. દરેક ગઝલના પહેલા શે'ર એકસરખા કાફિયા હોવા જોઇએ. અને રદીફ પણ હોવો જોઇએ. ત્રીજી લીટી સ્વતંત્ર હોય છે જ્યારે ચોથી લીટીમાં નવા કાફિયા સાથે રદીફ વાપરવો પડે છે. બેકી પંક્તિઓ માટે રદીફ બદલાતો જ નથી. આ પ્રમાણે જેટલા શે'ર બનાવવા હોય તેટલા બનાવી શકાય. આ પંક્તિ પર ગીરહ બાંધવી જોઇએ એવું કાંઇ નથી અને માત્ર ચાર લીટીમાં સળંગ વિચાર રજુ કરવો જોઇએ એવું પણ કાંઇ નથી.

અદિ ઉર્દૂના મુશાયરાનો આછો ખ્યાલ આપવો જરૂરી છે. પહેલાં એક પંક્તિ આપવામાં આવે, અમુક સમય આપવામાં આવે. એ સમયમાં કવિ તે પંક્તિના માપમાં ગઝલ તૈયાર કરે. મોટે ભાગે મુશાયરા માટે રાતને જ સમય પસંદ કરવામાં આવે છે. જ્યારે વીજળી નો'તી ત્યારે મુશાયરામાં મીણબત્તીઓનો પ્રકાશ માટે ઉપયોગ થતો. એક 'મીરે મજલીસ' અર્થાત પ્રમુખ ચૂંટી લેવાતો. સૌ પોતપોતાની જગ્યાએ બેસતા અને પ્રકાશમાં ડોલવા લાગતા. જેનો ગઝલ બોલવાનો વારો આવે તેની તેની આગળ એક માણસ બત્તી મૂકતો અને કવિ આગળ પ્રકાશ મૂકાતો. કોઇ ઊઠતું નહીં, બધા બેઠા બેઠા જ ગઝલ પઢતા. એમા હરીફાઇઓ જામતી, તત્કાળ શે'ર બનાવતા, ચોટ પર ચોટ જામતી. ઉર્દૂમાં ઘણા મુશાયરામાં એવા પ્રસંગો અનેલા જેમાં મોટા મોટા ઉસ્તાદ ગઝલકારોને પહેલી જ વાર ગઝલ લખનારાઓએ હરાવી દીધા હોય. ઉર્દૂના વિખ્યાત કવિ 'સૌદા' એક મુશાયરામાં બેઠા હતા ત્યાં બાર તેર વર્ષના એક બાળકે આવીને એક ગઝલ વાંચી જેનો એક શે'ર આ હતો:

દિલકે ટુકડે હુએ જબ ઉસ મીનેકે દામનમે
બસ ઘરકો આગ લગ ગઇ ઘરકે ચિરાગસે

'સૌદા' એ પૂછ્યું: આ શેર કોણે કહ્યો ? છોકરાને આગળ લાવવામાં આવ્યો. આખી સભા

આશ્ચર્યમુગ્ધ બની ગઈ. 'સૌદા' ડોલી ઊઠ્યા. અને એ શે'રનો એટલો બધો પ્રભાવ પડ્યો કે બધા શાયરો પોતપોતાની ગઝલો ફાડીને મુશાયરામાંથી ઊઠી ગયા !

મીર તકી ઉત્તમોત્તમ ગઝલકાર તરીકે સ્વીકારાયા છે. દિલ્હીથી તંગ આવીને એ લખનૌ ચાલ્યા ગયા. ત્યાં તે દિવસે જ એક મુશાયરો હતો. કવિહૃદય ત્યાં ગયા વિના ચેન કેવી રીતે મેળવે ? લખનૌમાં એમના નામની ધૂમ પણ હતી પણ કોઇ દીઠે ઓળખતું નહીં. પહેરવેશ ગામડિયા જેવો એટલે કોઇએ આગળ જવા દીધા નહીં. ગઝલ બોલવાનો વારો આવ્યો ત્યારે સૌએ ઠેકડી કરી કે 'આપ સાહેબ કયા ગામના ?' મીરે તે ઘડીએ જ કાવ્ય રચ્યું અને જવાબ આપ્યોઃ

કયા શુદ્રો બાશ પૂછે હો પૂરબ કે સાકીનો
હમકો ગરીબ જાનકે હંસ હંસ પુકાર કે,
દિલ્લી જો એક શહેર થા આલમમે ઇન્તખાબ
રહેતે થે મુન્તખીબ હી જહાં રોઝગાર કે,
ઉસકો ફલકને લુટકે વીરાન કર દીયા,
હમ રહેને વાલે હય ઉસી ઉજડે દયારકે

આ સાંભળીને શરમિંદા બની ગયા. અને સમજી ગયા કે મીર વિના આ ગાનાર બીજો કોઇ હોઇ શકે જ નહીં. પછી તેમનાં ભારે સન્માન થયાં.

'સોઝ' પણ જાણીતા કવિ હતા. મુશાયરામાં અજબ ઢંગથી ગઝલ પઢતા અને એવો હાવભાવ કરતા કે સૌને અનેરા વાતાવરણમાં મૂકી દેતા. પોતાના કાવ્યમાં પોતે ખોવાઇ જતા. એક વાર મુશાયરામાં નીચેની ગઝલ પઢીઃ

જબે કરસે જો હમ અપને સબેરે
સલા મુલ્લા હુઆં સાહબકે ડેરે,
વહાં દેખે કંઇ તીફલે પરી રૂ
અરેરે ! અરેરે ! અરેરે !.....

કવિએ સુરવરૂપ છોકરા જોયા હતા. અને એમનું સૌન્દર્ય ઉપાસક મન મુગ્ધ બની ઊઠ્યું હતું. ગઝલની ચોથી લીટી પઢતાં એ એટલા તદ્રુપ થઈ ગયા કે પઢતાં પઢતાં જ બેહોશ થઇ ગયા. ઘણી વાર એમને મુશાયરામાંથી ઊંચકીને ઘેર લઈ જવામાં આવતા. કાવ્યમાં એ એટલા બધા તદ્રુપ રહેતા અને એટલું અસરકારક લખતા.

'ઇન્શા'નું નામ પણ ઉર્દૂના જાણીતા કવિઓમાં મોખરેનું છે. એમના હરીફ કવિઓએ એક વાર એમની ઠેકડી કરવાનો નિર્ણય કર્યો અને મુશાયરો યોજ્યો. 'ઇન્શા' કાબેલ માણસ હતા. તેઓ મુશાયરામાં ગયા અને ફક્ત બેજ નીચેની કવિતા પઢીઃ

યક તીફલ દખ્તીસ્તાં હે ફલાતુ મેરે આગે
કયા મુંહે અરસ્તુ જો કરે યું મેરે આગે,
કયા માલ ભલા કસરે ફરીદું મેરે આગે,
કાયે હે ખડી ગુમ્બદે ગરદું મેરે આગે,

આ સાંભળીને સૌ ચૂપ થઈ ગયા.

દયાસાગર 'નસીમ' પણ સારા કવિઓમાં ગણાય છે. કવિ 'નાસીખે' એકવાર તેમને બનાવવા મુશાયરામાં નીચેનો મીસરો પઢ્યોઃ

શેખને મસ્જદ બના બીરમાર બુતખાના કીયા,

અર્થાતઃ શેખે મસ્જદ બનાવીને મંદિરનું ખંડન કર્યું. આ પઢતી વખતે નાસીખે નસીમ તરફ ખાસ આંગળી ચીંધીને કહ્યુંઃ 'પંડિતજી કયું કૈસી રહી ?'

પંડિતજીએ તરત જવાબ આપ્યો.

'તબ તો યક સુરત ભી થી
અબ સાફ વીરાના કીયા !'

અર્થાત : ત્યારે તો કંઇ નિશાન હતું પણ હવે તો સાવ વેરાન થઈ ગયું !

'નાસીખ' બની ગયા !

મુશાયરાની આવી રંગત છે. એમાં સાચા કવિની તરત પરખ થઈ જાય છે. કવિ 'દાગ' બાર વર્ષની વયના હતા અને એક મુશાયરામાં આ ગઝલ પઢી હતી.

રૂખે રોશન કે આગે યહ
શમા રખ કર યે કહેતે હય

ઉધર જાતા હૈ દેખો યા
ઇધર પરવાના આતા હય!
જો તુમ હસનેકો હો મુસ્તાક
મેં રોનેમેં કામીલ હું
તુમે બીજલી ગીરાના
મુજકો મે બરસાના આતા હૈ

આ ગઝલે સૌને તડપાવી દીધાં. મીરે કહ્યું: આ છોકરો મહાકવિ સર્જાયો છે.'

મીસરો કહેવાની પણ એક જબરી કળા છે. ઉર્દૂમાં એવા ઘણા પ્રયોગો થયા છે જેમાં એક કવિએ મીસરો કહ્યો હોય અને બીજાએ બીજો કહીને શે'ર પૂરો કર્યો હોય. એમાંથી ઘણી વાર મનોરંજન પણ ટપકી પડતું.

'જુરઅત' નામના કવિ આંધળા હતા. એક વાર ખૂબ વિચારમાં બેઠા હતા ત્યાં 'ઇન્શા' પહોંચ્યા.

'શું' વિચારમાં છો?' કહ્યું: એક મીસરો સૂઝયો છે પણ બીજો જડતો નથી.'

કહ્યું: 'બોલો.'

જુરઅતે મીસરો કહ્યો:

ઉસ ઝુલ્ફ પરપતી શબે દેજુકી સુઝી

ઇન્શાએ તરત કટાક્ષમાં કહ્યું:

અંધેરા અંધેરેસે બડી દુરકી સુઝી

અને ઇન્શાનો આ મીસરો ઠેરઠેર આજે વપરાઈ રહ્યો છે.

બાદશાહ બહાદુરશાહ 'જફર' કવિ હતા. એમના કાવ્યગુરુ જૌક હતા. દરબારમાં એક વખત આ બાદશાહ સાથે 'જૌક' બેઠા હતા ત્યાં એક નાનો બાળક બાદશાહ પાસે હરમમાંથી આવ્યો અને બેગમનો કોઈ સંદેશ બાદશાહના કાનમાં આપીને તરત ચાલવા લાગ્યો. 'જૌક' છોકરાને કહ્યું: "બચ્ચા આટલી વારમાં જ ચાલ્યા!'

છોકરાએ તરત જવાબ આપ્યો.

"અપની ખુશી ન આએ ન અપની ખુશી ચલે.'

બાદશાહનું કવિહૃદય ફડકી ઊઠ્યું, જૌકને તેમણે કહ્યું:

ઉસ્તાદ મીસરો સાદ છે, શે'ર બાંધો.

જૌકે લખ્યું:

લાઇ હયાત આએ કઝા લે ચલી ચલે
અપની ખુશી ન આએ ન અપની ખુશી ચલે

કેવો સરસ શે'ર!

ગઝલમાં હાસ્ય રેલાવવાના પ્રયોગો પણ થયા છે. અકબર ઇલાહાબાદી એ માટે મશહૂર છે.

હિન્દુ અને મુસલમાનના ફર્ક વિષે તે લખે છે:

અય, બીરહમન હમારા તે રાહે એક આલમ
હમ ભાઈ દેખતે હય તું દેખનાકે સપના

આવી રંગત ગુજરાતી ભાષામાં રેલાવવા માટે ગુજરાતી ગઝલકારો કટિબદ્ધ થયા છે, જનતા એ રસમાં સ્નાન કરવા માટે તૈયાર છે. ગુજરાતી ભાષામાં ગઝલની બીલકણી સંપૂર્ણ શકય છે.*

---

*આપણા જાણીતા ગઝલકાર અને ગઝલઅભ્યાસી ભાઈશ્રી કૃષ્ણ માતરીએ સુરત વિદ્યાર્થી સાહિત્ય મંડળના આશ્રયે તા. ૨૧-૧-૪૬ ના રોજ 'ગઝલ-કળા' વિષય પર કરેલા પ્રવચનમાંની કેટલીક કંડિકાઓ શ્રી માતરીએ આ પ્રવચનમાં પોતાના અભ્યાસને પરિણામે રસપ્રદ દાખલાઓ આપ્યા છે જે દરકોઈ ગઝલકાર-ગઝલરસિકને માટે રસપ્રદ થઈ પડશે. ગઝલપ્રવૃત્તિ વિષેની પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીની ટીકા આ પ્રવચનમાં ભાઈ માતરીને શરૂઆતમાં એ ટીકા સંબંધે કરેલો ઉલ્લેખ એ બનેને અહીં અમે રજૂ કરતા નથી કારણ કે "સાંજવર્તમાન"ના સાહિત્ય સમીક્ષાના પાના પર આ પત્રના સંપાદકે એ અગેનાં પોતાનાં મંતવ્યો જણાવેલાં જ છે. —તંત્રી.

કવિવર ન્હાનાલાલને અંજલિ

વિજય ભટ્ટ

શ્રી વિજય ભટ્ટ રામરાજ્ય કે વિક્રમાદિત્યના દિગ્દર્શક-સર્જક જ નથી પણ તેઓ સાહિત્ય અભ્યાસી અને સર્જક પણ છે એ હકીકત એમના નિકટના મિત્રો જાણે છે. 'કવિતા'માં આ અગાઉ પણ એમની કૃતિઓ આવી ગઇ છે. અહીં શ્રી ભટ્ટ ડોલન શૈલીમાં જ મહાકવિને અંજલિ આપે છે. અંજલિનો ઉત્તરાર્ધ હૃદયસ્પર્શી અને સૂચક થયો છે. —તંત્રી.

પરબ્રહ્મનો ઉપાસક,
પ્રેમભક્તિનો ગાનાર,
ગુર્જરીનો લાડલો પુત્ર;
ગુર્જરકુંજની રસરસિયેણ શકુન્તલાઓને
રાસનો મધુરસ પાનાર,
રસિકેશ્વર રસકવિ.
'ન્હાનાલાલ યુગ' કહીએ
તો યુગપ્રવર્તક ખરો
અને આગમવાણીનો ભાખનાર.
આર્ય દૃષ્ટાયે ખરો
ગુર્જરીને પાટે વિરાજ્યા
અનેક કવિરાજો,
પણ આ તો કવિસમ્રાટ.
અનેકે સિંચી ગુર્જરીની કવિતાલતા,
ન્હાનાલાલના અમીસિંચને
ગુર્જરીની કવિતાકુંજો ફૂલી અને ફાલી.
'જયા-જયન્ત' અને 'ઉષા'નાં ભવ્ય કાવ્યો,
'ચોજ અને અગર'નાં પ્રણય ગીતો,
'ઈન્દુકુમાર' ને 'ગોપિકા,'
'કુરુક્ષેત્ર'ની વીરવાણી,
'શકુન્તલાનું સંભારણું'
ને 'મેઘદૂત'ના ભીઠા મહેરામણ,
'વસન્તોત્સવ'નો રસોત્સવ,
ને 'દ્વારિકા પ્રલય'ના તાંડવ તાલ,
'જહાંગીર-નૂરજહા' ને 'અકબરશાહ'
કવિએ ઊટકીને ઉજાળ્યા
જગજૂનાં એ જવાહિરો.
'જગત્ પ્રેરણા'માં ગાયો
જીર્ણદુર્ગનો જરસૈયો
ને ભોગંદર શો ગિરનાર.
હરિવરને ગાયા
ને ગાઇ હરિવરની ગીતાને—
ગુર્જરગિરાનું આ અનર્ગલ કવિતા-ધન,
વૈકુંઠવાસીનો આ ભવ્ય વારસો.
કલ્પનાલોકમથી આવ્યા
કો કલ્પનાતીત અવધૂત,
લાવ્યા કવિતાકુસુમ
ધરવા ગુર્જરીને ચરણે.
અણમોલ પુણ્યે પૂજાઅર્ચન કીધાં,
અનોખાં અણદીઠ તપ આદર્યાં,
લોભ ને માયા ત્યાગી,
નિસ્વાર્થે ભક્તિ કરી.
ગુર્જરી દેવી રૂડાયાં,
પણ ભક્તે વરદાન ન માગ્યું;
માગી અખૂટ ભક્તિ.
મા ગુર્જરીના પુત્રો
ઓળખશે આ ભક્તિને ?
ઓળખીને સાચવશે
આતમનાં ઊંડાણમાં
એના અનુભવ બોલ !

ચક્રવર્તીઓ તો ચાર દિનના ચમકારા,
પણ કવિઓ તો યુગયુગના અમર દીવડા
કાળને ઝપાટે એ નહિ ઓલવાય.
અને કવિએ પણ એ જ ગાયું છે ને ?–
"બાદશાહો તો બે ઘડીનાં ચોઘડિયાં,
અમર છે પૃથ્વીને માટે પુણ્યને બીજું પુણ્યવંતાં"
ત્યાં નન્દનવનની કવિકુંજોમાં
વિરાજતા હશે કવિકુલગુરુ કાલિદાસ,
ભવભૂતિ ને ભાસ,
ભારવિ ને માઘ,
દલપત ને નર્મદ,
ને ફિલસૂફ 'કલાપી' મસ્ત.
સ્નેહથી સ્વાગત કરશે—
"આવો પનોતા પુત્ર !
પિવડાવો સુધારસ પાન
રહે ના અધૂરાં અરમાન."
પણ ત્યાં તો નરસૈયો ને મીરાં
વૈકુંઠમાંથી આવતાં હશે
કદી કદી કવિકુંજે માં યે.
દેખીને આગાં હેત કરશે
કહેશેઃ "તમે પણ ચાલો વૈકુંઠમાં
છે તમારો અધિકાર
પ્રેમભક્તિના ગાનાર !
હરિવરના ઉપાસક !
તમારું પણ સ્થાન છે ત્યાં.
જયદેવે કહાવ્યું છે કે
'લઈ આવજો વૈકુંઠમાં
એ પ્રેમભક્તિના ગાનારને,
આપણા સહધર્મીને.'
પણ પૂછશે પિતા દલપત
જો એક જ વિકટ પ્રશ્ન કે;
"બેટા, કલમ કોને સોંપીને આવ્યો ?
કોણ સાચવશે–આપણી
ગુર્જરગિરાની પૂજાપરંપરા ?"
ત્યારે શું કહેશે કવિ ?
કે હાથ જોડીને અનુત્તર ઊભા રહેશે ?



કવિ-કથાઓ

મૂળરાજ અંજરિયા

કવિતા-લવિતા

"કલ્પનાથી રસેલ કોડીલી યુવતી પરણ્યા પછી પ્રિયતમની જીવનકવિતા થશે" વેન્ગાર્ડ સ્ટુડીઓઝની જાહેર ખબર.

ને "મનહર" કલ્પનાને "છટે" ચડેલ એ ભોળી બાળા જ્યારે પતિના "શાર્દુલવિક્રિડિત" જેવા "ભુજંગી" સ્વભાવનો એકાદ પરિચય પામશે ત્યારે "રોળા"તા જીવનના અરમાનો પર આંસુઓની "મુક્તધારા" "મંદાક્રાંતા' દ્વારા રેલાવશે.

જીવન કવિતા મટી લવિતા બનશે; "ઇન્દ્ર"ના "વજ્ર" તેના પર તૂટી પડ્યા હોય એવું લાગશે દુઃખના ડુંગરની "શિખરિણી" એ પહોંચેલી સ્યામા "પૃથ્વી' પર પોતાને અટૂલી પડી ગયેલી અનુભવશે દિલ "તોટક" "તોટક" થશે. ગર્ભિણીઓને "ધ્વનિત" કરવાનું સામર્થ્ય ગુમાવી બેઠી હશે હાકોરિયા 'સોનેટ" સમ આ ખગ્રચડા લગ્ન સંસારમા કયા સલવાઇ ગઇ તેનો વિચાર કરતા મગજ "બ્રેક" (જાહેર) મારી જશે ને પરિસ્થિતિ "વર્સ" (વિષમ) બને તે પહેલા પતિને એકાદ કવિતડું લખવાની પ્રેરણા આપી જશે

કવિની ભવિષ્યવાણી

અગાળના એક વેળાના નવલસમ્રાટ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયના માનમા એક સત્કારસમારંભ થયો હતો. તેમાં બંકિમબાબુએ તેમને પહેરાવવામા આવેલો હાર ઉતારી બાળ રવીન્દ્રને પહેરાવ્યો ને કહ્યું: "અંગ સાહિત્યનો સાચો ઉત્કર્ષ તો આ બાળકવિને હાથે થવાનો છે."

તેમની આ ભવિષ્યવાણી સાચી પડી.

કવિશ્રી ખબરદારને જ્યોતિષ અને ભવિષ્ય જોવામાં ઘણો રસ છે. એ બાબત ઘણા એમની સલાહ પણ લે છે. જ્યોતિષની ફઇ એમને માને છે કે કવિઓને અને આંખોને લેણાદેણી હોતી નથી.

એક વાર કોલક અને જ્યોતીન્દ્ર એમની સાથે સાહિત્ય અને જ્યોતિષ સંબંધી વાતોમાં પાંચ કલાક ગાળ્યા પછી જ્યારે દાદર સ્ટેશન પર ટ્રેન ચૂકી ગયા ત્યારે જ્યોતીન્દ્રથી રહેવાયું નહિ; "અલકમલકની બધી વાતો કરી પણ આપણને ટ્રેન મળશે કે નહિ તે પૂછવાનું ભૂલી જ ગયા!" તેમણે કોલકને કહ્યું.

સહુનો દાસ થઈ જા!

શ્રી શયદાને જ્યારે જ્યારે કોઇ સભામાં "ગઝલ સમ્રાટ" તરીકે ઓળખાવવામાં આવે છે ત્યારે ત્યારે તેઓ નમ્રતાથી નીચેના ચાર ચરણો કહે છે –

"અનોખો દાખલો દુનિયાને દઈ જા,
અવિચળ જે રહે તે વાત કહી જા;
પછી સમ્રાટનો સમ્રાટ થાજે,
પ્રથમ 'શયદા' સહુનો દાસ થઈ જા"

આવી જાએ કાલથી આપણે ત્યા, શયદાભાઇ, ધાટી રોજ ખાડા પાડે છે!

બેમિસાલ શાયરી

એક રસિક ઉર્દૂ શાયરે તેની સનમને ઉદ્દેશીને ક્યાંક કહ્યું છે કે:–

"બેશક તેરા હુસ્ન હૈ બેમિસાલ,
ગર મેરા ઇશ્ક ભી તો કોઇ ચીજ હૈ"

શાયરે આજમ, કયા ખ્વાહિશ દિલમેં બાકી હૈ કિ કરલું વેવિશાલ!

અન્યથા નૈં!

"છે વૈધવ્યે વધુ વિમલતા
બ્હેન સૌભાગ્યથી કૈં;

વીત્યો હોય જે પતિજીવનનો
તો જ, હોં, અન્યથા નૈં !"

—શ્રી નટવરલાલ જુચ.

મુંબઇની બસમાં

I rose with great alacrity
to offer her my seat,
It was a question whether–
she or I should stand–
upon my feet !

લખજો ખાક પડી આંધ્રી...

"મારી બાંબા ઉપર એટલું જ લખજો કે હિન્દની જુવાનીને એ ચાહતી હતી." શ્રીમતિ સરોજીની નાયડુ કહે છે.

અગીઆર વર્ષની વયે સરોજીની બીજગણિતનો એક દાખલો ગણાતા હતા, દાખલો બેસતો ન હતો. તે વખતે આ કિશોર કુમારિકાના અંતરતલમાં પડેલું કાવ્યઝરણું અચાનક પ્રગટી ઊઠ્યું અને દાખલાના ઉકેલને બદલે એ કલમ પર ઝુલઝુલે હિન્દની પહેલી કવિતા ધસી આવી

જેનામાં કાવ્યનું બીજ રહેલું હોય એવી અગીઆર વર્ષની કિશોરી બીજગણિત ગણવાને બદલે કાવ્ય કરીએ ગણગણે ને દાખલો બેસે એવાં કાવ્યમૌક્તિકો વેરી જાય તો બીજા વિષયો આપમેળે એની પાસેથી અગીઆરા ગણી જાય એ સ્વાભાવિક છે.

સમદુઃખીઆ

એક કવિ કહે છે: "જ્યારે જ્યારે હું દિલગીરીમા ડૂબી જાઉં છું ત્યારે દુઃખનો ભાર ઓછો કરવા મારાં કાવ્યો ગાઉં છું."

ને સાંભળનારા તમામ દુઃખે દુઃખી થાય છે, ખરું ?

માતરી ને મુશાયરો

શ્રી કમ્બમાતરી કહે છે: "જ્યોતીન્દ્રમાં મેં કવિતા જોઇ."

"—ને માતરીમાં મેં મુશાયરો." જ્યોતીન્દ્ર હવે કહેશે એમ લાગે છે.

કોષ અને કવિતા

ગૂજરાતી ચિંતન ગદ્યના આદ્ય પ્રણેતા શ્રી દુર્ગાશંકર મહેતાજી કવિતા વિષે પણ લખતા ને શબ્દકોષ વિષે પણ લખતા." શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી.

એવી કવિતા તો ન્હોતી લખતા ને કે સમજવા શબ્દકોષ ઉથલાવવો પડે !

"નર્મદની શૈલિ દમણીઆ જેવી છે."

ને હવેના કવિઓ પુરસ્કાર માંગી દમડીઆ શૈલિ કેળવે છે ! અર્થધન કાવ્યો લખતાં લખતાં અર્થધન થવાની વાત પણ વિચારતા થયા છે.

"અબરદાર અને નરસિંહરાવમાં ફિલ્સુફીનો ઘણો કાચો માલ પડયો છે."

તેને લીધે જ આપણા આ સાક્ષરો "બાર ભૈયા ને તેર ચોકા" જેવા જુદા જુદા ચોકા જમાવી બેઠા હશે ?

નર્મદ ફરિયાદ કરે છે કે ગૂજરાતીઓ તેના શૃંગારના કાવ્યો વાંચે છે તેટલા શૌર્યનાં નથી વાંચતા.

ને હજુય ગૂજરાતીઓ "મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા"થી આગળ વધ્યા નથી. પછી ભલે ગૂજરાતી કવિઓએ ઉજાગરા કરી ઉચ્ચ કવિતાઓ લખી હોય !

"નર્મદ આપણો આદ્ય વિવેચક હતો."

આપણો આદ્ય બહુચક કોણ હતો તેની પણ શોધ થવી ઘટે છે હવે !

આવતી પેઢીના કવિઓઃ કિસ્મત

સંપાદકઃ કોલક

'આવતી પેઢીના કવિઓ' એ ઊગી ચૂકેલા કવિઓ છતાં કવિતાઓ ગ્રંથસ્થ નથી થઇ એવા સાચા કવિઓની ચારપાંચ કૃતિઓ એક સાથે જ ટિપ્પણ સાથે આપવાનો આ એક પ્રયાસ છે. મુરઝેલી એ હતી કે તમામ કવિઓની કવિતાઓને કવિતામાં આપવાનો અવકાશ રહેતો નહિ. જે કવિઓનાં પુસ્તકો બહાર નથી પડયાં છતાં–પુસ્તકો બહાર પાડીને નવીન કવિની પેઢીમાં પોતાનું સ્થાન જમાવી શકે એવી પ્રતિભા જેમને વરી છે એવા કવિઓની કવિતાઓને જોઇતું સ્થાન કવિતામા આપી શકાતું નહોતું. આ કવિઓની કવિતાઓને "પગદંડીને પથે" વિભાગમાં મૂકવી એ એમનુ અને ગુજરાતી કવિતાનું અપમાન કરવા બરાબર હતું. બેશક, આ કૃતિઓમાં પણ ઓછેવત્તે અંશે ખામીઓ હશે જ, અને છે જ. છતા–એક સારી કૃતિ તરીકે હું એને જરૂર આલેખું. એક કવિ પાસે જોઇતી શક્તિ આ કવિઓમાં છે–બેશક એનો વિકાસ અપૂર્ણ છે એટલો જ ફેર. પણ એ વિકાસ તો એમની કૃતિઓને યોગ્ય પ્રકાશન સાપડયા પછી એની મેળે જ મળી રહે

આ ઉદ્દેશથી મેં આવા બાર કવિઓનાં નામો હાલમાં મારી યાદીમાં નોંધ્યા છે. એ પ્રત્યેક કવિની ચારપાંચ કૃતિઓ પ્રત્યેક અંકમાં એક સાથે આપવી અને ટિપ્પણ આપવું. આથી વાચકને તેમજ કવિતા રસિકને એ કવિની સમગ્ર શક્તિનો આછો ખ્યાલ આવે. બીજી વાર એ કવિતા ઢગલાબંધ કવિતામાં દબાઇ ન જાય અને પ્રોત્સાહન મળતું રહી ન જાય એ બીજી વાત. ત્રીજી વાત વિવેચકો પણ એ કૃતિઓ પર લક્ષ આપી શકે. છતાં એક હકીકત સ્પષ્ટ છે કે આમ જે કવિની કૃતિઓ પ્રગટ થાય તે કવિનો વારો વર્ષમાં એક જ વાર આવી શકે. બાર મહિના સુધીની એ કવિની બીજી કૃતિઓ છાપી શકાય નહિ. આ ઉદ્દેશથી આ એક નવો જ વિભાગ શરૂ કરીએ છીએ. એક વાત ચોક્કસ છે કે આ કવિઓમાં એક પણ કવિ એવો નહિ જ આવે કે જે પાણી મૂકે. એ આવતી કાલે પ્રતિષ્ઠિત સ્થાને બિરાજશે એટલી આશા આપનાર અવશ્ય છે. છતાં એ કવિએ પણ એક વાત સમજી લેવાની છે કે એની શક્તિને પગદંડી કે બીજી કોઇ રીતે ન નવાજતાં વિશિષ્ટ સન્માનથી જોવાને આ વિભાગ શરૂ કર્યો છે. આ વિભાગમાં આવતા કવિઓ જો પ્રયત્નશીલ રહેશે–તો બેશક મારી આશા ફળીભૂત થશે એમાં મને શંકા નથી–લેશ પણ શંકા નથી. એ કવિઓ કડવી ટીકાથી માઠું ન લગાડે અને પ્રશંસાથી ગર્વ ન કરે એટલી જ વિનંતિ.

ભાઇ 'કિસ્મત'ની કવિતાઓ પડી જ હતી એટલે એમને પ્રથમ લીધા એમાં કોઇ ગુણક્રમ નથી. અહીં એમની ચાર કૃતિઓ રજુ થાય છે. આ કવિતાઓનો પ્રધાન ગુણ છે છંદની હથોટી અને ભાષાની સરળતા અને વિચારની વિશદતા. કાવ્યગુણો પણ રુબાઇઓ સિવાયની કૃતિઓ સરસ છે. કિસ્મત છંદોબદ્ધ કવિતા તેમજ ગઝલ બંનેમાં સફળ રહે છે. "તવારીખે તાજ"માં કવિએ એક નવીન વસ્તુ જ ઉપાડી છે. નણંદ ભોજાઇના વહાલની ગાથા ગૂંથાઇ છે. તાજમહાલનું ચણતર નણંદના સૂચનથી થયું છે એ હકીકત સૂચવાઇ છે. બધી જ કવિતાઓમાં ઘણી પંક્તિઓ હૃદયંગમ છે. એમની આ કવિતાઓ પર વિશેષ ચર્ચા કરવાની જગા નથી. છતાં આ કૃતિઓ પરથી એમની શક્તિનો ખ્યાલ સહેજે આવી શકશે

તવારીખે તાજ—

હું કોઈ એનાં ! · ઇતિહાસકાર,
ખંડેરમાં ના અટનો કરું તો,
કે ના નિહાળું ઇતિહાસ-સ્થાનો
વા ના શિલાલેખ ઉકેલવા મથું;
ગ્રંથાલયોમાં જ પડાવ નાખી,
પુરાવિદોનાં મંતવ્યથી જુદા
મારા અભિપ્રાય કરી પ્રસિદ્ધ
સંતોષ સંશોધનનો સગર્વ
લઈ તવારીખ-દિશા ઉજાળું
તવારીખે તાજ વિશે ઘૂમું હું. ૧૦

(ભલે ન જોયો યમુના કિનારો)
ને શોધ હું એક કરું નવીનઃ
પ્રેમાળ એની હતી શા'જહાંને,
ચાહી હતી જે મુમતાઝને યે.
સૂતેલ આજે યમુનાતટે જે,
સૂતી હતી માંદગીને બિછાને;
શાહેજહા ને ભગિની ઘડીયે
તજે ન શૈયા મુમતાઝ કેરી,
એચેન એસી બસ અશ્રુ સારે.
વસી ગઈ'તી મુમતાઝ-હૈયે. ૨૦

નિઃસ્વાર્થ સેવા નણદી તણી અને
ભાળી તણાં લોચન નેહભીનાં
જ્યારે બિડાયાં—ન કદીય ભૂલવા—
નણંદનું અંતર નંદવાયું.
તજી જહાં શાહજહાન કેરી
રે, બાહુ-હૈયે મુમતાઝ પોઢી;
એ પ્રેયસી પ્રીતમની રહી ના,
રહી ગઈ પ્રેમળજ્યોત પ્રેમની.
શમ્યા નહીં પ્રીતમના નિસાસા,
અર્પી શકયા ના સ્મરણો દિલાસા. ૩૦
ઉચ્ચારવા અંતરની દુઆઓ.
ચઢાવવા ને નજરાણે મોલા;
આરામગાહે મુમતાઝ કેરી,
એ બેન ને બંધુ સહે ગયાં હતાં.
પ્રિયા તણી કબ્ર પરે ઝૂકેલા
વિષાદના સાગરમાં સરેલા
એ શાહને શોકભર્યો અવાજે
અર્પી રહી સાંત્વન બેનડી ત્યાંઃ
'ગમ્યું ખુદાને બસ એ જ સાચું,
તો આપણો આ ગમ વ્યર્થ ભાઈ! ૪૦

આકાર દેવા દિલની વ્યથાને
ને પ્રેમને મૂર્ત સ્વરૂપ આપવા
અજોડ એવો અહીંયા રચાવો
મઝાર જે શિલ્પી-કલાધરોનું
બની રહે તીર્થ અને પ્રવાસી
બને જનો દર્શન કાજ જેના,
ના વિશ્વ ભૂલે અહીં પોઢનારને,
ભૂલે નહીં કોઈ બનાવનારને.'
ચૈતન્ય વ્યાપ્યું તવ શૂન્ય હૈયે,
ઝીલી લઈ સૂચન બેન કેરું. ૫૦

પાષાણમાં પ્રેમ ભરી રચાયો
એ તાજ શાહે યમુના કિનારે.
સ્થાપત્યનો એ સરતાજ શ્વેત,
પ્રવાસી કો કેરું પ્રવાસધ્યેય,
સૌંદર્ય-શોભા યમુના-કિનારની
એ શાયરોનું દિલચરૂપ ગીત,
એ પૂર્ણિમાનો શણગાર રમ્ય,
એ પ્રેમનું દિવ્ય, જીવંત કાવ્ય
એ તાજ, એ ગૌરવ હિંદ કેરું
એ તો—
બેની તણી ઉન્નત પ્રેરણા અને
નણંદના પ્રેમ તણો નતીજો.

રુબાઈઓ

વિસ્મરણ

જિગર ભૂલ્યું નથી તારા મિલનને,
નયન તુજ યાદ છે મારાં નયનને;
વચન કિંતુ હતાં શાં તુજ વચનનાં,
નથી એ યાદ ભૂલકણા જીવનને.

કસમ

કસમ આ ચંદ્રના, આ તારલાના,
કસમ આ રાતના, આ પૂર્ણિમાના;
તને ભૂલી ભૂલી પાછો સ્મરું છું,
કસમ મુજ પ્યારના, મારી વફાના.

બદલો

ન વીણા હું ચહું, બસ તાર માગું;
ન માગું ગીત, બસ ઉદ્‌ગાર માગું;
હું આજે મુજ જીવન-સર્વસ્વ માટે
ન માગું તુજ જીવન, તુજ પ્યાર માગું;

આત્માનું સ્વાગત

જિગર મારું હતું તમને ન પ્યારું,
કદી ગમતું નહું આયુષ્ય મારું;
ઉભયને આજ આત્માએ તર્યાં છે,
છતાં પામે ન કાં સ્વાગત તમારું?

લૂંટારા

નિશાને ચૂંદડી ઓઢાડનારા,
અને એમાં સિતારા ટાંકનારા,
તિમિરની બાથમાં એને હસાવી
ગયા ક્યાં ચંદ્રમાના લૂંટનારા?

અશ્રુ પણ નથી

ભયાનક શી ઘડી આવી પતનની,
કે અશ્રુ પણ નથી પાસે જીવનની;
નિરંતર વેદનાને સાથ આપી
મરી ખૂટી એ વસ્તી પણ નયનની.

નથી ભૂલ્યો

એ ભોળી મુલાકાતના ઉદ્‌ગાર નથી ભૂલ્યો,
એ સ્નેહભર્યો તારો વ્યવહાર નથી ભૂલ્યો.
એ રાત નથી ભૂલ્યો, એ ચાંદ નથી ભૂલ્યો,
એ આપણી નૌકાનો સંચાર નથી ભૂલ્યો.
એ ગીત નથી ભૂલ્યો, એ કંઠ નથી ભૂલ્યો;
તારાં એ નૂપુરોનો ઝંકાર નથી ભૂલ્યો.
એ રૂપ નથી ભૂલ્યો, એ આંખ નથી ભૂલ્યો,
તારો એ અલૌકિક હું શણગાર નથી ભૂલ્યો.
શું થઈ ગયું એકાએક એ તારી કૃપાઓને?
એ ક્રોધભર્યો મારો ચમત્કાર નથી ભૂલ્યો.
અપમાન તો કયારેય મને યાદ નથી રે'તાં,
કયારે ય પ્રિયા! તારાં હું દ્વાર નથી ભૂલ્યો.
'કિસ્મત'ની વફા યાદ કરી કોઈ ભગી જાજે,
નિજ હસ્તી એ ભૂલ્યો છે, પણ પ્યાર નથી ભૂલ્યો.

●

કદિ ના ઝંખેલું

નહીં કલ્પેલું કે કદીક તું જ મારી પ્રિયતમા
બની આવી જાશે જીવનસફરે સાથ કરવા,
અને મારે પંથે પ્રણય તણી સર્જી શીતળતા
બની જાશે મારી અડગ સહભાગી સુખદુઃખે.
કદી તારી સાથે લગીર નવ વાતે કરી હતી,
મિલાવ્યાં નો'તાં મેં નયન પણ તારાં નયનથી,
અટૂલી કે' વારે નીરખી હતી પંથે વિહરતી,
છતાં ના જાગેલી તુજ સહ થવા લેશ મનીષા.
ભલે ચાલી આવી મુજ કુટિર-દ્વારે સ્મિતભરી,
વસી જા હૈયામાં વિષમપથમાં હામ બનવા;
તને ચાહી નો'તી હૃદય-તલથી કાબ્યરમણી!
અજાણી ના તોયે લગીર તુજ કાં પ્રીત દીસતી?
કદી ના ઝંખેલા તણી થઈ જતાં પ્રાપ્તિ સહુને,
ન કાં જન્મે એના પ્રતિ જીવનમાં ગાઢ મમતા?

વિખ્યાત કવિ યુગલની પ્રેમકથા

મસ્ત ફકીર

જગતના તમામ પ્રેમ કિસ્સાઓમાં સૌથી ભવ્ય પ્રેમ કિસ્સો ઇંગ્લેન્ડના એક મશહૂર પ્રેમી-યુગલનો છે. બન્નેની દૃષ્ટિ મળી તે પહેલાં બન્ને એકબીજાંને એમની સર્જન-પ્રતિભાથી પિછાનતાં થયાં હતાં.

રોબર્ટ બ્રાઉનીંગે કવિતા લખવાની શરૂઆત કરી હતી એલીઝાબેથ બેરેટ પણ કાવ્યો લખતી. બન્નેનાં મિત્ર મારફત રોબર્ટ અને એલીઝાબેથને એકબીજાનાં કાવ્યોનો પરિચય થએલો. પરસ્પર થોડો પત્રવ્યવહાર થએલો અને પછી એ મળ્યા અને એ કવિ તથા કવિયત્રીનાં દિલનાં તાર ઝણઝણી ઊઠ્યા!

રોબર્ટ બ્રાઉનીંગનો જન્મ ૧૮૧૨માં કેંબરવેલ ખાતે થયો હતો. એ બહુજ સ્ફૂર્તિવાળો અને અત્યંત તેજસ્વી યુવાન-હતો. જરા ફેશનેબલ પણ હતો. એલીઝાબેથ તેના કરતાં ૭ વર્ષ મોટી હતી. બાલ્યપણમાં ઘોડેસવારી કરતાં તેની કરોડનું હાડકું ભાગી ગયું હતું અને તે વર્ષો સુધી પથારીવશ રહી હતી.

એલીઝાબેથના પિતા મી. બેરેટ એ અશક્ત અને અપંગ થઇ ગયેલી છોકરી ઉપર ખૂબ મમતા રાખતો હતો પણ એલીઝાબેથને જાણે એ કેદી હોય એ રીતે પોતાના માંદગીના ઓરડામાં પડયા રહેવું પડતું હતું. એલીઝાબેથનું શરીર ભાંગી ગયું હતું પણ તેના મનની ચંચળતા તેમજ તેની કાવ્ય પ્રતિભા જરાય નબળી પડી નહોતી. એનાં કાવ્યો કોઇ કોઇ શિષ્ટ માસિકોમાં અથારનવાર દેખાવ દેતા અને એ જમાનાના સાહિત્ય સ્વામીઓની પ્રશંસા પામતાં. રોબર્ટ બ્રાઉનીંગના કાવ્યો પણ એ જ અરસામાં બહાર પડયાં હતાં રોબર્ટ અને એલીઝાબેથને એકબીજાના કાવ્યો વાંચતાં અરસપરસ આકર્ષણ થયેલું.

રોબર્ટ પહેલવહેલો એલીઝાબેથને મળવા ગયો ત્યારે પોતાની માંદગીના ઓરડામાં એલીઝાબેથ સૂતી હતી. એ બ્રાઉનીંગ સામે જોઇ રહી. આંખોએ જ એક બીજાના આત્માને પિછાન્યો. આ એમનું પહેલું મિલન હતું. છેલ્લા મિલન વખતે પણ ઇટાલીમાં બ્રાઉનીંગના હાથમાં જ એલીઝાબેથે જરા સંતોષનું સ્મિત કરી છેલ્લો શ્વાસ લીધો.

એ પહેલી અને છેલ્લી મુલાકાત વચ્ચે ૧૬ વર્ષના અદ્‌ભુત પરિણિત જીવનનો આખો ઇતિહાસ આવી જાય છે. છેવટ સુધી બન્ને પ્રેમી જ રહ્યાં હતાં જંગલી કે બનાવટી પ્રેમને, હવસ કે વિલાસને આ બે ભવ્ય આત્માના જીવનમાં જરા પણ અવકાશ નહોતો. પહેલવહેલી એલીઝાબેથને રોબર્ટ બ્રાઉનીંગે જોઇ ત્યારે એ સદા માંદી પણ અત્યંત તેજસ્વી પ્રતિભાશાળી યુવતિને સુખી કરવા, તેને માંદગીના ઓરડાની જેલનાંથી છોડાવવા રોબર્ટે નિર્ધાર કર્યો.

બ્રાઉનીંગ માનતો હતો કે એલીઝાબેથ લગ્ન કરે. દક્ષિણના પ્રદેશની સૂર્યવાળી અને સૂકી હવામાં જાય તો તેને તંદુરસ્તી પાછી મળે. રોબર્ટે એલીઝાબેથના પિતા મી. બેરેટ પાસે એલીઝાબેથના હાથની માંગણી મૂકી. એ માયાળુ બાપે પોતાની સંભાળ હેઠળથી દૂર જાય તો ન જ જીવી શકે એ ખ્યાલથી બ્રાઉનીંગની માંગણી નકારી. પ્રેમીઓ પિતાની આ નડતરથી જરાય દિલગીર ન થયાં. રોબર્ટે એલીઝાબેથની રજા લઇ લીધી. બંને જણા છૂપી રીતે લંડનના એક દેવળમાં જઈ પરણી આવ્યાં. અને ત્યારપછી મી. બેરેટની નજર ચૂકવી બંને જણાં ઇટાલી પહોંચી ગયાં અને ત્યાં ૧૬ વર્ષ તેમનાં બહુ જ સારાં ગયાં.

રોબર્ટ એલીઝાબેથને સુખી કરવા અને તેને તંદુરસ્ત બનાવવા માગતો હતો. બન્નેનાં લગ્નથી એ બન્નેની કાવ્યપ્રતિભા ખૂબ ખૂબ ખીલી. એકલા

અજબ પઠાણ

ગુણવંત જોશી

ધારે તો તે શયતાન બનેલ ઇબ્લિસ જેવો પોતાનો ચહેરો રાખી શકતો, પણ તેના ચહેરા પરથી તો અતિશય પવિત્ર, એટલી બધી પવિત્ર જિંદગી ગાળી હોય કે તે જિંદગીથી કંટાળી છેવટે પવિત્રતાનો નાશ કરવા કટિબદ્ધ થયો હોય એવો મનુષ્ય લાગતો ને કહેતો, 'એ બધું સરખું છે; મને એની કૈં નથી પડી.' અને આનો અર્થ શું હશે તેની તો તેને ખબર અવારનવાર-દૃષ્ટિએ પડે ત્યારે તે સ્વચ્છ ને આંતરિક સ્વસ્થતાવાળો લાગતો. તાજી જ હજામત કરેલો તેનો ભરાવદાર ચહેરો જોતાં તે કોઇ સાધુ જેવો લાગતો. રેશ્મના ચોપાનિયાં જોતો કે ઘોડાનાં નામ ઉચ્ચારતો. તે ગમગીનીભર્યું હસ્યા કરતો.

જાતે કેવો તે તો ખબર નથી. એની જાત સાથે મારે કૈં નિસ્બત હતી નહીં. મેં એ બાબતમા કશો પ્રશ્ન પણ નહીં પૂછેલ, હતો તો સીગારેટ શોખીન પણ પૈસે ટકે હંમેશાં ખાલી. મારી પાસે સીગારેટનો સારો જથ્થો હતો. કોઇ પાસે તે સીગારેટ માંગતો નહીં-ખરું પૂછો તો મારી પાસે પણ કોઇ દિવસ તેણે માગણી નહીં કરેલ. હું તેને એકાદ પાકીટ કે બીડીની ગુડી આપી દઉં. એમ મૈત્રી જામેલી. કાયમ માટે અને ખાસ કરીને હજામત કરાવી હોય ત્યારે તો તેના દુઃખ છવાયેલા ચહેરાથી ઇબ્લિસ જેવો લાગતો. એકાએક વાળ કરી જતું. દાઢી મુંડવી બંધ રાખે-બંધ રાખે રાખે તે બે ત્રણ અઠવાડિયાં સુધી.

તેની ગરીબી મને દુઃખજનક થઇ પડી. બને ત્યાં સુધી બને તેટલી મદદ કરવાનો મારાથી જાણ્યે અજાણ્યે નિશ્ચય થઈ ગયો. રેશ્મકોર્સ પરથી નજદિકમાં આવેલ પતરાંની ઝૂંપડીમાં આવેલી એક ભંગાર હોટલમાં પૈસાનો 'સીંગલ' ચા પીવા અમે જતા-અને ત્યાં કમા ઘોડા રમવા તે તેને હું પૂછતો. એટલે જીતું તો તેને ગૌરવહાનિ કર્યા સિવાય પૈસા આપી શકું. પણ તે ઘોડા ભાગ્યેજ જીતતા પરિણામે શરતના રેટાલમાં, તે અર્ધ ગાંડાની જેમ બબડતો ફફડતો વ્યગ્રતાથી આંટા મારવા માંડતો.

હતો ચાળીસ-પિસ્તાળીસ વરસનો પણ લાગે જુવાન. પડતી દશામાં હતો પણ ચહેરાગોહરા પરથી તેનું વ્યક્તિત્વ દુર્ધર્ષ લાગતું. સ્થિતિ હતી ગરીબ પણ તે તો કોઇ ભૂલ કે અકસ્માતથી ઉત્પન્ન થઇ હોય તેમ લાગતું. ખરી રીતે તો તે માણસ જાત પર હુકમ કરવા જન્મ્યો હોય તેમ દિસતું હતું. જબરું વ્યક્તિત્વ. પૈસાના અભાવે જે દિ' તેને ફૂટપાથ-પર સુવાનું આવતું તે દિ' મારે જુગારખાનામાં જવું પડતું. ઘોડા કરતાં પાનામાં હું નસીબવાળો નીવડતો. જો જીતતો તો હાથમાં રૂપિયા-બે રૂપિયાની નોટનો કટકો કોઈ ન જુવે તેમ સરકાવી દેતો. તે કશું ન બોલતો, હુંય કશું ન બોલતો જાણે કૈં બન્યું જ નથી કોણ જાણે કેમ મેં આપેલ પૈસા જુગાર રમવા માટે નથી આપ્યા તે તે જાણી જતો ને બીજે દિવસે સવારે તેને, જોતાં જ મને ખબર પડી જતી કે બિરાદરને સુવાખાવાની સગવડ ગઈ કાલ રાતે મળી છે.

દરરોજ, મહિનાઓ સુધી અમે આમ મળતા અને ઘોડા વિશે વાતો કરતા-તેના જેવા બીજા ડઝનેકોને હું ઓળખતો. પણ શૈલીઆ-એક બીજાનું નામ કોઇને કહેવું નહીં ને નામ કોઇને જણાવવું-પૂછ્યું નહીં. હું તેને પઠાણ તરીકે મનમાં સંબોધતો ને ત્યાં ઓળખાણ પૂરી થતી.

સ્થિતિ ખરાબ થતી વિષમ બની. અમારી ટોળીની હાલત ચીંથરેહાલ થઇ ગઇ, બેગો હું ય છેલ્લે બે રૂપિયા લઇ રમવા માટે રેટાલમાં ગયો ત્યારે પઠાણ કોઇ સાથે ઘોડા સંબંધી વાત કરી

હતો. અમારી આર્થિક પરિસ્થિતિ સુધારવાનો તેને એક કીમિયો જડ્યો'તો, પણ તેને જણાવતાં તેને દુઃખ થતું હતું. ચોરી કરવા વિચાર કરે તેવો એ આદમી નહોતો; ગમે તેમ પણ તેનો વિચાર રમ્ય નથી એવું તો તેના ચહેરા પરથી લાગતું હતું. છેવટે તેણે મને બોલાવ્યો, એ સ્વરમાં કંઈ એવું હતું કે એકદા આ કોઈ ગૌરવશાળી પ્રતિભાવન્ત, સારા દિવસો જોયેલો માણસ હતો એમ જણાઈ આવ્યું. ડોર્સ બહાર આવી, પોતાની વાત સાંભળવા તેણે મને વિનંતી કરી. કેટલો વિવેક! કેવી નમ્રતા! છતાં કેવી છટા! અમે એકલા પડ્યા એટલે ખીસામાંથી તેણે એક પાકીટ કાઢ્યું.

વેદનાથી તેનો ચહેરો ફિક્કો-નિર્જીવ લાગતો હતો. 'મારે તમારી સાથે એક કામ છે', તેણે કહ્યું, 'શું કરવું તેનો મને કંઈ ખ્યાલ નથી, મારી પાસે તો આ એકજ વસ્તુ છે. બાકીનું તમારા પર છોડું છું. આથી વિશેષ મારું ગજું નથી. આના પરિણામે થોડાઘણા પૈસા આપણને મળે તો સારું.'

તે મારી સામું જોયા સિવાય નીચું ઘાલી બોલતો હતો. વાત સાંભળતા થયું કે આ માણસના ગૌરવાન્વિત જીવનમાં ધૂળ મેળવનાર હું કેટલો અધમ છું.

'મિલકત, આબરૂ, જે ગણવું હોય તો આ છે સાવ ગંદાં ચિત્રો કોઈ હલકા કોટિના ચિત્રકારે દોરેલાં. તમે કહો તો દશ દશ આને વેચી નાખું. એક ડઝન મારી પાસે નીકળશે.'

મારી જાત તરફ નફરત ને પડાણ તરફ અનુકંપા ઉપજી. અમે વાતો કરતા આગળ ચાલ્યા. મને કંઈ સૂઝતું નહોતું. તમને નવાઇ લાગશે પણ પડાણને મારે એકજ વસ્તુ કહેવાની હતી કે બધું સહન થશે પણ તારો ગૌરવભંગ થાય તે મારાથી સહન થાય તેવું નથી. મારે તેને એ કહેવું હતું કે તારું મન ના પાડે એવી કોઈ વસ્તુ દુઃખી થઇને કરતો હું તને જોઇ શકું તેમ નથી. ને હું અત્યારે દેવાળિયો, ઘરબારહીન, ભૂખ્યો, વેદનાથી રીબાતો બની ગયો છું એવું ભાન તેને થયું ન હોત તો તે પોતાને માટે કશું કરવા તૈયાર નહોતો તે હું મારી પેઠે જાણતો હતો. ચાલતા ચાલતા અચકાઇ અમે ઊભા રહ્યા. મારો કંઠ રુંધાઈ જવાથી બોલી શકું તેવી સ્થિતિમાં નહોતો. મારો દેખાવ પણ ખૂબ કરુણ લાગતો હોવો જોઇએ કારણ કે, છેવટે, તેણે જ કહ્યું; "સલામાલેકુમ, આપકા અહેવાલ મંદ હું. શુક્રિયા." ઇસુને જેવું સ્મિત કરતો ચિત્રકારે આલેખ્યો છે તેવું દયાભર્યું નિર્મળ સ્મિત કરી તે છૂટો પડ્યો. ચાલતાં, થોડે દૂર, એક દુકાન આગળ પડેલ રાતા ટીપમાં ખીસામાંથી પેલું પાકીટ કાઢી મને બતાવી નાખ્યું ને પછી ઝપાટાબંધ ચાલવા માંડ્યો તેના પગની સ્ફૂર્તિ જોતાં મને થયું કે ચાલતાં ચાલતાં તે વિચારતો હશે કે, 'ચાલો ઠીક થયું જોવો ગણેતેવો પણ મેં તેને મદદ કરવા પ્રયત્ન તો કરી જોયો, હવે છૂટયા.' રસ્તા પર કામ કરતા દાડિયા અને મજૂરોના ટોળામાં તે વિલુપ્ત થયો. ત્યારે ય હસતા ઇસુનું ગૌરવ તદ્દન ખંડિત નહોતું થયું. હજુ તે તેનો તે જ હતો-અજન્મા, અણનમ, ગૌરવવન્ત, અજયક.*

*William Sanyanની The man with the French Post Cards નામની વાર્તા પરથી.

ગુલે ચમન

'ભ્રમર'

બિહારનાં લોકગીતો

(શ્રીમતી માયાગુપ્તાના બંગાળી લેખને આધારે)

બિહારની સ્ત્રીઓ 'કરમા' નામક એક ઉત્સવ ઉજવે છે. એ પર્વ ભાદરવા મહિનામાં આવે છે. ભાદરવા સુદ અગીઆરસે સ્ત્રીઓ આખો દિવસ ઉપવાસ કરે ને કરમવૃક્ષની શાખાની પૂજા કરી બહેન, ભાઈના મંગળ માટે પ્રાર્થના કરે. એટલે આ 'કરમાપર્વ'નાં ગીતોમાં ભાઈબહેનના મંગળ પ્રેમનું આલેખન થયું છે. રાત્રે જાગરણ કરવાનું હોય ત્યારે બધી સ્ત્રીઓ ભેગી મળીને ગીત ગાય છે. બહેન ગાય છે.

"ભરિ ભાદો ફૂટલે ફૂલોયા ખેલાંજન.
ઘોડા ચઢકે આવે મોર ભાઇઆ
અહે—સબહિ કે ભાઈ આ"

"ભર્યો ભર્યો ભાદરવો મહિનો છે, બેલાફૂલો ઠેરઠેર ખીલ્યાં છે—મારો ભાઈ ઘોડા પર ચઢીને આવે છે—પણ મારો જ શા માટે, બધાનો ભાઇ ઘોડા પર ચઢીને આવે છે." આમ નાયિકા માત્ર પોતાની જ વાત નથી કરતી, પણ પોતે બધી બહેનોની વતી બોલે છે. એટલે મારો ભાઇ આવે છે એમ કહ્યું તો ખરું પણ તરત જ પોતાની ભૂલ સુધારે છે. નાનપણમાં ભાઇબહેન બેલાફૂલે રમતાં, પણ એ બાલિકા-બહેન તો માતા થઇને બેઠી. ભાઇ તો નાનો છે; ભાઇ આવીને પહેલાંની જેમ બહેનને કહે છે,

"હે હૂ હે બહનિ,—ફૂલોયા બેલાંજન હે"

પણ બેન કંઇ હવે રમવા જેવડી છે? એ ભાઇને પોતાની સ્થિતિ સમજાવતાં કહે છે કે:—

"કૈયસે લિઉ હે ભાઇયા ફૂલ બેલાંજન
મોરે ગોદે બાલક ગદાધર."

"ભાઇ, હું ફૂલની રમત કેમ કરી શકું? મારી ગોદમાં તો બાળક ગદાધર છે." આમાં હજી રમવા જેવડી છે, રમવાના કોડ જેના પૂરા થયા નથી, જેને યુવાની જરા આવી નથી, તેવી બાળમાતાને રમવાની ઇચ્છા પુત્રની માતા થતાં પરાણે દબાવવી પડે છે તેથી એને થતું દુઃખ ઋજુતાથી વ્યક્ત થયું છે. પણ બાળક ભાઇને કંઇ બાળક ગદાધર નડતર નથી લાગતો, એટલે એ બહેનને કહે છે.

"બાલક સુતાઉ બહનિ—સોનાકે ખાટોલ મેં
લેહિ લેહુ ફૂલ બેલાંજન"

"બાળકને સોનાના પારણામાં સુવાડ ને તું ફૂલ બેલાંજન લે." ભાઇને બિચારાને શી ખબર કે હવે બહેનથી એના છોકરાને મૂકીને રમવા ન જવાય!

બીજું મહત્વનું પર્વ છે 'તીજપર્વ'. એ પર્વ પણ ભાદરવા મહિનામાં આવે છે. એ ટાણે આખો દિવસ ઉપવાસ કરીને રાત્રે બધી મોહાસણ સ્ત્રીઓ મળી જાગરણ કરે ત્યારે ગીતો ગાય, નૃત્ય કરે, પૂજા કરે ને બ્રાહ્મણ પાસેથી કે કોઇ વૃદ્ધ સ્ત્રી પાસેથી પર્વની કથા સાંભળે. એ 'તીજપર્વ'માં નીચેનું ગીત પ્રચલિત છે,

"મહાદેવ ભીંજેલો થૈયા થાકિતો રે રામ
ગૌરીકે શિરે નાહિ પાની રે."

"મહાદેવ વરસાદથી ભીંજાઇને તરબોળ થઇ ગયા છે, પણ ગૌરી તો આટલું આટલું પાણી પડ્યું તોયે સાવ કોરી રહી ગઇ."

ગીત આગળ ચાલે છે તેમાં આમ કેમ બન્યું તે સમજાવતાં કહ્યું કે:—

"બારિ પઈસિ કે કઉર નાહિ ભાંગલું હે રામ
ઓહિ વિધિ શિરે નાહિ પાનિ પાનરે."

"ગૌરીએ અસાવધપણે ચાલવાથી ઠેસ વાગતાં બાજની તાજી ફૂટેલી કુમળી કુંપળોને કચડી નાંખી નથી" ને

"શાશીકે નિપવા પેરે નાહિ ધરલું
બરો જોહ કે તુકાર ના મારલું હે રામ
ઓહિ વિધિ શિરે નાહિ પાની રે."

"સસરાએ ગાયના છાણથી લીંપાવેલી લીલી ભૂમિને પગલાં પાડી એણે લીપણ બગાડયું નથી ને જોહનું કે એવા મોટેરાઓની સામે એ ઊંચે સાદે બોલી નથી, તેથી ગૌરીનુ શિર કોરું રહ્યું" અહિં ગૌરી એ સ્ત્રીઓનો આદર્શ છે, સુશીલ સ્ત્રીઓ માટે શુ નિષિદ્ધ છે તે દર્શાવ્યું છે. આ રીતે ઉત્તમ ને અધમને પોતાની કરણીનું ફળ મળે છે તે દર્શાવવા મહાદેવ ભીંજાયા ને ગૌરી કોરા રહ્યા એમ જણાવ્યું છે.

ત્રીજું મહત્વનું પર્વ છે 'છઠ'પર્વ. એ પર્વમાં બે દિવસ ને એક રાત્રી ઉપવાસ ચાલે છે એમાં ઠંડા પાણીમા ઊભા રહીને સૂર્ય દેવતાને અર્ઘ્ય આપવાનો હોય છે. પ્રથમ અર્ઘ્ય આથમતા સૂર્યને આપવાનો હોય છે, બીજે ઊગતા સૂર્યને. કારતક મહિનાની સાંજે અને સવારે ન્હાતી વખતે એ અર્ઘ્ય આપતાં સ્ત્રીઓ ગાય છે કે:—

જોડે નારીયારે જોજલિ સોરી નૈયા
કે નૈયા પાર ઉતારે હે—
રામ બૈવૈયા કૃષ્ણ જોજ રૈયા
હરિકૃષ્ણ પાર ઉતારે હે.

"સ્ત્રી હાથ જોડે છે ને પૂછે છે કે મારી ભારે જોજવાણી નાવડી પાર કોણ ઉતારશે ? રામ થશે બૈવૈયો ને કૃષ્ણ ભાર ઉપાડશે ને એમ મારી નાવડી પાર ઉતારશે." પછી કહે છે

સાસુ કે જનમલ દેવરકજ્જ રહતૈ રે
હાસતે ખેલતે નૈયા પાર હે.
માઇઆ કે જનમલ ભાઈઆ જજ રહતૈ રે
હાસતે ખેલતે નૈયા પાર હે."

"સાસરામાં દિયરની જોડે હસતાં ખેલતાં મારી નાવડી પાર જાય એવું કરજો."

ભાઈનું જે સ્થાન પિયરમાં છે તે સાસરામાં દિયરને આપ્યું છે.

ચંદ્રકાન્ત મહેતા આ. પ. ૫

કવિતા કોઇનું સર્જન નથી, એ તો સ્વયંભૂ છે. હૃદય એનુ ઉગમસ્થાન છે; ઊર્મિ એની પાંખ છે; અને અનંત અવકાશમા એનું ઉડ્ડયન છે, કહેવાતો કવિજન માત્ર સપાદક જ છે.—નિર્ભય

જીવન જાણે સ્વપ્ન સમું—
ને શેષજીવન અવશેષ સમું.

—શરદ જોષી



પગદંડીને પંથે

રમેશ પટેલ

'પગદંડી'માં મૂકવાનાં કાવ્યો એટલાં બધાં થઈ ગયાં છે કે એ દૃષ્ટાન્તમાં 'પગદંડી' પર મટીને મોટો માર્ગ જ થઈ જાય. છતાં જેમની કૃતિઓ લેવાનું મેં સ્વીકાર્યું એમને કોઈ પણ સંસ્થાન તો આપવું જોઈએ. ત્રણ ચાર મહિના સુધી આ દૃષ્ટાન્ત રહેશે. આ કૃતિઓ ઘણી ખામીઓ ભરેલી છે-છતાં એ કૃતિઓના કવિઓને છેડ્યું નિગમ કરવા જેવું નથી. પ્રોત્સાહન ખાતર અહીં કૃતિઓ લેવાઈ છે. અહીં આ અંકે વિગતવાર ટીકાટિપ્પણ કરવાની જગા નથી. આવતા અંકોમાં મુનશીની સમીક્ષા આવશે. છતાં ઉલ્લેખ કરી લઉં કે ધૂળધોયો, રાત જાતી નથી, ઝાંઝર જળ, જવાબ, એ કવિતાઓ ધ્યાન ખેંચે તેવી છે. એમાં કવિઓ સહેજ સંભાળ લે તો આજ કૃતિ વિશેષ સારી થાય.

ધૂળ ધોયો

અરુણ આભે પગથી ભરે જ્યાં
એ નિત્ય આવે જ અચૂકરે ત્યાં,
બાપીકું ધંધો નિજ વડવાઓ સોંપ્યો
ના ચૂકનો એ કદિ ધૂળધોયો.

આનંદોથી લહેરિયા લેતી હરખ સૂપડી
મહીંને ગીત લલકારી મોડનો નિજ ઝૂંપડી.

પારેખ દ્વારે પથરાઈ ધૂળ જે
રમી રહે રોજ કૈલેશ બાળને,
વાળી ઝૂડી આંચર લાલ ખૂણા
સુવર્ણકણો ધૂળમા સુજે કંઈ

તલાવડી તીરે આવી, દાટયો કોટ ઉતારતો
આરંભી પ્રીતથી કાંઈ સ્મિતમુખે છલાવતો.

કોશલ્યથી માટક દેવ ધામે
ઉરાડતો જે કચરો નકામો
ને ચાળણીથી રજ ગાળી ગાળી
ચોખ્ખા જસે પોતણ દે ઝબોળી

પાણીને પરમેશ્વો એ એક હરી પ્રબંધથી
પામતો હરખાં સાંજે કોક સોનાતણી કણી.

સુવર્ણ થી તેજ છોળો ઉછાળતો
અરુણ સાંજે મલકી હસી જતો
ત્યજી સાંજ ટાણે રજ એ સુવર્ણી
મૂકે ભરી હરતે, સુવર્ણની કણી!

આજ છૂટયાં રટિન તે જ હરતે રજ ઝબારતાં
હરતે ઝબ્યાં હાસ્ય તે જ ઢંગે જાય હસાવતાં

નિશાળ જતાં શિશુ સૌ આગે ત્યાં
થંભી જતાં નીરખવા સુવર્ણ જ્યાં.
અમે બચૂલા નયને નિહાળી
દયેલીમાંની રજ એ છૂપાવી
વિમાસતાં "ધૂળ મહીં સુવર્ણ છે!"
અન્યોન્ય પ્રશ્નો સહુ એ જ પૂછે:
"અરે જ શું ધૂળ મહીં સુવર્ણ છે?
મને થતું આજ "હશે શું કોઈ
રહે ઝબાવી સત સૂપડીથી
ઉદોગે ચડયાં જે ઉર માનવીનાં!"

ધૂળથી દંકાયેલાં માનવી ઉર-રત્નને
કરે પ્રકાશવંતા કો, જેવા ત્યાગ પ્રયત્નથી!
ધૂળ ધોયો અહીં આવે સર્વ વિવેકથાળણી
માનવી અંતરે શું ના ઝબાવે મોજલી કણી!

ગઝલ

ફોરમ રૂપે તું ફોરે છે પુષ્પ-પાંખડીમાં,
કાં દે ન દિવ્ય-દર્શન જિજ્ઞાસુ આંખડીમાં-૧

હસ્તી હસે તમારી, મસ્તી રડે અમારી,
રોતાં ન કાં હસાવો, આવો ન અબઘડીમાં ?-૨

હું ઝંખું છું, ન આવો, શાને સતાવી જાઓ ?
હું કે ન કો તમારો આ વિશ્વવાડલીમાં.-૩

આંસુ કહે ન એને મસ્તીનું માન મોતી,
કો વીરલા ગૂથે એ દિનરાત આવલિમાં.-૪

તે છે કિરણ કળાનું, ને છે કળા કિરણની,
ચમકાર થઈ ચમકતો રૂપેરી ચાંદનીમાં.-૫

હીરાઘસુ, નયનના આ બે હીરા ઘસીજા,
કે જોઉં દિવ્યદર્શન તારું ગલીગલીમાં-૬

ઉપદેશ દેશદેશે દેશે, અસર ન કોકે,
મુરલી કહી અપી છે મધુમિષ્ટ બંસરીમાં ?-૭

તે જાણતી કે મારો શૂરવીર પુત્ર થાશે,
જન્મ્યો, પરંતુ જંતુ તે બીકતી કળીમાં.-૮

મન મોત શું ઝઝૂમે ધરી હામ વીર-હરિયે,
તૂટી લગામ, કૂદ્યો તે અશ્વ દિલ્લગીમાં.-૯

જાલીમ જુલમ નહીં કર, ગણ રંકને ન કંકર
મચ્છરથી મોત, મોટા માતંગનું ઘડીમા.-૧૦

મીઠાં અતિ થશો તો લોકો ગળી જશે સૌ,
કડવો અતિ થશો તો કરશે થુથુ ઘડીમાં.-૧૧

જાસૂસ વિનાયના તેં કેમ 'પવાર' વાર્યા,
કયાંથી પ્રમાદ પેઠો, આજાદ છાવણીમાં ?-૧૨

અંદેરાવ માનાજી પવાર

*

વિમો એ જીંદગીની

જરૂરિયાત છે

પણ

કયાં ઉતારવો તે જ પ્રશ્ન છે.

જે સંસ્થાની મોટી
થાપણ છે વિશ્વાસ
ઉત્પન્ન કરે એવી
હાયરેકટરોની બોર્ડ છે
-જેની કાર્યપદ્ધતિ
ઝડપી અને વ્યવસ્થિત
છે-એવી જ કંપનીમાં
વીમો ઉતારવો જોઇએ.

સત્તાવાર થપણ રૂ. ૧,૦૦,૦૦,૦૦
બહાર પડેલી રૂ. ૫૦,૦૦,૦૦૦
ભરપાઇ થયેલી રૂ., ૨૫,૦૦,૦૦૦

જીંદગી—આજ

દરિયાઈ—અકસ્માત

જયભારત

વીમા કંપની લિ.

૨૨, એપોલો સ્ટ્રીટ મુંબઇ

"કાં ભૂલી જાય."

મનવા કૃષ્ણ ને કાં ભૂલી જાય,
સુખદુઃખ આવી વહી જાય...મનવા.
દીપક આપે છે અજવાળું,
અંધારું તેલ ખૂટેથી થાય...મનવા.
પથિકાશ્રમ જેમ નગર માંહી છે,
મુસાફર એક આવી બીજો જાય...મનવા.
ખીલી પ્રભાતે પુષ્પકલી જે,
મધ્યાન્હે કરમાય .....મનવા.
કામ, ક્રોધ, લોભને તારા,
તે ભજતાં દુઃખ જાય...મનવા.
"કનક" પ્રભુના ચરણ કમળથી
ભવ સાગર તરી જાય.. મનવા.

લેખિકાઃ ગં. સ્વ. કનકકુંવર
(રાણી સાહેબ માળીયા).

ઝાંઝવાનાં જળ

સૌ યાતના મૂક મને સહીને,
ને હાસ્ય વેરી જગ જીવવાનું;
બલાવીને જીવન-જ્યોત આંહીં,
એના પ્રકાશે બસ દોડવાનું!
શું ભાગ્યને દોષ દઇ દઇને,
ગુલામીમાં છે સુખ માનવાનું?
એકાંત ખૂણે ચખ અશ્રુ સારી
આયુષ્યનું દર્દ ભૂલી જવાનું?
મુઝાઇ રેલા ઉર-પુષ્પને આ,
આશા તણા સિંચન સિંચવાનાં;
ધીખી રહેલી કટુ જિંદગીને,
નિ શ્વાસથી મથન હારવાના!
અદીઠ આયુ પથ કાપવાને,
આ ઝાંઝવાનાં જળ છે પીવાનાં!!

રમણલાલ વ્યાસ

ચિંતનની ધન્ય ક્ષણે—

પણે ગગનાંગમાં વિજયવંત ભાનુ તણા
ઉડા પૂજન કાજ, કોડ અતુલે, ધરી પૃથ્વીના
ભર્યા કનક થાળથી કંઈ ગુલાલ-કંકુ હજે
તળાવ જળ લાલ લાલ અહીંઃ ઓકળી પાડીને
પટુપ્રકૃતિએ પણે વિસ્તૃત ગોઠવી ટેકરી
દૂરે બળદ, ગાય બે, મનમૂકી ચરે સીમમાં,
પ્રલંબ લલકારતા ભજનિકો અહો આજ કાં;
હૃદય મર્મ ભેદી જતા!
થયા કમ દિગંતમાં રવિ ઉગી, ગયો આથમી!
અને દિવસ આજનોય મુજ અસ્ત થાતો હવે!
કલાક-દિન-વર્ષ, ભાવિ સહુનું જશે આમ શું!
કર્યો સહન ના વિરોધ પ્રતિપક્ષીનો, ના ગમ્યાં
વખાણ મુજ, આપ્તનાં-ખુદ સ્વજાતનાં શાંત મેં
ન સાંખ્યું તલમાત્ર યે અજગતું મુરબ્બીપણું.
હવે-ઉઘડતી વયે-ખટકતું મને કે જગ
થયા સ્થિત નથીઃ થતી ગતિ વિષે કશે છે ત્રુટિ
તદા જનાબંધો, નિયમિતપણું સૌમ્ય-કમથી,
ઇષાયા સ્વચ્છંદો શરીર મનના સૌ જગવીને,
જુબાનીને તાને પ્રબળ ઉર તંત્રી બજવી લોઃ
—તમા નવ જરા, તણી જરીકે વર્તમાને હવે.
ઝંઝાવાતે, વિટપજૂથ કે પર્વતે પથ્થરો ના,
રેતી કેરા રણકણ વિશે, ને ભૂભંગે વીજોના
ભૂકંપે વા પવન ઝડીએ, ધૂમ્રગોટે છૂપેલું
જ્યાં હો ત્યાંથી, ઉતરી પડને આધીનું રૌદ્રરૂપ.
આવોરે જડતા જૂની, પડરિપુ ને પાપવી વૃત્તિઓ,
બીજેથી હડધૂત થૈ કૃશ બન્યા શૈતાન આવો, જુઓ
દંભી, સ્વાર્થભર્યો, હું તોય ઉજળો, ધન્યક્ષણે થાયું કે
ડહોળાતો દો મુજ ચિત્ત આ રસકસો ક્રાંતિ તણા ખાતરે.
સંક્રાંતિ કાળેરા આ ઉરસાગર મંથને
શક્ય કે લાધશે હાય, સુષુપ્ત શક્તિ રત્નો.

પ્રશાંત

જ વા બં

મારાં ગુંજન બંધ કરું શું ખરે?
તારી કલ્પના કેટલી ક્રુર અરે!
પૂછું આજ ઉછાંછળો થૈ તુજને, કયમ ભાઈ પૂછેઃ "કવિ કેમ ગમે!"
તુજને ન ગમે? શું મને ન ગમે? પણ પ્રશ્ન પૂછી પૂછી તું શું ચહે?
કવિતા રસ, સંગીત, જ્ઞાન વિના,
નથી રે! જડ જીવન ભોગવેવાં.
ભલે લાખ ગરીબની જિન્દગી આજ હલ્લર ધનિકોને હાય રમે,
ભલે લાખ ગુલામ દુઃખે ટવળે, કારાગાર તણી નાની કોટડિયે!
એના ક્રંદન કોણ નહિ રે! સૂણે?
અલ્પા નેત્ર સમક્ષ બધુંયે બળે!
ભલે શાયરી છે, લવરી છે ભલા! કવિતા અમ, એ જલતાં જીવને,
તદપિ ઉર ઊર્મિ ચઢે ને પડે, તું કહે નવ તેથી જ થંભી શકે,
ભલે માનવી પુષ્પ નથી ખીલતાં,
પ્રભુહિન આકાશ ઝરે તણુખાં;
ભલે બંસરી, બોલ દિલા પ્રભુની તારે માટે વિહાસનું ગીત કથે,
પ્રભુ, જીવન, પ્રાણ. પ્રફુલ્લ ઉમેદ ને કાવ્ય કદાપિ ન હાંસી ચહે
નવ બન્ધ થયા, નવ બન્ધ-થશે!
કદી કાવ્ય શું ભાખરી દૈન્ય શકે?
તારા વિશ્વની જે દિ' ક્ષુધા સમશે, ગુજ કાવ્ય શું તે દિ સ્ફુરી શકશે?
આજે ગીતઝરે, ફૂલ તારકના મારે માટ આ ધન્ય પ્રભાત ઊગે.
મારાં ગીત ન મંગલ હોઇ શકે?
શું પ્રચારને ક્રાતિજ શાંતિ રચે?
ગમે નીલ આકાશની સુન્દરતા, ખગકૂજન, ફૂલપરાગ ગમે;
નિત પ્રકૃતિ બ્હાર નિહાળવાથી મારું જીવન ઉન્નત ધન્ય બને;
મને સાગર અંક સુવાનું ગમે,
નદી ગીતથી તો ગીત ગુંજી ઊઠે!
કવિતા, કવિતા રહીને જ જીવે; નવ જુલ્મ કે ભૂખ હટાવી શકે.
જે દિ' જુલ્મીના અંતરમાં કવિતા ઝરશે તે દિ જગત જ શાંત થશે;
શું એ દ્વેષ ને ક્રોધ ક્ષુધા અશ્રુ?
દિલને સ્પરશે શ્રેય, તેજ નવું.
પ્રભુતા કવિતા, સમભાવ ગીતો; આજે કાવ્યથી કાવ્યનું પદ્મ ખીલે,
પ્રતિભામય મંગલ કાવ્ય જ કાવ્યથી મંગલ જગત બનાવી શકે;
આપોઆપજ કાવ્ય બધે ઝરશે
ત્યારે જગત એ કાવ્ય સમું બનશે.

નાનુ દેશાઈ

– ચંદ્ર –

ઝુલે નભમહીં રૂપાળો, પેલો ચંદ્ર જો ઊગ્યો,
ખીલે સૃષ્ટિનું સૌંદર્ય, પેલો ચંદ્ર જો ઊગ્યો.
ચંદ્ર આભનો ઉજાસ,
કરે પૃથ્વીમાં પ્રકાશ;
ભરે અંતરે ઉલ્લાસ, પેલો ચંદ્ર જો ઊગ્યો,
રજની હૃદયમહિં ચંદ્ર,
કુમુદ હૃદયે મકરંદ,
પ્રણયી ઉરનો આનંદ, પેલો ચંદ્ર જો ઊગ્યો.
શીળો સમીર વહે મંદ,
આભ આંગણું અનંત;
સુધા સૌમ્ય મૂર્તિમંત, પેલો ચંદ્ર જો ઊગ્યો.
ભણે દેવનો પતંગ,
ઊડે નભમહીં અભંગ,
ભર અંગમાં ઉમંગ, પેલો ચંદ્ર જો ઊગ્યો.

ઝુલે નભ.....
ખીલે સૃષ્ટિ.....

દિનકરરાય કેશવલાલ વૈદ્ય

●

વર્ષાવી પ્રેમની ઝડી

પ્રેરણા અર્પતો ઉજાસો
કાર્યે નિત્ય યુવાન શો
સારીયે ભારતી ભૂમિ
ભવ્યતા ભરતો ઘૂમે
સત્ય–અસ્તેયનાં સૂત્રો
અહિંસા બ્રહ્મચર્ય ને
પ્રેમને આત્મશાંતિના
અમોલા બોધ આપતો.
વાણીને મન–કાયાથી
વિશ્વને પ્રેમથી ભરી
શત્રુને મિત્રવત્ લેખી
દેશ–નાવ ચલાવતો.
વિસારી જાત પોતાની
વિસારી જ્ઞાત બાપની
વિચારી મુક્તિ માતાની
હુંકારી આત્મ–નાવડી

મુક્તિના મંત્ર તહેં ભાખ્યા
આત્મના જ્ઞાનના બળે
ઉથાડયાં ઉર શત્રુનાં
સત્યને પ્રેમની કળે
અણું સત્ય–નિધિનો તું
સત્યની રેખ નિરખી,
આત્મકલ્યાણના પંથે
પળેલો રાજ્ય–માનવી.
ધર્મે–શાસ્ત્રે, નિતિમાં, કે,
દામ્પત્યે, રાજ્ય કારણે
સમાજે, કાર–હેતુ રે,
એક તું–નિયમાવલિ.
દેશ–વિદેશથી દૃષ્ટા–
કવિ તું, ક્રાંતિકાર તું,
તહારી અગાધ શક્તિથી
અંજાઇ, આત્મસાર્થકે.

મુક્તિ સામુન્ન લેવા કે,
પ્રેમ–પેગામ ઝીલવા,
દેવી તું–દેહ–યષ્ટિના
દર્શને હિંદ આવતા.
તહારાં કૃત્ય અને કહેણી
શંકાવે આપ્ત વર્ગને,
'કહ્યું શું વેણ ગીતાનું
'સંભવામિ યુગેયુગે'
વૈષ્ણવી ભક્તતું સાચો,
'હરિ'ના 'જન' ઓળખી
દોડી તું ભેટતો પ્રેમે
ભાત શું બાળ નીરખી.
ક્રોધથી, વૈર જુરસાથી,
આવે કો રાજ્ય મોવડી,
શમતો ક્રોધથી જ્વાળા
વર્ષાવી પ્રેમની ઝડી.

કૃષ્ણલાલ અંબાલાલ

મિતાક્ષરી મતદર્શન

આ વિભાગ છેલ્લા બેએક અંકથી શિથિલ થયો છે. પણ એ અંગે ફરી નવેસરની વ્યવસ્થા કરવામાં આવી છે. જે પુસ્તકો મળ્યાં છે તેમનો સ્વીકાર અહીં કરવામાં આવ્યો છે. એ પુસ્તકોનું મિતાક્ષરી મતદર્શન આવતે અંકે આપવામાં આવશે. –તંત્રી.

(૧) **જ્ઞાન પ્રચારક મંડળી (ભાષણો) ૧૯૪૬:** જુદા જુદા વ્યાખ્યાતાઓએ મંડળીના આશ્રયે આપેલાં ભાષણોનો સંગ્રહ. (૨) **ઉન્મીદ: તંત્રીઓ:** અગન અને બેબુદ: દાઉદી બહોરા લીટરરી એન્ડ વેલફેર સોસાયટીનું ત્રૈમાસિક. કિંમત રૂપિયો એક. (૩) **કલ્યાણયાત્રી:** લેખક કરસનદાસ માણેક, પ્રકાશક: નાલંદા પ્રકાશન, એમ. એમ. ત્રિપાઠી લિ. કિંમત એક રૂપિયો. (૪) **સોવિયેત રશિયા:** લેખક ભોગીલાલ ગાંધી, પ્રકાશક: લોકપ્રકાશન ગૃહ ખેતવાડી, મુંબઇ. કિંમત રૂપિયા પાંચ. (૫) **આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય:** લેખક નિરંજન વર્મા અને જ્યમલ્લ પરમાર. પ્રકાશક પદ્મ-પબ્લીકેશન્સ લિ. મુંબઇ. ( ) **ઊઠતાં પાન:** (નિબંધિકા સંગ્રહ): લેખક પ્રા. વિન્ધ્યરાય ક. વૈદ્ય. પદ્મની પ્રકાશન: કિંમત સવાબે રૂપિયા (૭) **રુબાઈયાત અને બીજાં કાવ્યો:** લેખક હરગોવિંદ પ્રેમશંકર કવિ, સંપાદક નાથાલાલ દવે. મુખ્ય વિક્રેતા આર. આર. શેઠની કંપની. મુંબઇ. કિંમત રૂપિયા ચાર (૮) **નર્મદ:** લેખક: રામનારાયણ વિ. પાઠક. પ્રકાશક ભારતી સાહિત્ય સંઘ, મુંબઇ. કિંમત રૂપિયા બે. (૯) **અનિલકુમાર:** (એનોક આર્ડનનું પદ્યાન્વયી ભાષાંતર. ડો. એમ. ઓ. મુરૈયા મુંબઇ. (૧૦) **રસપોણી:** લેખક રમણિક અરાલવાલા. પ્રકાશક જીવન સાહિત્ય મંદિર. કિંમત ૭ આના. (૧૧) **ઈશારા:** લેખક 'દિલાવર' કિંમત દસ આના: પ્રકાશક રઈક, બહારપુરા, કુતિયાણા. (૧૨) **ગીતા માધુરી:** લેખક શ્રી કાલાવાલા જાની, મિસ્ત્રી મહોલ્લો, વડોદરા. (૧૩) **સાહિત્યનો તપસ્વી:** (મહાકવિ ન્હાનાલાલને અંજલિ) લેખક: દેવીભાઇ રાંભુભાઇ આરોડ. નાગર રોડ, જુનાગઢ.

★

ક્ષમા યાચના

'કવિતા'નો માર્ચ અંક પ્રગટ કરી શકાયો નહિ તે બદલ ગ્રાહકોની તેમજ જાહેરખબર આપનારાઓની ક્ષમા માંગું છું. ગયા માસમાં મારા પુત્રની બિમારીને કારણે હું કશું કાર્ય કરી શકયો નહોતો. હવેથી અંક નિયમિત રાબેતા મુજબ બહાર પડશે.

સ્વ. કવિશ્રી ન્હાનાલાલ

ફોલ્ક

૧૯૩૮માં અમદાવાદમાં સાત દિવસ રહ્યો હતો. એ વખતે ઉતારો ડો. હરિપ્રસાદ દેસાઈને ત્યાં એટલે કે સાબરમતીને પેલે પાર હતો. ડોક્ટર સાહેબ અને કવિશ્રીના નિવાસસ્થાન વચ્ચે ઝાઝું અન્તર નહોતું. સાબરમતી ઓળંગતાં કવિશ્રીનું ઘર સામું આવે. એ વખતે મારી પ્રબળ ઇચ્છા કવિશ્રીને મળવાની હતી. પણ આવા મોટા કવિને મળવા જવું અને તે યે કોઈને સાથે લીધા વગર એ સહેજ સંકોચનો વિષય બનેલો. પણ સામાન્ય રીતે ગમે ત્યારે મહાન વ્યક્તિઓને મળવાના પ્રસંગ સાંપડયા છે ત્યારે એકલો જ ગયો છું અને આજસુધીમાં એક પણ અપવાદ સિવાય સૌની પ્રીતિ મેળવી તેમના બારણેથી પાછો ફર્યો છુ

એ મહાન વ્યક્તિઓમાં ન્હાનાલાલ એક. હું એમને ત્યાં બપોરે ગયો. ઘર તો પૂછતાં પૂછતા શોધી કાઢયું. એ વખતે એમની તબિયત ખૂબ લથડી ગઇ હતી. માણેકબા હતા, એમની સેવામા જ હતાં. "આવો" શબ્દથી મહાકવિએ મને આવકાર આપ્યો. મેં નમન કર્યાં. સાથે કોઈ હતું નહિ એટલે મેં જ મારી ઓળખાણ કરાવી કે "હું માધુરીનો તંત્રી." તે વખતે "માધુરી' ત્રૈમાસિકનું સંપાદન કરતો હતો એમણે ઉત્તર વાળ્યો "હા, મળે છે. વાંચું છું." એ મારી પ્રથમ મુલાકાતમાં એમની સાથે બે કલાક ગાળ્યા.

અનેક વિષયોની ચર્ચા કરી. રાજકારણમાં ન ઉતરવાનો મેં નિશ્ચય કર્યો જ હતો. મારા એક મિત્રે પણ મને સૂચના કરેલી. છતાં રાજકારણનો વિષય એની મેળે જ અમારી ચર્ચામાં આવશે જ. પણ એ છેક બે કલાકને અંતે આવ્યો ત્યાં હું પણ વેળાસર સંધ્યાકાળ થઈ જવાને કારણે ઊઠવાની રજા લેવા પ્રેરાયો. આ વાતને આજે ૮-૯ વર્ષ વીતી ગયાં છે. અને એ ૮-૯ વર્ષના ગાળામાં કવિશ્રીને એકથી અનેકવાર મળ્યો છું. કોઇ વાર મિત્રોને લઈને ગયો છું તો કોઈ વાર એકલો ગયો છું, અને એ બધા પરિચય પછી એક વસ્તુ સ્પષ્ટ હતી કે ન્હાનાલાલના દિલમાં કવિશ્રી ખબરદાર માટે પ્રેમ હતો અને એમની કવિતા માટે એટલો આદરભાવ પણ હતો.

સૌથી ચિરસ્મરણીય મુલાકાત મુંબઇમાં થઇ. કવિશ્રી ભાઇ અનુપમને ત્યાં હતા. હું એમને મળવા ગયો. એમની તબિયત પણ તે વખતે લથડેલી જ હતી. પણ એ તકલીફની યે પરવા કર્યા વગર એમણે આનંદથી અને પ્રેમથી મારી તેમજ કવિશ્રી ખબરદારની ખબર પૂછી, બીજા સમાચારો પૂછયા. સાહિત્યની વાતો થઇ. નવા સર્જનની વાતો થઇ. એ જ ક્ષણે કોઈ રાજવીનો ડ્રાઇવર આવ્યો. પછીથી રાજવી આવ્યા. આજે હું ભૂલી ગયો છું કે એ રાજવી કયાંના હતા. કવિશ્રીએ મારી તેમજ રાજવીની ઓળખાણ પણ કરાવેલી. એ રાજવી આવીને ત્યાં બેઠા હતા છતાં કવિશ્રીએ એમની મારી સાથેની સાહિત્યચર્ચા ચાલુ રાખી. અને એ ચર્ચામાં મુખ્ય વિષય હતો "હરિસંહિતા"નો.

પછી મેં જ રાજવી તરફ ઇશારો કરીને કવિશ્રીનું ધ્યાન ખેંચ્યું–"બાપુ બેઠા છે." ને ત્યાં કવિશ્રી બોલ્યા: "મારા શિષ્ય છે. નિરાંતે બેસશે." એમણે હરિસંહિતાના બે ત્રણ શ્લોકો સંભળાવ્યા. પણ મારે યે પાછી જવાની ઉતાવળ હતી, એટલે હું ઊઠયો. સાંજે પાછું મળવાનું કહી, સાંજે પાછો ગયો. હરિસંહિતા આગળ ચાલ્યું અને કવિશ્રી બોલ્યા. "આ મારું વિરાટ કાવ્ય–૫૦૦૦ લીટીઓ થશે. દશ બાર હજાર લખી નાંખી છે. તેમાંની આઠ નવ હજાર લીટી તો અનુષ્ટુપ છે, અને બીજા સંધ્યાબંધ ગીતો છે." મેં પણ કવિશ્રીને તે વખતે એ જ વિનંતિ કરી કે અહીં તેમને અમદાવાદ કરતાં વિશેષ અનુકૂળ વાતાવરણ છે. તમે એ વહેલી તકે પૂરું કરો. એ વખતે એમણે કવિશ્રી ખબરદારના

"મનુરાજ" વિષે પણ મારી પાસેથી કેટલીક હકીકત મેળવેલી અને ત્યાર પછી કવિતાના એક અંકમા પણ ગુજરાતને ભણનારાં આ બંને મહાકાવ્યોના સમાચાર આપેલા છે.

કવિશ્રી ન્હાનાલાલ એ તો ગુજરાતના મહાકવિ હતા જ. એમના અવસાનથી ગુજરાતને ખોટ ગઇ છે. છતાં એઓ મહાન વારસો મૂકી ગયા છે. એ વારસો ગુજરાતની જનતા ભોગવી જાણશે તો ન્હાનાલાલનું છપ્પુ સદાયે સફળ છે 'હરિસહિતા' અધૂરી છે કવિશ્રીનાં સ્વજનો તરફથી એના પ્રકાશનની જોગવાઇ થશે જ માણેકબાનુ નામ યાદ કરતાં એ મૃત્યુ કરુણાનો વિષય બને છે માણેકબાની દુનિયા 'કવિશ્રી'. એ આખી દુનિયા જ સમેટાઇ જતા માણેકબાના દુઃખનો ખ્યાલ કરી શકાય તેમ છે પ્રભુ એમને એ સહન કરવાની શક્તિ આપે.

ન્હાનાલાલ સાથે થયેલી અનેક મુલાકાતોમાથી હું એમની પાસેથી શીખ્યો છું 'ખુમારી' એમની ખુમારી એ વીરત્વની હતી 'લાચારી' શબ્દ એમને મોઢે સાંભળતો નહોતો. ખુશામત એમના સ્વભાવમાં નહોતી કોઇ પણ ગુજરાતીને ન્હાનાલાલના સર્જનમાથી કઇને કંઈ નવીન તત્વો મળશે જ.

હું મારો આઠો છતા ગાઢ પરિચયની ઝંખના કરું છું ત્યારે દિલ-કરુણાથી ઘેરાય છે. પણ છાયા કાયમ રહી શકતી નથી છાયાને સ્થાને પ્રકાશ પાથરવો એ પ્રત્યેકની ફરજ છે.

આજે હું એ પ્રસંગોને યાદ કરું છું કારણ કે ન્હાનાલાલને મળવાનો આ જગતમા હવે અવકાશ નથી. એ પ્રસંગોમાથી જે કંઇ પામ્યો હોઉં, તે માટે કવિશ્રીનો ઋણી છુ એ પ્રસંગો મીઠાં નિરાકાર સસ્મરણો છે દૂર દૂરથી મહાકવિના મંદિરનો સુણાઇ રહેલો ઘંટારવ છે ! ઓમ્ શાન્તિ...

યુવતીના અંબોડામાં ફૂલની વેણી:
સામયિકોમાં સાપ્તાહિક "વેણી"

વેણી

તંત્રી : બદરી કાચવાલા

નટનટીઓ કહે છે:

ચિત્રમા કામ કર્યા પછી જનતા અમારા કામ વિષે શું કહે છે તે મત જાણવાને અમે સાપ્તાહિક 'વેણી' વાચીએ છીએ.

સિરનેમિકો કહે છે:

નટનટીઓની સત્તાવાર રસપ્રદ માહિતી અને ચિત્રોનું નિડર વિવેચન આપનાર તો "વેણી" જ

સાહિત્યરસિકો કહે છે:

લોકભોગ્ય સાહિત્યનો રસથાળ જો સમતોલ રીતે આવતો હોય તો તે "વેણી"માં જ.

ગુજરાતણો કહે છે:

અંબોડામાં વેણી હોય અને હાથમાં સાપ્તાહિક 'વેણી' હોય તો એ છે સૌરભ સૌન્દર્યની ઉત્તમ શ્રેણી.

ફેરિયાઓ કહે છે:

સામયિકો વેચવાં હોય તો પહેલી તકે "વેણી"ની એજન્સી મેળવવી જેથી ઝાઝામાં ઝાઝી નકલો ઓછામાં ઓછા વખતમાં ખપે અને કમાણી થાય.

વેણી કાર્યાલય, ખેતવાડી ૧૨ મી ગલી—મુંબઈ, ૪.

વર્ષ ૫ ● અંક ૫-૬ કવિતા મે-જુન ● ૧૯૪૬

ઈતિ વાલ્મીકિનૂં રામાયણું

ળળવંતરાય ક. ઠાકોર

૭૩૩૮

હે સીતમાતા, તૂં ન નારી, સ્વાપદા ન, ન ખેચરી,
નાગણી ન, ન જંતુડી, તૂં માત્ર ફૂલવેલ્લિ કળી;
રામભૃંગે ધ્યત પરશી, હસી કૈકેયી, અને
રાવણે ચૂંટી, પુરી નિજ કોઠિ-સિંહલમાં તને.
રોષિ રાવણ, ફોડિ કોડી, ફરી જ્યાં રઘુનંદને
તૂં મેળવી, કળિ ખીલિ ત્યા તો ગનિ રહી'તી પલ્લવ ને.
રસદાર ફૂલ તૂં: એ નિહાળી રૂપરંગામોદને
સૌમ્યશીલ સુસંયમ નૃપ ચુચુવિ ભોગવવા તને
આસ્તેકદમ જ્યાં ઉપક્રમે છે, સુવિધ સંયોજી કલા,
ત્યાં તો ગજબ! એ ચોંકવે શું! ત્રાટકી વિજ! શી બલા!
કો' માકડા હૂકે છ વાગે? ચીળડી કો' બીજડે
ભૂંડી હસે છે હાડ બડબડ? કૂદ ઝપડ્યા કે ઉડે?
જોજિ હુડે કે ધરા મા તેણે કંપારી ફરે?
એ કોઈ ઉત્પાતે ચમત્કારે સળળ, વિપલાંતરે
એ ધીર હા! રઘુવીર સાંગોપાંગ વૈકલ્યે ગરે,—
તત્પેવ સીતા રૂપફૂલ એ ભુજભ્રષ્ટ ચ્યુતં ધ્રુતં
દડિ જાય, થાય અલોપ,—ઈતિ વાલ્મીકિનૂં રામાયણું,
વાલ્મીક શૂં કુગવેલ, સંકેલ્યું અષ્ટાદશપર્વ.

વસંતને વધાવિયે

વૃક્ષો નમ્યાં નમનમાં તુજ સ્નેહભીના
ને પુષ્પ પુષ્પ ઋતુરંગ યયા નગીના;
પદ્મોતણી મૃદુલ મંજરી આજ ટાણે
મધ્યાહ્નને રહી નિમંત્રી પ્રસન્ન પ્રાણે.
પડેલ પગલાં તણી રજ ચૂમેછ વાયુ નમી
મધુર સ્મિતથી ધરા ઝીલી રહી નવાં રવંદનો;
હસંત કુસુમો, છુપાવી મુખ અર્ધ ને પાંદડી
તણા ઘૂંઘટમાં–
નિહાળી તવ નર્તનો; ચરણ, ઉર ને ચક્ષુનો!
સાજુ ખેંચે પવન તુજ, તું ખેંચતી સાથ એને
ને દૃષ્ટિ તો અધીર દધને દોડતી સર્વ પ્રદેશી:
નાનું કેવું હરણપગલે દૃષ્ટિથી દૂર જાતું
એ દેખીને સ્વરની સબુણી કોકિલા બોલી ઊઠી–
'તું તો સપાટી પરથી શિશુની,
વધાવિયે આજ ચડી વસંતને.'

ઇન્દુલાલ ગાંધી

મધુર મિશ્રણો

[ગઝલ]

શાં મધુર મિશ્રણો છે તવ નયન-ચલાણીમાં
દે તરત જે કુમારી કો અસર અજાણીમ
મન લટુક મમ લહેર રચી ઘુમટ ઘુમરીઓના,
નહીં હૃદય રહે હાથે ઉન્માદ-ઉજાણીમ
હોલા પરેથી તેના પદભ્રષ્ટ થતી પ્રજ્ઞા,
બહુ રખલન કરે બુદ્ધિ સંભ્રમ મથી વાણીમ
અમણિત વિવર્ત દીઠા પટપર વસુંધરાના,
ના કર્ક પડયો કાંઈ મમ પ્રીત પુરાણીમ
નહિ તવ સુડોળતા છે દિનકરમુખી પુલોમાં,
કોરમ ન અધર કેરી કો રાતની રાણીમ
નથી દશન કેરી શોભા કામ્યા અનાર દલમાં,
નખ કેરી નહીં આભા સાગરની ઝિપાણીમ
તવ રટિક વદન રહેતો શિલ્પીની કળા માંહે,
મમ પ્રણય તુજ તરલનો રોમાંચ-કહાણીમાં
તૂટેલી પ્રતિજ્ઞાના બે સબળ સાક્ષીઓએ
મુખ શરમ દીઠા શીકે-ગઇ લાજ લહાણીમ
છલબલથી હા પડાવે મિત્રો પતીલ પાસે
કે છું રહ્યો ઝને હૈ નિઃશંક કહાણીમાં

પતીલ

દૂધિયા તળાવ—

જાઉં યદા વિહરવા દૂધિયા તળાવે,
સૌ દર્ય પ્રકૃતિ તણું ઉરને ધુલાવે;
સખ્યા શીળા હસી રહે નિજ વેરી ઘાલી
જાણે ધરા કિરમળ વસ્ત્રને મઢાલી!
દિગંતમાં દૂર દૂર રવિ રક્ત દિસે
ધીર ધીરે સરી જતો અણુદીઠ વિશ્વે;
જાયા નજાયુ મહીં જે પડતી સુરંગી
ઠારી રહે નયનને સહુ ચારુ અંગી·
લાગે મનોહર સલિલ તળાવ કેરું,
ભેજ્યું કહો દૂધ મહીં કુમકુમ અનેરું!
ક્ષીરોદધિ ગગનમાં હસતો કહે છે
પૌરાણિકો, પણ કદા કવિકલ્પના એ;
હિમાદ્રિ માનસસરોવર કેરું સ્થાન,
લોહોહિત છે ધવળ ઉદક એ નિદાન;
કિંતુ તળાવ દૂધિયા નવસારીમાં જે
ક્ષીરાબ્ધિ શું ચળકતું દૂધભેગ સાજે!
દક્ષિણ-પશ્ચિમ તરુ હરિયાળ સોહે,
વૈકુંઠનું વિપિન નંદન એજ લોક!
ઘંટારવો ભજનના વળી ત્યાં સુણાતા,
મંદિરમાં પૂજનપાઠ સદૈવ થાતા;
પાસે જ મસ્જિદ રહી જહીં સાંજ ટાણે
મૂવજ્ઞનો ઉચ્ચ સ્વરે દઈ બાંગ જાણે:
રહેમાન-રામતણું એકમ અહીં જણાતું
હોમીપણું કુદરતી સ્વ ના સમાતું!
કુંભારવાડ સમીપે વળી આવી રહેતો,
ઓઢ્યો પિતા જગતણો સ્મૃતિ એજ દેતો
હાંસ્યાં મદુકી દિસતાં મૃતિકા ઘડેલાં,
જાણે કહે, 'મનુજ તો અમ સાં અનેલાં:
આયુષ્ય છે અમસમું ક્ષણભંગુનું-જનોનું,
મિથ્યાભિમાન સહ! તોય ગયું છ કોનું?

[જહાંગીર માણેકજી દેસાઈ

શાંતિ સદા નિરવ જે અહીં રાજ્ય રચે
કોલાહલો દૂર બજાર મહીં જ બાકે
સામે ઉભા ભવન બે ભલી શારદાનાં
મુસ્લિમ-હિંદુ શિશુ લે તહીં જ્ઞાનલક્ષ્મી
સમૃદ્ધિના પ્રતીક સી ઉભી બંગલી જ
પાસે વસી કુટિર કો માતની વળી આ
સાથે ભૂમિ ઉપર વાપરી લોક રહેના
એની બહુ ધરતણી! વખરી ન છે તાં
લોકો તણી હા દિસેછ તડાગ પાસે,
વિશ્રાંતિ કાજ શ્રમિતો જઈ પ્રેમ માણે
આહલાદ ત્યાં સમીરની લહરી દીસે
ભૂલે વ્યથા જનગણો-ખૂબી એની
આંધી તણા ઉતરતા જલ ઓધ
ત્યાંથી ઉડી સહુજનો ઘરપે સિધરિ
કાચાર એવું દૂધનું નથી એ ઓછો,
અત્યુક્તિના અમૃતનું ગણી ભોગ ભોજે

વીક કવિ

"આ તમારા હિન્દુ કવિઓ શરીરે વીક (નબળા) કેમ હોય છે?" એક પારસી મિત્ર પૂછે છે.

કવિ શબ્દ સાથે જ નબળાઇ સંકળાએલી છે: શબ્દને ઉલટાવી જુઓ ને તરત ખબર પડશે.

ખંડકાવ્ય!

એક હિન્દી કવિએ તેની પુત્રીનું નામ "કવિતા" રાખ્યું છે. આજ સત્તાવીશ વર્ષની તેની ઉંમર થઇ પણ તેને વર મળતો નથી.

જો જો, વધી વધીને બે- બિચારી રખે ખંડકાવ્ય બની જાય!

કવિનું સ્મારક

બંગાળ સરકાર કવિવર રવીન્દ્રનાથનું ઘર ખરીદ કરીને રવીન્દ્રસ્મારક સમિતિને સોંપવાની છે. એ માટે બંગાળ સરકાર તરફથી સ્ત્રીઓ એક લાખ સ્મારક સમિતિને આપવાની જોગવાઇ માટે આવતા અંદાજપત્રમાં રાખવામા આવી છે. સમિતિને આજ સુધીમાં ચૌદ લાખ રૂપિયા મળ્યા છે. પણ આખી યોજનાને પહોંચી વળવા માટે પચ્ચીસ લાખની જરૂર છે.

મુશાયરાનો મિસરો

આઝાદ હિંદ સેનાનું સૂત્ર હતું:

"કરો સબ નિછાવર
અનો સબ ફકીર"

શો સુંદર મીસરો છે, કોલક, આ પર એક મુશાયરો ભલે થઈ જાય પાર્લામાં. પણ જો જો, એમાં રખે લાભચંદને બોલાવતા. નાહક બબડાટ-જંતર ઊભું કરી દેશે.

રાસ-ગરબા

કાઠિયાવાડના "ગરબા" નામે ગામમાં સશસ્ત્ર ધાડપાડુઓએ લૂંટ ચલાવી હતી.

હવે ગૂજરાતના "રાસ" પર બધ ઝઝૂમી રહ્યો છે!

"ગરબા અને રાસ આપણું અમૂલું કાવ્યધન છે" એમ આપણને વાર વાર કહેવામાં આવે છે, પછી એ ધન પર ધાડ પડેરતો!

ગઝલ અને ગઝલકારો

ગઝલ એટલે પ્રેમકાવ્ય. ગૂજરાત-ગલાગૂજરાતના ગઝલકારોમાંથી પ્રેમ ઊડી ગયો છે, હવે કાવ્ય ન ઉડી જાય તો સારું!

શાયરીના ફોંટા

હાથે દાઢી કરેલ શાયરની દાઢી પર બે-ચાર વાળ રહી ગયેલા જોઇ કોઇએ ટકોર કરી તો પાસે ઊભેલા બીજાએ કહ્યું

"એ તો શાયરીના ફોંટા ફૂટયા હશે, ફોંટા!"

જીવનની કવિતા

"પોતાનું જીવન સમજવાનો પ્રયત્ન તેનું નામ કવિતા." ધૂમકેતુ

ને એ કવિતા સમજવાનો પ્રયત્ન એટલે?



કવિ કથાઓ

ભૂળરાજ અંજારિયા

મેઘાણી-મિલન

"મુંબઇના લેખક મિલનને આશ્રયે શ્રી. ઝવેરચંદ મેઘાણીનું થનારું પ્રવચન"

એક મથાળું.

'રવીન્દ્રવીણા'ની ત્રીજી આવૃત્તિની કરાવાઇ રહેલી તૈયારી."

એક 'કરાવાવું' જોઇતું મથાળું.

સાપના ભારા

શ્રી ઉમાશંકર જોષી કૃત "સાપના ભારા" નાટકોની બીજી આવૃત્તિ બહાર પડી છે.

ત્યારે પ્રકાશકો ફરિયાદ કરે છે કે નાટકો ને કાવ્યગ્રંથો અમારે ત્યાં "સાપના ભારા" થઈ પડ્યા છે તે વાત હવે ખોટી સમજવી ના!

ક્રાન્તિકારી ક. દ. દા.

"અંગ્રેજો જો હિન્દમાંથી નહિ જાય તો તેમને કાન પકડીને હાકી કાઢીશું" સરદાર વલ્લભભાઇ કહે છે.

ક્રાન્તિકારી કવિ દલપતરામ કાલ્યાભાઇએ હવે, કહે છે કે, ફેરવી તોળ્યું છે ને નીચેની કવિતા લખવા માંડી છે –

"દુઃખ બિચારા અંગ્રેજનો હવે
સહુ કોઈ પકડે રસ્તે કાન,
એ ઉપકાર ગણી વલ્લભનો
હરખ હવે તું હિન્દુસ્તાન!
રે પંખીડાં.....

ધ્રાંગધ્રા રાજ્યે ચકલાંને ચણ નાખનારને ૫૧) રૂપિયા દંડ જાહેર કર્યો છે.

"ફાડીને કણ ને હાથીને મણ" આપનાર પ્રભુ ચકલાંને ચણ પણ આપી રહેશે રાજ્યે મનાઇ ફરમાવી લાગે છે.

આ પછી કલાપીએ સ્વર્ગમાંથી કહાવી છે કે:–

રે પંખીડાં! સુખે ન ચણજો
ગીત વા કંઈ ન
રાજા કેરા હુકમે કરીને
દેશ બીજે ઉડી

કવિમેળા

બંગાળની "વીરભૂમ" (વીરાની પરગણા સાથે ત્રણ મહાન કવિઓનાં નામ જોડેલાં છેઃ જયદેવ, ચંડીદાસ, ને રવીન્દ્રનાથ.

સંસ્કૃત ભાષાના કવિ જયદેવનો જન્મ" ખાતે થયેલો મનાય છે. ત્યાં કેંકાઓ પોષ નામથી દર જાન્યુઆરીમાં એક મોટો મેળો ૩ આવે છે, જેની ગણતરી બંગાળના સૌથી અને પ્રાચીન મેળામાં થાય છે. આ વર્ષે અગે માણસોની સંખ્યા કંઈક ઓછી થઈ તેઓએ જ રોપેલા એક પ્રાચીન વટવૃક્ષ નીચે દિવસે ભોજન તથા આરામ લે છે. અને ગાય છે.

કવિવર રવીન્દ્રનાથે પણ શાન્તિનિકેતન એવા મેળાની યોજના કરી હતી. દર વર્ષે ! બરમાં ત્યાં મેળો ભરાય છે. દેશની પરિસ્થિ અંગે વર્ષો સુધી બંધ રહ્યા પછી ચાલુ વર્ષે મેળામાં ભરાતા અભિયિઓની સંખ્યા "રે સમાન હતી. કેંદુલીના મેળા કરતાં આ મેળો પ્રમાણનો હોવા છતાં ત્યાં આવેલી પ્રસિદ્ધ વ્ય ઓને અંગે તે ખૂબ પ્રખ્યાત થયો છે. આ પ્ર બીજા અસંખ્ય મેળા ભરાતા હોવા છતાં ચ દાસના નામથી કોઇ મેળો ભરાતો નથી શોચનીય છે. (પુસ્તકા

વીક કવિ

"આ તમારા હિન્દુ કવિઓ શરીરે વીક (નબળા) કેમ હોય છે?" એક પારસી મિત્ર પૂછે છે.

કવિ શબ્દ સાથે જ નબળાઇ સંકળાએલી છે; શબ્દને ઉલટાવી જુઓ ને તરત જવાબ પડશે.

ખંડકાવ્ય!

એક હિન્દી કવિએ તેની પુત્રીનું નામ "કવિતા" રાખ્યું છે. આ જ સત્તાવીશ વર્ષની તેની ઉંમર થઇ પણ તેને વર મળતો નથી.

કોને ખબર, વધી વધીને એ બિચારી રખે ખંડકાવ્ય બની જાય!

કવિનું સ્મારક

બંગાળ સરકાર કવિવર રવીન્દ્રનાથનું ઘર ખરીદ કરીને રવીન્દ્રસ્મારક સમિતિને સોંપવાની છે. એ માટે બંગાળ સરકાર તરફથી સ્ત્રીઓ એક લાખ સ્મારક સમિતિને આપવાની જોગવાઇ માટે આવતા અંદાજપત્રમાં રાખવામાં આવી છે. સમિતિને આજ સુધીમાં ચૌદ લાખ રૂપિયા મળ્યા છે. પણ આખી યોજનાને પહોંચી વળવા માટે પચ્ચીસ લાખની જરૂર છે.

મુશાયરાનો મિસરો

આઝાદ હિંદ સેનાનું સૂત્ર હતું:

"કુરબે સબ નિછાવર
અબ્બો સબ ફકીર"

શો સુંદર મીસરો છે, કોલક, આ પર એક મુશાયરો ભલે થઈ જાય પાલીમાં. પણ જોજો, એમાં રખે લાભાચંદને બોલાવતા. નાહક બખેડા-જંતર ઊભું કરી દેશે.

રાસ-ગરબા

કાઠિયાવાડના "ગરબા" નામે ગામમાં સશસ્ત્ર ધાડપાડુઓએ લૂંટ ચલાવી હતી.

હવે ગૂજરાતના "રાસ" પર બધ ઝઝૂમી રહ્યો છે!

"ગરબા અને રાસ આપણું અમૂલું કાવ્યધન છે" એમ આપણને વારંવાર કહેવામાં આવે છે. પછી એ ધન પર ધાડ પડેતો!

ગઝલ અને ગઝલકારો

ગઝલ એટલે પ્રેમકાવ્ય. ગૂજરાત-મહાગૂજરાતના ગઝલકારોમાંથી પ્રેમ ઊડી ગયો છે, હવે કાવ્ય ન ઉડી જાય તો સારું!

શાયરીના કોંટા

હાથે દાઢી કરેલ શાયરની દાઢી પર બે-ચાર વાળ રહી ગયેલા જોઇ કોઇએ ટકોર કરી તો પાસે બેઠેલા બીજાએ કહ્યું:

"એ તો શાયરીના કોંટા કૂટયા હશે, કોંટા!"

જીવનની કવિતા

"પોતાનું જીવન સમજવાનો પ્રયત્ન તેનું નામ કવિતા." ધૂમકેતુ

ને એ કવિતા સમજવાનો પ્રયત્ન એટલે?



ઉમર ખૈયામ :

નસીમ

ઉમર ખૈયામની રૂબાઇઓના અંગ્રેજી ભાષામાં જુદા જુદા અનુવાદ થયા છે, અને તે બે પ્રકારની વિચારસરણીમાં વિભાકત થયેલા છે. પ્રથમ વિચાર સરણી તેમને 'જડવાદી વિચારક' તરીકે રજુ કરે છે, જ્યારે બીજી વિચારસરણી તેમને સુફી વિચારક તરીકે આપણી સમક્ષ આણે છે.

ઉમર ખૈયામના પહેલા અને વિખ્યાત અનુવાદક એડવર્ડ ફિટઝરલ્ડ પ્રથમ વિચારસરણીના સમર્થક છે. ત્યારે જેનપોલન, એલ.એલ. ડી, વિનફિલ્ડ તથા બીજાઓ બીજી વિચારસરણીનું પ્રતિપાદન કરે છે.

ફિટઝરલ્ડનો અનુવાદ વાસ્તવિક રીતે 'અનુવાદ' નથી પણ 'અનુકૃતિ' છે. અને તેમાં પણ અનુકૃતિકારની સ્વતંત્ર દૃષ્ટિ પ્રધાનતા ભોગવે છે ફિટઝરલ્ડે ઉમર ખૈયામની કાવ્યકૃતિઓને જે રંગમાં જોઇ, તે રંગમાં તેમણે પોતાની કાવ્યકૃતિઓ સર્જી. ઉમરખૈયામનો પ્રથમ પરિચય આગ્રહવાયક જનતાને ફિટઝરલ્ડ દ્વારા થયેલો એટલે જનતા પણ એ દૃષ્ટિએ જ એમને નિહાળતી થઇ. ખૈયામ વિશે અંગ્રેજી ભાષામા એ સમયે બીજું સાહિત્ય નહોતુ, બીજી દૃષ્ટિઓ નહોતી. ફિટઝરલ્ડની અનુકૃતિઓ ખુબ લોકપ્રિય બનતા સંશોધકો અને પુરાવિદોનું લક્ષ એ તરફ ખેંચાયું એમણે એ દિશામાં અભ્યાસ કર્યો તેમની કૃતિઓનો અનુવાદ કર્યો અને 'ખૈયામને જુદી જ રીતે ફિટઝરલ્ડે રજુ કર્યો છે' એવુ મંતવ્ય દુનિયા સમક્ષ મૂકયુ પ્રથમ અસર બળવત્તર હોય છે. એ ન્યાયે આજે પણ વાસ્તવિક વસ્તુસ્થિતિ રજુ કરનારા અનુવાદો અને અભ્યાસીઓનાં મંતવ્યો એટલા લોકપ્રિય બન્યાં નથી.

ફિટઝરલ્ડમાં સ્વાભાવિક કાવ્યપ્રતિભા હતી અને તેનો અનુવાદ સ્વતંત્ર અનુકૃતિના પ્રકારનો હોઈ તેણે જનતાની મનોવૃત્તિ પણ એને અનુકૂળ હતી અને આજે પણ અનુકૂળ છે. એટલે પાછળના અનુવાદકોને સ્વીકારતાં સમય લાગ્યો, એમ આપણને લાગ્યા વગર રહેતું નથી. પાછળના અનુવાદકો ખૈયામને તેમનાં મૂળ સ્વરૂપમાં અનુવાદ દ્વારા રજુ કરવાની ઇચ્છા રાખતા હોઇ તેઓએ ભાવ અને ચરણને વળગી રહેવાનો પ્રયત્ન કર્યો છે. વળી એમના અનુવાદમાં કાવ્યતત્વ ઓછું દૃષ્ટિએ પડે છે. મૂળના બધા જ અંગોને વળગીને બીજી ભાષામાં અનુવાદ કરવાની વૃત્તિને આ વસ્તુ ઘણે અંશે ઉત્તરદાયી છે, એમ કહીએ તો કાંઈ ખોટું નથી કાવ્યતત્વ એ છું તેમ લોકપ્રિયતા પણ ઓછી. બધા જ બંધનો સ્વીકારીને અનુવાદની ચાળણીમાં કાવ્યને ચાળવાથી કાવ્યતત્વને હાનિ પુગે એ સ્વાભાવિક છે.

ફિટઝરલ્ડની તુલનામાં પોલને ખૈયામની સુફીવાદી વિચારસરણી વધારે સારી રીતે રજુ કરી છે અને તે પ્રસ્તાવનામાં એ વસ્તુનો નિર્દેશ કર્યો છે. પોલનનો અનુવાદ મૂળ કૃતિને વળગીને કરવામાં આવ્યો છે પોલનમાં અનુવાદકની વફાદારી છે એટલે અંશે કાવ્યતત્વ ઓછું છે. અલબત્ત તેણે વાસ્તવિક ખૈયામને રજુ કરવાનું મંથન કર્યું છે, એમાં તો કશો સંદેહ નથી.

શ્રી. પોલને ઉમર ખૈયામની રૂબાઇઓનો અનુવાદ જ કર્યો નથી. પોતાની સ્વતંત્ર દૃષ્ટિએ અભ્યાસ પણ કર્યો છે, જેના પરિણામરૂપ એમની નાની પણ મહત્વપૂર્ણ પ્રસ્તાવના છે. તેઓ લખે છે–:

As a great Astronomer and a true Muslim he believed in One God and he realized that good and evil alike come from God and that Allah the Vltimate was always with his

creatures in all their joys and woes, and look upon himself full responsibility for & His on creation in all its detailed. Omer's creed was that "All things were of God", and that 'all-things worked out the precise ends intended and desired-'

આગળ ચાલતાં જોન પોલન વિશેષ સ્પષ્ટિકરણ કરતાં કહે છે:

He saw no reason why he should wait for happiness till he was dead, and so he made his little garden on earth as much like heaven as he possibly could and he revelled in the Rose, the Nightingale, and wine To the mystic wine was the symbol of spiritual prousports, the eye of divine severity, the lip of divine loving-kindness, the mole of the dibine unity."

આ અવતરણો પરથી જાણી શકાય છે કે તેઓ તવહીદ પરસ્ત હતા. ભલું અને બુરું ઈશ્વર તરફથી આવે છે, એમ માનતા હતા. પોતાનાં સર્જનના હર્ષ કે શોકમાં ઈશ્વર તેની સાથે છે. સર્વ વસ્તુ ઈશ્વરની છે અને સર્વ વસ્તુ તેની ઇચ્છાને અનુસરે છે એવો તે સત્તાશીલ છે. મરણ પામવા પછી અનંત સુખની આશા રાખીને બેસી ન રહેતાં આ દુનિયામાં સુખનું સ્વર્ગ કાં ન સર્જવું? પોતાની આ ફિલસુફીને સામાન્ય ફારસી કવિઓની જેમ ગુલાબ, બુલબુલ અને સુરા એવાં નિદર્શનોમાં એ મૂર્તિમંત કરે છે. એક આધ્યાત્મિક સુરા એક પ્રતિક છે અને તે એ દ્વારા આધ્યાત્મિક એકતા સાધે છે-તન્મય બને છે.

અલબત્ત એ ખરું છે કે 'કવિ' તરીકે ખૈયામનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે. એમની પોતાની સ્વતંત્ર વિચાર સરણી છે. તેઓ માત્ર સુફી જ નથી, એક ફિલસુફ પણ છે. પોતાની એ મિશ્ર દૃષ્ટિથી તે જીવનની વાસ્તવિકતાઓને જુએ છે. આ ઉપરથી તેઓ પોતાની પંક્તીના સુફી છે, એમ કહીએ તો ખોટું નથી. મૌલવી નજમુલગની અને સૈયદ સુલેમાન નદવી પણ એનું એ પ્રકારે સમર્થન કરે છે. ઈરાનના કેટલાક સુફીઓ એમની કૃતિમાંથી સુફી અર્થો તારવતા હતા, એ વિષેના પ્રમાણો મળી આવે છે. ખૈયામની કૃતિઓમાં વિશેષ સંશોધન અને એમના ફિલસુફીનું વાસ્તવિક હાર્દ સમજવાને હજી વિચારણાને સ્થાન છે. ખૈયામને એ સિવાય યોગ્ય ન્યાય આપી શકાય એમ નથી.

હવે અત્રે (Jhon Pollen) જહોન પોલનના અનુવાદ અને તેના ગુજરાતી અનુવાદના થોડાક નમુના જોઈશું.

Jhon Pollen:-

Khyyam ! for sin why sorrow so ?
What profits great or little woe ?
Who sins not can not mercy know,
For sin came Mercy here below.

ગુજરાતી:-

ખૈયામ ! શાને પાપના પરિતાપથી અંતર દહે?
ઓછા કે અદકા બેદ અશ્રુ વહાવ્યે શું વળે?
જાણે નહિ જે પાપને ઈશ્વરકૃપા જાણે નહિ;
જો! પાપ અંગે કૃપાનું આગમન નભના તળે!

Epicurian દૃષ્ટિએમાં પાપની સંભાવના અને ઉત્તેજન જ નહિ પણ પાપનાં સમર્થનનો આડકતરો પરિહાસ પણ જોઇ શકે પણ વસ્તુતઃ ખૈયામનો આશય એવો નથી. વસ્તુતઃ પાપથી ઈશ્વરકૃપાથી નિરાશ થવું જોઇતું નથી. 'ખાતકનતુ મિનરહમ તિલ્લાહાના સુત્રોનો આ પ્રતિધ્વનિ જ છે.

Jhon Pollen

In schools, in church, in cloister cell,
Some seek far heaven, some fly frome hell,
But who in soul god's secrets knows,
Such seed within his heart ne'er sows.

ગુજરાતી:-

વિદ્યાલયે કે મન્દિરે મઠવાસ કે મઠી આંગણે,
કો નર્કથી ઉડી જવા-કો સ્વર્ગ ઝંખે છે પણે.
આત્મા મહિં પણ ઇસ કેરો મળે જે બોળે નહિ,
અને બીજ એ બીજ ક્યાંથી ઉગશે આરો પણે?

આત્માચિંતનનું બાલ્યસ્વરૂપ વાસ્તવિક રીતે

કરતું નથી પણ આત્માચિંતનની જ ઈશ્વરનો મર્મ જાણી શકાય છે, એવો નિર્દેશ અત્રે કરેલો છે આત્મચિંતન 'મુરાકિબા'નું સમર્થન એમાંથી મળી રહે છે વળી વહેદતની મૂળ સર્વવ્યાપી ભાવનાનું પણ પરોક્ષ દર્શન આ કવનમાંથી મળી રહે છે.

Jhod Pollen

The spring-a fairy-form and wine
If this on meadow's slop be mine,
Through every one the thiny should bleme
Better a dog if heaven I d name

ગુજરાતી —

ઉપવન વસંત, વન અપ્સરા, ઉલ્લાસની પૂરક સુદા, ઢોળાવવાળી બીડ ભૂમિ પ્રાપ્ત હો મારે કર્ત્તા, પ્રત્યેક જણ આ વસ્તુનો હપકો મને દેશે જરૂર, સજ્જનો નહિ કા ભાવિનો એક શ્વાન રૂચે દેહ આ ?

આ રૂબાઇમા પાર્થિવ ભાવના સ્પષ્ટ રીતે જાણી શકાય છે મૌલ્વી નજમુલગની તથા સૈયદ સુલેમાન નદવીના મતવ્યો જોઇએ તો તેઓ ખૈયામના મૂળ કવન ા બીજાઓના મિશ્ર થયેલા કવનને એનુ કારણ માને છે બોડલીયન લાયબ્રેરીની ખૈયામની રૂબાઇઓની પ્રમાણભૂત ગણની પ્રતમા ૩૦૦ થી વધારે રૂબાઇઓ નથી વળી વિનફિલ્ડના અનુવાદમા પણ વધુમા વધુ ૪૦૦ રૂબાઇઓ જ ખૈયામની હોવાનું મોટો રોપ ફિલ્ડ માને છે એ કરતા વિશેષ પ્રમાણભૂત ખૈયામની રચેની રૂબાઇઓ હોવા વિષે પુરાવિદો શંકા દર્શાવે છે ખૈયામના સ્વભાવ અનુસાર એની 'હિન્દાનાગોઇ'ની થોડીક રૂબાઇઓ બાદ કરીએ તો પછી તેમને ઓછો જ અન્યાય થાય એમ છે આજમગઢની પ્રતમાં પણ ૮૫૦ રૂબાઇઓથી વિશેષ રૂબાઇઓ નથી આજે ૧૨૦૦ રૂબાઇઓથી જેટલી સંખ્યા ખૈયામના નામે ચઢાવેલ છે આવી શ્રેષ્ઠક રૂબાઇઓમા ઉપરોક્ત રૂબાઇ હોય તો શંકા જેવુ નથી.

Jhon Pollen

No man may pass behind the veil,
Nor of its secrets t ll the tall,
In earths dull dust alone is rest
Drink wine ! here silence-smiteth best

ગુજરાતી

રે ! આવરણ પાછળ કોઇ માનવ ન જઈ શકે આ કે જિંદગીના ભેદ કહેનારા નથી નિજની કબ્ર, આ પૃથ્વીની માટી મહિ કેવળ રજુ શાન્તિ-સદન, એક મૌન ઉત્તમ છે અહિ પી રસઝરિણી તુ મુગ.

જિંદગીના મર્મો અણ ઉકેલ્યા રહ્યા છે તેના રહસ્યોને ઉકેલવાનો પ્રયત્ન કરનારા અસંખ્ય લોકો થઇ ગયા છતા એ અણઉકેલ્યા રહ્યા છે ખૈયામના કોયડાઓનો ઉકેલ અસંભવિત માને છે અને તે માટે ત્રણજ વસ્તુને અગત્યની ગણે છે મૃત્યુ પછી કબ્રનુ શાંતિસદન, જીવનકાળમા આ મર્મો માટેનુ પ્રગાઢ મૌન અને જીવનમા શક્ય આણવા સુરામાન શોક ભૂલાવનારી માનસિક પ્રવૃત્તિ કારણ કે જે વિના માનવી માટે બીજો ઉપાય નથી

ખૈયામની રૂબાઇઓમા દર્શાવવામા આવેલા વિચારોની ઝાંખી આ ચાર રૂબાઇના અનુવાદમાથી મળી રહે છે ખૈયામ ઈશ્વરજુ રૂહદ કે અણુનમર કારામી જેવા દિલસુફ નથી છતા એમને દિલસુફીનો અભ્યાસ અને સ્પર્શ છે જલાલુદીન રૂમી અણુમર્મ જોવા તેઓ પ્રકાશ સૂરી નથી છતા તસવ્વુફનો રંગ એમના આત્માને સ્પર્શ્યા વગર રહેતો નથી આ ઉપરાંત ખૈયામનુ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ છે અને ફારસી કવિતાની 'હિન્દાના ગોઇ' જેવી એમની લાક્ષણિકતા 'હિન્દાના ગોઇ' છે, ખૈયામના જીવન અને કવનના ઘણા એવા સવાલો છે, જેમા ઉકેલ અત્યારપર્યંત પુરાવિદોએ આપ્યો નથી છતા ખૈયામ બધાને જ પ્રાયઃ ગમે છે અને એની કાવ્યાવાણીમાથી બધા પોતપોતાનો રસ મેળવી લે છે ઈરાનની ખાકમાથી ઉત્પન્ન થયેલા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિને વરેલા કવિઓમા ખૈયામ પણ પોતાનુ સ્થાન ધરાવે છે ખૈયામ વિષે મન એકજ દૃષ્ટિપાત કરવાનો મારો હેતુ હતો અને તે અનુસાર ફિટઝરલ્ડના બદલ જ જાણીતા થઇ ગયેલા અને પોલ્સનના ઓછા જાણીતા એવા મતવ્યો મતવ્યોની એક સાધારણ ઝાંખી અત્રે કરાવવામા આવી છે

આવતી પેઢીના કવિઓઃ 'શશિન' ઓઝા

આ આશાસ્પદ નવીન કવિએ તાજેતરમાં જ ગુજરાતી વિષય સાથે એમ. એ.ની પરીક્ષા આપી છે. 'કવિતા'ના વાચકો સમક્ષ આ અગાઉ એમની કૃતિઓ રજુ થએલી. ભાઇ શશિન ઓઝાની કવિતાઓનો સંગ્રહ પ્રગટ થયો નથી છતાં એક સારા સંગ્રહમાં લેઇએ એવી કૃતિઓ એમની પાસે મોજૂદ છે. એમની કૃતિઓમાં સરળતા, વિશદતા, સચોટતા અને લાક્ષણિકતા પણ છે. એમની રમૂજવૃત્તિ પણ એમની કૃતિઓને ઓપ આપે છે. આવતી પેઢીના કવિઓમાં આ ઝરણું ગંગા થવાને સર્જાયેલ છે એમાં શક નથી...પણ એ ઝરણાનો વહેણ બહુ સ્વચ્છંદે ન વહે તો.

સારા કવિમાં આવશ્યક એવા બધા જ ગુણો આ કવિને વરેલા છે અને આથી જ આ નવીનતર કવિબંધુ આશાસ્પદ રહે છે. અહીં એમની છ કૃતિઓ સમેટવામાં આવી છે. "શિશુને પ્રાર્થના" એ આ સૌમાં વિશેષ કરુણ અને ચિંતનપ્રધાન છે. એમાં લાગણી છે તેટલી જ એક બાળકના મનોભાવને સમજવાની ભાવના છે. બાળક અને જીવન એ બે બિન્દુઓને એમણે વિચાર વર્તુલોથી વિકસિત કર્યા છે. એક નહિ પણ સંખ્યાબંધ પંક્તિઓ હૃદયસ્પર્શી થઇ છે. શરૂઆતમાં કરુણાનું ચિત્ર છે પણ પરિણામે સૌંદર્યનું દર્શન છે. એ દર્શન મૂર્ત્ત થાય છે. "કેશ બંકિલા તણી એ લટ લહેરાઇ અને છે ભીની અશ્રુમાં"થી બાળકના રૂદનને સમજવા કવિ પ્રયત્ન કરે છે. અને પૂછે છે "ગયું કોણ હરી તારા મંજુ જીવનહાસ્યને?" બાળકને ન રડવાની સલાહ આપી કવિ કહે છે, "કે હમણાંથી જ શું કામ આંસુઓ ખૂટાડી દે છે. ભાવિ જીવનમાં પણ રડવા માટેના પ્રસંગો એક નહિ પણ અનેક આવે છે. આ કવિની દૃષ્ટિએ જીવન એ આંસુમય લાગ્યું છે. પણ બાળક આજે રડે છે એ કવિ પોતે સહન કરી શકતો નથી. આખી કૃતિ મનોહર છે, સરળ છે. કરૂણઘેરી છાયા, સુમધુર શબ્દાવલી છે છતાં "ગયું કોણ હરી તારા મંજુ જીવન હાસ્યને!" એ પંક્તિથી કવિ જુદી જ વિચારસરણીએ આગળ વધ્યા હોત તો આ વેગમાં હજુ વધુ ચિંતનશીલ કૃતિ સાપડી હોત। 'વિવેચક ચતુષ્ટય'માં પણ કવિએ વિવેચકોના ગુણને વણી લઇ સુંદર શ્લોકો બનાવ્યા છે. "વાદળી વરસી બીની"માં સહજ સ્વાભાવિક શબ્દાવલિ, વેગ વગેરે લાક્ષણિકતાઓ વાદળીના વેગને–સારી રીતે રજુ કરે છે. આખી કૃતિ છેવટ સુધી સરળ પ્રવાહી રહે છે–એક બાજુ ગ્રીષ્મનો પરિતાપ અને બીજી બાજુ નાનીશી વાદળીની વૃષ્ટિ એ બંનેની સ્થિતિ કવિએ સુંદર શબ્દચિત્રો દ્વારા રજુ કરી છે. 'અનુત્તરા'માં પણ પ્રાસાદિકતા સુમધુર છે. એ કૃતિમાં મૃદુતા વિશેષ સ્પષ્ટતાથી તરવરે છે. આ કવિની અહિં રજુ કરેલી તમામ કૃતિઓ પરથી એક વાત તો ચોક્કસ ફલિત થાય છે કે કવિ પાસે જોઇતો શબ્દભંડાર છે, પ્રાસાદિકતા અને પ્રવાહિતાના આવશ્યક લક્ષણો એમની હથોટીને વરેલાં છે. પરિણામે છંદોરચનાની દૃષ્ટિએ કોઇ પણ કૃતિમાં શિથિલતાના દોષ જણાતા નથી શ્રી ઓઝા ટૂંક સમયમાં જ ગુજરાત સમક્ષ પોતાનો સુંદર સંગ્રહ રજુ કરશે એ અપેક્ષા રાખવી વધુ પડતી નથી જ.



અમારું જગત

અમારી આકાક્ષા, હૃદયગત ભાવો અવનતા,
ગુનાની આશાઓ, મધુર સુખદા જીવનદશા
અમારા સ્વપ્નોના જગત મહીંને કલ્પનધરા
વિષે દીઠું સર્વે અનુભવ્યુ, પછી ઈતર સ્પર્શા
વસે ના આ હૈયે–સ્થૂળ જગતની શી અભિલાષા!

કુમુદિની

પ્રકાશે છે ઈન્દુ રવિ તણું લઈ તેજ ઉછીનું
ન નિંદો આરોપો પરજીવી ગણીને લઘુમનુ
પરંતુ બાળે છે અસહ કિરણે જે અણમણ,
સમાવી એ જ્વાળા ભિતર, છોને બળુબળુ!"
શશીએ આત્માના અમિમય રસોથી કલીકની
પ્રસારી કાન્તિ ને જગ ઉજવી રહેતું કુમુદિની

અનુત્તરા

રજત ધવલા રંગે વર્ષી રહી હતી ચદ્રિકા,
અનિલલહરે પર્ણો સાથે શરુ કરી ગોઠડી,
હૃદયસરમા જાગી ઊઠ્યા તરંગ–વિવર્તનો,
રસિક રસના બોની ઊઠી 'કુ . ઉ' મદ્યનમા!
ઘડીક પ્રસરી શાંતિ વ્યોમે હસી રૂપયદ્રિકા,
અનિલલહરે ડોલી ઊઠ્યા તરુવર સામટા,
ક્ષણ ન થઇ ત્યા સામે ઊઠી કરી રવ કંદરા,
રણઝણી ઊઠ્યુ હૈયુ સુણી જવાબ નિસર્ગના!
વહ્યો ઉરની ધારા, શબ્દો નહીં–દિલ આ ધરયુ
પ્રણયનિતર્યું પોતે, શબ્દો બની કવિતા રચ્યુ,
સકળ ઉરને દ્વારે દ્વારે અજંપ દિલે ફર્યું,
નિરખી 'મના' રસ્તે રસ્તે હતાશ બની ફર્યું.
કરુ શુ તુજને કિંતુ?–
નીરવ પ્રસરી મૃત્યુ જેવી ભયાનક શાંતિમા
અધર ફરકયા લેશે નહિ ને ઉભી તુ અનુત્તરા!

શિશુને પ્રાર્થના

[અનુષ્ટુપ]

૨૬ મા પ્યાલ, ઓ વ્હાલા! લૂછી લે નેત્રબિંદુડાં,
વર્ષી જા મધુરા કિર્ણે રીઝ્યો હાસ્ય ઇન્દુનાં!
ટપ ટપ પડે છે આ કપોલે અશ્રુનાં ટીપાં.
ખરે છે નેત્રની આડે હથેળી કેરા બાંધિયા
તણી બે લટ વ્હેરાઈ બને છે ભીની અશ્રુમાં!
(બાળ! આ રોદણું કે છે. સૌન્દર્યવૃદ્ધિની લીલા!!)
ના, ના, તોય નથી જાતાં સહ્યા આ તવ ડૂસકાં,
ચીરતાં કંદનો તીણાં સ્વરો, આ સહ હીબકાં;
જેવી આ વદને લાગી લટથી વૃદ્ધિ રુપની.
તેવી ના કંદને લાધી વ્હેતી ગંગા પીયૂષની! ૧૦

ડૂસકાં દૂરનાં તોયે માહરા ચિત્તદેશમાં
ભંયનો જગવે ઘોર અસલ આજ એ બધા;
ઉકળાટ ભરે દિલે જગાવે ગૂઢ વેદના
વ્યથાનાં પીડતા તીરો અંગોને એક સામટા!
કરુણાર્દ્ર ચીસો તારી હરે છે મુજ સ્વાસ્થ્યને
ગયું કોણ હરી તારા મંજુ જીવનહાસ્યને?
હા! હા! તારે હશે કે આ દુઃખો કેરા દાવાનળે
રડવાનું ઘણું યે છે માનવીને ડગે ડગે
શીશવે રડીને રાખું ઓછું અંત્ય વિભાગમા
એવું કંઈ ગણીને છોડ્યાં આંખેથી ઘોર અશ્રુના? ૨૦

રડવું તો રડી લેવું બધું યે એક સામટું,
આંસુ વચ્ચે રચી દ્વીપ નકામું ચિર જીવવુ?
જામતી શર્વરી ઘોર છો ને વ્યોમવિતાનમા
પ્હેલેથી જ અને ઊગે છો ને ચંદ્ર ન તારલા!
જીવનાકાશમાં જાગો પ્રવાતો રુદ્ર કાળના,
અંધારા ગાજતા છો ને જીંદગીના જ પ્હોરમાં!
આવશે, આવશે ઉષા પછીથી વૈભવે ખચી,
લાવશે રંગસમૃદ્ધિ કંકુના સ્વસ્તિકો રચી!
આશ ઉલ્લાસ ને ઊર્મિ કેરી વ્હેશે તરંગિણી,
ફૂટશે ચેતના પાંખો ઊડાશે દેવની ભણી! ૩૦

રાજશે ભાસ્કર વ્યોમે, પ્રતાપી તેજ—ઉજ્જ્વલ
વિહારી તમના ઓઘો-શુભંકારી નિરંતર!
—એવી એવી દુરાશામાં કરે શું બાલ, ક્રંદન!
ના, ના, એવું નથી બાલ! આંહીં તો રડનારને
નસીબે વધતાં રોણાં, કૈતવેપૂર્ણ આ જગે
નિયતિ યે કરે ફેંકયા રુદનો રડતા શિરે.
અને ક્યાં રડવાનું છે ઓછું આગળ કે પ્રિય,
આજથી ખૂટવી નાખે આંસુ કેરા સમુચ્ચય!
સ્વાર્થ, હિંસા, દગા કેરા પ્રતિરુપો ડગેડગે
ભેટશે, અગ્નિ શા દહશે કૃતિઘ્નિ પુરુષો જગે—૪૦

ધિક્કાર, અપમાનો ને વૈર, ક્રોધ, વિષાદના
બેરશે ભૂતડાં ઘોર, વ્યાપશે દિલ, વેદના!
બનશે બેવફા પ્રિયા આલિંગીને ઉરસ્તલો
ઝૂરશે એકલું હૈયું સહે ના વિષનાં શરો!
રુંધાશે, રડાશે ના પૃથ્વીના વ્યવહારમાં!
ત્યારે હે દેવદીધેલાં! એકાંતે એકલાં ખૂણે
કે કો સહૃદયી સાથે બોલવા ઉરઆગળા
દીલનાં ડૂસકાં છૂટા જોઈશે ઘોર અશ્રુનાં
રાખ એ માટ સૌ આજે-હીબકાં ને પ્રલાપ સૌ!! ૫૦

તારી આંસુ ભરી આંખે સ્ફુરાવ જ્યોતિ હાસ્યની
પ્રેરી દે ચીનગારી તું મારે અંતર સ્વાસ્થ્યની!
કલ્લોલે ગૂંજતું પાછું થઈ જા બાલ મસ્તીમાં,
ધરી લે ગૌર ગાલે આ ફરીથી હાસ્યલાલિમા!
૨૬ મા પ્યાર્યું ઓ વ્હાલા! લૂછી લે નેત્રબિંદુડાં
ફરીથી મધુરાં કિર્ણે વર્ષી જા હાસ્ય ઇન્દુનાં!



વાદળી વરસી ભીની

વરસી ગઈ રસવાદળી
ઉના ધખ્યા સહરા તણા વાતા હતા જ્યાં વાયરા,
ને ઊડતા ચારે તરફથી શુષ્ક રેતીકાંકરા!
ચારે દિશા પ્રજળી રહેતી આભતડકા આકરા—
ઉરની ભૂમિ રસકસહીણી—
ત્યાં વાદળી વરસી ભીની!
ઝરણાં તણા કલકલ ધ્વનિ, મંજુ સૂરાવટ પંખીની,
ઠંડી સુગંધી લહેર વાયુની નહીં, પુષ્પો તણી—
નહીં સુરભિ ચેતન ભરી—
ત્યાં વાદળી વરસી ગઈ!
રુપ જ્હોતાં, રંગ જ્હોતા, કર્ષણ ન'તાં અજાયનાં,
અંતર હતાં અંધાર, જામેલા ઘનો તિમિરે ભર્યા,
થર શીતના જામ્યા સ્થળેસ્થળ, ઓધ કાળા ઉમટયાં;
સ્વપ્નુ ન'તુ જલબિંદુનું—
ત્યાં વાદળી વરસી મૃદુ!
પાગર્યાં પુષ્પો, વહ્યો વાયુ સુગંધી, મંજુલા
બોલ્યા બપૈયા તૃપ્ત, કુજ્યા કોકિલો ને મોરલા!
કયાથી વહી આ ચાંદની સમ શીતલા મીઠી હવા?
તૃષ્ણ ન'તાં ત્યાં કુંજ લીલાધામ થ્યાં કાશ્મીરના!
કણુકણુ સુધારસ વાહિની—
અહીં વાદળી વરસી ભીની!

વિવેચક ચતુષ્ઠય*

(૧)

તેની ફરી વિકળ દૃષ્ટિ સરસ્વતીના
ક્ષેત્રે, દીઠું ઘણું અપૂર્વ, ઘણુંય ક્ષુદ્ર,
વિવેકહીન દિલને નવ કાંઇ રુચ્યું,
મીંડું બગાડયું શતધા 'નથી કે નથી જ !'

(૨)

તેની ફરી સકળ દૃષ્ટિ સરસ્વતીના,
ક્ષેત્રે દીઠું ઘણું અપૂર્વ ઘણુંય તુચ્છ;
મોહી પડયું દિલ 'અપૂર્વ, અપૂર્વ સર્વ'.
આનંદ મુગ્ધ જન વાણી વદ્યોઃ 'અપૂર્વ'

(૩)

તેની પડી વિરુપ દૃષ્ટિ સરસ્વતીના
ક્ષેત્રે, વસ્યો કુટિલ મત્સર રામરામ;
ઇર્ષ્યાસૂયા થકી દીઠા ગુણને ય દોષ
ચંચુભરા મળ, વીતે દિન કાગડાના !

(૪)

તેની પડી રસિક દૃષ્ટિ સરસ્વતીના–
ક્ષેત્રે દીઠું ઘણુ અપૂર્વ, ઘણુંય તુચ્છ;
સૌન્દર્યગ્રાહી ઉરનો બસ તત્ત્વ પેખે,
ને દૃષ્ટિ દિવ્ય રસશોધનમાં વિરામે !

---

*સંસ્કૃતિ આલંકારિક રાજશેખરે વિવેચકોના ચાર પ્રકાર પાડયા છે. **અરોચકી, સતૃણા ભક્ષ-હારી, મત્સરી** અને **તત્ત્વાભિનિવેશી**. પહેલાની દૃષ્ટિમાં કોઇનું સારું વસતું જ નથી. ઉત્તમ કૃતિ જોઇને પણ એ મોઢું જ બગાડે ! બીજાને બધું જ સારું લાગે ! નબળામાં નબળી કૃતિથી માંડી ઊચ્ચ કોટિની કૃતિ સુધી ત્રીજો સ્વભાવે અદ્વેષી લેખકોની એ અદેખાઇ જ કર્યો કરે, તેના ગુણને પણ મારા દોષરુપ જ બતાવે ! ને માત્ર મળશોધક સ્વભાવથી પોતાની વાસવૃત્તિ પ્રગટ કરે છે. આ ત્રણે ટીકાખોર ! વિવેચક એકયે નહિ. સિવાય કે વિવેચકનો નિકૃષ્ટતમ અર્થ કરીએ સાચો વિવેચક તે ચોથો વર્ગ. તત્ત્વાભિનિવેશી, આજ સાહિત્યને સાચો ઉપકારક વર્ગ છે ને કૃતિનું હાર્દ પકડી તેનું અવિતથ રસોદ્‌ઘોધન કરે છે !

વંદેમાતરમ્

આ ગીત ભારતભરમાં રોજબરોજ હજારો ખ્યાસપાઠ પરથી ગવાય છે. મહાન બંગીય નવલ-કથાકાર બંકીમચંદ્ર ચેટરજીએ ૧૮૮૧માં રચેલા આ ગીતની તે સમયના બંગયુવકો પર જબરદસ્ત અસર થઈ હતી. ૧૮૮૬માં મહાન બંગાળી દેશ-ભક્ત શ્રી સુરેન્દ્રનાથ બેનરજી સામે સલ્તનતના સત્તાધારીઓએ ખટલો માંડયો ત્યારે આ ગીતનો ક્રિપયોગ એક કાનેથી બીજે કાને ગુપ્તસૂત્ર તરીકે થવા લાગ્યો. આ પ્રચાર શાંત પડયો પરંતુ આ ગીત માટેનો જનતાનો પ્રેમ જેવો ને તેવો રહ્યો.

આ ગીત આપણને અઢારમી સદીના છેલ્લા દસકાઓ વખતની બંગાળની યાતનાઓની યાદ આપે છે. વોરન હેસ્ટીંગ્સની એકમાત્ર ધૂન બંગાળમાં બને તેટલું મહેસુલ ઉઘરાવવાની હતી. જનતાની સ્થિતિની તેને પરવા ન હતી. મુસ્લિમ અમલ છેવટનાં ડચકાં ખાતો હતો. અને તેના સત્તાધારીઓને પ્રજાના દુઃખ તરફ જોવાનો સમય નહોતો.

"૧૭૭૦માં બંગાળામાં ભયંકર દુકાળ પડયો અને એ આખા વર્ષ દરમ્યાન તેનું જોર ચાલુ જ રહ્યું. આ આફતમાં પ્રાંતની વસતીનો ત્રીજો ભાગ નાશ પામ્યો, છતાં ૧૭૭૧માં ઉઘરાવાયેલી મહેસુલનો આંકડો ૧૭૬૮ (જે વર્ષ ૧૬ આની પાકતું હતું) માં ઉઘરાયેલા મહેસુલ કરતાં પણ વધુ હતો. સ્વાભાવિક રીતે જ એવી આશા રાખવામાં આવે કે આ મહાન આફતના પ્રમાણમાં મહેસુલ પણ ઓછી આવે, પરંતુ તેમ ન થયું તેનું કારણ તે અગાઉના જેટલી જ ઉઘરાવવાને કરાયેલી સખ્તાઈ હતી." (૧૭૭૧ના નવેમ્બરની ૩૦મીએ વોરન હેસ્ટીંગ્સે ડોર્ટ ઓફ ડાયરેક્ટર્સ પર લખેલા પત્રમાં જબ-રાઈથી મહેસુલ કર્યો બદલ .વડાઈ લેવા આ ઘૃણાજનક એકરાર કરેલો છે.)

.ખં સં. ૧૧૭૫નું વર્ષ સારું હતું. તે વર્ષમાં ૧૫૨ લાખ રૂપિયા મહેસુલ ઉઘરાવાયેલી, ૧૧૭૬માં અડધો પાક નિષ્ફળ જવા છતાં ૧૩૧ લાખ રૂપિયા ઉઘરાવેલા, ૧૧૭૭માં દુષ્કાળ અને રોગચાળો પૂરજોરમાં હોવા છતાં રૂા. ૧૪૦ લાખની મહેસુલ ઉઘરાવેલી, ૧૧૭૮માં જ્યારે અડધો દેશ ઉજ્જડ થઈ ગયો હતો અને જમીન પડતર પડી રહી હતી ત્યારે મડદામાંથી લોહી ચૂસતા હોય એમ ૧૫૭ કરોડ ઉઘરાવાતાં લોકો બેફામ બન્યા અને સત્તા-વાળાઓ સામે માથે ઊંચકયું. બૃહદ્ બંગાળના સાધુસન્યાસીઓએ કાયદો અને વ્યવસ્થા પોતાના હાથમાં લીધાં અને આસ કરીને ઉત્તર બંગાળ અને આસામમાં સરકારી તિજોરીઓ લૂંટવા માંડી. મહેસુલ લઈ જતા અમલદારો અને તેમની વચ્ચે ધીંગાણાં જામતાં અને કેપ્ટન થોમસ અને કેપ્ટન એડવર્ડઝના હાથ નીચેના સિપાઈઓને તેમણે હરાવ્યા હતા. આ ધાર્મિક જનૂનવાળા ત્યાગીઓને કાંઈપણ ગૂમાવવાનું નહોતું, જ્યારે દરેક લાભ મળી શકે તેમ હતો. તેમને ગ્રામજનતાની છૂપી મદદ અને સહાનુભૂતિ હતી. તેઓ ખડતલ અને હિંમત-વાળા હતા અને ભૂખે મરતા હજારો તેમની જમા-તમાં જોડાયે જતા હતા. આ લોકો તરફથી મહેસુલની થતી લુટે સરકારી નોકરોને વર્ષો સુધી તોબાહ પોકરાવી હતી.

બંકીમબાબુએ 'આનંદમઠ'માં આ પાર્શ્વભૂમિ પર તેની વસ્તુસંકલના કરી છે. ૧૮૮૧માં આ પુસ્તક લખાયું અને ૧૮૮૨માં જ્યારે શ્રી બંકીમ-બાબુ હાવરામાં મેજીસ્ટ્રેટ હતા. તે વખતે તે પ્રગટ થયું હતું. તે સમયે બંકીમબાબુ વય ૪૩ વર્ષની હતી અને બંગાળી સાહિત્યકાર તરીકે તેઓ સારી નામના મેળવી ચૂકયા હતા.

આનંદમઠની ઉચ્ચ ગંભીર અને માનવતા

સ્પર્શી વસ્તુસંકલનાએ બંગાળી હૃદયોને હલમલાવી મૂક્યા. તેમના પ્રથમ પ્રકરણની શરૂઆત એકાકી પ્રશ્નથી એકાન્ત જંગલની નિરવતામાં પડતા ભંગથી થાય છેઃ "શું મારી ઇચ્છા પરિપૂર્ણ નહિ થાય?" આ પ્રશ્નનું ત્રણ વખત પુનરુચ્ચારણ થાય છે, અને તેને એક ગૂઢ અવાજ જવાબ આપે છેઃ "તમે તે માટે શું મૂલ આપવા માગો છો?" પ્રશ્ન પૂછનાર નિખાલસ અવાજથી જણાવે છે, "હું તે માટે મારો જીવ આપું." તરત જ તેનો રદીઓ મળ્યો. "જીંદગીની કાંઇ વિસાત નથી, દરેક તે આપી શકે છે."

પૃચ્છક આશ્ચર્ય પામ્યો અને બોલ્યો, મારી પાસે તે સિવાય બીજું છે શું તે આપું? આ પ્રશ્નનો ગર્જના ભર્યો જવાબ મળ્યોઃ "ભક્તિ".

ખરે, આવેશમાં આવી જઇને માણસ પોતાનો જીવ સહેલાઇથી આપી શકે છે પરંતુ એક આદર્શને પોતાની અતૂટ અને અનન્ય ભક્તિ અર્પણ કરવી એ સહેલી વાત નથી. 'વંદેમાતરમ' પાછળ માણસોમને અનન્ય ભક્તિ આપવાની આ ભૂમિકા રહેલી છે.

આ ઉચ્ચ કાવ્યકૃતિમાં દેશ પ્રત્યે માતા તરીકે અનન્ય ભક્તિભાવ રાખવાનો ધ્વની છે. ૧૭૭૦નાં બંગાળનાં દુઃખદર્દોની રજુઆત કરતી એ નવલકથા લેખકે જાણે પોતાના હૃદયના રક્તમાં કલમ બોળીને લખી હોય એવી છે. લોકો ન છુટકે પોતાનાં ઓલાદોને વેચવા કરતા હતા પણ કોઇ લેનાર નહોતું. તે પરિસ્થિતિમાં ફકત મહેસુલ મેળવવામાં તલ્લિન બનેલી સત્તા સામે સફળ બળવા બાદ સંતાન (સંન્યાસીનો એક વર્ગ) નેતા ભવાનંદ પોતાની આંખમાં અશ્રુ સાથે વંદેમાતરમનું ગીત ગાય છે. ભારતને તેમાં માતા તરીકે વર્ણવ્યો છે અને કવિ વારંવાર જણાવે છે કે જો તેનાં સંતાનો એક સંપ થાય તો તેને કદી પણ લાચાર બનવાનું હોય નહિ. હિંદુ કવિ મા બોમને દુર્ગા દેવી કલ્પે છે પરંતુ તે તો સરખામણીની કલ્પના છે અને તેને મૂર્તિપૂજા સાથે કંઇજ લેવાદેવા નથી.

આ ગીતે ભારતભરના યુવાનોને આકર્ષતાં સત્તાવાળાઓનો તે સામે લાલ ડોળો થયો. 'વંદેમાતરમ્' એ બે શબ્દોને વર્ષો સુધી ભયંકર રાજદ્રોહી લેખવામાં આવ્યા હતા. લાખો દેશપ્રેમીઓએ પોતાના હોઠથી એ શબ્દોને ઉચ્ચારતાં લાઠીઓ અને જેલયાતનાઓ સહી છે. અરવિંદ ઘોષ, બીપીનચંદ્ર પાલ, સુરેન્દ્રનાથ બેનરજી, લાલા લજપતરાય, બાલગંગાધર તિલક અને બીજા અનેક 'આનંદમઠ'માંથી પ્રેરણા મેળવી છે.

'ગુજરાતી પંચ'



गुलाम

श्री उमाशंकर जे.. जोपी गीतको प्रशानुवाद.

मैं गुलाम !
कुदरत के बागका अमूल फूल आदभी गुलाम?

खिलते कितने आजाद गुल ये-खिलते !
उडते कैसे आजाद पंछी—उडते !

उडते हिलाते डाल पेडकी-
कोभी नहीं कहता 'ना' ।

सर सर सरती सरित निर्मला,
कल कल सरता झरना प्यारा,

धीरे वहती लहरे उसकी
सोधी नहीं क्यों रोके?

गर्जन करता सिंधू देखो
चपल तरंगे उसकी देखो

उसके गीत न रोके कोभी
नव-नित हमेशा गाता ॥

कुदरत है आजाद नजारा
आदमी ही क्यों अेक गुलाम?

मञ्जुल

પગદંડીને પંથે

કોલક

આ વિભાગમાં આ વખતે સાત કૃતિઓ લેવામાં આવી છે. એમાં "પૃથ્વીછંદ" કૃતિ પૃથ્વીમાં જ લખાયેલ છે અને તે ઉપરાંત પૃથ્વીપિતા સમા પ્રો. બળવંતરાય ઠાકોરને રપશનિ કવિએ આ કૃતિને રસપ્રદ કરી છે. પૃથ્વીનો ભાર 'શેષ' ન ઉપાડી શકયા ત્યારે સમર્થ બળવંત જ એ વિકટ કાર્ય સિદ્ધ કરી શકયા અને તે કેટલી આસાનીથી–'પહાડ ટચલી પરી આંગળી!' આમ આ કૃતિ શિથિલ હોવા છતાં કહેવાની વસ્તુને ઠીક ઠીક રપષ્ટ કરે છે. પણ છેલ્લી ચાર પંકિતઓમાં એમણે પૃથ્વી–પ્રયાસને પોંડ્ર શંખ સાથે સરખાવ્યો છે. પણ કવિએ પોતે જ જ્યાં આ છંદ અજમાવ્યો છે ત્યાં બીજું શું કહી શકાય? 'પૃથ્વી'માં માધુર્ય કે ગેયતા નથી એમ કેમ પણ કહી શકાય? ગમે તે હોય–અહિં તો આ એક કવિતા કવિ-વ્યકિતની પદ્યબંધ વિચારકણિકા તરીકે મૂકી છે. સમગ્ર પૃથ્વીના ગુણદોષ ચર્ચવાનો અવકાશ અહિં નથી પણ જે પૃથ્વીમાં આ કવિતા લખાઈ છે તે પૃથ્વીની ચર્ચા જ યથારથાને લેખાય આ ઉપરાંત શ્રી પ્રાણલાલ, શ્રી શ્રવણ જયસ્વાલ અને શ્રી "શશી" તેમજ શ્રી "અજ્ઞ"ની કૃતિઓ પણ ઉલ્લેખ માંગી લે છે. 'અંતરમાં વસી તું' એ સરળ મનોહર રચના છે. જેવી હતી તેવી જ અંતરમાં વસી રહેલી પ્રિયતમા પ્રત્યેની લાગણી કવિએ ઠીક સફળતાથી આલેખી છે. "સ્મરણ સાદ" 'ગુપત' શબ્દ ખૂંચે છે! કૃતિ સરળ છે–કૃતિમાં કવિને નવું કશું જ કહેવાનું નથી છતાં કવિ પ્રિયાની પ્રશસ્તિમાં પાછીપાની કરતા નથી. "ભગિની હવે"માં રચના વધારે સરળ, સચોટ અને વિશદ છે. એમાં ભાંગેલા દિલની કથા છે અને તે છેલ્લી પંકિતમાં વેધક થતી રહી જાય છે. એક વખતની પ્રિયતમાને–તાર તૂટયા પછી ભગિની તરીકે ઓળખાવતા કવિ સારામાં સારી પંકિત બીજી કરવી જોઇએ ત્યાં 'ખડી છે' જેવો તદ્દન માયકાંગલો શબ્દ મૂકી આખી કૃતિ પર પાણી ફેરવે છે. બેશક, તેથી આખા પ્રયાસને અવગણી શકાય તેમ નથી. છેલ્લી બે પંકિતઓની રચના પર કવિએ વિશેષ લક્ષ આપ્યું હોત, તો આ કૃતિ બરોબર હજી અધિક સુંદર થઇ હોત 'એક યાચના' અને 'આરાધના'માં પણ પ્રયોગશીલતા દૃષ્ટિગોચર થાય છે. બંનેમાં કશ્ય ખાસ વસ્તુતથ્ય પણ નથી–છતાં પગદંડીના પંથીના એ પ્રયાસો છે. બંનેમાં પ્રયોગશીલતા છે છતાં તે આશાસ્પદ પ્રયાસો છે એમાં શક નથી. 'નવા ઢોડિયા' એ 'ભજનના ઢાળ'ની કૃતિ છે આ ભજનનો ધારે જૂના ઢોડિયા અને નવાં દીવેલ જેવો થયો જ છે. હજી એ ઢાળના ભજનોમાં જેવી અસર જામવી જોઇએ તેવી જામી શકતી નથી. તેમ છતાં એવી અસર જમાવે એવી કૃતિ આપવાનું આ કૃતિ વચન તો અવશ્ય આપે છે.

અંતરમાં વસી તું !

ના હોય આ ચંદ્ર અટારિકા આ
ના હોય આ ચાંદની રાત મીઠી
ના ફૂલથી હોય ભરી બિછાત
ના અત્તરોની પ્રસરી સુવાસ.
ના વેણીમાં ફૂલ સખિ ! ગૂંથ્યાં તેં
ના હોઠપે પાન તણી જ લાલી
ના રેશમી વસ્ત્ર સજ્યાં પ્રિયે ! તેં
ના અંજને આંખ ભરી જ કાળી
કરાંગુલિમાં લઈને નખત્રી
વીણા નહિં તે સખિ ! છો ણન્વવી,
ના નૃત્યમાં નૂપુરનાં રવે તે
બાંધી લીધી દૃષ્ટિ સમગ્ર મ્હારી.
ના નેનમાંથી શર તીવ્ર ફેંકી
તેં ના વીંધ્યું છે ઉરતંત્ર મ્હારું
ના રૂપરશ્મિય તણી પ્રભાથી
તેં મુગ્ધ કીધાં ચખ ગેય મ્હારા
ન જાણું તોયે તુજને સખિ મેં
સમાવી દીધી ઉરના ઉડાણે
છે જેવી, તેવીજ મને પ્રિયે ! તું
ગમી રહી, અંતરમાં વસી તું.

પ્રાણલાલ

ભગિની હવે !

સખી ! મિલન પામતાં હૃદયમાં નહોતું ચહવું ?
રહે અકળ ભાવનું અતુટ રમ્ય સાતત્ય તે !
છતા થઇ ગયા હવે અલગ દૈવના જોરથી
અને તલસતાં રહ્યાં દ્વિલતણું મનોમંથનો.
સખી, ધસધસી જતા પર મનોરથો દાઝતી
હદીક, પથમાં નવી પ્રિયતમા જયમ હેરતી
વહે સરિત હર્ષમાં ઉદધિનાથને ભેટવા
થશે સરિત શા સદા ત્યમ સુમેળ ધાર્યું છતાં
ગઇ નિકટતા અને ઉરતણી બધી એકતા
વળી નવખરી 'પ્રિયા' 'પ્રિતમ' ઓષ સંબોધ !
સખી મમત્વમાં ઉભે ઉભય ના હવે એક છે
પછી અપર ભાવના હૃદયછેહની ક્યમ છે.
ભમે સહચરી નથી . તદપિ દૂર ના ભાસતી
સખી ઉરપટે ખડી છ ભગિની બનીને , હવે !

"શશી"

卐

સ્મરણપ્રસાદ

હવે ન રડશો કદી, મુપત આંસુ ના સારશો
અને સ્મરણભાન અંતર ધરી ન સંતાપશો
વિશુદ્ધતમ આત્મને, બનવજો સદા સ્નેહની
સિતાર મધુરી, અનેક ગીત ભવ્ય આલાપજો
અને હૃદન જે ઊઠે શમવી ગીત સંવેદના
અજાન ઉરમાં પ્રિયે ! પ્રણય રાખને હારજો !
અને હું ય જઈ હવે દૂર સુદૂર આ વિશ્વથી
શમીશ અણુજાણ, જ્યાં જીવનના મીઠા સ્નેહના
સુણાય નહિ સાદ, નાદ નહિ વિશ્વ સંબંધના
ઉઠે હૃદયમાં, બને નીરવ રમ્ય એકાન્તની
પળેપળ જહીં સદાય નિત ગીત ગાથા કહી
અનંત ધબકારમાં ભૂલવી આત્મનું ભાન દે.
પ્રિયે ! કહું કું આટલું નવ પરંતુ તારું કંઈ
નિરંતર ભુલી શકું સ્મરણપ્રસાદ સુણું જહીં

શ્રવણ જયસ્વાલ

પૃથ્વી છંદ

(પૃથ્વી)

ત્વરીત ફરતી હતી અતિ નિહારિકા તપ્ત થૈ
ત્યહીં સૂરજ, ચંદ્ર, તારક-ગ્રહો ચ પૃથ્વી બધાં
છુટાં થઈ પડયાં; કંઈ ગગનમાં જઈને પડયા
અને પૃથિવી બાપડી ફકત એક નીચે પડી
ઝિલી તરત એહ મસ્તક પરે જ શેષે લીધી.
થયું ત્યમ હશે જ કાવ્યની-નિહારિકા ઘૂમતાં
અનેક ગ્રહુશા પડયા વિવિધ છંદ વેરાઈને
ઘણા નજરમાં ચડે ત્યમ પડયા હતા છંદ ત્યાં
અને ફકત એકલો પૃથિવી છંદ નીચે પડી
રહ્યો કિંચડ માંહ્ય વિસ્મૃત થઈ ખૂંપી છેક એ
છતાં ય કવિઓ બધા ગગનમાં સદા ભાળતા
અને નજર આવતા સકલ છંદ ઉપાડતા
પરંતુ દરકાર કે નજર કોઈ પૃથ્વી ભણી
જરાય કરતા નહીં.
ન 'શેષ' ઉંચકી શકયા પ્રથમ એહનો ભાર, ને
બધા મુખ વકાસી રહ "બલવંત કો' હોય જે
ઉપાડી સહુ ભાર એ પૃથિવીનો શકે"-એમ જ્યાં
વિચાર કરતા હતા, નિરખતા હતા; ત્યાં ધસી
પ્રચંડ બલવંતરાય પડછંડ છંદ ઊઠાડવા
વિચાર ધનતા તણો કલમ દંડ લૈ આવિયા
અને અતિ સહેલથી પૃથિવી છંદ ઉંચો કર્યો.
કર્યો જ્યમ હતો પહાડ ટચની ધરી આંગળી
મહાન પ્રભુએ પડેલ પડછંદ ગોવર્ધન
ગયા જ્યમ હતા અનેક ધસતા જ ગોવાળ ત્યાં
ગયા ત્યમ બધા કવિ પૃથિવી છાંયમાં દોડતા.
છતાંય મુરલી તણો મધુર નાદ આંહી નથી
પરંતુ કુરુ-ક્ષેત્ર મધ્ય ભડવીર ભીમે ધસી
ફુંકેલ નિજ પૌંડ્ર શંખ સરખો મહાનાદ આ
અગેય રચના તણો પૃથિવી છંદનો જાણવો.

કુમુદચંદ્ર મ. મહેતા

કવિતા કવિને :

(મિશ્ર ભીમપલાસ : હીંચ)

મને આભલાંની કોરથી ઉતારો, કવિરાજ !
મને આભલાંની કોરથી ઉતારો—કવિરાજ–
ગોઝારી ભોમ કેરો જોવો છે આજ મારે
રંગ્યો રૂધિરનો મિનારો, કવિરાજ–
કંઈક દિ'ની તારલિયા વૃન્દમાં મૂંઝાઈ મરું,
ચારૂલતા ચાંદનીમા રમતાં દઝાઈ મરું,
મને 'આંબલિયા ડાળ'થી ઉગારો, કવિરાજ–
ધરતીની ધૂળ માથે ચાપવા દો ચરણ જરી,
પીડિત કેરી ઝુપડીઓ જોવા દો નયન ભરી.
મને ઝાલવા દો હાથ કો નોંધારો કવિરાજ–
ટહુકન્તી કોયલમાં કઠ મારો રૂંધાયે,
હૈયું મારૂં મરતી માનવતાનું ગીત ગાયે,
હવે શ્યામગીયો લાગે અકારો, કવિરાજ–
સાધ્યો સધાય કેમ સૂર મારો સહેજમાં,
જ્યા રંક મારી રાય સૂતા ફૂલડાંની સેજમાં,
મને શોભશે ગરીબ 'એક તારો'. કવિરાજ–
શબ્દોના શણગારે રીઝે નહિ મન મારૂં,
વાણીના વૈભવમા કરતાં સૌ મારૂં–તારૂં,,
હવે ખોટાં આંસુડાં ના સારો, કવિરાજ–
જીવનને વીણવા દો ! જીવનીયુ માણવા દો !
કોઈક દિ' તો લોકસગ આંસુડાં સારવા દો !
હવે સંગ રહી સાધો સથવારો, કવિરાજ–*

ધનસુખલાલ મહેતા : અવિનાશ વ્યાસ

---

*ધનસુખલાલ મહેતા અને અવિનાશ વ્યાસની સંયુક્ત કૃતિ 'અર્વાચીના' નામની સંવાદ-સંગીત નાટિકામાથી

એક યાચના

ભલે નહિ લખો તમે પ્રણયપત્રિકા નિત્યકે
કહેલ દિવસે, પછી ય, અથવા કહો કોઈ દી;
અને રહિશ વાટ જોઈ ઝુરતો સદા હું'ય કે:
'હવે જરૂર આજ તો અવધ આવશે મોનની.'
મને સતત ઘેરશે ઘનદ કૈં નિરાશા તણાં,
તહા શપથ વેરના, સમજુતી, દયા, ક્રોધનાં
તુમૂલ રમખાણની ધુમરીઓ મને ભીંસશે;
સદી કયમ રાકીશ હું ઉછળતા શસ્ત્રઘા ઉરે!
સખી! નહિ, ન ઘાતકી કદિ, કહું તને, તું થજે,
દયા મમ પરે જરીક ઉરમાં સદા રાખજે,
અને વિરહની ખુરી અગન તું, ભલી, ઠારજે,
રૂડા તવ કરે લખી મધુર પંક્તિઓ, સુંદરી!
હવે નવ કરીશ હું તુંજ કને બીજી યાચના,
ધરીશ ઉર આશ કે: 'સફળ થૈ જશે સાધના.'

મણિભાઈ અમીન

●

આરાધ્યા ઓ!

આરાધ્યા ઓ! દરશ મધુરું તાહરું પામું કયારે?
પુષ્પો મૂકયાં પ્રિય કવનનાં તાહરા પાદ પાસે
મોતી મૂકયાં મુજ નયનનાં કંપતા મંદ હાસે,
મોંઘા અર્ઘો જીવનઅભિલાષા તણા હોંસથી મેં
મૂકયા તારી ચરણરજમાં; તેં નકાર્યો સરોષઃ
તો યે તારી સુભગ પ્રતિમા ઝંખું ભવ્ય પ્રકારે.
પશ્ચિમે જો ગહન ઘનની છે ઘટા આભરેલી,
ઝંઝા કૂંકે પ્રચુર બલથી ઉર્વી આખી ધ્રુજાવી,
વીંઝે પેલી અસુર યક્ષને દામિની દ્વેષ લાવી,
વર્ષા આજે અતલ જલને મંદિરે ઠોળતી રે,
આ તૂફાને વિકલ બનીને આંખ મીંચાય ધીરે
તો યે ઝંખે હૃદય મુજ કાં પ્રાપ્તિ તારી અકેલી?
આરાધ્યા ઓ! સતત કરતો તારી આરાધના હું,
પૂરી કયારે કરીશ વરદે દેવિકે સાધના હું?

રજનમ્

નવા કોડિયા

ઓ...જૂનાં દીવેલ નવા કોડિયા હોજી!
ઓ...માંડ્યા છે મનખાએ મેળાઓ રે
ઓનાં મેળામાં માટીડા માથા ફોડે.
માથા ફૂટે ઓનાં શોણિત ઝરે
ઓવા મનખાનાં મેળા હોજી!–જૂનાં૦

ઓ...આજ માનવનાં ગેલ જાય ધોવા રે
ઓનાં મેલને ધોવાવું ના રે ગમે.
મેલ ન ધોવાય, ધોયે વધુ ચઢે
ઓવા મેલનાં ધોનાર થાય રાજી હોજી!–જૂના૦

ઓ માનવનાં જૂથ માંહી ડંકા વાગે રે
ઓનાં ડંકાનાં નાદ આજ બોદા બોલે.
બોદા બોલે, કાન ત્રાસી ઊઠે
ઓવા ડંકા નિશાન આજ અકારા હોજી!–જૂનાં૦

ઓ...આજ ધરણી ધ્રૂજે ઓની કાયા કંપે રે
કાયાની કાજ ઓને રોવું પડે.
ઓનાં જાયા જાયે વટલાઈ:
ઓવા માડીજાયાથી માડી રોવે હોજી!–જૂનાં૦

ઓ...દીસે છે રંગ રૂડા માનવહૈડાનાં રે
ઓના હૈયાનાં ઓધ આજ ખૂટી ગયા.
ઓધ ખૂટયાં, ઓના સાજે છૂટયા
ઓવાહૈડાઓ આજ સૌ વીલાયા હોજી!–જૂનાં૦

ઓ...સતિયા માનવના ભોમ માતા માગે રે,
ઓનાં ભોગથી ન ધરતી તોષાતી,–
ઓવા ભાવના વિરોણાં ઓને ના રે ગમે
ઓવા ભોગીનાં ભોગથી ન રીઝાયે હોજી!–જૂનાં૦

ઓ...આવે ભોમકાભેખીનાં સંદેશાઓ રે.
ઓની હાકે ઊઠે, ઓના પગે ચાલે;
ઓવી ચાલ આજ શાને પાછી પડે!
ઓવા ભેખીનાં ભેખ કાં ન અધૂરાહોજી?–જૂનાં૦
ઓ...જૂનાં દીવેલ નવા કોડિયા હોજી!

અજ્ઞ

શ્રી કરસનદાસ માણેક (પરિચય)

મધુસુદન એમ. એ.

ખોવાતાં સુહિણી, વિજોગ સદનો મેહાર ભૂલો પડ્યો
તો તે અન્ય નહીં પરંતુ બસ આ–માણેકમેહાર છે!
સિન્ધુતીર તજી અહિં અવનવા ક્ષેત્રે સદા રાચતો
એવો શાયર મસ્ત ગુર્જરગિરા માહે જ માણેક આ!

નવી કવિતામા સુહિણીધેલો શાયર હોય તો તે માણેક! માણેકના કલ્પનગગનમાં કવિતા ખુદ સુહિણી થઇને ફરે! સુહિણીની ગાથા ગાવામા માણેક મેહાર બને છે–ઊર્મિસિન્ધુ દિલ। ઘૂઘવે' માણેક તો સુહિણી-નિષ્ણાત શાયર છે

માણેકે કવિતા આપી, વાર્તાઓ આપી, પણ સૌથી વધુ લોકપ્રિયતા મેળવી એમણે વૈશમ્પાયન'ના પાટલે બેસી કટાક્ષકાવ્યો આપીને' પત્રકારિત્વને એમણે કવિતાથી શણગાર્યું એ છે માણેકની અસાધારણ સિદ્ધિ!

માણેકની નજર નાજુક અને મીઠી છે પણ એની કીકીમા ચનગનતા ધોડીવા છે માણેક શરાબી છે પણ એમની શરાબ છે શાયરી-સુહિણીના હાથે અપાતી મદભર પ્યાલી!

માણેક ગુજરાતી સાહિત્યમા પણ એક માણેક જ છે। ગુર્જરદેવીના મુગટમાં માણેક એક બહુરંગી રતન છે.

માણેક કલમના ઘોડા છૂટા મૂકી જાણે છે તેની જ સાથે જબની લગામ પણ ઢીલી મૂકે છે' માણેક સભાને ડોલાવે એવા વકતા છે અને સુહિણીનો સાક્ષાત્કાર કરાવે એવા સિન્ધુકાઠાનો કવિ કીર્તનકાર છે' આ છે માણેકના વિશિષ્ટ ગુણો.

ગુજરાતી કવિતાને નવા સ્વરૂપે આમજનતા સમક્ષ પહોંચાડવાનું માન માણેકને ફાળે જાય છે. 'વૈશંપાયનની વાણી'એ લોકહૃદયમાં વાસ કર્યો છે. એનો આનંદ ક્ષણજીવી છે પણ એની લોકપ્રિયતા અમર્યાદિત છે.

માણેકની પ્રકૃતિ છે સવાર પડે ને નવો પાઠ ભજવવો' પત્રકારિત્વ, સિનેમા, રંગભૂમિ–ગમે તે ક્ષેત્રમાં માણેક ઝંપલાવે એની વ્યકિત છે છતાં બધામાં એકસરખી સફળ ન થઇ શકે એવી એમની શકિત છે. પણ શકિતમાનો એમનો વિશ્વ સ પ્રાણ ધબકાવે છે ક્ષેત્રે ક્ષેત્રે.

પ્રેમની કવિતા લખનાર શાયરની આંખો સુહિણીના વિયોગે રડી રડીને નાજુક થઇ હશે–છે!–પણ એ આંખો દુનિયા લોચનિયામા આસુ જુએ છે માણેકની કવિતામા તરવરાટ છે પણ તેની અસર ક્ષણજીવી છે

કૃષ્ણને રાધા ન હોત તો કૃષ્ણ શ્રીકૃષ્ણ ન હોત, તેમ ગુજરાતી સાહિત્યે પણ આ કરસનને માંગલ્યમૂર્તિશા ગધા ન હોત તો ભોળા અને મસ્ત માણેકનું ઘોળે દિવસે લીલામ થાત' કૃષ્ણનું સદ્ ભાગ્ય રાધાનો સગ!

માણેક મોઢે મીઠા છે, સ્વભાવે સ્વચ્છંદી છે. માણેક મુબઇના રસ્તા પર ચાલતા હોય તો એ અજાણ્યાને લાગે કે સિન્ધુકાઠાથી ભૂલો પડેલો મેહાર સુહિણીની શોધમાં નીકળ્યો છે. હકીકત એમ નથી. માણેક રસ્તાની રજે રજે સુહિણીશી કવિતાનું દર્શન કરે છે. માણેક તો સુહિણીમા કવિતાને જુએ છે. પણ કવિતામા 'સુહિણી' જોતા નથી.

માણેકની શકિત હજી નવા નવા રંગ સર્જને

પ્રગટે છે. હજીયે નવા ક્ષેત્રો ખેડી વિશિષ્ટતા વ્યકત કરે એવી વેગીલી એમની શકિત છે. "નવલિકાઓ" એમનો પ્રયત્ન છે અને પ્રયત્ન રહેશે–નવલકથા લખી નથી પણ તેયે કરી શકે એમ છે 'આલબેલ' – અને 'મહોબ્બતને માંડવે' એમના કાવ્યગ્રંથો છે નવી કવિતામાં "આવેગ" પ્રધાન છે–આવેગ રહેશે ત્યાં સુધી એનું આયુષ્ય છે–આવેગ પોતે અલ્પજીવી છે. આવેગ વિનાનું સર્જન એમની પ્રતિભાને સુંદર સ્વરૂપે વ્યકત કરે છે અને તે તે કૃતિ - લોકપ્રિયતા અને દીર્ઘાયુષ્યને વરેલી રહેશે.

એક સુધારો

ગયા અંકમા કવિશ્રી ન્હાનાલાલનો જે ફોટો મુખપૃષ્ઠ પર હતો તે "વેન્ગાર્ડ"ના સૌજન્યથી પ્રગટ થયો હતો. શરતચૂકથી ઉલ્લેખ રહી ગયો હતો.

બિહારનાં લોકગીતો

ચંદ્રકાન્ત મહેતા.

એક દૃષ્ટિએ જોતાં બિહારનાં વિરહગીતોમાં અને ગુજરાતનાં વિરહગીતોમાં ભાવોનું અને ભાષા-લેખનની રીતિનું ઘણું સામ્ય છે. ગુજરાતનાં લોક-ગીતોમાં છે તેવી રીતે બિહારી લોકગીતોમાં પણ સ્ત્રીઓએ જ પોતાની વિરહવ્યથા ગાઇ છે. અને આમ પણ આ ગીતો વિશેષતઃ તો સ્ત્રીઓ જ ગાય છે, પણ કયારેક સ્ત્રીઓ અને પુરુષો બેગા મળીને ગાય છે, તો કયારેક એકલા પુરુષો પણ ગાય છે.

સ્ત્રીઓ આ ગીતોની સાથે નૃત્ય પણ કરે છે. આ ગીતો શિયાળાની કે વર્ષોની રાત્રીમાં અથવા કોઇ ઉત્સવદિને એક સ્ત્રી ગવડાવે ને અન્ય સ્ત્રીઓ ઝીલે છે. પણ ઝીલવાવાળી સાથે ન હોય તો એકલી સ્ત્રી પણ ગીતો ગાય છે. કયારેક જ ખેતમા કે ખેતરમાં સ્ત્રીઓ મજૂરી કરે, ને કામ કરતા કરતાં થાકી જાય ને આરામ લે, ત્યારે મન બહેલાવવા, ને થાક ઉતારવા બધી સ્ત્રીઓ બેગી મળી ગીત લલકારે. એક જણ ઉપાડે ને બીજી બધી ઝીલી લે છે. વળી, કામ કરતી હોય ત્યારે પણ એ સ્ત્રીઓ ગીતોને ભૂલે એ કેમ બને? બી વાવતાં પણ પગને ઠમકારે એ ગાતી હોય. લણણી વખતે પણ, એક હાથમાં ધાનનાં ઉખેડેલા છોડ ને બીજો હાથ જમીન પર રાખી એ ગીત ગાતી જ હોય. એ ગાન કયારેક સંભોગ-શૃંગારનાં હોય તો કયારેક વિપ્રલંભના.

એ ગીતોના થોડા નમૂના અહીં આપ્યા છે. વિરહની લાગણી તો માનવહૃદયની સનાતન લાગણી છે, એટલે વિરહકાવ્યો,–શું ગુજરાતનાં કે શું બિહારનાં–એની પ્રસંગની પસંદગીમાં ને માંડણીમાં ઘણે અંશે સરખાં જ હોય છે. ગુજરાતનાં લોક-ગીતોમાં બારમાસી એ વિરહના ભાવને આલેખવાની પ્રચલિત લોકપ્રિય રીતિ છે. એમાં રાધા કે સીતા નામની પ્રોષિતભર્તૃકા નાયિકા પોતાના પ્રિયતમ-વિરહની વેદના ઋજુ ને હૃદયભેદી શબ્દોમાં વ્યકત કરે છે. બારમાસીના વિરહનો આરંભ કારતક, ફાગણ, અષાઢ, કે એવા કોઇ માસથી થાય ને પછી તેમાં દરેક મહિને પલટાતી નિસર્ગ શોભા વર્ણની હોય ને એ નિસર્ગશોભા વિરહિણીના વિપ્રલંભના ઉદ્દીપન વિભાગનું કાર્ય કરે. આ જ રીતિ જે ગુજરાતની બારમાસીના લોકગીતોમાં છે તે બિહારના લોકગીતોમાં પણ છે. એક દૃષ્ટાંત લઇએ. અહીં વિરહમાસ અષાઢથી શરૂ થાય છે.

વિરહવાસિનીના બારમાસીયા.

૧

પ્રથમ માસ આષાઢ હે સખી
સાજી ચલત જલધાર હે.
હે પ્રીતિકારણ સેત બાંધલો
સીયા ઉદ્દેશે સીરી રામ હે!

"પહેલો મહિનો અષાઢ આવ્યો, હે સખી, ઝરમર ઝરમર વરસાદ વરસે છે, આ સમયે મને શ્રી રામચન્દ્રે સીતાને માટે સમુદ્રે સેતુબંધન કરેલો તે પ્રેમકથા યાદ આવી.

૨

શ્રાવન હે સખી સર્વ સહાવન
રિમિઝીમી બરિસયે બુન્દ હે!
હે પ્રીતિકારણ સેત બાંધલો
સીયા ઉદ્દેશે સીરી રામ હે!

"શ્રાવણ મહિનો આવ્યો હે સખી,
ચારે દિશા સુન્દરતાથી છવાઈ ગઇ છે, વરસાદ રૂમઝુમ વર્ષે છે. એ સમયે મને સીતા પ્રત્યેના પ્રેમને કારણે સેતુબંધન કરનાર રામની કથા યાદ આવી.

૩

ભાદો હે સખી રૈણી ભિયાવન
ઘુઘે આંધારિયા રાત હે!

લૌકા જે લૌકા રામા
ગિરુ રી જે ચમકે
સો દેખિ નિયારા ડરાય હે!

પછી આવ્યો ભાદરવો મહિનો. અંધારી રાત, મેઘનું ભયાનક ગર્જન ને વીજળીના ચમકારા જોઈ મારું હૃદય ભયભીત બને છે. હાય, આ એ જ પ્રેમ છે, કે જેને માટે એક વેળા પોતાના પ્રેમપાત્રને મેળવવા રાગે સમુદ્રમાં સેતુબંધ બાંધેલો!

૪

આશ્વિન માસ સખી આસ લાગીયે ગેલો
આશ ના પૂરિલો હમરો હે!
એ આશ પુરે રામા કુબરી સૌરત કે
જિન સ્વામી રખલો લુભાય હે!

આસો મહિનો આવી પહોંચ્યો. મારા મનમા નવી નવી આશાઓનો સંચાર થયો. પણ એ આશાઓ પૂરનાર છે ક્યાં? એ આશા તો મારા સ્વામીને લોભાતુર કરનાર મારી શોકય કુબ્જાની પુરાઇ!

૫

કાર્તિક માસ સખી ગંગા સનાને
સબે સખી પેન્ધે રામા પાટ પીતાંબર.
હમ સખી લુગરી પૂરાનો હે.

કારતક મહિને બધી સંખીઓ ગંગાસ્નાન કરીને રંગબેરંગી વસ્ત્રો પહેરે છે, જ્યારે મારે તો જૂનું ફાટયું તૂટયું લૂગડું જ પહેરવું પડે છે.

૬

અદગન હે સખી, અમસુદારન
ચઢોવા ચઢૈયા રામા, ખેલ કરતો હે
સેઢ સખી નિયારા લુભાય હે!

માગસર મહિના (માગસર મહિનાને ગુજરાતીમાં પણ અગદાયન મહિનો કહે છે. ને બિહારના લોકગીતમાં એનું અગદન એ અપભ્રષ્ટ રૂપ છે) ચારે બાજુ પાકા ધાન્યનાં ખેતરોથી ભૂમિ સોનાના જેવી ઉજ્જવળ ને સુશોભિત બની ગઇ છે; ચોરચોરી ફીકામાં મશગૂલ છે, ને મારું હૃદય પણ મારા પ્રિયતમ માટે આકુળ બને છે.

વિમો એ જીંદગીની
જરૂરિયાત છે
પણ
કયાં ઉતારવો તે જ પ્રશ્ન છે.

જે સંસ્થાની મોટી
થાપણ છે વિશ્વાસ
ઉત્પન્ન કરે એવી
ડાયરેકટરોની બોર્ડ છે
-જેની કાર્યપદ્ધતિ
ઝડપી અને વ્યવસ્થિત
છે-એવી જ કંપનીમાં
વીમો ઉતરાવવો જોઇએ.

સત્તાવાર થાપણ રૂ. ૧,૦૦,૦૦,૦૦
બહાર પડેલી રૂ. ૫૦,૦૦,૦૦૦
ભરપાઇ થયેલી રૂ. ૨૫,૦૦,૦૦૦

જીંદગી—આગ
દરિયાઈ—અકસ્માત

જ્યુબિલી

વીમા કંપની લિ.
૨૨, એપોલો સ્ટ્રીટ, મુંબઇ

૭

પૂસ હે સખી ફૂલ, પડિયે ગેલો,
ભીંજ ગેલો લંબી લંબી કેશ હે
ચેલિયા જે ભીંજે રામા, કાટાઓ કે,
જોબના ભિંજયે અનમોલ હે.

પોષ મહિનો આવ્યો ને સાથે ધુમ્મસ લેતોર આવ્યો. ને તેથી મારા લાંબાં વાળ ભીંજાય ગયા. ને મારી ચોળીયે ભીંજાય. આ મારું અણમોલ જોબન ભીંજાયું છે તેમાંથી મને ઉગારનાર કયાં?

૮

માઘ હે સખી ઝાડ પરિયે ગેલો
થર થર કાંપે કરિની હે
સબે સખી બેસે રામા પિયાકે સંગે હો
હમરો પિયા પરદેશ હો

મહા મહિનો આવ્યો ને એની કડકડતી ઠંડીમાં મારું હૃદય કંપી ઊઠયું. મારી બધી સખીઓ એમના પ્રિયતમ પાસે બેસીને સુખચેનમાં દિવસો વીતાવે છે પણ હાય, મારો પ્રિયતમ તો પરદેશ ગયો છે!

૯

ફાલ્ગુણ હે સખી ઋતુ બસન્ત હે!
સબે સખી ખેલે લાલ ગુલાલ હે!
સબહિ ખેલે રામા પિયા ગુલાકે સંગે
હમરો પિયા પરદેશ હે!

પછી આવ્યો ફાગણ મહિનો. વસંત ઋતુના માનમાં બધી સખીઓ ગુલાલ ઉડાડી હોળી ખેલે છે. બધી સખીઓ એમના પ્રિયતમ જોડે પ્રેમના તોફાને ચઢી છે. ને મારો પ્રિયતમ પરદેશ એટલે મારે એકલા દિવસ વિતાવવાના!

૧૦

ચૈત હે સખી બેલા ફૂલીયે ગેલો
સબ સખી ફૂલે રામપિયા કે સંગ હો!
હમરો ફૂલવા મલિન હે!

ચૈત્ર માસમાં બેલફૂલનો ઉત્સવ આવ્યો. આ ઋતુની જરા ઠંડી, જરા ગરમ, એવી મધુર હવાથી સખીઓ લહેરમાં આવી પ્રિયતમની જોડે કલ્લોલ કરે છે. હું એકલી રહી ગઇ, કારણ મારે તો એ આનંદ વિના દિવસ વિતાવવો પડયો છે.

૧૧

વૈશાખ હે સખી આદિત ખર મેલા
જિયારા તાવિત હમાર હે!

વૈશાખ મહિને સૂર્યના પ્રચંડ તાપે ધરતી ધીખી ગઈ છે, ને એવીજ રીતે વિરહના પ્રચંડ તાપથી મારું હૃદય પણ ધખી રહે છે.

૧૨

જેઠ હે સખી, પિયા ઘર આઇલે
પરિ ગેલો આશ હમરો હે!
એ પ્રીતિકારણ સેત બાંધલો.

જેઠ મહિને મારા પ્રિયતમ પાછા ઘેર આવ્યા. મારી આશા પૂરાઇ. મારી વર્ષ દિવસની વિરહવેદના દૂર થઈ. હા, આ પ્રેમને કારણે જ સીતા મેળવવા રામને સેતુ બાંધવો પડયો!

બિહારનાં બારમાસીનાં ગીત બધાં આ જ પ્રકારનાં હોય છે. આ જ રચના, કરુણની વેદના ક્રમશઃ જેમ માસો વીતતા જાય તેમ વધું અને વધુ તીવ્ર બનતી જાય. આ ગીતમાં જ જુઓને, આરંભમાં નાયિકા રામસીતાની જોડે પોતાની તુલના કરીને દુઃખી થાય છે. પછી કુબ્જા શોકય પર ધિક્કાર વરસાવે છે, પણ, પછી દુઃખના અશ્રુને લીધે વિરહમાં ઉગ્રતાને બદલે કોમળતા આવી છે. પછી સખી જોડે પોતાની સરખામણી કરી, પોતાનો પ્રિયતમ નથી તેથી દુઃખી છે. પણ આરંભના ભાગમાં જે જ્વાળા છે તે નથી. એ જ્વાળા પરિણામે છે કરણતામાં.

બીજું એક આવું જ વિરહગીત લઇએ. એમાં પણ પ્રોષિતભર્તૃકા પોતાની વિરહવેદના આલેખે છે. એની વ્યાકુળતા, એની આનંદહિનતા વ્યકત કરતાં એ કહે છે:

ચલલો ભારન તેજિહે સુંદર
જહાં બૈસે રઘુનશી કુમાર!

જ્યાં રઘુવંશકુમાર વિરાજે છે ત્યાં મારી બધી કલ્પના ને બધું સુખ દોડી જાય છે.

આમ રઘુનંદનનું સ્મરણ કરી પછી કહે છે

કે, પ્રિયતમ તો દૂર છે, એના વિના આનંદ શાનો? એ કહે છેઃ

બીનુ સોનાકે કૈસન આભરણ
બીનુ મોતીયે કિયા મનોહર
અંગન મોર લેખે બીજુબન્દ
દુનિયા સગરો. આધાર

પતિ વિના સુખ નથી તે સમજાવતાં અનેક દૃષ્ટાંતો આપતા એ કહે છેઃ 'સોના વિના ઘરેણાં નહિ, ને મણિ કે મોતી વિના અલંકારની શોભાય શું? મારું આંગણું સ્વામી વિના સૂનું સૂનું લાગે છે, આખું જગત અંધકારમય લાગે છે.

વિરહ દુઃખની કહાની અહીં જ પૂરી થતી નથી, એ આગળ ચાલતાં જણાવે છે,

સેજ પર કારી નાગીન
દુઃખ અબ સહલો ન જાય!
બિનુ રે બાલમા બિનુ કૈસન નેહાર
સ્વામી બિનુ કૈસન સસુરાર!

"પતિ વિનાની મારી શય્યા તો કાળી નાગણીની જેમ મને ડંખે છે. હવે દુઃખ સહ્યું જતું નથી. મા મરી એટલે પિયર હવે રહ્યું નહિ ને સ્વામી વિના સાસરામાંથી ય સુખ ગયું." પછી તો દુઃખની પરાકાષ્ટા આવે છે. નસીબ પણ આડું ફાટ્યું છે. એને કમનસીબે કોઈ સંધરતું નથી. પોતાના ભાગ્યદુઃખની કહાણી એ દ્રાવક શબ્દોમાં કહે છેઃ

વિપદ લાગેલું નદિયા કે તીર,
દહવા ગેલૌ સુકાયલો
વિપદ લાગેલું ઋષ બિરિછ તર,
બિરિછ બેલૈ પાતઝર,
વિપદ લાગેલું નૈહર મોર
ભૌજિ લેલિહાન-લુલુહાર!

"દુઃખથી તપ્ત થયેલા હૃદયને શાંત કરવા, નદીતીરે નાહવા ગઈ, તો મારા જેવી હતભાગિનીના સ્પર્શે નદી સૂકાઈ ગઈ. ઝાડનાં પાદડાં, હું ત્યાં જતાં જ, ખરી પડ્યાં. વિપદથી ત્રાસી આખરે સાંત્વનાની આશાએ હું પિયર ગઈ, તો ત્યાં. મને ત્યારે સાચું કે સ્વામી વિના મારું કયાંયે સ્થાન નથી."

સંગીન પ્રગતિ.....

નવું કામકાજ

૧૯૪૪	૧૯૪૫.
રૂા. ૪૦,૦૦,૧૯૫.	રૂા. ૫૨,૨૦,૫૬૦

—:લગભગ ૩૦ ટકા ઉપર વધારો:—

બોમ્બે કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી લી.

ચેરમેન
માધવલાલ મકનજી ભટ્ટ જે. પી.

મેનેજર
ગજેન્દ્ર એચ. ઠાકોર એમ એ. (ઈન્ટર)

કો-ઓપરેટીવ ઇન્સ્યુરન્સ બીલ્ડીંગ
સર ફીરોજશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ.

લાગવગવાળા અને ઉત્સાહી ગૃહસ્થોને ઉદાર શરતોથી એજન્સી આપવી છે.

આપણાં ગુજરાતનાં લોકગીતોમાં પણ આમ જ વિરહવેદનાની સાથે દુર્ભાગ્યની કહાણી સાંકળી લેવામાં આવી છે આપણા મધ્યકાલીન રાધાકૃષ્ણના વિરહમાં પગ, નરસિંહના પદમાં, રાધાના વિરહે નદી સૂકાઈ ગઈ ને ઠંડો પવન ગરમ થયાના ઉલ્લેખો આવે છે. આ ગીતમાં માતા વિનાના પિયેરમાં ભાભીનો તિરસ્કાર ને બહાર, નદી, ઝાડ વગેરે તરફથી યે પ્રોષિતભર્તૃકાની થયેલી અવમાનના, કરુણ ને વધુ અસરકારક અને મર્મસ્પર્શી બનાવે છે.

આષાઢ મહિનો આવે છે આષાઢ મહિનો એટલે તો વિરહીઓનો મિલનમાસ, આષાઢે વિરહાન્તે મિલન થવાથી એ શૃંગારના આલેખન માટે અનુકૂળ માસ બને છે. એટલે આષાઢ આમ મૂળે તો સંભોગશૃંગારને અનુકૂળ વિષય, પણ એક વિરહિનીના પ્રિયતમ ન આવ્યા તે બિચારી પોતાની કરુણ દશા સખીને વર્ણવતા કહે છેઃ

એહલો આષાઢ માસ ગરજે ગગનવા
ચૌહ દિસે ઘટા લાગે ભેયાનવા
પિયા પરદેશ ગેલો!
નીરા ઢારકે નયનવા દિન ગુનિ ગુનિ
ત૧ મોરા છિન ભેલો બદન મલિન
હાઢ ભેયો કંગન હમારિ!
જે મોરે કહી દેતો પિયાકે આવનવા
તાક દે બૈ હાયકે કંગનવા'
થીર કરું થીર કરુ અપનિ મનોવા
આ જે આય જૈતો સાંકે સિહાનિયા

આષાઢ મહિનો આવ્યો. આકાશમા ગર્જના થવા લાગી. ચારે દિશામા ઘનઘોર મેઘની ઘટા છવાઇ ગઇ. પણ મારો પ્રિયતમ તો પ્રવાસે ગયો છે. આંસુ સારતી સારતી એના આવવાના દિવસો હું ગણવા કરું છું. મારો દેહ તદ્દન દુર્બળ બની ગયો છે. મોઢા પર કાળાશ છવાઇ ગઇ છે. ને સખી, આમ તો જો, આ મારા કંકણ મને ઢીલાં પડવા માંડયાં.

"હે સખી! જે મને મારા પ્રિયતમના આવવાનો ચોકકસ દિવસ કહે તેને હું આ મારા હાથનું કંકણ બક્ષીસ આપી દઉ."

સખી સાંત્વના આપે છેઃ "તારું મન સ્થિર રાખ. જરા ધીરજ ધર. તારો પ્રિયતમ જરૂર આવશે જ."

આ ગીત ઝાંઝર પહેરીને એના તાલ જોડે સ્ત્રીઓ ગાય છે. આ ગીતમાં જ એવો લય છે કે જેથી ઝાંઝરના તાલે બરાબર રસજમાવટ થાય.

બીજું એક એવું જ વિપલંભનું પ્રચલિત ગીત લઇએ. એમા પણ પ્રોષિતભર્તૃકા પોતાની વિરહવેદનાની કથા વર્ણવે છે. જ્યારે યૌવન માણવાનો રસભોગનો સમય, ત્યારે બિચારીના પ્રિયતમ દૂર હોય એટલે પોતાની કરૂણ દશા તે એક પથિકને કહે છે છે.

એકે નારી પતરી, લચકિ કમરવા
દોસરા હિ કોમલ શરીર હે બિદેશિયા
"એક તો પાતળા કમરની ને તેમાં વળી
કોમળ શરીર, ને પછીઃ
સાહિયા કરિકે ઘરે બૈઠેલે અપનિ ગેલે પરદેશ
એઈ સન ઉમરીઆ હમમ બૈરીઆ
કોન મોર હરતઇરે કલેશ!
અપને ન અઇલે, પાતિયા ન લિખલે
બ્યાદ ના પરેલે બિદેશી હો!
બારોહ બરસ પરદેશ બૈઠોલે
ધનિ તોર કહિન કલેજા હો!

નાની ઉમરમાં એને પરણીને ઘરે આવી ને સ્વામી પરદેશે ચાલી ગયા ને પછી તો યુવાની આવી. મન્મથ જાગે છે, એટલે પોતાના નસીબને દોષ દેતી બિચારી કહે છેઃ "આ મારી ઉમર જ મારી વેરી થઇને બેઠી છે. આવી ત્યારે બાળકી હતી, પછી તો બાર બાર વર્ષ વહી ગયાં તો યે સ્વામીનો કશોય પત્તો નથી. મને આ દુઃખમાંથી ઉગારે પણ કોણ? એ જાતે ય તો આટલા વર્ષોમાં ન આવ્યા, પણ એણે તો કટકી પત્ર પણ ન લખ્યો. મને તો હવે એનું સ્મરણ પણ રહ્યું નથી." (નાની શી બાલિકા હતી ત્યારે આવેલી, પછી બાર વર્ષ એમ ને એમ નીકળી ગયાં ત્યાં બિચારીને કયાંથી કશું ય સ્મરણ હોય?) તે પછી સ્ત્રી કટાક્ષમાં કહે છેઃ "ધન્ય છે એના કકણ કાળજાં ને!"

જે પરદેશી સમક્ષ નિવેદન કરે છે તેના હૃદયમાં આ કહાણીથી પોતાને માટે હમદર્દી જગાવી, પછી એને પોતાના પતિની પાસે પોતાનો સંદેશો લઈ જવા વિનવતાં એ કહે છેઃ

બાટ બટોહિયા,–તું હું મોર ભાઇઆ,
લે જાઓ બહિન કે સન્દેસ હો!

"હે રસ્તે જતા પ્રવાસી, હવે તો તું જ મારો ખરો ભાઇ છે. તો બહેનનો આટલો સંદેશો એમની પાસે લઈ જા ને."

પથિક પોતાની મુશ્કેલી રજુ કરે છે કે તોહાર બાલમ કે ચિનહિ ઓ ના જાનિઓ
કે કર હાથે દેવો પાતિયા?

"તારા ધણીને હું ઓળખતો નથી, તો પછી હું તારો આ કાગળ આપું કે ના હાથમાં?"

સ્ત્રી પોતાના પતિનો પરિચય આપતા એની સૌંદર્યભાવનાને મૂર્તરૂપ આપતા એક સુંદર શબ્દ-ચિત્ર રજૂ કરે છેઃ

'હમરો બાલમ કે બડે બડે આખિયા.
ભૌંર ગુંજિત આખિયા.
ઊંચે લિલાર–ચંદન કે ટિકા
બીજુરી ચમકે દાતિયા!
હમારો બાલમ હે પૂરબ બનિજઓ!
બેઠેલો હો રે રાજદરબારીઆ!
'મારા ધણીની કાળી ભમ્મર આંખો છે. ચંદનચર્ચિત એનું ઊંચું લલાટ છે. એના દાંત એટલા ઊજળા છે કે જાણે વીજળી ચમકતી હોય એમ લાગે છે. તે પૂર્વદેશમાં વેપાર કરવા ગયા છે, ને ઘણું કરીને ત્યાં રાજદરબારમાં બેઠા હશે."

કેવી સરળ આ ગ્રામબાલિકા! એને બીચારીને શું ખબર કે આ પરિચય તો પરિચય જ ન કહેવાય. પણ કાવ્યમાં ભાવની પરાકાષ્ટા તો હજુ હવે આવે છે. પેલા મુસાફરને જોતાં, એ વિરહિનીને એ મુસાફરની પત્ની પણ પોતાના જેવીજ વિરહદુઃખિત અવસ્થામાં હશે તે સ્મરતાં એ જોતી જોડે પોતાના પ્રિયતમને સંદેશ મોકલવાનું નક્કી કરે છે તે પ્રવાસીને ઉપાલંભ આપે છે કેઃ

'છિયા હે બિદેશિયા, ધિકકાર તોહાર
ધની બૈસો વિરહ વિયોગ હે!

"છિ, છિ, હે પરદેશી પ્રવાસી, તને ધિક્કાર છે. તારી સ્ત્રી તારા વિરહે મરવા પડી છે ને તું અહિ પરદેશમાં ભમે છે!"

આમ સમસંવેદનાથી, પેલા પરદેશીની સ્ત્રીનું દુઃખ એ સમજી, જે કાવ્યની શરૂઆતમાં આત્મલક્ષી હતી એની દૃષ્ટિ પરલક્ષી બની, એમાં જ ખરું કાવ્યતત્ત્વ રહેલું છે.

[શ્રીમતી માયા ગુપ્તના બંગાળી લેખને આધારે]



સંપાદકીય

'કવિતા'નો મે અંક પ્રગટ થઇ શકયો નહીં. સંખ્યાબંધ પત્રોમાં એ અંગે પૂછપરછ થઈ. એ અગાઉ આજ વર્ષમાં ફેબ્રુ. અંક (અંગત કારણોસર) પ્રગટ થઈ શકયો નહોતો. ખરી હકીકત એ છે કે 'કવિતા'નો મે અંક ન પ્રગટ થવાનું મુખ્ય કારણ પ્રેસ છે. સુરતમાં કપોઝીટરોની ભારે તંગીએ સંખ્યાબંધ પ્રેસોને ગૂંગળાવ્યાં. હતાં. પરિણામે એ પ્રેસોમાંના સામયિકો પણ ગૂંગળાયાં. અને એ જ કારણસર મે અંક પ્રગટ ન થઇ શકયો. ત્રણ ત્રણ ફરમાનો અંક કાઢવાની વિચારણાનો પણ અમલ ન થઇ શકયો.

'કવિતા' માટે દિનપ્રતિદિન પ્રતિકૂળ સંજોગો ઊભા થતા જાય છે. છતાં 'કવિતા' નિયમિત રહેવું જ જોઇએ એ માટે અમો સતત પ્રયત્નશીલ છીએ. અમોએ જુલાઇ માસથી નવા પ્રેસની વ્યવસ્થા કરી છે ત્યાં 'કવિત' નિયમિત પ્રગટ થાય એવી જોગવાઈ પણ કરી છે. પણ એ નવી વ્યવસ્થા થાય સુધીમાં 'કવિતા'ને જે સંજોગોમાં મૂકાવુ પડે છે એ સંજોગોમા અન્ય માર્ગ નથી.

ગમે તેવી મુશ્કેલી આવશે છતાં 'કવિતા'ની જ્યોત તો જલતી જ રહેશે. ગુજરાતે આજે 'કવિતા'ને જે સ્નેહથી વધાવ્યુ છે એ સ્નેહથી પોષઈને 'કવિતા' ગમે તેવા કપરા સંજોગોમા જીવંત રહેશે જ. હાલ પૂરતી અનિયમિતતા આવી છે તે અનિયમિતતા હવેથી દૂર થશે જ.

આ સંજોગોમાં પણ 'કવિતા' કંઈક નવું નવુ કરવા માંગે છે. પ્રથમ તો એ કે જુલાઇ માસથી 'કવિતા' બે રંગમાં છપાશે. છે તેનાથી વિશેષ સમૃદ્ધ રીતે સચિત્ર થશે. અંકો હવેથી નિયમિત રહેશે જ. જે અંકો પ્રગટ થઈ શકયા નથી એમાં કાળ જ એનુ કામ કરી ગયો. એ બદલ કવિત પ્રેમીઓ અમને ક્ષમા કરશે.

●

1336

જવાળા

કહે છે તે સઘળું જ છે હૃદયમાં, ઔદાર્ય છે, ધૈર્ય છે,
કર્માધીન મનુષ્ય તે પણ લહું, ના દૈન્ય છે અંતરે,
વેઠયાં કષ્ટ અનેક સર્વ સહવા ઘોળી પીવા હામ છે,
કિન્તુ એક જ વેદના જખમ એ રૂઝાયના કો પળે.

મોહાંની ભરી મોહની, નયન એ, એ હાસ્ય ને વેણુ એ,
ભૂલ્યાં કેમ ભૂલાય અંધ તનુજે જે ઘા કર્યા અંતરે;
સ્વામી થૈ નતમસ્તકે નિરખવું એ ધર્મ શું તે સગે?
આજે એ અપમાન સર્વ વિસરી શું કહેણ તું પાઠવે!

'કૃષ્ણા' કહે નહીં! આજ પ્રજ્વલી રહ્યો ભાર્યો હતો અંતરે,
અગ્નિ, અગ્નિની જ્વાલ ઉગ્ર દહતી આજે બની હું હવે,
તારો કૌરવ-વંશ ખાક બનશે હું શું કરું તે કહે,
ઇચ્છું ના, પણ આજ અંતર કહે સંહાર પાસે હવે.

હતું જે કુળ મારું ને તારું એ ગૌરવે ભર્યું,
બુદ્ધિ ભ્રષ્ટ થઇ તેથી દેખું નષ્ટ થઈ જતું;
દુઃખ છે અંતરે તો યે માનું હું એ જ યોગ્ય છે,
ધર્મ છે? સ્વજનો છે એ? સ્વપ્ન સર્વ ગયાં હવે!

જયમનગૌરી પાઠકજી

શ્રદ્ધા

તને મેં ચાહ્યો'તો હૃદયરસમાં મસ્ત બનીને
તુંથી હું મોહ્યો'તો અવિરત સુધાએ વરસીને
નહીં એવું કિન્તુ ક્ષણુભર કદી માન્યું હૃદયે
'મને તું ચાહે તો હૃદય મુજ તારે ચરણ છે.'

હતી આશા કે–તવ હૃદયમાં સ્નેહપડઘો
પડી ગૂંજી રે'શે દ્વયહૃદયના તાર–સમમાં;
પરંતુ એ આશે, અગર બદલાની શરતથી
સમર્પ્યું ન્હોતું મે; હૃદય નિજ મેળે જઈ લબ્યું.

હતો મારે તો તું પ્રથમ થકી મારો પ્રિયજન
નહીં કે હું મોહ્યો નીરખી તવ સ્નેહોર્મિ સદય;
ભલે તું ચાહે કે નહિ, હૃદય આ રોજ ઝુરશે
દીઠું જે તારામા કયમ કરી હવે તે ભૂલી જશે ?

અને મિથ્યા યત્ને હૃદય નિજ કો છેતરી શકે?
દીઠું મારે હૈયે તવ હૃદયમાં દિવ્યતમ જે
રહેશે ચૂમી એ મુજ હૃદયપે કૌસ્તુભ સમ
મને હૈયે શ્રદ્ધા પ્રણયકણી યે જાય ન વૃથા.

ભોગીલાલ ગાંધી

દિલડાંની વાત

અમને ન આવડે કંઈ દિલડાંની વાત,
કે'તા દિલડાંની વાત—અમને.

દિલડાંની વાતું એવી,
વાદળ માયલી વીજળી જેવી.
હે જી એને કેમ રે બંધાય,
એને કેમ રે ઝલાય!
એથી અમે સાવ રે અગન્યાત—અમને.

ફૂલડાં સમી જો હોયે,
માળા ગૂંથી તો તો લઈયે.
હે જી આ તો ફૂલેડાં નહીં જે
કેવળ લમતો પરાગ
એને કેમ રે ગૂંથાય!
એને કેમ રે ઝલાય!—અમને.

માછલાં સમી જો હોયે
શબદ ના બે બાંધી લઈયે,
હે જી આતો કલ કલ જળરવ
એને કેમ રે બંધાય
એને કેમ રે ઝલાય—અમને.

દિલડું હશે જો, વાતો
દિલની ઝલાશે એ તો;
ભલે હોય વીજળી પરાગ,
કે કલકલ એ અવાજ;
એ તો સહુ દિલડે બંધાય,
એ તો સહુ દિલડે ઝલાય—અમને.

પ્રહ્લાદ પારેખ

આવે છે

અદ્‌ભુત સુન્દર સુન્દર એ તો આવે છે મુજ પાસે !
વીજળીના ઝગકારા સમ એ આવે તેમજ હાસે !
આવે છે મુજ પાસે !

આવે છે એ અતિશય પાસે,
સુરભિત એના શ્વાસોચ્છ્વાસે
મૂર્ચ્છિત કરી દેતી મુજને એ !–એવુ તે કઈ હાસે !
આવે છે મુજ પાસે !

વિસ્મિત, જાગ્રત-નિમીલિત નેને,
દેખુ, હજી નવ દેખુ જ એને,
ઊડી જતી ત્યા ! પદ્ય એનો નવ નિરખાયે આકાશે !
આવે છે મુજ પાસે !

તેજ મહીં વીટાયુ એનુ
લાવણ્ય,–હજી નિરખ્યુ શેનુ ?—
ને સુરભી !–બાધે પ્રતિવેલા અધિમા રેશમપાશે !
આવે છે મુજ પાસે !

પ્રજારામ રાવળ

ટાગોરનાં સંસ્મરણો

સ્વ૦ વિશ્વકવિ રવીન્દ્રનાથ ટાગોરને કોણ નથી જાણતું ? તેઓ 'ગુરુદેવ'ના નામથી હિંદુસ્તાનમાં ને બહારની દુનિયામાં જાણીતા હતા. આજે પણ એ જ નામથી ઘણાં એમને ઓળખે છે. બીજા છે શ્રી. આચાર્ય ક્ષિતિમોહન સેન, જેઓ શાંતિનિકેતનમાં 'કાકુરદાદા'ના નામે ઓળખાય છે. ક્ષિતિબાબુ ગુરુદેવ સાથે સતત ૩૪ વર્ષ રહ્યા હોઇ એમણે આલેખેલાં ગુરુદેવનાં સ્મરણોનો આ લેખ આપણને નવીન-રસપ્રદ માહિતી પૂરી પાડશે.

ગુરુદેવ સાથેનો કાકારદાદાનો સંબંધ ૩૪ વર્ષનો છે એ ખરું પણ જેની પાસે દેશ-પરદેશના લોકો એકાદ કલાક વાતચીત કરીને પણ એક એક ચોપડી લખી ગયા હોય તેને માટે આટલાં વર્ષોનાં સંસ્મરણો ટૂંકમાં લખવા અસંભવ છે. કાકુરદાદાના પૌત્રે એક વાર તેમને પૂછ્યું: "રાવણને શું ખરેખર દશ માથાં હતાં ?" જવાબ મળ્યો. "હા" "ત્યારે એની મા શું કરતી હશે ?" પ્રશ્ન ન સમજવાથી કાકુરદાદાએ પૂછ્યું: "કેમ ?" વાત સામાન્ય હતી-"જ્યારે રાવણ રડતો હશે ત્યારે બે મોઢા તો બે રતનને ધાવે, પણ બાકીનાં આઠ તો રડતા જ રહેતાં હશે ને ?" એ જ હાલત શ્રી. રવીન્દ્રનાથ ટાગોરના સાહિત્યની છે. કોઈ એક જ બાજુની વાત કરીએ તો બાકી રહેલાં રડવા માંડે છે ભાવોના સંબંધમાં પણ એમ જ છે. જેમ આગગાડીમાં બેસતી વખતે પગને ઠેકાણે ૧૫૦ બેસી જાય અને નીકળતી વખતે બધા સાથે જ નીકળવા માગે તો એક પણ નીકળી શકે નહિ !

કાકુરદાદાની પાડોશમાં એક માણસ રહેતો હતો. તે રોજ સવારમાં દીવો સળગાવીને તમાકુ પીતો. એમણે તેને પૂછ્યું: "અલ્યા, દીવો સળગાવવાનું શું કારણ ?" તેણે કહ્યું: "જ્યાં સુધી તગાકુનો ધૂમાડો દેખાય નહિ ત્યાં સુધી મઝા આવતી નથી કે તમાકુ પીએ છીએ કે નહિ." એ જ હાલત કાકુરદાદાની હતી. રવીન્દ્રનાથના સાહિત્યનું વાચન તો કરતા હતા પણ જ્યાં લગી તેમને નજરે ન જુએ ત્યાં લગી કેમ ચેન પડે ?

સને ૧૯૦૪ની વાત છે. ખબર મળી કે ગુરુદેવનું કલકત્તામાં વ્યાખ્યાન છે. કાકુરદાદા આ વખતે બનારસમાં હતા માતાને સમજાવીને પહોંચ્યા કલકત્તા. મિનર્વા થિયેટરમાં 'સ્વદેશી સમાજ' પર ગુરુદેવનું ભાષણ હતું. પણ થિયેટરથી અધી માઇલ સુધીનો રસ્તો જ બંધ હતો. છતાં એ અપરંપાર ગીરદીમાં કાકુરદાદા તો ઘૂસ્યા. થોડે દૂર લગી તો ગયા પણ શ્વાસ ઘૂંટાતાં પાછા નીકળી આવ્યા. બહાર આવીને જુએ છે તો શરીર પર પહેરણ જ ન મળે ! ખબર મળી કે કાલે ફર્જન થિયેટરમાં પણ આજ ભાષણ થવાનું છે. દરવાનને ખુશામત કરી કાકુરદાદા તો બપોરે બાર વાગે જ અંદર જઇને બેઠા. ત્યાં એમનાથી પણ પહેલાં બીજા છ ગૃહસ્થોને બેઠેલા જોઇ દિંગ થઈ ગયા. એમાં શ્રી. પ્રમથનાથ તર્કભૂષણ પણ હતા. કાકુરદાદા પહેલી જ હરોળમાં જઇ બેઠા ગુરુદેવના મંચ પર આવતાં પહેલાં એને શંકા થયા કરતી હતી કે કયાંક ગુરુદેવ કદરૂપા તો નહિ હોય ! પણ શંકાઓ નકામી ઠરી કેમકે પરમાત્માએ ગુરુદેવને દિવ્ય રૂપ આપ્યું હતું એક મિત્રે ભાષણ શરૂ થાય તે પહેલાં જ એમને ગેલેરીમાં બોલાવી લીધા ભાષણ તો સંભળાયું પણ ગુરુદેવની ભાવવ્યંજના સ્પષ્ટ ન જોવાનો અસંતોષ રહી ગયો. વીલ્સન એકડેમીમાં ગુરુદેવ હંમેશ જતા હતા ત્યાં ગયા ને પાસેથી દર્શન કરી બનારસ જતા રહ્યા.

૧૯૦૬ થી ૧૯૦૮ લગી ક્ષિતિબાબુ હિમાલય, ડેલહૌસી, ચમ્બા વગેરે સ્થાનોમાં ફરતા રહ્યા. ચમ્બામાં એક દિવસ ટપાલ લેવા ગયા ત્યાં અચા-

નક જ એક પરબીડિયું મળ્યું. તેમાં ગુરુદેવે એમને શાંતિનિકેતન બોલાવ્યા હતા. એમણે ત્યાં જ ઊભા ઊભા જવાબ લખ્યોઃ 'હું તો 'કવિ' રવીન્દ્રનાથને ઓળખું છું, અને તે આપ જ હો તો ભલા મારી તે એવી શી મોટાઈ છે? હું આપનો અત્યંત આભારી છું.' જલદી જલદી તૈયારી કરી શાંતિનિકેતન પહોંચ્યા ને ત્યારથી આજ લગી એઓ શાંતિનિકેતનના આદરણીય સભ્ય છે.

ગીતાંજલી છપાઈને બહાર પડ્યા પછી ગુરુદેવ ઑપરેશન માટે વિલાયત ગયા. યુરોપ ને ખાસ કરીને ઇંગ્લાંડ માટે તો ગુરુદેવ એક જીવંત આશ્ચર્ય સમો હતા. જ્યારે જુઓ ત્યારે સાહિત્યકારો એમને ઘેરી વળતા. એ દરમિયાન જુવાન એમહર્સ્ટ મળવા આવ્યા. તેઓ બહાર જ ઊભા રહ્યા ને ગુરુદેવ નીકળ્યા એટલે કહ્યુંઃ 'હું એમહર્સ્ટ-છું.' તરતના જન્મેલા બાળકનો પરિચય આપવા માબાપને ખૂબ પાઘડી પડતી નથી. એ તો બાળક પોતે જ રહીને પોતાની ઓળખાણ કરાવે છે. તેમણે ગુરુદેવને પૂછ્યુંઃ 'હિંદુસ્તાનની દરીદ્રતા દૂર કરવા આપ શું કરો છો?' ગુરુદેવે ૬૦-૭૦ હજારની જરૂરિયાત બતાવી. એમહર્સ્ટે તરત કહ્યુંઃ 'હું આપીશ. આપ કામ શરૂ કરો.' ત્યારથી આજ લગી એઓ શાંતિનિકેતનને દર વર્ષે આર્થિક મદદ આપતા રહ્યા છે.

આ ઘટના પછી બે વર્ષ બાદ એમહર્સ્ટ હિંદમાં આવ્યા. શાંતિનિકેતનમાં આવતાં વાર પૂછ્યું 'ગુરુદેવનું જીવનચરિત્ર કોણે લખ્યું છે?' કહેવામાં આવ્યું કેઃ 'કોઇએ નહિ.' એટલે એમણે તો બધાંને તિરસ્કારી કાઢ્યા ને કહ્યુંઃ 'હું લખીશ' અને બીજે દિવસથી નોંધો કરવા લાગ્યા. હમેશાં ગુરુદેવની સાથે જ રહે. તેઓ કંઈ કહે કે લાગલા ડાયરીમાં નોંધી જ લે. "ગુરુદેવ પોતાના પુસ્તકાલયમાંથી જૂની ચોપડીઓ કાઢી નાખી તેની જગાએ નવી ગોઠવી રહ્યા છે. આ રીતે એમણે પોતાની ૧૪ હજાર ચોપડીઓ 'વિશ્વભારતી'ને આપી. એમાં ૧૧ હજાર તો વિજ્ઞાનની જ હતી. શ્રી. જગદીશચંદ્ર બોઝ તથા પ્રો. આઇન્સ્ટીન એમના મિત્રો હતા. ચીનની કળા-એમને ખૂબ જ પસંદ છે. તેઓ કહેતા કે યુરોપની કળા તો એની આગળ બાળકિડા છે. તેઓ ૪ા કલાક સૂતા હતા. બૌદ્ધ ધર્મ વિશે પણ વાત કરતા હતા. વગેરે વગેરે"

આ રીતે પૂરાં ૬ વર્ષ સુધી એમહર્સ્ટ નોંધ લેતા રહ્યા અને છેવટે એક દિવસ ક્ષિતિબાબુ પાસે જઈ કલમ મૂકી દીધી. ક્ષિતિબાબુએ પૂછ્યુંઃ "શું છે?" બોલ્યાઃ "બસ, એમના વિષે પૂરેપૂરું લખવું અશક્ય છે, અસંભવ છે." ઠાકોરદાદા (ક્ષિતિબાબુ)એ પોતાની સહજ કટાક્ષપૂર્ણ ભાષામાં પૂછ્યુંઃ "તો પછી તે દિવસે અમારો તિરસ્કાર કેમ કરેલો?"

નોબલ પારિતોષિક મળ્યા પહેલાં ગુરુદેવની આર્થિક સ્થિતિ ઠીક નહોતી. એક ઉમાચરણ નામે નમ્ર ને સીધો નોકર હતો. તેના મરી ગયા બાદ આવ્યો ધણો જ ગંભીર સાધુચરણ. ક્ષિતિબાબુએ ગુરુદેવને પૂછ્યુંઃ "આ બીજો નોકર કેવો છે?" ગુરુદેવે કહ્યું. "તે ભૃત્ય છે! ગાર્જિયન છે, ગર્જના કરે છે."

દક્ષિણથી એમના આવેલા શિષ્યોમાં ચિંતામણિ નામના એક સજ્જન પણ હતા, કૃષ્ટપુષ્ટ ને લોખંડી શરીર હતું. ગુરુદેવે એક દિવસ તેને પૂછ્યુંઃ "શું ખાઓ છો?" જવાબ મળ્યોઃ 'લીંબડાના પાનનો ગોળો' ગુરુદેવે તરત જ ઉમાચરણને બોલાવી કહ્યુંઃ 'રાંધવાનું બધ કરી દો. આપણે પણ લીંબડાનો ગોળો ખાઇશું.' ચિંતામણી લીંબડાનું શરબત પણ પીતા હતા. ગુરુદેવે એ જોયું કે તરત ઉમાચરણને પૂછ્યુંઃ 'લીંબડાનું શરબત બનાવી શકશો?' 'હા'નો જવાબ મળતાં જ ગુરુદેવે બનાવી લાવવા કહ્યું. પીવાશે એવા પૂરા વિશ્વાસથી જ કહ્યું હતું પણ શરબત આવ્યું ને જ્યાં એક ઘુટડો જ પીધું કે તરત બહાર નીકળી ગયું.

રવીન્દ્રનાથ પહેલાં એક મોટા મકાનમાં રહેતા હતા. એ પછી પોતાને માટે એક નાનું મકાન

પસંદ કરી તેમાં રહેવા લાગ્યા. મકાનનું નામ એમણે 'પુનશ્ચ' રાખ્યું હતું. જ્યારે એ ઘર સંબંધમાં એક વાર એમને પૂછવામાં આવ્યું કે, 'આવું આટલું નાનું કેમ?' એમણે કહ્યું: 'જો ઘર મોટું હશે તો તેનું જ મહત્વ વધી જશે ને આપણે નાના જ રહી જઈશું.'

ગુરુદેવને કેરીઓ બહુ ગમતી હતી. ૧૯૨૪માં એઓ જ્યારે ચીનમાં હતા ત્યારે મિત્રોને ખબર પડી કે એમને કેરી બહુ ભાવે છે. તરત જ ફિલિપાઇનિયો તાર આવ્યો કે: "બીમાન મારફે કેરીઓ મોકલીએ છીએ. કિંમત લેવાની નથી. માત્ર રવીન્દ્રને માટે." કેરીઓ આવી ગઈ. કહી દીધું કે આજે રોટલી નહિ ખાઈએ, કેરી જ ખાઈશું. ગુરુદેવ કેરી સમારવા લાગ્યા. રેસાનું પ્રમાણ વધારે હોવાથી કાપતાં કપાતી નથી એ જોઈ ઠાકુરદાદાએ પૂછ્યું: "આ શું કરી રહ્યા છો?" "હું આને પ્રણામ કરી રહી છું કેમકે એ તો મારી પણ મોટી બેન છે અને અને મારાથી પણ વૃદ્ધ છે."

["દાંડીઓ"માંથી]



રાજસ્થાની લોકગીત-કથા

રમણિક કીશનલાલ મહેતા

પિતા તખ્ત બિછાવીને બેઠા હતા એ સમયે હાડેરાવનો-પરવાનો હુકમ આવ્યો. સજ્જનાએ પિતાને ચિન્તાતુર બનેલા જોઇને કહ્યું: "કેરા કાગળમાં શું લખ્યું છે એ મને-વાંચી સંભળાવો."

"બેટા સજ્જના! પત્ર વાંચ્યો વંચાય એમ નથી એ વાંચતાં જ હૃદય ફાટી જાય અને દૈયું વ્યાકુળ બને છે. કાગળની ચારે કોરે સાત સાત સલામો લખી છે અને વયમાં ઉતાવળે ચાકરીએ જવાનું લખ્યું છે." પિતાએ ઉત્તર આપ્યો.

"પિતાજી! તમે દુઃખી ન થશો. તમારે બદલે હું બાર વર્ષ માટે ચાકરીએ જઈશ." દીકરી જરા પણ સંકોચ વિના પિતાના દિલનું દર્દ મીટાવે છે.

સજ્જના પુરૂષવેષ ધારણ કરીને રાતના પાછલા પહોરે ઊંટ પર ચડીને ચાલી નીકળે છે. માર્ગમાં સજ્જનાએ ગાયોના ગોવાળને પૂછ્યુ: "હે ભાઇ! હાડેરાવના રાજની સીમા કયાં આવી?"

ગોપાળ ઉત્તર આપે છે: "હેઃ હે ઓડી! (ઊંટ-સવાર) આજ હાડેરાવનો રાજ્યની સીમ છે. આં દેશમાં મેદાન થોડાં અને સરોવર ઝાઝાં છે."

આગળ ચાલતાં સજ્જનાએ માળીના દીકરાને પૂછ્યું: "હે ભાઇ! કહે તો ખરો, રાજા હાડેરાવનો બાગ કયાં આવ્યો?"

માળીનો પુત્ર જવાબ આપે છે: આજ રાજાજીનો બાગ છે: "એમાં કેરી પાકેલી છે. અને રસભર્યો લીંબુ છે."

સજ્જના આગળ જઇને પનિહારીઓને પૂછે છે: હે પનિહારીઓ! "હાડેરાવનું તળાવ કયાં આવ્યું?"

પનિહારીઓ જવાબ આપે છે:" સમદર જેવું વિશાળ આ રહ્યું તળાવ.

સજ્જના તળાવના કાંઠે પોતાનો મુકામ કરે છે.

પછી કડિયાના-પુત્રને પૂછે છે: "હે ભાઇ! હાડેરાવનો મહેલ કયાં આવ્યો?"

"ઓડી! આ રહ્યો રાજાજીનો મહેલ જેનાં દ્વાર આગળ કદલી સ્તંભ રાખેલા છે"

સજ્જનાએ નિયમિતપણે રાજાજીની નોકરી કરવા માંડી. પુરૂષવેષમાં એને કોઇ પારખી શકયું નહિ એક દિવસ રાજાને સન્દેહ પડે છે. તે પોતાની ભાભીને કહે છે "હે ભાભી! મને આશ્ચર્ય થાય છે. એનાં નેત્રો નારીનાં જેવાં છે, પણ બેલી તો પુરૂષના જેવી બોલે છે."

ભાભી કહે છે: "હે દિયરજી! એક વાર એને બાગમાં લઇ ચાલો ત્યાં નરનારીઓનો ભેદ પરખાઈ જશે નારી હશે તો વૃક્ષ પરથી પડેલાં ફળ ખાય વીણી ખાશેઃ પુરૂષ હશે તો ગુલાબનું ફૂલ ચૂંટશે. પરંતુ એમ ન બન્યું. રાજા જયમલ પડેલાં ફળ છે, સજ્જના ગુલાબનું ફૂલ તોડે છે.

ભાભી બીજી પરીક્ષા બતાવે છે. હે દિયરજી! એને એક વાર સમદર તળાવે લઇ ચાલો. ત્યાં સ્ત્રી પુરૂષની પરીક્ષા થઇ જશે. સ્ત્રી હશે તો તે કિનારે બેસીને ન્હાશે. અને મૂછાળો મરદ હશે તો સરોવરની મધ્યમાં જઇને હિલોળા દેતો સ્નાન કરશે. આં વેળાએ પણ સજ્જના છતી. રાજા જયમલ કાંઠે બેસીને

ન્હાયો. સજ્જનાએ તળાવ વચ્ચે જઈને જળને હિલોળતાં સ્નાન કર્યું.

બંને પરીક્ષામાં નિષ્ફળતા મળતાં રાજા ગુસ્સે થાય છે. ભાભી ત્રીજું પારખું કરવાની રીત બતાવે છે. આ વેળાં એને રસોડામા લઈ ચાલો. સ્ત્રી હશે તો ધીમે ધીમે આશે; અને પુરૂષ હશે તો ઝટ જાગી લઈને ઠેકાળા કરી ઊઠશે. સજ્જના આ કસોટીમા પણ પાર ઊતરે છે.

છેલ્લી વાર બાલીએ ખૂબ અકરી કસોટી રાખી તેણે કહ્યું: આ વખતે એને શય્યા પર લઈ ચાલો એટલે નર છે કે નારી એનો ભેદ સમજાશે. નારી હશે તો ફૂલની માફક કરમાઈ જશે ગરદ હશે તો મનમાં કોઈ પણ જાતનો સંકોચ નહિ રાખે.

સજ્જનાનો નોકરીનો સમય પૂરો થઈ ચૂક્યો હતો તે બધી કસોટીઓમાં પાર ઊતરી હતી. છેલ્લી વેળાએ એ કેમ ફસાય ?

સજ્જના પોડેસ્વાર થઈ ચાલી નીકળી અને સૂર્યોદય થતાં થતાંમાં તો પિતાના દેશમાં જઈ પહોંચી. માર્ગમાં સમુદ્ર જેવાં વિશાળ સરોવરો ઓળગ્યા અને આવીને પિતાને પોતાના હાથનો ચૂડલો બતાવ્યોઃ તે બોલી ઊઠીઃ "પિતાજી ! બંધ બારણું ઊઘાડી નાંખો. તમારી દીકરી સજ્જના બાર વર્ષ પર્યંત રાજાજીની ચાકરી કરીને પાછી આવી ગઈ છે."

બોલ્યા બાબોજી તખત બિછાય
કાગદિયા તો આયા જી બાંભાજી રે હાડેરાવ રા
કાગદ, બાબાજી, મ્હોને વાંચ સુણાય
કાંઇ રે લિખ્યો છે, બાબાજી, મ્હારે કાગદાં
કાગદ, બાઇજી, વાચ્યા જો ન જાય
છાતી તો ફાટે, જો બાઈ સજ્જના, હિવડો ઝૂઝળે
જોવડ-છેવડ લિખી છે સાત સિલામ
બીચમેં તો લિખિયો, જો બાઈ સાજ્જના, વેગ પધારણા
થે, મ્હારા બાબાજી, વેદિલ મત હોય
બારૈ તો વરસાં લગ કરસાં ચાકરી
કરિયા સજ્જના મરદ ના ભેસ
કરલા લલકારયા જો બાઇ સજ્જના ઢળતી રાતરા
ખૂલ્યો સજ્જના ગાયા રો ગુવાળ
સીવ બતાઓ, રે ભાઇડા, હાડેરાવ રી
યા હી છે, ઓઢી, રાજાજી રી સીંવ
તાલર થોડા, ઓ ઓઢી, સરવર મોકળા.
ખૂલ્યો સજ્જનાં બાલીડે રો પૂત
વાગ બતાવો, રે માણી કા, રાજાજી રો કૂણસો.

યા હી છૈ, ઓડીડા, હાડેજી રે બાગ
આમૂ તો પાકયા, ઓ ઓડીજી, નીંબૂ રસ ભરયા.
સજના બૂઝી પાણી રી પખિયાર
હોદ બતાવો, એ પખિયારમાં, હાડેરાવ રે.
યો હી છૈ ઓડી, સમંદ-તળાવ
ડેરા તો ઢળ્યા એ બાઇ સજના સમંદ-તળાવ પર.
બૂઝયો સજના ચેન્દરે રે પૂત
મહલ બતાવો, રે ભાઈડા, હાડેરાવ રે.
યો હી છૈ, ઓડી, રાજજી રે મહલ
કેળ ઝબરખે, રે ઓડીડા, રાજજી રે બારણે
ભાભી, મ્હોં ને અચરજ હોય
નૈણુ નારી રા એ, આ બોલી બોલે મરદરી.
એક બર, દેવર, વાગો મેં લે ચાલ
વેરો તો પાડા, ઓ દેવરિયા, નારી-મરદ કો.
નારી હોય તો પડયા-રિડયા ફળ ખાય
મરદ હુવૈ તો તોડે ફૂલ ગુલાબ રે.
રાજા જૈમલ પડયા-રિડયા ફળ ખાય
ગાગડમલ રી સજના ઓ, આ તોડે ફૂલ ગુલાબ રે.
ભાભી, મ્હોંને અચરજ હોય
નૈણુ નારી રા એ, આ બોલી બોલે મરદ રી.
એક વર, દેવર, લે ચાલો સર્ય-તળાવ
વેરો તો પાડાં, ઓ દેવરિયા, નારી-મરદ રે.
નારી હોય તો ઓરાં-તીરાં ન્હાય
મરદ મૂંછાળો ઓ યો ન્હાવૈ સમદ ઝોળ કે.
રાવ જૈમલ ઓરાં-તીરાં ન્હાય
ગાગડમલ રી સજના તો યા ન્હાવૈ સમંદ ઝોળ કે.
ભાભી, મ્હારે મન મેં આવૈ રીસ
નૈણુ નારી રા એ, આ બોલી બોલે મરદ રી.
એક બર, દેવર, રાય રસોઇ લે ચાલ
વેરો તો પાડા, ઓ દેવરિયા, નારી-મરદ કો.

નારી હોય તો ધીરે-ધીરે બાય
મરદ મૂછાળો તો ઓ ઝટ દૈ જમ ચળૂ કરૈ.
બાળી, મ્હારે મન ગે આવૈ રીસ
નૈણુ નારી રા એ, આ બોલી બોલૈ મરદ રી.
એક બર, સેજ્યાં મેં લે ચાલ
વેરો તો પાડાં, ઓ દેવરિયા, નારી મરદ રો.
નારી હોય તો ફૂલ જાવૈ મુરઝાય
મરદ મુછાળે રી સેજ્યા, ઓ દેવરિયા, મળવટ ના પડૈ.
હોગી સજના, ઘુડલે અસવાર
દિન તો ઉગાયો એ બાઈ સજના બાળોજ્યરે દેસમેં
ઉળંગી સજના સમદ તળાવ
ચુડલો દિખાયો જી બાઈ સજના બાંયે હાથ રો
ઉદ ઓ બાબાજી, ઢકિયો ફળસો બોલ
બારૈ બરસાં રી ઓ બાઈ સજના કર આયી ચાકરી.*

---

*વૃદ્ધ ઠાકુરને ચાકરીએ જવા માટે હાડોરાવનો પરવાનો આવ્યો. પરતંત્ર રહીને નોકરી કરવી એ ઠાકુરના સ્વતંત્ર માનસને અનુકૂળ નહોતુ. કોઇ પુત્ર હોત તો પોતાને બદલે તેને મોકલી આપત, પણ એને તો એક દીકરી જ હતી. પરંતુ એ દીકરી અનેક દીકરાઓની ભીડ ભાગે એવી હતી. એનું નામ સજના. સજનાએ કેવી રીતે પોતાના પિતા પર આવેલું સંકટ દૂર કર્યું એ આ ગીતમા આલેખવામાં આવ્યુ છે.



આવતી પેઢીના કવિઓ : ભૂપેન્દ્ર વકીલ

કૌલક

આ કટારે દિવસે દિવસે નવીનતર કવિઓનુ અને સાથોસાથ સુપ્રસિદ્ધ કવિવિવેચકોનુ ઠીક લક્ષ ખેચ્યુ છે એ જ આ કટારની સાર્થકતા છે છતા જે નવીન બધુઓની કૃતિઓ આ કટારમા છપાય છે તેમની સામે લાનમત્તી ધરવાની આવશ્યકતા છે આ કટારમા કવિતાઓ પ્રગટ થતા કે આઠો પરિચય અપાતા કવિ નથી જ થઇ જવાતુ બેશક, જે કૃતિઓ અહીં રજુ થાય છે એમા કવિની પ્રતિભાના ચમકારા છે સારી કૃતિને આવરક એવા અશો આ કવિઓને વરેલા છે તેમ છતા કવિ નયનશીન રહે એ જ ઇચ્છિત છે

આ અંકે શ્રી ભૂપેન્દ્ર વકીલની કૃતિઓનો સચય અહિ રજુ કરવામા આવે છે કૃતિઓ વાચતા એમની રસિકતાનો પરિચય થાય છે દર્દનો ખ્યાલ અવે છે સૌથી વધુ આકર્ષક તો એમની છદો પરની રંથોટી છે છદમા ઘણી જ આસ તીથી એઓ કવિતા ઉતારે ભન છે રાધનો પર્વત' એ સાદી સીધી વાત છે પણ એમા રસિકતા છે એ રસિકતાના આનદે નાયક પોતાની ફરજ પણ વીસરે છે રસિકતમા લીન થયેનો કવિ છેવટે કવિતામા (રસિકતામા) જ ફસાય છે આખી કૃતિની સરળતા-સચોટતા આકૃતિને હૃદયગમ કરે છે

'મારા કાવ્યો'મા કવિને પોતાના કાવ્યો કેવા લાગે તેની વાત છે. એમાં ચે વિશદ રચના છે ભાષાની પણ મૃદુ મીઠાશ છે જગત એને તિરસ્કારે છતા કવિને મન તો એ ધ્રુવતારા સમા જ છે આ કૃતિમા એક કવિની એની પોતાની કૃતિ પ્રત્યેનો અપાર પ્રેમ એની વફાદારી વ્યક્ત થાય છે માને બાળક અને કવિનો કવિતા એ દ્વાર પ્રતીકો પણ એટલા જ સચોટ છે 'શુકતારા', 'પૂજી',—જીવન

શ્રી ભૂપેન્દ્ર વકીલ

શુકદાની' ત્રણે મુક્તકો છે અને તેટલા જ અર્થમા સુદર ભાવ વ્યકત કરતા મજુલ મનોહર કાવ્યો છે કારાવાળા ફૂલ પસદ કર્યા છતા સૌરભ પ્રસરી રહી છે કટા હતા તેથી અચુમનો વ્યકત થતો નથી શુકતારા મા પડેલુ કોણ પહાર પડે ? 'શુકતારા' બહાર પડી એને ધ્રુવ માર્ગદર્શક બનાવે છે એ દષ્ટાત આપે છે-મને છે એ ભાવના સારી છે અનત આકાશના મુકતવિહારમા પણ કવિ 'ધીરતા' જુએ છે—ક્રિયાની ઓસિયર એ છાની વાતને કવિ મુકત મને મોકળી કરે છે એમા અત સારો છે આ કવિતાને હજી વધુ સરી રીતે વિકસિત કરાઈ હોત પણ 'અધેરા કવિતાનો પ્રાણ રૂપી રે છે છતા પ્રયાસ ખોટો નથી 'ચળી નવ શકુ'મા મિશ્ર નિરાશાઆશાની લાગણી વ્યકત થાય છે તમામ કૃતિઓ એક છાપ અવશ્ય પાડે છે કે કવિ પાસે વસ્તુ છે દૃષ્ટિ છે છદ પર હથોટી છે અને વિશદ રીતે વહેવડાવવાની તાકાત છે હજુયે વધુ સારી કૃતિઓ મળશે જ એમા શકા નથી

રાઈનો પર્વત

– મિત્ર

હું 'રાઈનો પર્વત' વાંચતો'તો
પ્રશાન્ત એ નાટક પ્રેમકેરું
મ્હાલતો'તો.
ત્યાં તો પધારી સખીએ જમાવ્યું
યોગીસમું આસન.
આસાનીથી કાળનું ભાન ભૂલી
બેસી રહી એ, નહીં કાંઈ બોલી
હું યે ન બોલ્યો મુજ પાઠ વાંચતા.
–ચિન્તા ચિત્તામાં જલતો પરીક્ષા
કેરી વદે શું?— ૧૦
સામે બેઠી પ્રેયસીને, વિસારી
ફાંફા-માર્યાં વાંચવા મેં જ પાઠ.
મચી રહી'તી ઉરમાં ધમાલ,
બોલું ન બોલું—ઉરદ્વાર ખોલું....
ના કાંઈ નક્કી
કરી શક્યો હું.
ત્યાં તો ઊઠી એ ક્ષણથી જ વ્યંગમાં:
'ખરેલ છું વાંચનમાં તમારા;
નહીં?'
એમ કેહેતી ૨૦
તૈયાર ભાવા થઈ એ જહીં ત્યાં
'રાઈનો પર્વત' ફેંકતા હું
બોલી પડ્યો કે, 'સખી! જાય ક્યાં તું?
છે વાંચવાનો નિતનો જ બોજ.'
'રાઈનો પર્વત' પ્રેયસીનાં
સૌન્દર્યનાં - પ્રેમપ્રકાશ માંહે
ઝાંખો પડ્યો ને વિસરી ગયો હું
આવી રહેલી પૂર વેગ માંહે
કપરી પરીક્ષા!
પછી પરીક્ષા જયપુષ્પ વેરે ૩૦
કેવી રીતે ભાગ્ય પરે જ મારાં?

મારાં કાવ્યો

મુંઝાતા

મારાં કાવ્યો ઉપર મુજને કેમ ના હોય મમતા?
છોને લાગે જગતજનને છેક એ તો નકામા;
કિન્તુ મારે હૃદયવસતા પ્રાણથી યે જ પ્યારા.
તંત્રીઓ છો દમ વગરનાં માનીને ટોપલીમાં
કચરા સેવા સમજ બનીને ફેંદી છતાં એ–
સંભાળીને જતન કરતો બાળ શું પ્રેમભાવે.
કોઈ માતા બદસુરત શું બાળને નિજ કેરાં
ત્યાગી દે છે કદી અણગમો લાવીને ઉરમાંહે?
ચાહે એ તો નિજ જીવન શા પ્રેમભાવે સદાએ;
એવી રીતે કવન મુજનાં બાળ છે વ્હાલસોયા.
ધિક્કારે છો જગત સઘળું–કોઈ ના ભાવ પૂછે;
તો યે એ તો મુજ હૃદયનાં પ્રેમનાં હકદાર
ને રે'વાનાં અચળ ઉરમાં મુવતારાસમાં એ.

ચહી નવ શકું—

પૃથ્વી

ક્ષમા ! પ્રણયિની ! ક્ષમા !
ચહી નવ શકું તને સમીપ આપણે છો વસ્યાં !
હતું હૃદય મુજનું તલપતું સદા એક દિ'
અને નયન વાટમાં અમીટ તુજની ઝંખતાં.
રમી રમત સ્નેહની પ્રમુખ લ્હાણ લૂંટી ઘણી
હસ્યા, શબ્દ પ્રેમથી સગર કૈં વદ્યા ને વળી
કરી પ્રણયમાં જ કૈં કવન જે કવિ ના શકે.

હજુ ય ઉર તુજનું
ચહે જ મુજને છતાં નવ ચહી શકું હું તને !
કદી સ્મરણ જાગતાં હૃદયમાં વ્યથા થાય છે,
અને અડગ સાધના નિરખતાં દ્રવે ઉરતો,
છતાં નવ ચહું તને પ્રણયિની, ક્ષમા આપજે !
કહું પ્રણયિની, કહે નવ ચહી શકું કેમ હું !
ગણી મૂરખ ના હસી પડતી જો સખી સાભળી !
કયે દિવસે પ્રેમીઓ જગત ડા'પણે છે ભર્યા ?—
તને વિસરી છે ગયું હૃદય તે ભમે અન્ય કો'
સ્વરૂપવાન તુજથી વધુ
રમણીના મધુ સ્નેહમા !

નથી સમીપ જો છતાં હૃદય પ્યાસમા ગરત રહે
અને સ્વપ્નસેવને સમય જાય છે વેગમા ,

પુરાન ઉરમાં કરે સ્મરણ અલ્પ છે જે છતા.
રમે પ્રણયમૂર્તિ તો નયન, નીત સામે સદા.
વસે સમીપ તું અને સ્વરૂપવાન છો ને ભલે
છતાં નવ, સહી શકું !
ક્ષમા ! પ્રણયિની ! ક્ષમા !

પ્રિયાની બ્રેસિયરને

ખંડ મંદાક્રાંતા

તમ નગ્ન થતી છાતડી બંધમાંહે
બાંધી તેં તો મુજ પ્રણયિની ભરી મરત રાગે.
તારી માંહે
બીલી જેવાં સ્તનયુગમ જેનાં ગલાં ચોર દીપી,
જે આકર્ષી ચક્રિપગ્રમાં હાર્દની ઊર્મિ ખેચી
સરિતજળ સમી દર્પને નિત રહેનાં.
જોતાં એને તડ તડ કરી તાર તૂટી જતે કે
હૈયા કેરા
થાતું એવું-અકળ ઉરમાં વેદના થાય ભીડી !
ભીડી તોયે સહન નહીં એ હાર્દથી કેમ થાય ? ૧૦
ખૂલી સ્થિતિ
બંધે હૈયું બસ નિકટ એની જાય ભોગવી કૈ
ઉરલગનને ખૂજવી દેવી મ્હાલી !
મ્હાલવાથીએ અધિકતર મારો નહીં વેગવાન
બાજો જેવી નવ ઝઈ શકે કોઈ ના કેમ એની ?
મારે હૈયે ઉરસ્રષ્ટિતની ઊર્મિનાં પૂર જેમ
ગરજી ગરજી ઘૂઘવે સર્વ ખૂલી;
એવી રીતે તુજ જગરમાહે છીપી જાનડી શું.
મારે કાજે નહીં તલપની પ્રેમરીતી રહંતી ?
જો ચૂરે તો ૨૦
તોડી તારા બીન સઘળા મુકત ના કેમ થાની ?
ભૂલ્યો હું તો
રહીત છો ને રૂપવતી રહી બંધમાંહે જ તારાં !
જે બંધોથી વિરૂપ નહીં જે રૂપ થાતું હઠીલું
તે બંધોને તજી દઈ થયું શીદને રૂપ હીન ?
સૌન્દર્યોનું જતન કરવા બંધ છે જે જરૂરી
ત્યાગી તેને કુરૂપ બનવું શીદને આપ મેળે ?



પ્રાચીન પરશીઅન કવિતા

સર રુસ્તમ મસાણી

અનુવાદઃ છોટુ હરિયાકર

જ્યારે પરશીઅન સાહિત્ય કે કવિતા સાહિત્યની આપણે વાત કરીએ ત્યારે ઘણે ભાગે અર્વાચીન કે ઇસ્લામ કાળની કવિતા એવો અર્થ આપણે કરીએ છીએ. મુસ્લીમોના પુરોગામીઓ ઝોરાસ્ત્રીઅન હતા. તેના મહાન રાજવીઓએ એશિયા તેમજ યુરોપના ઇતિહાસમાં પોતાની પ્રતિભાનું પ્રતિબિંબ પાડયુ છે અને તેના ક્રાન્તદર્શી ઉપદેશકો તેમજ સાક્ષર રત્નોએ પૂર્વ તેમજ પશ્ચિમની સંસ્કૃતિને ઘડવામા મહત્વનો ફાળો આપ્યો છે. ઇરાનનું રાજ્ય નાનુ હતું છતાં વિજયપરંપરાથી તેણે ભીન્ન અનેક રાજ્યો પર પોતાનો ઝંડો ફરકાવ્યો હતો. સાઇરસ (Cyrus) રાજ્ય સિંધુથી ભૂમધ્ય સમુદ્ર સુધી તેમજ કોકેસસના નામાચ્છાદિત શિખરોથી પરશીઅન ગલ્ફ અને અરબી સમુદ્ર સુધી પહોચેલું હતુ. ડેરીઅસ (Derius)નુ રાજ્ય ઇજીપ્ત અને બેબેલોન, એસીરીઆ (Assyria) અને હિંદુસ્તાન, મીડીઆ (Media) તથા લીડીઆ Lydia એને એવાં અનેક રાજ્યોની પ્રશંસાને પાત્ર બન્યુ હતું. પ્રાચીન ઇરાનીઓ પોતાની જ્ઞાનપિપાસા અને કાવ્ય પ્રતિભાને માટે જાણીતા છે. તેમનું રાજ્ય તેમના કરતાં પણ વધારે પ્રાચીન રાજ્યસત્તાના ખંડેરો ઉપર રચાયેલુ હતું; અને જેમ તેમનો ખજાનો જીતાયેલા દેશની લૂટથી-ધનદોલતથી સમૃદ્ધ થતો હતો તેમ નાઇનવેહ Nineveh અને બેબેલોનના સંસ્કૃતિપ્રવાહોથી તેમની સંપત્તિ સીંચાઇને પરિપૂર્ણ બનતાં તેનું સાહિત્ય પણ તત્વજ્ઞાન, કવિતા તેમજ પુરોગામીઓની શૌર્યકથાઓથી સમૃદ્ધ બન્યું હતું.

ઇરાનની ભૂમિ ઉપર, મુસ્લીમ સંસ્કૃતિએ ઇરાની સંસ્કૃતિ ઉપર વિજય મેળવ્યો તે પહેલાં વિવિધ સ્વરૂપે વપરાતી પરશીઅન ભાષા અતિ વિશાળ તેમજ સુંદર અસાતત્યનું વાહન હતી. આ લિપિનું અસલ સ્વરૂપ ઘણું જુદું હતું. એ કયુનીફાર્મ Cunniform મૂળાક્ષરો લિપિ, Derius જેવા કોઇ મહાપ્રતાપી રાજાઓના વિજય કે તેમની રાજનીતિના વર્ણનો કોતરવા માટે વાપરવામાં આવતી.

આ લખાણ તેમજ ખિતાબોને બાદ કરતાં ઇરાનનું આજે પણ હયાતી ધરાવતું અતિપ્રાચીન સાહિત્ય તે ઝેન્દ અવેસ્થા પારસીઓના ધર્મગ્રંથોની ભાષા. આધુનિક સંશોધનને પરિણામે માલુમ પડયું છે કે આ ધર્મગ્રંથો ક્રાઇસ્ટ પૂર્વે દસ સદી જેટલા જૂના હોવા જોઇએ. પાછળથી પહલવી ભાષાને આધારે રચાયેલા મૂળાક્ષરોએ-લિપિએ કયુનીફાર્મ Cuniform લિપિનું સ્થાન લીધું. આ લિપિ શિલાલેખોને ખિતાબો માટે વપરાતી એટલુંજ નહિ પણ જરથોસ્તના પવિત્ર ધાર્મિક પુસ્તકો પર વિવેચન કરવા માટે પણ વપરાતી, જે આજે ઇરાન તથા હિંદમાં વસતા તેના અનુયાયીઓએ સાચવી રાખી છે.

ઇરાનમાં ઇસ્લામ ધર્મની સ્થાપના પછી આરાજ રાજ્યકર્તાઓએ તે દેશની પ્રચલિત ભાષાને તિલાંજલી આપી, એરેબીક ભાષા દાખલ કરી; પરંતુ પરદેશી ભાષા માતૃભાષાને સહંતર નાબૂદ ન કરી શકી. માતૃભાષા પ્રત્યેનો પ્રેમ, તેની શક્તિ તથા ખ્યાતિ એટલી બધી હતી કે શિક્ષણ પ્રત્યે પ્રીતિ ધરાવનાર સમન Saman વંશના રાજ્યકર્તાઓના વખતમાં એને તક મળતાં તે પાછી સહેલાઇથી વિકાસ પામી. જો કે આજે હિંદમાં બોલાતી ગુજરાતી મરાઠી તેમ જ ઉર્દૂ ભાષામાં જેમ અંગ્રેજી શબ્દો ઘૂસી ગયા છે તેવુંજ અરેબીક અને પરશીઅન ભાષાનું મિશ્રણ હતું.

ઇરાનની ભૂમિ પર જગતભરની પ્રજાએ પગ

માંડ્યા છે અને અનેક વિજેતાઓના આક્રમણે ઓના પર એટલી બધી અસર કરી છે કે ઇરાનના પ્રાચીન સાહિત્યનુ આજે નામનિશાન પણ રહ્યું નથી પ્રાચીન ઇરાની સાહિત્યનુ એ કે પ્રમાણભૂત સર્જન આજે હયાતીમા નથી એટલુ જ નહિ પણ મુસ્લીમોના આગમન પછીની બે સદી સુધીનુ એકે કવિતાસર્જન મળતું નથી એલેકઝાન્ડરના વિજયથી માંડીને દસમી સદી સુધીનો પરશીઅન કાવ્યસાહિત્યનો ઇતિહાસ તપાસતા માલમ પડશે કે કાવ્યસાહિત્યનુ ઝરણુ કયારે લુપ્ત થઇ ગયુ હતું પરશીઅન કવિતાનો પહેલો સર્જક કોણ એ નકકી કરવાનુ કામ આજે પણ મુશ્કેલ છે સામનદ Samanid રાજા નાસર-બી-આહમદ (ઇ. સ ૯૧૩) ના રાજ્યકાળ દરમ્યાન થઇ ગયેલા અબુ-ન હસન એ કવિને પરશીઅન કવિતાનો પિતા હોવાનુ માન ઘટે છે છતા એ સમય અગાઉના પણ ઘણા કાવ્યો મળી આવે છે, કે જેનાથી પરશીઅન કાવ્યસાહિત્યનો ઉદય થયો એમ માની શકાય અને એનુ માન જુદી જુદી વ્યકિતઓને ફાળે જાય છે સુલતાન બાદશાહ બહરામ ગોરને પ્રાચીન કાવ્યોનો રચનાર ગણવામા આવે છે. (ઇ સ ૪૨૦-૪૩૯) એવુ માનવામા આવે છે કે બહરામ ગોર, દિનારામને કાવ્યપકિત ઓમાજ સબોધતો તેનામા પણ મધુર કાવ્ય પકિતઓની સર્જનપ્રતિભા હતી અને તેથી તે તેના આત્માનુ દિવ્યસંગીત તાલબદ્ધ પકિતઓમા પોતાના અધરદ્વારા મૂર્તિમંત કરી શકતી હતી

બીજી માન્યતા પ્રમાણે સુલતાનીઅત બાદશાહ ખુશરૂ પરવીઝના દરબારનુ ચુનંદુ ગણાતો બારબાદ (Barbad) સુંદર કાવ્યોનો સર્જક હતો અપ્રિય કે દિલગીરીભર્યો સમાચારને કાવ્યમા વણી તેને બાદશાહ આગળ ખૂબીથી રજુ કરવાની અપૂર્વ કળાસિદ્ધિ એને વરેલી હતી, જે બીજા કોઈ વ્યકિતમા નહોતી

પરવીઝ બાદશાહ પોતાના ઘોડાને બહુ ચાહતો હતો કે

'He with an oath most Solemn and most binding,
Not to be loosed, had Sworn upon Fire
That who so first said "Shabdiz has perished."
Should die upon me cross in tormentis dire'

એક દિવસે ઘોડો અચાનક મૃત્યુ પામ્યો. એના રક્ષકે આ શોક સમાચાર બાદશાહ આગળ મૂકવાનુ કપરુ કાર્ય બારબાદને સોંપ્યુ

'Four strings wailed o'er him, while the minstrel kindled
Pity and passion by the witchery
of his left hand, and while the strings vibrated,
Chanted a wailing persian, threnody'

આ દિલગીરીભરી ઉકિતનો ભાવાર્થ સમજી જતા બાદશાહ બોલ્યા 'હુ અત્યંત દુખી છુ મારો શાબ્દીઝ મૃત્યુ પામ્યો !'

'બાદશાહ પોતેજ આ શોકજનક ખબર કહે છે' બારબાદે તરત ઉમેર્યુ અને આ રીતે ઘોડાના મૃત્યુના સમાચાર લાવનાર વ્યકિત માટે સોગન લઇને નકકી કરાવેલી મૃત્યુની સજામાંથી એ છટકી ગયો.

---

*આર પી મસાણીના 'The court poets of India and Iran'માંથી

પગદંડીને પંથે

'પગદંડીને પંથે'માં આ વખત 'નગોજી દીક્ષિત' ધ્યાન ખેંચે એવું કાવ્ય છે. કમનસીબી એની શિથિલતા છે પણ જે નવીન છે, પગદંડીને પંથે છે તેની પાસે વધુ આશા કેટલી રાખી શકીએ છતાં આપણા કાવ્યની વસ્તુ અને વેગભરી રજુઆત આ કૃતિને રસપ્રદ બનાવે છે "નેક જન્મો તણા દુખ વામે" કૃતિ કવિની હથોટીનો નમૂનો રજૂ કરે છે. નવી કવિતાથી જુદી પડતી એની લાક્ષણિકતા ધ્યાન ખેંચે છે 'સુબધુ' તખલ્લુસ હેઠળ કૃતિ વધારે સારી આશા આપે છે એમની શૈલી પણ નવીન કવિતાની લઢણમાં ઓતપ્રોત છે મુક્તકોમાં 'તું સાભરી–' મુક્તક સુંદર અને સચોટ છે કોલક

નગોજી દીક્ષિત

'અહો અહો'ના સાદ સુણાતા કાશીગંગાઘાટ પરે
દીક્ષિત નગોજી સ્થાન તહીં જ્યાં વેદવાકયની ધાર વહે
પંડિત કેરા પંડિત તો પણ ઘરમાં ગરીબી નાચ કરે
અધ્યયનમાં મનડું કેવળ, નહિ અન્ય કયા ધ્યાન ઠરે

દક્ષિણના રાજેશ્વર રાજા પેશ્વા તેની માતા સાથ
એક વાર એવું બન્યું કે આવ્યા કાશી જાત્રા કાજ
મનમાં સોચ્યું રાજાએ કે દીક્ષિતજીને મળવું આજ
નહિ તો કાશી નામ નકામું જાત્રા કેરું કામ નકામું

દીક્ષિત જ્યારે ધ્યાન ધરે ત્યાં મળવાનું તો નામ નહિ
અધ્યયનમાં આંચ જરા તો નગોજીની કંઈ કૃપા નહિ
આવ્યા રાજા દ્વાર કને ને કહ્યું બાંધને હર્જ નહિ
કહો ફક્ત કે રાજા આવ્યા, તહીં તમારી ફર્જ રહી

ઉત્તર આવ્યો 'આવો અંદર' રાજા વંદન કરી ઊભા
મંત્રી પ્રીછ્યા વિણ રાજાની દીક્ષિત બેઠા, ખસ્યા નહિ
ક્ષણભર શાંતિ, વદ્યા નગોજી, 'તમે, તમારું રાજ અને
મારું છું હું બધું બનારસ કુટુંબ તમારું સાથ ખરો

સુણ્યા શબ્દો, મનમાં ધાર્યું બોલી નાખું ઘણું બધું
નહિ ઉપડતી જીભ તહિ કરે રાજનો નિશ્ચય શું ?
અટકયા રાજા વળી વદ્યા બસ 'હા' કહીને થંભ્યા ત્યાં
હાશ કરીને શ્વાસ લીધો ને દીક્ષિતજી બસ મગ્ન રહ્યા

પૈસાએ તરછોડયો જેને દીક્ષિત એવાં ધ્યાન ધરે
મહેનત કરતા ઘણી બધી ને, શાસ્ત્રોનું એ ચિંતન કરે
મનમાં ધાર્યું, કરું વિનંતી ફીટશે મારું દળદર આજ
શાસ્ત્રો સાથે દોસ્તી બાંધીશ, નહિ અન્ય કૈં ચિંતા ખાસ

મનમાં સોચ્યું મનમાં સમવા જાણે ના સરજાયું હોય
એમ બને પણ 'અરે અનુચિત નહિ નહિ એવું ન થાય'
'ઠીક નહિ, એ ઠીક નહિ' ના ભયમાં દીક્ષિત ડૂબ્યા બહુ
પણ આંખ લઈ રજને ભાઈ, મનડું શોધે તત્ત્વ નવું

આંખ હતી રાજની ઉપર, મનડું પુસ્તકમાંહી રમે
શબ્દ એકના અર્થની ખાતર મન અગોચર સ્થળે ભમે
સદીઓ પહેલા મનડું એવું કાર્યકરણનું ચિંતન કરે
પુસ્તકમાં પરિપાકરૂપે એ 'ननु' વિચારની ધારા ઝરે.

પરીવાતમાં જેમ કુમારો પરીદેશ સૌંદર્ય લહે
વેશકેશના ભૂપણ પરથી દૃષ્ટ નહિનું કલ્પન કરે
છૂપા પગના ચિહ્નો પરથી વ્યાઘ્રપાદ કો વ્યાધ લવે
તેમ નગોજી દીક્ષિત આજે 'ननु' શબ્દને મનમાં રટે.

આજ નગોજી દીક્ષિત પણ એ 'તત્ત્વ' સહાયે બાથ ભરે
વિચારનું એ ચિંતન ઝરણું, નાહવું એવું મનમાં ધરે
દ્વીધી જેમ માર્ગોની વચ્ચે જંકશન જોતા શંકા ધરે
તેમ એ દૃશ્યનો રજા દીક્ષિત દેખી ચિંતન કરે.

"નક્કી એ પૂછતાં અચકાયે ક્ષોભ જરા એ મુખ વદે
મુશ્કેલી દીક્ષિતજી ગોલો હોય જરા પણ કહો મને
સહાય થશે જો તમને તો તો મારુ ગૌરવમાન ઘણું
કહો કહો ઓ દીક્ષિત, પંડિત મુજને સેવામાન ધરો."

એક જ ક્ષણ બસ, જાગ્યા દીક્ષિત રાજા પાસે ગ્રંથ મૂકયો
'મુશ્કેલીમાં મદદ કરો' કહી 'ननु' શબ્દનો અર્થ પૂછયો
શબ્દ 'ननु' અહિં શા માટે છે સોચો જલ્દી, કૃપા કરો
મુખથી શબ્દ સર્યો ન એકે, રાજા ક્ષણમાં ક્ષુબ્ધ બન્યો.

નેક જન્મો તણાં દુઃખ વામે

(પ્રસ્તુતા-છંદ)

દેહ ચિન્મય મહિ આવીને હો વસ્યું,
આવીને હો અહીં હોશ હોને,
દેહ બીજા તણા તારહો છે-તું,
હોય હેમી અહીં આજ હોને!
ઉદયનગલા પરે યાપહો આપીને,
ધગડધીં ધગડધીં હોય બજવે!
નાડીના તાપ પગ ધૈ ધૈ નાચતુ,
શ્વાસ ઉચ્છ્વાસ ગુરુ હોય ગજવે!
રાગ દીપક થતા જોત કે જગદંબે,
ચક્રસમ ભુવનને ભમા કુંકે,
વજ્ર હોમળમમા આજ અંતરમહિ,
પ્રજવહો નાદ શુ મધુર ગુજે.
સાતસાગર ઉરે અજ્ર દેતે ચટયા,
આત્મઆનદની લહેર જમે!
કહે "હરિસિદ્ધ" એ સત્યદર્શન થતા,
નેક જન્મો તણા તાપ વામે.

હરિસિંદ્ર રા. પરમાર

○

રણ અને રણદ્વીપ

(શાર્દૂલ)

આજે જ્યા સદગ સભા રમ્ય બધા જન્યા જન્યા પડેલા છે ત્યા
પડેલા તો વનરાઈથી સભર કે લીલા દયે જ્યહો
બિન્દુ રૂપા રજત દયે ભટકતો આવ્યો, અને દદથી
"ઓ! લેવા" વદતો જતો ત્રસ્તતો આકન્દથી, તેદના
ઉન્હા આદ્ર નિશ્વાસથી બળી જતા લીધી વનશ્રી બધી
પેદા ત્યા પલાશને રમ્ય થયા રેતી તણાં ઉમ કે
આજે યે મજરુ તણા હદયની યાદી જ આપી રહ્યા.

*

"વ્હાલા! ઓ, મજરુ" કહી વિરહથી લેવા દયે ઝુરતી
ને આસુ વહતી દયે કમલિની જેવી રહે ચારસી
તેના અશ્રુઓ પડયા ધ્રુમહીં જ્યા જ્યા દગે ત્યાં જન્યા
આજે જે રમદ્વીપ ઉજ્જડ દયે દગ્ધ પડે તે બધા

કુમુદચંદ મ. ભોજના

અજંપ?

તને આવું શું કહું હાં હવે!
ઘટે ન, શોભે ખરી હવેના,
બધા કહેશે બકવાદ એ છે
ઢળી ચાદી છે, શક ના કશો હવે

* * *

આજે અકમાત દીઠી તને મે
ઉન્મેષ ના વાત કશી ન ચાલી,
કતાય તારી મળીયે દેવુ કુદુ.
ને આમ સામે નિરખ્યા કર્યું ત્યા.
ઉન્માદ અગે ઉઠતી રહી'તી
આ લેખ કેવા વિધિના રચાયા,
ને આજ વર્ષો પછીની દશા આ?
ના શબ્દ બોલ્યા, બસ મામ સામે
નેત્રો જ મીઠુ રસ ઘુટડા ત્યા!
ધરાઈને મંત્રમુગ્ધ પ્રેમ પાગ
પીધી ધરી અમૃતથી ફરીને-
એમા જ શાન્તિ હતી ના દયાની!
તને નિદાળી પણ ના ગમી તું
આજી પડેચાન હતી ન આપણી,
હતી જરાના જુની કલ્પના જે
પટ્ટમે યથ આરૂઢ આવી ચ્હેલી,
સુરેખ તું શરદ કાલ અંગે
ન આજ તું તે, પરવાય ના કશી
તું જે હતી તે મનમા વસી રહી
ઓ એક વાછા મનમા રહી છે.
નેનને કુનેવી કહગી કુમારી,
તુ આજ દીએ, રૂપ ના રહ્યુ તે
આરે ન હોતા ખબનાલ એની

બોલું આમ છતા ધીમે હયુ આ કા કરવા કરે,
જુડાને ટેવ એ હોજ પાડી ગયુ, અજંપ શુ?

* * *

ન્યારી ન્યારી સકુથી તુ ન્યારી વિશ્વે વસુ ધરે
ને તેથી છે વધુ ન્યારી કર્યું આ વ્યથા ઉરે

સુબન્ધુ



અમૂર્ત ઊર્મિને

(પૃથ્વી)

નથી શબ્દમા ભરી ઉર ઉછાળતી રમ્યતા
નથી સુમન ગૂંથણી અવનવી છટાથી ભરી
નથી અબુધમા હજો જગતની હશે ગમ્યતા
નથી કવિતની કલા અવગથી કાને કૈ વરી
હજો હૃદયદ્વારપે મધુર ભૈરવ્યની પાખડી
કણી લલિત આતની સકલ પ્રાણથી ના લહી
હજો જગત માપવા ઉભય નાનકડી આંખડી
તૃપા મનુજ તોયવા સરિત માદરી ના વહી
ઉરે અગણ ઊરતી સદુય રગમા ભાવના
ઉડે વસન અગપે નવનવા કશા ધારતી
વહે વિપત બોમમા અમિત અગમા સ્ફુરણા
છતાય ગિરિમાળ કો હૃદયગમને વારતી
અમૂર્ત સહુ ઊર્મિઓ મૃદુલ પુલકથી જો ઉર
સજી રહતી—જગે નહિ સુવાસ શુ એ ભરે ?

રમેશ જાની

મિત્રની મહત્તા

અનુષ્ટુપ

પત્નિ માત પિતા છોડી ભગિની,બન્ધુ મુકીને
હૈયાની વાતડી છાની, કે' છે સૌ કોઈ મિત્રને

બલવન્ત મહેતા

તું સાંભરી

આષાઢમ્ય રસિક રજનીએ જરી બારીએથી
દૃષ્ટિ મ્હારી બગ શી ઉડતી બ્યોમમા સચરે ત્યા,
ઓચિંતી કૈ હસુહસુ થતી તારિકા કો' ઝબૂકે,
તે જોઈને શશી મલપતો ને નવોઢા શી ત્યા તો
પેરી તારા ઘનપટલના મુગ્ધ અવગુઠનેથી
દે છુપાવી કમલમુખને, વ્હાલી તુ સાભરી ત્યા

"પ્રશાન્તિ"

પતંગ

દોરી કરી કો લટની સુવાળી
પતગ બાધુ નભકલ્પનાનો,
ત્યા કિન્તુ કો પેચ લડાવી કાપે
પતગ મારો ક્ષણ તે કપાયો !

જગવંત શાહ



આવતી કાલની પેઢીના કવિ શ્રી હસિત બુચના લગ્નપ્રસંગે



શ્રી હસિત બુચને અભિનંદન

પ્રો અનંતરાય રાવળ આજ પર્યંત "એમી પ્રોફેસર" તરીકે ઓળખાતા આવ્યા છે ગણુ હવે એક બીજી વ્યક્તિને પણ આપણે એમી પ્રોફેસર કહેવી પડશે એ 'એમી પ્રોફેસર' છે શ્રી હસિત બુચ શ્રી હસિત બુચ ગુજરાતી સાહિત્યમા ઠીક ઠીક જાણીતા છે એમની કૃતિઓ અનેક સામયિકોમા આજ પહેલા પ્રગટ થયેલી છે ૧૯૪૨મા એમણે બરોડા કોલેજમાથી બી એ ની પરીક્ષા પસાર કરી અને તે જ કોલેજમા ફેનો નીમાયા ૧૯૪૪મા એઓ એમ એ ની પરીક્ષામા ગુજરાતી સાહિત્યને પ્રથમ વર્ગના ઉત્તીર્ણ થયા અને દિ ૫ કેશવ હર્ષદ ધ્રુવ સુવર્ણચંદ્રક મળ્યો તા ૧૮ ૫-૪૬ ના રોજ વડોદરા મુકામે શ્રીમતી જ્યોત્સ્નાના સાથે એઓ લગ્નગ્રંથિથી ગૂંથાયા છે શ્રી હસિત બુચના પિતા વર્ષો જૂના પત્રકાર છે તેઓ વડોદરાના સયાજીપત્ર ના ૩૦-૪૦ વર્ષથી સંપાદક છે શ્રી હસિતના માતુશ્રી પણ ગરબા ગીતો કા યો લખે છે આમ શ્રી હસિત પર સાહિત્યના સંસ્કારો જન્મથી જ પડયા છે

શ્રી હસિતની જુન માસથી વીસનગર કોલેજમા પ્રોફેસર તરીકે નીમણુંક થઇ છે પ્રોફેસરોની પંગતમા શ્રી હસિતથી નાના જોયા જડે તેમ નથી આથી જ 'એમી પ્રોફેસર' નો વધુ દરજ્જો આપણે શ્રી હસિતને ઓનારત કરવા લલચાઇએ છીએ ગુજરાતી સાહિત્યમાં પોતાની અસાધારણ મેધાથી ભાઇ હસિત અમૂલ્ય ફાળો આપશે જ એ શી શંકા નથી આજે તો એમના લગ્નપ્રસંગે અમે હસિત–જ્યોત્સ્નાના દંપતીને હાર્દિક અભિનંદન આપીએ છીએ

શ્રી. જયમનગૌરી પાઠકજી (પરિચય)

મધુસૂદન એમ. એ.

ગુજરાતી સાહિત્યમાં કવિયિત્રીઓનાં નામો આંગળીને વેઢે ગણી શકાય તેમ છે. એમાં શ્રી હંસા મહેતા, શ્રી જ્યોત્સ્ના શુકલ, શ્રી જયમનબહેન, શ્રી પુષ્પા વકીલ, શ્રી ચંદ્રિકા પાઠકજી, શ્રી ઊર્મિલા દવેનાં નામો મુખ્યત્વે છે. ગદ્યનો નિર્દેશ કરીએ તો તેમાંયે શ્રી લીલાવતી મુન્શી, શ્રી સરોજીની મહેતા, શ્રી લાભુબહેન મહેતા, શ્રી હીરા બહેન પાઠક મુખ્યત્વે છે. આ લેખમાળામાં હાલ તુરત કવિયિત્રીઓનો જ પરિચય આપવાનો ઈગદો છે. સ્ત્રીસાહિત્યકારોની સંખ્યા સહેજે નવ દસ થઈ રહે તેમ છે એમાના મોટા ભાગે ગુજરાતી સાહિત્યમાં સાત્વિક ફાળો આપ્યો છે.

એવો સાત્વિક ફાળો આપનાર એક તો જયમનબહેન પોતે છે. જયમનબહેનનાં કાવ્યો આજ પહેલાં ગુજરાતી સાહિત્યમા અનેક જગાએ પ્રગટ થએલાં છે. નારીહૃદયની ઋજુતા એમનાં કાવ્યોમાં સદાયે ઓતપ્રોત છે. એમની નિખાલસતા અને સ્વભાવની વિશદતાનાં પ્રતિબિંબ એમના વિશદ–સરળ પ્રવાહી કાવ્યોમાં સ્પષ્ટ રીતે તરે છે. જયમનબહેનની પ્રગટ થયેલી કૃતિ "તેજછાયા"ને ચોમેરથી આવકાર મળ્યો છે. હજી યે એક બે સંગ્રહો પ્રગટ થાય એટલી કૃતિઓ એમની પાસે પડી છે.

જયમનબહેનના પિતાશ્રી મોહનલાલ પાર્વતીશંકર દવે આપણી વકીલ પેઢીના એક અલંકાર છે. એમણે અડધો ડઝન જેટલા વિદ્વતાભર્યા ગ્રંથો લખ્યા છે. શ્રીમતી જયમનબહેનનાં લગ્ન પણ ગુજરાતના આભૂષણ સમા વિદ્વાનરત્ન શ્રી વ્યોમેશચંદ્ર પાઠકજી સાથે થયેલાં. પણ વ્યોમેશચંદ્રનો જીવનદીપ બૂઝાઈ જતાં જયમનબહેન 'કવિતા'માં વેદના નીતારતાં રહ્યાં. કવિતામાં એમને જીવનનું પરમ તત્વ જણાવા લાગ્યું. જયમનબહેનનાં નાનાબહેન શ્રી ચંદ્રિકા પાઠકજીએ પણ કાવ્ય સંગ્રહ પ્રગટ કર્યો છે. શ્રીમતી ચંદ્રિકા બહેનનાં પુત્રી કુ. રજની પણ ઘણી સરસ કવિતાઓ લખે છે. આમ આ આખું કુટુંબ જ 'સાહિત્યકાર કુટુંબ'ના નામને સાર્થક કરે છે. એટલુજ નહિ પણ શ્રી. જયમનબહેન સ્વ. રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનાં દુહિતા છે. જયમન બહેનના મામા શ્રી. અતિસુખશંકર ત્રિવેદી તો ગુજરાતને જાણીતા છે જ.

ગુજરાતના ઇતિહાસમાં આવા 'સાહિત્યકાર કુટુંબ'નો બીજો દાખલો જડતો નથી. જયમનબહેનમાં પણ બાળપણથી જ આ સાહિત્યસંસ્કારો સીંચાયા.

શ્રી જયમન બહેન આપણા મહાન સાહિત્યસ્વામીઓના સંપર્કમાં પણ આવેલાં. સ્વ. કવિશ્રી ન્હાનાલાલ અને સ્વ. નરસિંહરાવ દીવેટીઆના આશીર્વાદો જયમનબહેનને સદાયે મળતા રહેતા. સ્વ. આનંદશંકર ધ્રુવના પરિચયમાં પણ એમને સાહિત્ય શિક્ષણના સંસ્કારો ઝીલવાની તક મળેલી. આમ જયમનબહેન એ જન્મેલા અને સંસ્કારે ઘડાયેલાં કવિયિત્રી છે.

એમનો નિખાલસ સ્વભાવ અને ઉદાર

દિલ એમના જીવનમાં પ્રભુએ ઉતારેલી આફ્-તને વિસારે છે. પ્રભુએ કરેલી ભૂલને પણ કવિયિત્રી–હૃદય ક્ષમા બક્ષે છે એટલી ઉદારતા એમના દિલમાં છે. છતાં એમણે તો જીવનમાં તત્ત્વ શોધ્યું—

રહ્યાં જીવન જીવવાં, જીરવવાં વિષો કારમાં.

એમની કવિતામાં નવીનતા છે, વિશદતા છે, વિશિષ્ટતા છે, ભાવ છે, વેદના છે પણ એ તમામ હૃદયંગમ રીતે છે. એમની પંક્તિઓ પાસાદાર છે. 'તેજછાયા'માંની એક નહિ પણ અનેક તેજ–સેરો શબ્દશિલ્પી 'કાન્ત'ની યાદ કરાવે છે. કવિતામાં જ પરમાનંદ માણતાં જયમનબહેન ગુજરાતી સાહિત્યનાં એક ઓજસ્વી કુલદીવડી છે. એ ઓજસ્વી પ્રકાશ વિકસતો રહે, પ્રસરતો રહે, પ્રસારતો રહે એ જ હરેક સાહિત્યરસિકની પ્રાર્થના.



મિતાક્ષરી મતદર્શન

જ્ઞાન પ્રચારક મંડળી સને ૧૯૪૪- પના ભાષણો પ્રકાશકઃ કારોબાર મંડળી.

ગુજરાતની આ અતિ જરૂરી અને પોતાના નામને સાર્થક કરતી જ્ઞાન પ્રચારક મંડળીની સુંદર પ્રવૃત્તિઓનો ખ્યાલ આ પત્ર પરથી જ મળી રહે છે વર્ષમાં છથી સાત વિદ્વાનોને પુરસ્કાર આપી વ્યાખ્યાન અપાવવાની પ્રવૃત્તિ સૌ કોઈનું ધ્યાન ખેંચે છે. '૪૪-૪૫માં સંસ્થાએ પ્રો ભાનુશંકર બા. વ્યાસ (હાલની ગુજરાતી કવિતા), દસ્તુર ડો. માણેકજી નસરવાનજી ધાલા (પાદશાહ નોશેરવાન અને ખલીફ અલ મામુનની વિદ્યાપીઠો) શ્રી. નોશીરવાન પાલનજી ગોધાનવાળા (હિન્દની અધોગતિ), શ્રી બેહમન સોહરાબજી બનાજી (અમેરિકાની મહત્વતા અને ત્યાંની જાહેર મોટી ૫ લાયબ્રેરીઓ), શ્રી કોલક (આજની ગુજરાતી કવિતાની વલણ), શ્રી જહાંગીર નવરોજી ઉનવાલા (ફોટોગ્રાફી-વિદ્યાની પ્રગતિ) જેવા વકતાઓને આમંત્રી વ્યાખ્યાનો અપાવ્યાં છે. વ્યાખ્યાનના વિષયો પણ એટલા જ વૈવિધ્ય જાળવતા છે અને અધિકૃત વિદ્વાનોએ એ વિષયોને ન્યાય કરેલ છે. વર્ષોથી દિ બા. ગવેરી આ સંસ્થાના પ્રમુખ છે. તદુપરાંત શ્રી ખરશેદજી વાડિયા, શ્રી જહાંગીર વાચ્છા જેવા પારસી વિદ્વાનો પણ આ સંસ્થાની પ્રવૃત્તિમાં પ્રાણ રાખી રહ્યા છે આ એક જ એવી સંસ્થા છે કે જ્યાં કોમનો ભેદભાવ જણાતો નથી. પ્રત્યેક ગુજરાતીએ આ સંસ્થાનો લાભ ઉઠાવવા સંસ્થાના સભ્ય થવું જરૂરી છે.

ઉમ્મીદ પી દાઉદી બોહરા લીટરરી ઍન્ડ વેલ્ફેર સોસાયટીનું નિમાસિક તંત્રીઓ 'અમન' અને 'બેખુદ'.

બંને યુવાન ઉત્સાહી સંપાદકો કવિતા રસિકોને પરિચિત છે બંને બિરાદરો અચ્છા સાહિત્યકારો છે અને એને લીધે અંકનું સંપાદન પણ તંદુરસ્ત થયેલ છે. આ સોસાયટીની પ્રવૃત્તિ ખૂબ જ આવકારદાયક છે. લેખોનું વૈવિધ્ય પણ ખાસ ધ્યાન ખેંચે છે. આ બે બિરાદરોને આ અંકના સુંદર સંપાદન બદલ હાર્દિક અભિનંદન આપીએ છીએ.

ચેતન સંપાદક પ્રતાપરાય વ્યાસ જુન ૧૯૪૬. પુસ્તક પહેલું. અંક પહેલો--બીજો લવાજમ રૂપિયા સાત. આનંદ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૨.

આજે સામયિકો માટે કસોટીનો સમય છે તેમાં 'ચેતન' ચેતન સાથે પ્રગટ થાય છે પહેલા જ બે અંકો પરથી ખાત્રી થાય છે કે આ સામયિક ખૂબ ખૂબ લાંબી ઝાવરદા સાથે જન્મેલ છે. પત્રના સંચાલકો અભિનંદનના અધિકારી છે. સંપાદનની દૃષ્ટિએ પણ લેખોનું વૈવિધ્ય ઠીક ઠીક જળવાયું છે સંપાદનની દૃષ્ટિએ વૈવિધ્ય મહત્વનું છે છતાં તે લેખો સાત્વિક હોય તે પણ એટલું જ આવશ્યક છે. પણ હજી આ શરૂઆત છે. આ પ્રસ્થાનમાં જ 'ચેતન' આકર્ષક બન્યું છે એટલે ગુજરાતમાં આકર્ષણ જમાવશે જ એમાં શંકા નથી. ગુજરાત આ પ્રયાસને સત્કારશે જ.

નવાં પુસ્તકોનો સ્વીકાર

(૧૪) ભાવના મંગલઃ મંગલાષ્ટકોનો

સંગ્રહ. પ્રકાશક શ્રી હસિત બુચ, જ્યુબિલી બાગ પાછળ, વડોદરા. (૧૫) **શુભાક્ષરીઃ** લેખક પુન્નલાલ. પ્રકાશકઃ નરેન દાસગુપ્તા, શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી. મૂલ્ય બાર આના. (૧૬) **પંચોતેરમે** સંપાદકઃ કિસનસિંહ ચાવડા પ્રકાશકઃ એન એમ. ત્રિપાઠી. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. મૂલ્ય બાર આના રૂપિયા (૧૬) **નિર્ગ્રંથા** લેખક શ્રી. સત્યમ્, પ્રકાશક નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૫૬; ભદ્રઃ અમદાવાદ કિંમત અઢી રૂપિયા (૧૮) **અર્વાચિના** ધનસુખલાલ મહેતા અને અવિનાશ વ્યાસ. પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠી લિમિટેડ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. કિંમત એક રૂપિયો. (૧૯) **ગુજરાતનું ઘડતર** વ્યાખ્યા રમણલાલ વસંતલાલ દેસાઈ. મુંબઈ યુનિવર્સીટીનું પ્રકાશન. એન. એમ. ત્રિપાઠી લિ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. મૂલ્ય રૂપિયા ત્રણ (૨૦) **નાના હતા ત્યારેઃ** ડો. હરિપ્રસાદ મગનરાય દેસાઈઃ આદર્શ પુસ્તક ભંડાર. ભદ્ર અમદાવાદ કિંમત અઢી રૂપિયા. (૨૧) **વિવિધ વ્યાખ્યાનોઃ** બળવંતરાય કલ્યાણરાય ઠાકોર. શ્રી સયાજી સાહિત્યમાળા પુષ્પ ૨૯૧ મું. એજન્ટસ એન. એમ. ત્રિપાઠી લિમિટેડ. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨. (૨૨) **નૂતન કામ વિજ્ઞાનઃ** શ્રી ભદ્રકુમાર યાજ્ઞિકઃ સી. શાંતિલાલની કંપની, ૮૬ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨. કિંમત રૂપિયા પાંચ. (૨૩) **ધરતીને**—શ્રી. સ્વપ્નસ્થ (ભાનુભાઇ વ્યાસ), પ્રકાશકઃ લોકપ્રકાશનગૃહ, મુંબઈ. કિંમત દોઢ રૂપિયો.



વાંચતા રે'જો

પૂર્ણિમા દવે

ઘણા સમય પછી પાછું લખવા માંડ્યું છે. લખવાનું બંધ નહોતું કર્યું, પણ સાહિત્યકારોનાં પોચાં દિલ મારી કેટલીક ચર્ચા આવકારવા તૈયાર નહોતાં. શ્રી. ડોલકનો સતત આગ્રહ મને લખવાની પ્રેરણા આપતો જ રહ્યો. અને હવે નિયમિત લખવું એ નિર્ણય સાથે ફરી પાછી આ લેખમાળા-કવિતા-રસિકો સમક્ષ રજુ કરું છું.

છતાં આ શરૂઆતમાં ગણપતિ પૂજન કરવી આવશ્યક છે. ગણપતિ પૂજન કરું તે પહેલા મારે એક વાત સ્પષ્ટ કરવી જોઈએ - કે આ લેખમાળામાં કોઈ પણ વિષે કશો ઇશારો થતો હોય તો તેને 'દરેક સાહિત્યકાર ઉદારતાથી નભાવી લે' મારે કોઇની સાગે અંગત કશું યે કહેવાનું નથી બીજી વાત: હું કોણ છું, ક્યાં છું, શું કરું છું વગેરે હકીકત જાણવાની પણ ઉત્સુકતા ન સેવે એટલી વિનંતિ. મારે કોઇ સાહિત્યકાર પાસે મારી જીવન-કથા લખાવવી નથી અને આથી જ હું આ અંગત વિગત જાહેરમાં મૂકવા માગતી નથી.

ગુજરાતને એક આનંદજનક સમાચાર તાજેતરમાં મળ્યા હોય તો તે પ્રો. બળવંતરાય ઠાકોરને દિવાન બહાદુરનો ખિતાબ મળ્યો તેના છે. હવેથી પ્રો. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર ન કહેતાં એમને દિ. બા. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર કહેવા પડશે. સરકારને-(નહિ-નામદાર શહેનશાહને) એમ લાગ્યુ કે બળવંતરાય કલ્યાણરાય ઠાકોર નામ સહેજ લાંબુ છે -સરળ છે-ગાટે ઉમેરો આ ચલણી સિક્કો 'દિવાન બહાદુર !'

નામદાર શહેનશાહને ખબર છે કે અમારા ઠાકોર સાહેબને 'દિવાન બહાદુર' તો શું પણ 'રાય' ના બબ્બે ઇલ્કાબો મળ્યા છે. બળવંતરાયમાં પણ 'રાય' અને કલ્યાણરાયમાં 'રાય'! હવે રાય સાહેબ વધારે કે દિવાન સાહેબ વધારે ? અને 'રાય' તે યે એક વ.ર નહિ પણ બબ્બે વાર: અને ઠાકોરસાહેબને તો 'રાય' શબ્દ કેટલો યોગ્ય ? એમનો સ્વભાવ પણ 'રાય' જેવો જ છે ને ? છતાં ભલે આ લાંબા ગાળે નામ આગળ 'દિવાન બહાદુર' લાગ્યું ! આપણે તો પ્રો. ઠાકોરને—નહિ ભૂલ થઈ-દિવાન બહાદુર પ્રો. શ્રી. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરને અભિનંદન આપીએ છીએ જ, મારે ગુજરાતી બાઇઓને એક વિનંતિ કરી લેવાની કે 'દિ. બા.'ની નવાજેશની સાથે કોઇ 'પ્રો. અને શ્રી'નાં લોકનામો ન જોડી દે !

નામદાર શહેનશાહે શ્રી જ્યોતીન્દ્ર દવેનું ભાષણ સાંભળ્યું નથી એટલે જ આ 'દિ. બા.'નો ઇલ્કાબ મળ્યો. દિ. બા. પ્રો. શ્રી બ. ક. ઠાકોરને મુંબઇમાં માનપત્ર અપાયું તે પ્રસંગે શ્રી. જ્યોતીન્દ્ર દવેએ કહેલું કે એમને તો આપમેળે જ માન મળેલું છે. 'ઠાકોર સાહેબ' કહીએ તો કોઈ રજવાડાનાં ઠાકોર હોય એમ લાગે અને 'જી' લગાડીએ તો 'ઠાકોરજી' દેવ થઇ જાય ' એટલે એનાથી બીજું વધુ માન હતું જ કયું ? ગમે તેમ હોય પણ હવેથી 'દિ બા. પ્રો શ્રી. બ. ક. ઠાકોર' એ પ્રમાણે જ એમના નામનો ઉલ્લેખ થવો જોઇએ એવી મારી ઇચ્છા છે.

બીજી વાત એ છે કે દિ. બા. ઝવેરી સાહેબને મળેલો ઇલ્કાબ તો જાણીતો જ છે. આપણે સાહિત્યમા 'દિવાન સાહેબ' કહીએ એટલે શ્રી ઝવેરીનો ઉલ્લેખ છે એમ સ્પષ્ટ થઇ જતું પણ હવે શ્રી દિ. બા. પ્રો. બ. ક. ઠાકોરને આ ઇલ્કાબ એનાયત થતાં એક કરોડ ગુજરાતીઓની મુસ્કેલી વધી ગઇ છે તેનો નામદાર શહેનશાહને કંઇ ખ્યાલ છે ? હવે તો 'દિવાન બહાદુર' જ લખીએ તો ગોટાળો થઇ જાય. એટલે પૂરું નામ લખ્યે જ છૂટકો.

પણ આ પરથી કોઇએ એમ માનવાની જરૂર નથી કે પ્રો ઠાકોરને મળેલા 'ઇલ્કાબ'નો હું વિરોધ કરું છું હું તો અંત:કરણથી એમને અભિનંદન આપું છું. કદાચ આ ઇલ્કાબ આપવામાં ખૂબ મોડું

થયું છે એમ કહેવું જ યોગ્ય છે. અને હું તો અંગત રીતે એમ કહું કે આવા એક નહિ પણ અનેક ઇલકાબો મળે છતા 'ભાગ બલુકાકા' જેવો ઇલકાબ કોઇ આપવાનુ હતું? મને તો "બલુકાકા" કરતા વધારે આદરણીય નામ બીજુ કશુ જ લાગતુ નથી

પણ નામદાર શહેનશાહનો ભરૂચ પ્રત્યે કંઇક પક્ષપાત લાગે છે મને હવે એ બ્હીક રહે છે આજથી દસ વર્ષ પછી બીજી ચોપડીમા ભૂગોળ શીખતા વિદ્યાર્થીને પૂછવામા આવે કે "ભરૂચ શાને માટે પ્રખ્યાત છે?' તો તે જરૂર જવાબ આપશે કે "રૂ અને દિવાન બહાદુરો" માટે ગુજરાતમા આજે જે બે દિવાન બહાદુરો છે તે બન્ને ભરૂચના! હજી શ્રી મુન્શી બાકાત છે. મુન્શીજી મહાસભાવાદી છે અને સરકારવિરોધી છે નહિ તો એમને તો કયારનો યે આ ઇલકાબ મળી ગયો હોત સરકાર આપે તે મહેનત જ એમણે ગૃહખાતાના પ્રધાન થઇને 'દિવાન'નો ઇલકાબ મેળવી જ લીધો છે એટલે એઓ અવિધિસર 'દિવાન' છે જ–માત્ર બહાદુર નથી. પણ 'બહાદુર' શબ્દનો અર્થ 'બહાદુર'મા કહીએ તો ગુજરાતમાં લડવાની કળામા મુન્શીજી જેટલુ બહાદુર કોણ છે? ખરી રીતે તો એમ કહી શકાય કે મુન્શીએ તો 'દિવાન બહાદુર'નો ઇલકાબ વગર મહેનતે લૂટવી જ લીધો છે.

મુરબ્બી 'બલુકાકા'ના નામથી તાજેતરમાં જ મુંબઈ વિદ્યાપીઠે શિષ્યવૃત્તિઓ સ્થાપી છે સીત્તેર હજાર રૂપિયાનો ફાળો ગુજરાતે કરી આપ્યો. સંભવ છે કે નામદાર શહેનશાહે આ અંગે જ કદર કરી છે પણ મારે નામદાર શહેનશાહને અને એમની સરકારને જણાવી દેવુ જોઇએ કે અમારા 'બલુકાકા'ના સ્વભાવના પરિચય તો છે ને? જો કોઇ વખત બીજવાયા તો 'પૃથ્વી'મા કવિતા લખી નાખીને સારી દુનિયાના ઇલકાબોનુ સત્યાનાશ વાળશે એટલે શણગાર્યો છે તો ભલે–પણ હવે સાચવજો!



ગુસ્તાખ ચહેરો, મયમસ્ત નેનો

[ઉંદલજા]

ગુજરાતી સભા 1330

૧

ગુસ્તાખ ચહેરો, મયમસ્ત નેનો,
વાંકી અદા, વેધક દૃષ્ટિ તારી
મુસ્તાક છે આ જન નિત્ય જેનો
શું શું નહીં તે પર જાઉં વારી !
તોફાન સૌ અંતરમાં મચાવે,
જ્વાલા છુપી ભીતરમાં જગાવે !

૨

લેશે પડે ચહેન ન એકલાને,
ના કામમાંહે કંઈ ચિત્ત લાગે,
આવે ન નિદ્રા તવ મુગ્ધિલાને
ગ્રો કોશ આસાયશ દૂર ભાગે,
લેખે સહુ ગ્રાહક વેદનાનો,
છે જે બન્યો આદિમ ચાહનાનો !

૩

ઓ કોણ એની સુધ લે માયાથી,
યા ભ્રાતૃભાવે તસકીન આપે ?
સાથીવિહોણો, અતટો બધાથી
એકાન્તમાંહે તડપે, પ્રલાપે :
ના કોઈ દેખે ત્યમ આંસુ સારે
ઢાંકેલ તારો ભવ-અંધારે !

૪

ભાળું તને માનવ-મેદનીમાં
એ આશ લેવી નીકળું હું, ત્યારે
તારા સરીખી લલના બીજીમાં
સત્કાર પામી, વસતી કશારે
દેખે મને તું, ન તને હું જોતો
શી એક ત્યારે તક વ્યર્થ ખોતો!

૫

બજારમાં, વાટ મહીં, દુકાને
ચીલે ખરીદેલ ફરી ખરીદું;
પ્યારી તણા દર્શનને બહાને
શી શી નવી કારિગરી કરીદું?
લોકો દગાબાજ ભલે ઠગી લે,
કોને દીધો છે ઠપકો પતીલે?

હૈયા તણી બેહદ ખેંચતાણે
મંજૂર રાખી વિષની પડીકી;
શું હું અમું તે નહિ કોઈ જાણે!
બે-જા જગામાં નિજ જાત ઝીકી,
આરોગ્ય ઐશ્વર્ય જતાં લુંટાઈ
પ્યાતી ન કોની હતી બંધવાઈ?

૬

પાડ્યો પચાવી મુજને પ્રિયાએ
બે-દીન છું તે દિનથી ગણાયો,
પેઠા તને કેમ કરી ખુદાએ
એ વાતનો ભેદ નહીં જણાયો:
ચ્હાવું તને એ મુજ જો ગુનો છે,
ચ્હાવું નહીં એ બમણો ગુનો છે!

આષાઢના તારા

આભ ભરીને ઊગિયા શા આષાઢના તારા રે,
આંખને લાગે આજ તમારાં તેજ અક્ષરાં રે—આષાઢના૦

માંડી મેં તો આંખ ઈશાને,
દૂઢું સતાં વ્યોમવિતાને.

વસમાં લાગે આજ રંગીનાં રૂપ તમારાં રે—આષાઢના૦

સૂનાં મારા વન ને વાડી,
તરસ્યાં મારા ખેતર ખાલી.

તરસી મારી ભીમ ને સૂકી ડુંગરમાળા રે—આષાઢના૦

હોય આષાતી રાત અંધારી
જાણે કેવી મેઘલી કાળી !

નેવે મીઠાં ગીતડાં ગાતી નીરની ધારા રે—આષાઢના૦

મેઘ તણી જ્યાં મોરલી બોલે,
કેકા ઉઠાવી વિજળી ડોલે;

મેહુલિયાને માંડવે જાણે નાચ એ ન્યારા રે—આષાઢના૦

પૂરવ કેરા વાંયરા ! આવો,
કાજળકાળા વાદળ લાવો,
નક્ષત્રોના દીપ બુઝાવો.

લાવો ભીની ગંધભર્યા ઘનઘોર અંધારાં રે—આષાઢના૦

નાથાલાલ દવે



કવિજન

ભગવત રાંમચન્દ્ર ભટ્ટ

કહેવત રૂપ થઇ પડેલું આપણા સહુનુ એક જ મંતવ્ય છે કે કવિઓ તો જન્મથી જન્મે છે કોઇના બનાવ્યા બનાવાતા નથી. જુદા જુદા ઘાટ અને આકાર સરજાવી કવિને ઘડવા કોઇ સમર્થ થયું નથી. તેમને ભઠ્ઠીમાં તપાવી પકવવામાં આવતા નથી. અનુભવની ભઠ્ઠીમાં તેઓ તવાયા હોય છે. અર્થાત્ કવિની કવિત્વશક્તિ ઇશ્વરદત્ત છે, પ્રાસાદિક છે, સહજ છે. એમાં અવરપા, જ્ઞાન કે ઉમરનો આંક હોતો નથી.

નિસર્ગની નિશાળમાં કવિઓ ઘડાય છે અને વહાલ કરી જતી હોય એવી કવિતાઓ રચાય છે. થોથાં ને પોથાં કરતાં કુદરત અને મનુષ્યસ્વભાવ તથા નિયતિના નિયંત્રણનુ સાચું રહસ્યપૂર્ણ નિરીક્ષણ કરનાર કવિ સત્ય, શિવ અને સુંદર કવિતા પોતપોતાની પ્રતિભા, ઘડતર અને સંસ્કાર તથા વાતાવરણ પ્રમાણે સરજાવી શકે છે. તારાની સૃષ્ટિનો ઇતિહાસ વાંચી જાણનાર કવિ મનુષ્યહૃદયને ઉકેલી તેમના હૃદયવીણાના અવાજને ઝણ કરે છે. આસપાસનુ વાતાવરણ અને પ્રસંગો જેમ પૂરે છે. વધારે મનુષ્યના પરિચયમા આવનાર કવિ શેકસપિયર, કાલિદાસ કે પ્રેમાનંદ માફક મનુષ્ય-સ્વભાવનું સારુ સ્વરૂપ ઉતારી શકે છે કુદરતના સાન્નિધ્યમા વસનાર કવિ વર્ડસવર્થ કે નાનાલાલ માફક કુદરતનું સાચું રહસ્ય જાણી સહેલાઇથી ગાય છે.

આનું કારણ એ હોઈ શકે કે કવિની રસવૃત્તિ બારીક અવલોકનશક્તિ અને વિચારમંથન કરવાની પદ્ધતિ વિશેષ પ્રમાણમાં વિકસેલાં હોય છે, તેથી તે કુદરત, મનુષ્ય, અને પ્રભુમાં રહેલા સૌદર્યનો રસાસ્વાદ કરી શકે છે, જે સામાન્ય મનુષ્યને અસભ્ય હોય છે. સ્વ. નરસિંહરાવે ઠીક જ ગાયું છે કે

"વિશ્વના ઉંડાણમાં, ગાજતું સંગીત જે
કવિજનો છાનાં સુણે જગજન સુણે શી રિત એ"

કવિની કવિતા

કવિની કાંતા તે કવિતા. તેને સૌથી વહાલી વસ્તુ તે સ્વરચિત કવિતા છે. તેમાં તે દિલ્હી-આગ્રાના ખંડિયેરો જેવી સ્થાપત્યની ભવ્યતા ઉપરાંત આલગનું નૂર સમાયેલું જુએ છે. એને પ્રકૃતિ, પ્રભુ અને માનવતા સિવાય બીજી કશી યે વસ્તુમાંથી કવિતા નથી સાંપડતી—ન સાંપડે. એ વિચારસૃષ્ટિનો પ્રજાપતિ છે. પૃથ્વીનો જે પતિ છે તે કવિ સૃષ્ટિનો દાસ છે. પૃથ્વીનો આદેશકર્તા છે તે કવિસૃષ્ટિનો આજ્ઞાનુકારી છે. જે નિયમ-સન્મુખ હિમાચળ, અનંત સાગર, બ્રહ્માંડ અનલ, અનિલ, ઘનઘોર મેઘમંડળ તૈયાર રહે છે તે મહાન નિયમને વશીભૂત કરવા એનાથી અધીક શક્તિસંપન્ન નિયમનો તેની કવિતામાં આશ્રય લે છે. કવિ સામ્રાજ્યના અધિશ્વરની પ્રકૃતિ સહગામિની છે તે કવિના મહાન નિયમને સ્વયં ઉદ્‌ઘોષ કરનારી છે. કવિનો એ મહાન નિયમ તે પ્રેમ અને એની સૃષ્ટિ તે પરમપુરુષ કહી શકાય. આથી એની કવિતા મીણનું પુતળું નથી તે પ્રત્યક્ષ સિદ્ધ છે. એની સૃષ્ટિમાં પ્રત્યક્ષ ઉપરાંત અનુમાનની યે સૃષ્ટિ છે. સામાન્યને જે અનુમાન સમજાય તે કવિહૃદયમાં પ્રત્યક્ષ દેખા દે છે. એની કલ્પના ત્રૈલોક્યવિહારિણી છે તેથી તે જે ચિત્રો અંકિત કરે છે, જે છંદનો નાદ ઉત્પન્ન કરે છે તે માત્ર પોતાની જાત માટે નહિ, આખા જગત માટે હોઇ સમસ્ત જગતનો એના પર અધિકાર છે. એની કૃતિના ભોક્તા બનવાનો હક્ક સારા ય જગતને છે. ઉત્તમ કવિની કવિતા સંસારના આદર્શ હિતાવહી સાચા શિક્ષકની ગરજ સારે છે. તે મનુષ્યોને નવું જીવન જીવાડી શકે, નવ પ્રાણનો સંચાર પણ કરી શકે. પોતાની કવિતા દ્વારા

જાગ્રત કર્યો છે. કવિની કવિતા તેથી જ અમૃત ઝરી કહેવાઇ છે. ચિત્તની શુદ્ધિ કરી પાવિત્ર્ય પ્રેરનારી પરમ શક્તિ કહી છે. એને તો ઈશ્વરની વાણી જ પ્રમાણી છે ને?

કવિના પ્રકાર

કવિતા કરનાર કવિના પ્રકાર શા? તેમની બુદ્ધિ, કલ્પના, વિહાર, ઉડ્ડયન, છંદ પરની પકડ, શબ્દ પરનું પ્રભુત્વ, વાનીની છટા, શૈલી વગેરે ભિન્ન ભિન્ન હોવાનાં તેટલેટલા ભેદ પણ વરતા વાન્યા. એમ ભેદ નિહાળવા જઇએ તો કેટલા કવિએ નવો પ્રકાર પાડી શકાય એ કહી શકાય હોઈ શકે? આમ છતાં કોઇ નિયમ કે ચોગઠાંને અનુરૂપ ન થનાર સ્વતંત્ર કવિતા કાવ્યકે વિદ્વાનો ચાર વર્ણ સમાન રસરુચ્યાનુસાર ચાર પ્રકાર વર્ણવેલા છે.

જે કવિની રુચિ શૃંગાર, હાસ્ય, અદ્‌ભુત અને શાંતરસ તરફ ઢળેલી હોય છે તેને બ્રાહ્મણ કવિ કહે છે. જેની રુચિ રૌદ્ર અને વીર રસ પર ઢળે છે તે ક્ષત્રિય કવિ લેખાય છે. જેને કરુણ રસ વિશેષ ભાવે છે તે વૈશ્ય કવિ કહાવે છે, અને જે કવિ બિભત્સ અને ભયાનક રસ તરફ જ માત્ર વલણ દાખવે છે તે શુદ્ર મનાય છે. આથી ય વિશેષ માન્ય કવિના પ્રકાર તે આત્મલક્ષી અને પરલક્ષી છે. આત્મલક્ષી કવિ પોતાનામાં સર્વ કેન્દ્રાણે કવિતાના અંતરઆત્માની મૂર્તિ છપાયેલી હોય છે સૃષ્ટિક્રમની પ્રતિકૃતિ તેમાં બહુ જ ઝાંખી હોય છે પણ જો કવિતા પરલક્ષી હોય તો તેનામાં પૃથક બાહ્ય વસ્તુસ્થિતિનાં ચિત્રો હોય છે. તેમાં સૃષ્ટિક્રમની પ્રતિકૃતિ ખુલ્લા રંગે રંગાયેલી હોય છે.

કવિનાં કાર્ય અને શક્તિ

કવિનું મુખ્ય કાર્ય તો મૌલિક સર્જન કરવાનું છે. જગતના મહાન સંમેલનમાં આખે જોવા, કાને સાંભળવા અને સ્વભાવેથી કેટલીક વસ્તુ અનુભવવા, અનુભવી, આલેખવા આ અવની પર કોઇ જાણે નિમંત્રણ મળ્યું ન હોય એમ તે પોતાની શક્તિ અનુસાર દૃશ્ય અને દૃશ્યો પરથી થયેલા જાગ્રત

સંગીન પ્રગતિ.....

નવું કામકાજ

૧૯૪૪	૧૯૪૫.
રૂા. ૪૦,૦૦,૮૯૫.	રૂા. ૫૨,૨૫૪૦૦

—:લગભગ ૩૦ ટકા ઉપર વધારો:—

બોમ્બે કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી લી.

ચેરમેન
માધવલાલ મકનજી ભટ્ટ જે. પી.

મેનેજર
ગજેન્દ્ર એચ. ઠાકોર એમ એ. (કેન્ટબ)

કો-ઓપરેટીવ ઇન્સ્યુરન્સ બીલ્ડીંગ
સર ફીરોજશાહ મેહેતા રોડ, ફોર્ટ, મુંબઇ.

લાગવગવાળા અને ઉત્સાહી ગૃહસ્થોને ઉદાર શરતોથી એજન્સી આપવી છે.

ભાવેાનું આંતરદર્શન કવિતા દ્વારા કરાવે છે. આથી તે સર્જન સમ્રાટ કહેવાય છે. એનું બીજું કાર્ય ગર્તમાં પડેલી પ્રજાને પેાતાનાં સર્જન ચરણે ધરી જનતાનેા વિષાદ વણસાડવાનેા છે. એને સર્જનની પ્રવૃત્તિ માનવજીવનના ઉદ્ધારની પ્રવૃત્તિ છે. આટલા માટે એના કાર્યને ત્રણ વિભાગમાં વહેંચી શકાય. (૧) સત્ય વર્ણન કરવું, (૨) અસત્યમાંથી ચમત્કારાર્થે સત્યની કલ્પના કરવી અને (૩) નિયમપૂર્વક વર્ણન આલેખવું. આ બધા કાર્ય પાછળ સૌંદર્યદૃષ્ટિ વડે સૌંદર્યસૃષ્ટિનું અવલેાકન મુખ્ય હેાવું જોઈએ એમ કરે તેા જ તે સૌંદર્યના આત્મેાત્કર્ષ દ્વારા સંસારના ચિત્રને શુદ્ધ કરી રજુ કરી શકે એની ક્રાંતદૃષ્ટિ વડે તે પેાતાની સૃષ્ટિનેા ભ્રહ્મ, ભવિષ્યનેા દ્રષ્ટા અને વર્તમાનનેા પયંગમ્બર બની શકે છે. આથી તેા એ ઊંચા પ્રકારના જ્ઞાન, આનંદ, ગુણ અને ભાવેાનેા સર્જક છે. જે પ્રકાશ જલસ્થળ આકાશ કે પાતાળમાં ક્યાં યે નથી તે પવિત્ર યક્ષને કેવળ કવિની કલ્પનામાં હેાય છે આથી સૃષ્ટા અને દ્રષ્ટા બન્ને છે અનંત આકાશ અને વિશ્વના મહાસાગરની ય પેલે પાર એવેા એક અગમ્ય પ્રદેશ છે કે જ્યાં કૂદી જવાનેા હક્ક કે પરવાનેા કવિને જ છે. આથી જ આપણે ગાયું હશે કે જ્યાં ન પહેાંચે રવિ ત્યાં પહેાંચે કવિ. કવિ પેાતાની જબરી વિચારશક્તિથી સૂર્યપ્રકાશને ય દુષ્કર પ્રદેશમાં જઈ શકે છે. એ માટે તેના પ્રેરકબળેા બને છેઃ વિચાર અને આવેગ. કલ્પના એનું વિશિષ્ટ વાહન છે. તેના પર તે ગરુડેશ્વર માફક મહાસાગરની છેાળેા ઉરાડતેા ચિત્તાકાશમા ઊડે છે. ચક્રવાક માફક ઊંચે ઊંચે ક્યાં ય વિલિન થઇ જાય છે. છતાં જટાયુ માફક દૂરની વસ્તુ દૃષ્ટિ સમક્ષ લાવે છે. દરેક વસ્તુમાંથી ઊંડું ઊંડું પારદર્શક નિહાળી શકે છે. તે કલ્પનાને ચિત્રાત્મક દ્વારા એવી તેા સુંદર રીતે વસ્તુ રજુ કરવાની શક્તિ પામેલેા છે કે તે દ્વારા ટૂંકમાં ઘણું કહી શકે છે. ગાગરમાં મહાસાગર સમાવી શકે છે.

કવિનું સર્જન

કવિ સંવેદનની મધુરી વેદનેા પછી અદ્‌ભુત કલામય નવદર્શન રચે છે. એ વેળા પ્રેરણા અને કલ્પનાની બે પાંખેા પર બેસી દૂર દૂરને મારગે ઊડે છે. કલ્પનાની નવીન ભાવનાસૃષ્ટિ રચે છે અને તેમાં આ જગતની ખામીઓ દૂર કરવા મથે છે. પણ આમ કરતાં તેની પાંખેા જોઇએ તેટલું સમતોલપણું જાળવી શકતી નથી, જ્યાં સુધી એની પાંખેામાં જોર હેાય છે ત્યાં સુધી તે અદ્ધર રહી શકે છે, પણ એમાંથી એક પણ પાંખનું જોર કમી થતાં નીચે પટકાઇ પડવેા લાગે છે. કવિની પાંખેામાં જોમ હેાય છે ત્યારે સમતોલપણું નથી હેાતું; છતાં વિવેક કોઇ રથળે ખેાતેા નથી. કલ્પના સિવાંય એનું સર્જન અનુભવમાંથી પણ થાય છે. છતાં એનેા કાળ અનુભવ પછીનેા છે. કવિનું સર્જન સાહિત્ય બ્રહ્માંડની નાનકડી આવૃત્તિ સમુ હેાય છે. તેમાં કલ્પનાના ગલગેાટા હેાય છે તેા વિવિધ અનુભવ પુષ્પે બહેકતી કૂલવાટિકા પણ છેઃ એના સર્જનમાં આત્માના ઓળા ઊતરેલા હેાય છે, ભાવાત્મક અને ચિંતનાત્મક વિચારના વિશાળ અને મજબૂત પાયા પર કવિ વિશ્વ રચે છે.

કવિની ગરીબાઈ

કવિ, વનિતા અને વેલ બીજાના આશ્રયે બાલે છે. જ્યાં તે સ્વતંત્ર ઉદરપેાષણની પ્રવૃતિ કરવા જાય છે કે પડે છે. કવિને રાજ્યાશ્રય અને તેનું બહુમાન મળતાં તેની પ્રતિભા, કલ્પના, સર્જન શક્તિ પૂર્ણપણે બીલી ઊઠતાં. કાળક્રમે કરીને શ્રીમંતેામાં વિદ્યાપ્રેમના અભાવે, ધનપૂજાના આ યુગમાં કવિ ઉપેક્ષિત છે. એથી આજે એના પર અણધારી આફત આવી પડી છે. એથી એ હેઠે પડયેા છે, પારકાની દયાને પાત્ર બન્યેા છે એ ખરું, પણ કયા યુગમાં લક્ષ્મી અને સરસ્વતીનેા સુભગ સંયેાગ શક્ય બન્યેા છે? કવિની ગરીબાઇનાં દૃષ્ટાંતેા સર્વ પ્રજા અને સર્વ દેશમાં છે. એક નર્મદ કે એક બેાટાદકર કે એક પતીલ જ ગુજરાતમાં છે એમ નથી. કવિને ગરીબાઇ વીંટળાઈ વળેલી છે. પાશ્ચાત્ય સાહિત્યમાં ય દૃષ્ટાંતેાનેા તેાટેા નથી. પ્રાચીનકાળમાં પ્રથમ પંક્તિનેા હેામર

ભિખારીદશા ગુજરી ગયો છે. પેટદાઝ મટાડવા અન્ન કરતાં કાવ્યોથી એનું મુખ ભરેલું રહેતું. પણ કવિઓએ મિત્રો પાસેથી પૈસા ઉછીના લઈ ગુજરાન ચલાવ્યું છે. એક કવિએ પોતાની ગિલ્લાડીને ઉદ્દેશીને સોનેટ રચ્યું છે. એમાં તેણે પોતાની ગિલ્લાડીની કીકીઓનો પ્રકાશ માંગ્યો છે, કારણ કે કાવ્યો લખવા દીવો કે મિણબત્તી ય બાળવાનું તેનું ગજું ન હતું. ફ્રેન્ચ સાહિત્યમાંથી દૃષ્ટાંત શોધીશું તો પ્રજાની બેકદરદાની હજી ય વધુ સ્પષ્ટ થશે. વૉગેલાસ નામના એક ઉત્તમ કવિવિવેચકને પ્રજા ઘુવડ કહી સંબોધતી, કારણકે સૂર્યના પ્રકાશમાં લેણદારોથી બચવા તે ગિયારો કદી બહાર નીકળી શકતો નહિ. અંગ્રેજી સાહિત્યના કવિ સ્પેન્સર, ઓટવે, બટલર, ડ્રાઈડન, ગોલ્ડસ્મિથ વગેરેને ભુખ્યા કાકા મારવા પડેલા એ જાણીતી હકીકત છે. હિંદમાં પૂર્વે રાજ્યાશ્રયને લીધે પાશ્ચાત્ય સાહિત્યના કવિઓ જેવા વિષમ દાખલા બન્યા નથી. પાશ્ચાત્યો કરતાં આપણા કવિઓની કૃતિઓના કદરદાનીપણાની બાબતમાં આપણે ઘણા પછાત રહ્યા છીએ એ નિર્વિવાદ છે. આજે પણ કવિને વિચિત્ર પ્રાણી કહી આપણે તિરસ્કારીએ છીએ.

કવિની વિચિત્રતા

કેમ જાણે કવિ મનુષ્ય જ ન હોય એમ એને આ દુનિયાનો લેખવામાં આવતો નથી. શાણા જગતને એ દિવાના જેવો લાગે છે. સામાન્યો કરતાં એનો વિચાર આચાર, રીતિનીતિ જુદાં હોય છે, એ સારી આલમથી અનોખો છે. એની આશાઓ પણ કેવી છેક સાદી સીધી હોય છે! વસ્તીથી અલગ નાનું ખોરડું, નાનો બગીચો ને ઝરો, માત્ર ગણ્યાગાંઠ્યા દિલોજાન દોસ્તો અને અઢળક પુસ્તકો—આ એના જીવનની અમૂલ્ય મૂડી સમજે છે. એની કવિતામાં ઉત્સાહ, આશા, આતુરતા, તિદ્દણતા સ્વાતંત્ર્ય, વિચારવેગ, મૂરાવટ, સુંદર શબ્દોની વાણીમાં પસંદગી, ઇન્દ્રધનુના રંગો જેવી કલ્પની અને દિવ્યતા મુખ્યત્વે હોય મનુષ્ય અને એની વચ્ચે તફાવત માત્ર એટલો જ કે દુન્યવી માનવીઓ આશાના ગઢ બાંધે છે તો કવિ કલ્પનાના કિલ્લા ચણે છે. તે પૃથ્વીને પાટલે પગ માંડે છે પણ કલ્પાના બળ વડે અદ્ધર ચાલતો લાગે છે. તે ખોરાક ખાય છે, હવા પણ લે છે; પણ પ્રેરણાનો ખોરાક અને સ્વાનુભાવના પ્રાણવાયુ પર મુખ્યત્વે ટકે છે. દુનિયામાં આવી રાચે છે, વાડી, લાડી ને ગાડી વસાવી નહિ; કુદરતનાં દૃશ્યો નિહાળીને, એ આનંદે છે ચોપાસ મુખ, સ્વાતંત્ર્ય, મનુષ્યત્વ, વિકાસ, પ્રગતિ દેખીને, આંસુ સારે છે અસભ્યતા, સ્વાર્થ, લોભ લેવાનિયત વગેરે માનવની પામરતા પેખીને. એનો વ્યાપાર છે સંયોગીકરણનો. પ્રેમ, આશા, લાગણી, હૃદય, બુદ્ધિ વગેરે એના મજબૂત તંતુઓ છે. પ્રગતિશીલ મનોદશામાં, ભાવિ યુગના દર્શનમાં કવિનું જીવન આખું વ્યતિત થાય છે. એમ કરતાં કવિ વર્તમાન આક્રમણો અને ઉપાધીઓ સામે બાકડી બાંધી વિજયવંત થવાને માટે જ નહિ, પરંતુ કેવળ જિંદગી ટકાવી રાખવા કાજે પણ નિમકહમાં ઊતરે છે. સંસારના ધૂળધુમ્મસના વંટોળની આંધીમાં કયાંક આશ્રય શોધી લે છે, અને આજુબાજુના માનવીઓની દુનિયાને તિરસ્કારી તેમાંથી વેગળા રહેવા પોતાનો ન્યારો પંથ સ્વીકારી લે છે. તે પોતાના જીવનને જુદી જ દિશા તરફ વાળે છે. મનને દુનિયાથી દિશા સેવડાવે છે. પોતે નિન્દનીય બની ઊર્મિભર્યું જીવન એકલા હૃદયગુંજનથી, અપમૃત્યુ

ભિખારીદશા ગુજરી ગયો છે. પેટદાઝ મટાડવા અન્ન કરતાં કાવ્યોથી એનું મુખ ભરેલું રહેતું. ઘણા કવિઓએ મિત્રો પાસેથી પૈસા ઉછીના લઈ ગુજરાન ચલાવ્યું છે. એક કવિએ પોતાની ભિક્ષા-દીને ઉદ્દેશીને સોનેટ રચ્યું છે. એમાં તેણે પોતાની ભિક્ષાવૃત્તિની કાકલૂદીઓનો પ્રકાશ માંગ્યો છે, કારણ કે કાવ્યો લખવા દીવો કે ભિક્ષાવૃત્તિ ય ટાળવાનું તેનું ગજું ન હતું. ફ્રેન્ચ સાહિત્યમાંથી દૃષ્ટાંત શોધીશું તો પ્રજાની બેકદરદાની હજી ય વધુ સ્પષ્ટ થશે. વૉલેરાસ નામના એક ઉત્તમ કવિવિવેચકને પ્રજા ધુત્કારી કહી સંબોધતી, કારણકે સૂર્યના પ્રકાશમાં લેણદારોથી બચવા તે બિચારો કદી બહાર નીકળી શકતો નહિ. અંગ્રેજી સાહિત્યના કવિ સ્પેન્સર, ઓટવે, બટલર, ડ્રાઈડન, ગોલ્ડસ્મિથ વગેરેને ભુખ્યા કાકા મારવા પડેલા એ જાણીતી હકીકત છે. હિંદમાં પૂર્વે રાજાશ્રયને લીધે પાશ્ચાત્ય સાહિત્યના કવિઓ જેવા વિષમ દાખલા બન્યા નથી. પાશ્ચાત્યો કરતાં આપણા કવિઓની કૃતિઓને કદરદાનીપણાની બાબતમાં આપણે ઘણા પછાત રહ્યા છીએ એ નિર્વિવાદ છે. આજે પણ કવિને વિચિત્ર પ્રાણી કહી આપણે તિરસ્કારીએ છીએ.

કવિની વિચિત્રતા

કેમ જાણે કવિ મનુષ્ય જ ન હોય, મારવાડી, આ દુનિયાનો લેખવામાં આવતો મોમાં ગુજરાતના માણસો છે. આમ જગતને એ દિવાના જેવો લાગે છે ના કે નવા કોઈ એનો વિચાર આચાર, રીતિ હોય છે, એ સારી આલમથી અનોખા-આખ્યાનો કે આખ્યાનો પણ કેવી છેક સાદી સીધી ગુજરાતી સાહિત્યમંડળ'ના આશ્રય નીચે પ્રો. મોહનલાલ દવેના વસ્તીથી અલગ નાનું ખોરડું, નાનો અદ્ભુત પુરુષો-આ એના જીવનની અમૂલ્ય મૂડી સમજે છે. એની કવિતામાં ઉત્સાહ, ઝારમા, આતુરતા, તિક્ષ્ણતા સ્વાતંત્ર્ય, વિચારવેગ, મૂરાવટ, સુંદર શબ્દોની વાણીમાં પસંદગી, ઇન્દ્રધનુના રંગો જેવી કલ્પના અને દિવ્યતા મુખ્યત્વે હોય મનુષ્ય અને એની વચ્ચે તફાવત માત્ર ગોટલો જ કે દુન્યવી માનવીઓ આશાના ગઢ બાંધે છે તો કવિ કલ્પનાના કિલ્લા ચણે છે. તે પૃથ્વીને પાટલે મંગ માંડે છે પણ કલ્પાના બળ વડે અદ્ધર ચાલતો લાગે છે. તે ખોરાક ખાય છે, ઉંઘ પણ લે છે; પણ પ્રેરણાનો ખોરાક અને સ્વાનુભાવના પ્રાણવાયુ પર મુખ્યત્વે ટકે છે. દુનિયામાં આવી રાચે છે, વાડી, લાડી ને ગાડી વસાવી નહિ; કુદરતનાં દૃશ્યો નિહાળીને, એ આનંદે છે ચોપાસ સુખ, સ્વાતંત્ર્ય, મનુષ્યત્વ, વિકાસ, પ્રગતિ દેખીને, આમ સારે છે અસમાનતા, કલાપૂર્ણ-જોને કોમ સુંદર આનન-મેના આવતા અથવા છે.

કવિનું બાળપણ ચાંદોદમાં વીત્યું હતું. છ વર્ષની વયે પિતા પ્રભુરામનો અને બાર વર્ષની વયે માતા રાજબોરનો સ્વર્ગવાસ થયો હતો. વડીલોની શીળી છાંય જતાં બાળહૃદયને આઘાત લાગ્યો હતો. આમ કવિ અનાથ બન્યા છતાં એ પોતાને સનાથ માનતા. કૃષ્ણચંદ્રને એમણે નાથ તરીકે સ્વીકાર્યા હતા. લગ્નનું કંકોત્રી પણ જ્યારે આવ્યું હતું ત્યારે 'કૃષ્ણ સાથે મારાં લગ્ન થઈ ચૂક્યાં છે' એમ કહી કંકોત્રી પાછું મોકલ્યું હતું. સંસારમાં કેટકેટલા લગ્નનાં આવેલાં કંકોત્રી આમ પાછા મોકલી દે છે! એવો હતો દયારામનો ત્યાગભાવ અને ગોપીભાને શ્રીકૃષ્ણને નાથ તરીકે સ્વીકાર્યાનો સંકલ્પ અને ગોપાલજનના નાથ તો શ્રીકૃષ્ણ જ હોય ને!

કવિને નાનપણથી જ કાવ્યરચનાની કુદરતી બક્ષીસ હતી. ચાંદોદના શેષશાયી ભગવાનને ઉદ્દેશી એમણે એક કાવ્ય રચ્યું હતું ને ત્યાર પછી હનુમાન ગરુડ સંવાદ પણ રચ્યો હતો. ત્યાર બાદ તેર વર્ષની વયે છાસઠ કડીનું કાવ્ય ધવલ ધનાશ્રી રાગમાં રચ્યું હતું. આમ કવિની હથોટી દીર્ઘ-રચનાઓ તરફ વળવા લાગી હતી.

આજ ઉંમરે કવિને એક પરમ ભગવદીય પુરુષનો સમાગમ થયો હતો. ચાંદોદથી ડભોઈ જતાં હમ તલાવ પાસે એ સંત હતા ડાકોરવાળા સાધુ-પુરુષ ઇચ્છારામજી. એમણે દયારામને પ્રભુના ગુણ ગાવાની આજ્ઞા કરી અને દયારામે મીઠી હલકથી પ્રભુનાં ગીતો ગાઈ વાતાવરણમાં અજબ રંગ રેલાવ્યો. કવિની જાદુભરી વાણીથી સૌ મુગ્ધ થયાં. ઇચ્છારામજીએ એ ઊગતા કવિને એકાંતમાં બોલાવી આશીર્વાદ આપ્યો: 'બેટા! તું તો ગુજરાતનો સમર્થ કવિ થવાનો છે.'

સાચા સંતના આશીર્વાદ હંમેશાં ફળે છે. કવિની કૃતિ વ્યાપક બનવા લાગી. અવનવી કલ્પનાઓ સ્ફુરવા લાગી કવિ પરિવ્રાજક બન્યા. કાશી, વૃંદાવનથી માંડીને દક્ષિણનાં યાત્રાધામો બાલાજી, રામેશ્વર આદિ અનેક સ્થળોએ-લગભગ અખિલ હિંદમાં પ્રવાસ કરી પોતાનાં જ્ઞાનમાં પુષ્કળ વૃદ્ધિ કરી. એ પ્રવાસ દરમ્યાન કવિને અનેક ભાષાઓનો અભ્યાસ કરવાની તક મળી.

કવિતા અને સંગીતનો સુમેળ બધા કવિઓમાં નથી હોતો, છતાં ભક્ત કવિઓમાં એ જોવામાં આવે છે. સંગીતરત્ન પંડિત ઓંકારનાથે એક સ્થળે કહ્યું હતું કે ભક્ત બનવા ઇચ્છનારે પહેલા સંગીતકાર બનવું પડે છે. દયારામભાઈ પણ અજબ સંગીતકાર હતા. સંગીતનો એમણે શાસ્ત્રીય અભ્યાસ કર્યો હતો. તંબૂરાના રણઝણતા તાર છોડી ગુજરાતને ઘેલું કરનાર એ કવિ જાતજાતનાં વાજિંત્રો વગાડવાની કળામાં નિષ્ણાત હતા. મૃદંગ, નરઘાં જલતરંગ, બીન અને સતાર એ એમના પ્રિય વાજિંત્રો હતાં, અને તેમાં એમણે એટલી સુંદર નિપુણતા મેળવી હતી કે એમની સાથે કોઈપણ ટક્કર ન ઝીલાતી સાંભળનારાં એની કલા-કવિતા ઉપર ઓવારી જતાં.

વડોદરામાં એક પ્રસંગે નગરશેઠ હરિભક્તિને ત્યાં કવિના શિષ્યો રણછોડભાઈ અને ગિરજાશંકરની કથા થતી હતી. રણછોડભાઈ તંબૂરો છેડતા અને ગિરજાશંકર નરઘાં બજવતા. દયારામનાં મધુરપભર્યાં ગીતોની લ્હાણ લેવાઈ રહી હતી. કથા ચાલતાં ગિરજાશંકરની નરઘાં વગાડવામાં સહેજ ભૂલ થઈ. એક બાળાજીથી એ સહન ન થયું. એણે ભૂલનું સૂચન કર્યું ગિરજાશંકર ઝંખવાણો પડી ગયો. દયારામ છૂપી રીતે એક ખૂણામાં બેસી કથા સાંભળતા હતા. એમણે આવીને બાવાજીને કહ્યું: 'એવી સહજ ભૂલ તો થઈ પણ જાય."

બાવાજીએ જવાબ આપ્યો: 'ઉસ્તાદી મેળવનાર એવી ભૂલ કદી ન કરે. ત્યાં કવિએ કહ્યું: 'તમે ઉસ્તાદી મેળવી છે તો બજાવો નરઘાં.' એમ કહી કવિએ તંબૂરો લઈ કવિતાઓ છેડવા માંડી. શ્રોતાઓને ખૂબ મજા પડી. આનંદરંગ રેલાવા લાગ્યો. પ્રભાત થઈ ગયું પણ બાવાજીની ભૂલ ન નીકળી. છેવટે કવિએ એક અટપટો રાગ સંભળાવી બાવાજીને ગુંચવી નાંખ્યા ને બાવાજીથી ભૂલ થઈ ગઈ. લોકોએ દયારામના વિજયને સહર્ષ વધાવી લીધો. કવીએ બાવાજીને કહ્યું: 'બાવાજી! તમારા જેવો બજવૈયો મેં કયાંય જોયો નથી' એમ કહી પોતાના ગળામાંથી ત્રણસે રૂપીઆની કિમતની સોનાની કંઠી બાવાજીને ભેટ આપી. આવો છે દયારામની કલાઉપાસનાનો પ્રસંગ! આવો છે દયારામની કલાકવિતાનો વિજય! આવો છે કલા પારખું કવિહૃદયની ઉદારતાનો પ્રસંગ!

એવોજ બીજો પણ છે. ટોળીલા કવિ હૃદયના ગૌરવનો પ્રસંગ વડોદરમાં એક શ્રીમંત ગૃહસ્થ ગોપાલરાવે મહેરામે કવિની ખૂબ પ્રશંસા સાંભળી હતી. એણે કવિને બોલાવીને, પોતાના ઇષ્ટદેવ ગણપતિનાં કાવ્યો રચવાનું કહ્યું અને બદલામાં વર્ષાસન બાંધી આપવાનું જણાવ્યું, પણ આ ટોળીલા

કવિએ મચોટ જવાબ આપ્યોઃ

એક વર્યો ગોપીજન વલ્લભ, નહિ સ્વામી બીજો,
અવર કોઇનું કામ ન મારે, રીઝો કે ખીજો.'

આવાં હતાં દયારામનાં જીવનવ્રત અને એકનિષ્ઠા.

દયારામનાં કાવ્યોને પ્રથમ પ્રસિદ્ધ કરવાનું માન સૂરતને ઘટે છે. સુરતના ડૉ. ધીરજરામે ઇ. સ. ૧૮૬૦માં લીથો પ્રેસમાં છપાવી દયારામના કાવ્યોની આવૃત્તિ બહાર પાડી હતી. ને ત્યાર બાદ કવિ નર્મદાશંકરે "ઇ. સ. ૧૮૬૪માં મુદ્રિત સ્વરૂપે 'દયારામનો કાવ્યસંગ્રહ' પ્રસિદ્ધ કર્યો હતો. દયારામનું જીવન આલેખતાં કવિ નર્મદાશંકરે એમને ભારે અન્યાય કર્યો છે તે વાત જાણીતી છે

દયારામભાઠેનો સ્વર્ગવાસ થયો તે વખતે નર્મદનું વય ઓગણીસ વર્ષનું હતું. એની કવિના હજી તો પોતાના પોપચા ઊઘાડી રહી હતી. દયારામના કાવ્યોનો નર્મદને અભ્યાસ પણ ક્યાંથી હોય? કવિના જીવનકવન વિષે જે કંઈ સાંભળ્યું તેને જ એણે ખરાખોટાની ખાનરી કર્યા વિના પ્રસિદ્ધિ આપી. પરિણામ આવ્યું કે-ત્યાર પછીના દયારામના સાહિત્યના ઘણાખરા વિવેચકોએ નર્મદને જ અનુસરીને એ ભૂલોની પરંપરા ચાલુ રાખી છે તે વાત નિર્વિવાદ છે. વીર કવિ નર્મદની સાહિત્ય સેવા માટે મને માન છે છતા કવિ દયારામના વિષયમાં એને હાથે એટલી દુ:ખદ ઘટના બની ગઈ છે એની કોઇથી ના કહી શકાય એમ નથી

નર્મદે દયારામ જેવા એક અનન્ય ભક્તને જાણેઅજાણ્યે કરેલા અન્યાયનું ઋણ વાળવા જાણે નર્મદનગરી આમ દયારામ જયંતી ઉજવી પ્રાયશ્ચિત કરે છે એ એક આનંદદાયક ઘટના કહી શકાય.

નર્મદ પછી રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળા અને નાથાશંકર શાસ્ત્રી-પ્રાચીન કાવ્યમાળાના સંપાદકે ઇ. સ. ૧૮૯૦મા નર્મદના લેખનો આધાર ઉપયોગ કેટલીક બીજી પણ હકીકતો મેળવી કવિના જીવનપરિચયનુ આલેખન કર્યું હતું અને પ્રાચીન કાવ્યપાયના ગ્રંથ ૨-૧૧-૧૩માં દયારામના 'રસિક વલ્લભ' આદિ કાવ્યોએ સ્થાન મેળવ્યું હતું.

વિમો એ જીંદગીની

જરૂરિયાત છે

પણ

ક્યાં ઉતારવો તે જ પ્રશ્ન છે.

જે સંસ્થાની મોટી
થાપણ છે શ્વિવાસ
ઉત્પન્ન કરે એવી
ડાયરેકટરોની બોર્ડ છે
-જેની કાર્યપદ્ધતિ
ઝડપી અને વ્યવસ્થિત
છે-એવી જ કંપનીમાં
વીમો ઉતરાવવો જોઇએ.

સત્તાવાર થાપણ રૂ. ૧,૦૦,૦૦,૦૦
બહાર પડેલી રૂ. ૫૦,૦૦,૦૦૦
ભરપાઇ થયેલી રૂ. ૨૫,૦૦,૦૦૦

જીંદગી—આગ

દરિયાઈ—અકસ્માત

જયભારત

વીમા કંપની લિ.

૨૨, એપોલો સ્ટ્રીટ, મુંબઇ

ઈ. સ. ૧૮૬૫માં સુપ્રસિદ્ધ ગુજરાતી પત્રના આદ્યસંસ્થાપક ઈચ્છારામ દેસાઈએ બૃહદ કાવ્યદોહન ગ્રંથ પાંચમામાં દયારામની કવિતાઓ પ્રસિદ્ધ કરી હતી અને કવિપરિચય પણ કરાવ્યો હતો.

અને ત્યાર પછીના દયારામની કવિતાઓના સંપાદકોમાં મૂળચંદ તેલવાળા, જગજીવનદાસ મોદી, વસંતરામ શાસ્ત્રી, શંકરપ્રસાદ રાવળ આદિને પણ ગણાવી શકાય. એ બધાજ લેખકોએ દયારામને ન્યાય આપવા પ્રયત્ન કર્યો છે.

તે ઉપરાંત આપણા સર્વમાન્ય સાક્ષરો ગોવર્ધનરામ, મણિલાલ નભુભાઈ, દિ. બા. ઝવેરી, કવિ ન્હાનાલાલ, અંબાલાલ જાની, કનૈયાલાલ મુન્શી, શ્રી. ગોવિંદલાલ દવે, પ્રો. જોહાલાલ શાહ, રમણલાલ દેસાઈ આદિએ પણ પ્રસંગોપાત દયારામની જીવનલીલાને સ્પર્શતા લેખો પોતપોતાનાં દૃષ્ટિબિંદુથી રજુ કર્યા છે.

કવિ ન્હાનાલાલે એક પ્રસંગે દયારામને અન્યાય કરનારા વિવેચકોને ઉદ્દેશીને કહ્યું હતું:

'ઓ વીસમી સદીના વિવેચકો! બેગાબેગી તમારી વિવેચનાઓ કરતા જજો. જુઓ કે તમે શુકદેવ સમોવડ છો કે વ્યાસજી જેવા? કે ગોમયકીટ! કે ઉમદા? સ્ત્રી વર્ગને તમારો લજ્જા સંકોચ છે કે નહિ? નારીદર્શને તમારી આંખડી કે અંગ ફરકે છે કે નથી ફરકતાં? કેટકેટલી સભાઓનાં પ્રલોભનો છતીને આવ્યા છો? હું એ તમારામાંનો જ એક છું. નિરાંતે માનવાની ભૂલ મા કરશો.'

ગુજરાતના એ મહાકવિએ આ પરમ સત્ય ઉચ્ચારી વ્યાજથી પડકાર કર્યો છે.

દયારામનાં અનેક કાવ્યો પ્રસિદ્ધ થયાં છે એની ના નહિ; પણ પ્રમાણભૂત રીતે શુદ્ધ સ્વરૂપે એ બધાં જ કાવ્યોગ્રંથો પ્રસિદ્ધ થવાની જરૂર છે અને દયારામભાઇના વતનવારસીઓએ એ માટે કમ્મર કસી છે. કવિના સ્મારક રૂપે એમના સાક્ષર દેહને શુદ્ધ સ્વરૂપે છપાવવાનો પ્રબંધ પણ થઇ ગયો છે એમ મેં સાંભળ્યું છે અને હું ધારું છું ત્યાં સુધી થોડા જ સમયમાં દયારામના તમામ-ગુજરાતી ગ્રંથો એના અસલી સ્વરૂપમાં ગુજરાતને ઉપલબ્ધ થશે.

એનું સંપાદન કાર્ય થઈ રહ્યું છે એક યોગ્ય વ્યક્તિને હાથે જે એ કાર્ય કરવાનો સંપૂર્ણ અધિકારી છે. જેનાં જીવનનું ધ્યેય દયારામનાં સાહિત્યને શુદ્ધ સ્વરૂપે રજુ કરી એના મર્મોનું દર્શન કરાવવાનું છે. એ વ્યક્તિ તે દયારામભાઇના પટ્ટ શિષ્ય રણછોડભાઈના વંશજ ભાઇ જીવણલાલ જેપી. દયારામના બધા જ ગ્રંથોની એમની પાસે હાથપ્રતો છે. એ પ્રતો ઉપરથી એમણે બધા ગ્રંથોની પ્રસિદ્ધિ માટેની પ્રતો તૈયાર કરી છે.

તે ઉપરાંત દયારામની મરાઠી હિંદી કવિતાઓને પણ પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાની પણ ભાઇ જેપીની તૈયારી છે.

એ વર્ષ ઉપર વડોદરામાં મરાઠી સાહિત્યસંમેલન ભરાયું હતું. તે પ્રસંગે ભાઇ જીવણલાલે દયારામની મરાઠી કાવ્યરચનાઓ ઉપર એક સુંદર નિબંધ રજુ કરી મરાઠી વિદ્વાનો ને જનતાનું ધ્યાન ખેંચ્યું હતું. એક ગુજરાતી ભક્તકવિએ મરાઠી ભાષાની પણ સુંદર સેવા કરી છે એ એમને માટે નવાઇનો વિષય હતો. ભક્ત કવિ તુકારામના જેવા અભંગો દયારામે રચ્યા છે. એ બધાં કાવ્યોનો એક સંગ્રહ પ્રસિદ્ધ થવાની યોજના પણ થઇ રહી છે. એ જ પ્રમાણે કવિનાં હિંદી અપ્રસિદ્ધિ કાવ્યો પણ પ્રસિદ્ધિનો પ્રકાશ જુએ એ ઘડી પણ આવી લાગી છે.

તે ઉપરાંત ભાઇ જીવણલાલે કવિનાં જીવનકવન ને સ્મરણને રજુ કરતો એક મહાગ્રંથ તૈયાર કર્યો હોઇ પ્રસિદ્ધિનો પ્રકાશ જોવાની એ રાહ જુએ છે. એમાંથી ગુજરાતને ઘણું અવનવું જાણવા મળશે એમ મારું માનવું છે.

એ જ પ્રમાણે કવિની પ્રસિદ્ધ અપ્રસિદ્ધ ગરબીઓનો એના વિવરણ સહિતનો સ્વતંત્ર સંગ્રહ પણ એ પ્રસિદ્ધ કરનાર છે. અને ત્યારે જ ગુજરાતને ખબર પડશે કે કવિની ગરબીઓમાં જે કેવળ અતિશૃંગાર જોઇ રહ્યા છે એ શૃંગારનો અર્થ શો છે? કર્મનો

અર્વાચીન ગુજરાતીના એ ભક્તકવિએ ગોપી ભાવે રચેલાં પોતાનાં કાવ્યોમાં અનવદ્ય પ્રેમ, ખિન્નતા, મસ્તી, ઉદ્વેગ, ચિંતન એમ બધું જ વ્યક્ત કરી સાચા ગોપીહૃદયની ઝાંખી કરાવી છે.

નરસિંહ અને મીરાં પછી ગુજરાતને Lyric-ગીતિગીતોનું પાન કરાવનાર કવિવર દયારામનું સ્થાન આપણા સાહિત્યમાં અનેક રીતે અનોખું છે. દયારામ પછી કવિ-દાનાશાહ અને બીજા કવિઓએ પણ આપણને ઘણાં ગીતિગીતો આપ્યાં છે એના ના નહિ; છતાં એ સમર્થ કવિથી માંડીને નાનામોટા અનેક કવિઓએ દયારામના અખૂટ કાવ્ય સરોવરમાંથી રસની અંજલિઓ ભરી ભરી પીધી છે, પ્રેરણા લીધી છે એની કોણ ના કહી શકશે? વર્તમાન ગુજરાતના બે મોટા કવિઓ—દાનાશાહ અને ઝવેરચંદથી માંડીને કવિતા મંદિરનાં પગથિયા ચડનાર કાવ્યદેવીના લગભગ બધા જ ઉપાસકો એ દયારામ વાપર્યો અલબેલા ઢાળનો ઉપયોગ કર્યો છે એ ઢાળોની ગોઠડિની જ એવી છે કે ગાનાર અને સાંભળનારનાં હૈયાંને તારને એ ઝણઝણાવી મૂકે. આપણા કવિઓએ ખૂબ અપનાવેલા એ ઢાળો જાણીતા હોઈ અહીં એની પ્રથમ પંક્તિઓનો જ નિર્દેશ કર્યો છે.

'શ્યામ રંગ રાગીયે ન જનું'

'ગોમા રહો તો કહું વાતડી મિહારીલાલ!'

'શીખ સાસુજી દે છે ને! વહુજી રહો ટંગે'

'આઈ કૂવા ને નર વાવડી રે લોલ.'

'ગરબા ગાવાને ગોરી નીસર્યો રે લોલ.'

'હરે! મૂલવાને આવો રાજ! ચંદ્રભાગાજીના બાગમાં.'

'ઓધવજી! માધવને કહેજો ગોકુળ.'

'મહોલે પધારો મારા રાજ! માળીગર! મહોલે પધારો.'

'કામણ દીયે છે અલબેલા! તારી આંખમાં રે.'

'ગોમા સમુજા શ્યામળી.'

'માતા જગોદા મૂલાવે પુત્ર પારણે.'

'કિએ કાને ગોદિની ન જાણી, રે મોહનજી.'

'રોકોયો પનઘટ રસિયારાજ! પાણીડાં કેમ ભરિયે!'

'બ્રજ વડાવું રે! વૈકુંઠ નહિ આવું.'

'ઓધવ! નંદનો છોરો તે નમેરો થયો જો!'

'લોચન મનનો ઝગડો રે! કે ઝગડો લોચન મનનો.'

વગેરે-વગેરે :—

(અપૂર્ણ)



શ્રી પુષ્પા વકીલ (પરિચય)

મધુસૂદન એમ. એ.

ગુજરાતાં સાહિત્યકાર દંપતીઓ આંગળીને વેઢે ગણી શકાય તેમ છે. સદ્‌ભાગ્યે થયું છે એમ કે જે જે સ્ત્રીઓ સાહિત્યકાર છે તેમની સાથે તેમના જીવનસાથી પણ સાહિત્યકાર જ છે. ખરી રીતે કહીએ તો સાહિત્યકારને પરણતાં જ એ સ્ત્રી સાહિત્યકાર બને છે. મુનશીદ પતી, વકીલ દંપતી, સોપાનદંપતી સહેજે નજરે ચઢે છે.

શ્રી પુષ્પાબહેન લગ્ન પહેલાં પણ કાવ્યો લખતાં, લગ્ન પછી લખે છે અને પ્રસિધ્ધ કરે છે અને છેલ્લે છેલ્લે તો એમણે 'ત્રિવેણી' નામથી સરળવિશદ મનોહર કાવ્યગ્રંથ પણ પ્રકટ કર્યો છે. પ્રણયકાવ્યો લખવાનું શ્રી રમણ વકીલને સોંપીને પુષ્પાબહેને અન્યકૃતિ વિષયોને કાવ્યમાં ગુથ્યાં.

સ્વભાવે મળતાવડાં છતાં ગંભીર એવા પુષ્પાબહેન 'ત્રિવેણી' સંગ્રહ દ્વારા જ ગુજરાતને પરિચિત છે. શ્રી રમણ વકીલ સાથે તેઓ Parity સરખાહિસ્સાથી ભાગીદારી કરી રહ્યાં છે એ એક જવલંત ઉદાહરણ છે. શ્રી. વકીલ પ્રિન્સિપાલ થયા તો તેઓ પણ પ્રિન્સિપાલ થયાં. શ્રી રમણભાઇ સાહિત્યકાર ગણાયા તો તેઓ પણ સાહિત્યકાર આલેખાયાં. શ્રી વકીલે કાવ્યગ્રંથ પ્રગટ કર્યો તો એમણે પણ કાવ્યગ્રંથ પ્રગટ કર્યો. ચોક્કસ પુષ્પાબહેન પાકીસ્તાન તો નહિ માંગતાં હોય પણ આપમેળે અપાતો રહેલ આ શક્તિનો ફાળો એમના જીવનમા સુમેળ સાધે છે.

ગુજરાતી કવિતામાં સ્ત્રીકવિયત્રિઓની ગણીગાંઠી સંખ્યામાં પુષ્પાબહેન અગત્યના મોખરે છે. એમની પાસેના સાધન સગવડોથી એવો હજીએ વિશેષ કૃતિઓ ગુજરાતને આપી શકે એમ છે. એ અકૃતિઓ આપવામાં શિથિલતા આવે કે નિષ્ક્રીયતા આવે તો તેનો દોષ શ્રી રમણ વકીલને ફાળે જ જવો જોઇએ.

એમની કવિતાઓમાં ગીરીહૃદયની ઋજુતા, જંતુ ભાવના અને સ્વભાવની મીઠાશ કવિતાની બાનીમાં વ્યકત થાય છે એમની કવિતાઓમાં એ પ્રાણ છે. એ જ ગુણ શ્રી રમણ વકીલની કવિતાને પણ વેરેલાં છે. છતાં એ બંને સાહિત્યકારોની કૃતિઓ વચ્ચે ફેર આવશ્ય છે પણ પુષ્પાબહેનનો પરિચય કરતાં કરાવતાં સીધી કે આડકતરી રીતે શ્રી રમણ વકીલનો પરિચય કરાવવો પડે એ અનિવાર્ય છે છતાં અલિપ્ત રાખવો યોગ્ય છે.

એમણે નાટક નવલિકા વગેરે લખ્યું નથી. એ "પોર્ટફોલિયો" એમણે શ્રી વકીલને જ સોંપ્યો છે છતાં "સસ્તું ભાડું અને સિધ્ધપુરની જાત્રા" એ ન્યાયે એમણે અલ્પ શ્રમ છતાં સાત્વિક લોકપ્રિયતા અને આનંદ મેળવ્યો છે.

શ્રી પુષ્પાબહેન એક વખત શ્રી વકીલનાં સહઅભ્યાસી હતાં, બીજી વખતે એમનાં શિષ્યા હતાં અને ત્રીજી વખતે એમનાં સહચારણી થયાં. આ ત્રણે તબ્બકાઓમાં જે કઇ હતાં તે તો રહ્યા પણ ફેર એટલો પડયો કે એમની સાહિત્યશકિતઓ સાહિત્યકારના સંપર્કમાં આવતાં વિશેષ વિકાસ સાધ્યો એ વિકાસ ત્રિવેણીસંગ્રહ સુધી જળવાઇ રહ્યો છે.

હવે શું ? એનો પ્રશ્ન કોઈ આપી શકે એમ નથી. છતાં એક વાત ચોકકસ છે એમની શકિત એમને નિષ્ક્રીય બનાવી શકે એમ નથી. દરેકએ એનો ગુજરાતને બીજો કાર્યમાર્ગ આપી શકે એમ છે.

ગુજરાત તો ઇચ્છે કે આવતી કાલે એની એકાદ કુલદીપડી સુવર્ણચંદ્રકનું માન મેળવે એ દિવસો પણ દૂર નથી.



તું તો દુર્લભ-શ્રી તણું કુસુમ છે અદ્વિતીય-દ્વિતીય
સ્નેહાશીષ જયેન્દ્ર ને રમાબાના હાલુંકુલ્લું રાખશો;
વેલી અમૃતશી સ્વયુરકુળની તું ચંદ્રમુખી બને
શક્તિ ભક્તિ સુયુક્તિ સદ્‌ગુણ થકી થાજે તું મેનાવતી.

* * *

છે વિજ્ઞાન ઉપાર્જનો અવનવાં વેગીશ ના ક્ષેત્રને
સેવામાં સન્માર્ગ કીર્તિધનના દે શક્તિ માંગલ્યના
આ સંસાર મહીં અનન્ય પથ છે નિષ્કામ સેવાતણો
પંથે એ જ પળો વધૂવર તમો ઇતિહાસ સર્જો નવો.

* * *

રાણો જીવનમાં સદા અનુપમા-આદર્શ દેવાંશીના
દેવી કસ્તુરબા અને સુકમળા ગાંધી જવાહીરના
રાષ્ટ્રે યજ્ઞ અને અહીં જીવનમાં એ યજ્ઞ માંગલ્યનો
ઉચ્ચારી 'જય હિંદ' ધન્ય ઘડીએ બે એક થઈ સંચરો.



ગ્રાહકો જોગ

રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી વ્યાખ્યાનમાળા

સુરતમાં તા ૧૭મી જુલાઇના રોજ શ્રી કોલકે રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી સ્મારક વ્યાખ્યાનમાળામાં આપેલ "નવીન કવિતાનો વિકાસ" વિષય પરના વ્યાખ્યાનનો સારાંશ આ અંકે અંગત સંજોગોને કારણે આપી શકાયો નથી તે આવતા અંકે રજુ કરવામાં આવશે.

ટપાલખાતાની હડતાલ અને કવિતા

હિંદવ્યાપી ટપાલ હડતાલે ધંધાવહેવારને ખોરવ્યો છે અને એમાં કવિતા જેવાં સામયિકને પણ અસાધારણ નુકસાન પહોંચાડયું છે. જુલાઇનો અંક ૧૨મી જુલાઇએ સુરતથી પોસ્ટ કરવામાં આવ્યો હતો. છતાં કોઇ કોઈ ગ્રાહકને એ અંક નથી મળ્યો એની ફરિયાદ નોંધાઈ છે. એ અંકોનું પારસલ વિલેપારલેની ઓફીસે આવી જતા જે જે ભાઇઓની એ ન મળ્યાની ફરિયાદ હશે તેમને એ અંક મોકલી આપવામાં આવશે. એ ઉપરાંત છેલ્લા બે ત્રણ માસથી ટપાલતંત્રની શિથિલતાને લીધેજ કોઈ ગ્રાહકને અંક ન મળ્યો હોય તો અમે એ ગ્રાહકોને વિનંતી કરીએ છીએ કે અમને કાર્યાલય પર એ અંગે પત્ર લખી જણાવે એ અંકની નકલો સિલ્લક હશે ત્યાં સુધી ગ્રાહકોને પહોંચાડવામાં આવશે. ટપાલની ગડબડને કારણે આ અંકે થોડી મેટર અટવાતાં છેલ્લી ઘડીએ ઓછાં પાનાં આપવાં પડયાં છે તે બદલ ગ્રાહકો ક્ષમા કરશે.

"કવિતા કાર્યાલય" વતી
કોલક

મિતાક્ષરી મતદર્શન

સોવિયેત રશિયા : લેખક: ભોગીલાલ ગાંધી **પ્રકાશક:** હોક પ્રકાશન ગૃહ ખેતવાડી મુંબઇ, **કિંમત:** પાંચ રૂપિયા.

સોવિયેત રશિયા વિષે જાણવાની ઇનેજારી રાખનાર વાચકને રશિયાની વિગતવાર રાજકીય, સામાજિક, નૈતિક તમામ માહિતી આ ગ્રંથમાં મળી રહેશે. બિરાદર ભોગીલાલ પોતે સામ્યવાદી છે છતાં પુસ્તકની રજુઆતમાં પોતાનાં અંગત મંતવ્યો કે વિદ્વાનોની દૃષ્ટિએ રશિયાની સમૃદ્ધિ ન જોતાં-રશિયાની એક માત્ર હસ્તી ધરાવતી હકીકત જ એક લેખકની દૃષ્ટિએ જુએ છે એ આ માહિતીપૂર્ણ મહત્વના ગ્રંથની વિશિષ્ટતા છે. એક રાષ્ટ્રના જીવનની એક એક પ્રવૃત્તિમાં રશિયાની આજની સ્થિતિનું એમણે સચોટ માહિતીપૂર્ણ જ્ઞાન કરાવ્યું છે. ગુજરાતી ભાષામાં આ ગ્રંથ મહત્વનો એટલા માટે છે કે રશિયાનું દર્શન જો રજુ થતું હોય તો તે આજ પુસ્તકમાં છે. ભાઈ ભોગીલાલની આ કૃતિ બદલ એમને અભિનંદનો આપીએ છીએ અને દરેક ગુજરાતી વાચકને આગ્રહ કરીએ છીએ કે જગતના તમામ દેશોમાં આજે જે કક્ષાએ "રશિયા" દેશ બિરાજ્યો છે એ કક્ષા એની પ્રજાએ કેવી રીતે મેળવી એનો અભ્યાસ કરવો એ પ્રત્યેક પ્રગતિવાંચ્છુ માનવની ફરજ છે: એ અભ્યાસમાં આ એક જ પુસ્તક રશિયાનો પરિચય આપવા બસ છે.

આચાર્ય પ્રફુલ્લચન્દ્ર રોય: લેખક નિરંજન વર્મા અને જયમલ્લ પરમાર પ્રકાશક પદ્મજા પબ્લિકેશન્સ, વડોદરા. કિંમત એક રૂપિયો.

હિંદની મહાન વ્યક્તિઓમાં આચાર્ય પ્રફુલ્લચંદ્ર રૉયનું સ્થાન છે. વિજ્ઞાની આચાર્યશ્રીના જીવનનો અભ્યાસ કરવો એ દરેકોઇ હિંદી માટે એક આવશ્યક અભ્યાસપાઠ છે. લેખકોએ આ પુસ્તકમાં આચાર્ય રૉયના જીવનની લગભગ તમામ હકીકતો સળંગ જીવન ચરિત્ર સ્વરૂપે રજુ કરી છે. જીવન ચરિત્રો આલેખતાં ગુજરાતી ગ્રંથોમાં આ ગ્રંથને પણ આવશ્યક સ્થાન અપાવું જોઇએ.

ઉડતાં પાન : લેખક વિજયરાય વૈદ્ય: **પ્રકાશક** પદ્મજા પ્રકાશન: વડોદરા. **કિંમત** સવાબે રૂપિયા.

વિજયરાયની શક્તિઓનો અભ્યાસ કરવાને વાચકે એમને જુદા જુદા ચશ્માંથી જોવાની જરૂર છે. વિજયરાય વિદ્વાન વિવેચક છે, સમર્થ સંપાદક છે, ગંભીર ચિંતનશીલ વ્યક્તિ છે અને સાથોસાથ એક તંદુરસ્ત પ્રકુલ્લ માનસ ધરાવતા હાસ્યરસ લેખક છે બેશક, એમનો હાસ્યરસ છલકતો નથી. છતાં મલકતો રહે છે આ પુસ્તકમાં એ પ્રકારની કૃતિઓ નિબંધિકાઓ રજુ થયેલી છે. ગુજરાતી સાહિત્યમાં આ પ્રકારની નિબંધિકાઓ વધુ પ્રમાણમાં લખાવી જોઇએ અમુક વસ્તુને એક લેખક પોતાના સમૃધ્ધ રંગભંડારમાં કેવી રીતે મૂકી જાણે છે તેના નમૂનાઓ ગુજરાતી સાહિત્યમાં હોવા જોઇએ હોસ્પીટાલમાંથી નીકળતા દર્દીને જુવો અને જેલમાંથી નીકળી કોલેજ તરફ પ્રયાણ કરતા પ્રાધ્યાપક શ્રી વિજયરાયને જુઓ, છતાં વિજયરાય દરદી નથી અને જે કોઇ દરદી જોવા મળે તે વિજયરાય નથી એવી જ લાક્ષણિકતાઓ આ નિબંધિકાઓમાં તરવરે છે. હાસ્યને વ્યક્ત કરવાનો તરવરાટ આ કૃતિઓમાં અવશ્ય છે પણ લેખકના ગંભીર ચિંતનશીલ માનસને લઇને એ નિબંધિકા બીજાની કેળાની જેમ હાસ્યની કેળાજ બેંચી પક્ષ દૃષ્ટિકોણમાં માત્ર ચિંતનશીલ વાતાવરણજ મૂકે છે આ તમામ નિબંધિકાઓમાં માત્ર રમતિયાળ વૃત્તિથી લખાયેલ વસ્તુ નથી પણ પ્રૌઢ માનસે સંગ્રહેલી એના સ્મૃત પૃથક્કરણમાં મૂકાયેલ વસ્તુ છે. આ રીતે આ આખો નિબંધિકા સમૂહ સાહિત્યમાં અમૂલ્ય ફાળો છે. રચના

સંકોચને કારણે અહિં પ્રત્યેક કૃતિના ગુણદોષની ચર્ચાનો વિષય ક્રમને પણ છોડી દેવો પડે છે.

રૂબાઈયાત અને બીજાં કાવ્યોઃ લેખકઃ હરગોવિંદ પ્રેમશંકર કવિઃ સંપાદકઃ શ્રી નાથાલાલ દવે. કિંમત ચાર રૂપિયા.

આજના નવીન કવિઓના કાવ્યસંગ્રહનો જુવાળ જોઇએ ત્યારે રહેજે એમ માગે કે આપણા આ જૂની પેઢીના કવિએ આજ સુધી કેમ એમનો સંગ્રહ ન પ્રગટ કર્યો અને છેક આજેજ આજ સુધી ન પ્રગટ કરવાની ધીરજ પણ કેમ રાખી શકયા ? શ્રી. ઉમાશકર જોષીએ આ ગ્રંથનો પ્રવેશક આપી આ કવિને યોગ્ય ન્યાય કર્યો. બે વર્ષો પહેલાં લખાયેલી કૃતિઓ આજના પ્રવાહમાં ભળી શકે તેમ નથી –તરી શકે તેમ નથી છતાં એની વિશિષ્ટતાથી ઓપી ઊઠે એમ છે એમાં 'શકાજ નથી ગઝલ શોખીનો માટે તો આ ગ્રંથ વધારે આકર્ષક નીવડશે. કૃતિઓની વાત બાજુએ મૂકીએ છતાં આ ગ્રંથની મુખ્ય સાર્થકતા તો છે "રૂબાઈયાત" 'રુબાઇયાત' જેવી જગવિખ્યાત કૃતિનું ગુજરાતીમાં આજ પૂર્વે ભાષાંતર થયેલ છે પણ એવા એક નહી અનેક થવાની જરૂર છે આ ગ્રંથમાં જે ભાષાંતર છે, તે વધુ હૃદયગમ વેગીતું અને સરળ છે પ્રવેશકમાં શ્રી ઉમાશકરે પણ "રૂબાઇયાત" ને સ્પર્શતી મનનીય વિગતો રજુ કરી છે કવિએ આ કૃતિને હરિગીતમાં પ્રાણવંત રાખી છે એમ કહેવામા લેશ પણ સંકોચ નથી. સંગ્રહની અન્ય કૃતિઓમા પણ કેટલીક કૃતિઓ આજની કવિતામા પણ ઓપી નીકળે એટલી સમર્થ, રસસમૃદ્ધ છે. એ કૃતિઓમાં એમની ગઝલ રચનાઓ વિશેષે આકર્ષક છે 'સૂનું દિલતખ્ત", "દુનિયાતણી બાજી-રમાં," "સનમ વિશું', "હાવરડા" "નાનકડો ખારવો" તેમજ બીજી કેટલીક કૃતિઓ મનોરમ છે તમામ કૃતિઓમાં વેગ છે, પ્રવાહિતા છે અને પ્રાસાદિકતા છે. ગુજરાતના પ્રાચીન છતાં અર્વાચીન એવા ધનને અદ્યતન સર્જનનાં મૂકવા બદલ ભાઇ નાથાલાલને પણ અભિનંદનો ઘટે છે.

નર્મદઃ લેખક રામનારાયણ વિશ્વનાથ પાઠકઃ ભારતી સાહિત્ય સંઘઃ પો. બો. ૬૭૮, મુંબઇ ૧. કિંમત રૂપિયા બે.

"જૂની બાટલીમાં નવો દારૂ" જેવું સૂત્ર આ પુસ્તકને એના બાહ્ય સ્વરૂપ માટે લાગુ પાડીએ તો યોગ્ય જ લેખાય. મૂળ પ્રો. રામનારાયણ પાઠકે સુરતમાં વ્યાખ્યાન માટે આ ગ્રંથનો એક ભાગ તૈયાર કરેલ. એ ગ્રંથ તે પછી સમિતિના ગ્રંથો-દ્વારા તરફથી ગ્રંથસ્થ થયેલ તેજ- પાનાં આ પુસ્તકમાં મૂકી દીધાં છે. હકીકતમાં એ જ વ્યાખ્યાનનું આ નવા પૂઠામાં પુનઃ દર્શન છે. પણ એની જ સાથે એક મહત્વની વસ્તુ-એ પણ આવી છે કે "નર્મદનું ગદ્ય" લેખ પણ આ પુસ્તકમાં ગ્રંથસ્થ થાય છે. પરિણામે આપણા વિદ્વાન વિવેચક શ્રી. રામનારાયણ 'નર્મદ'ના ગદ્ય અને પદ્ય બંને વિષે પોતાનાં નિખાલસ છતાં વિચારશીલ ને મનનીય મંતવ્યાનુસાર લખે છે શ્રી વિશ્વનાથ ભટ્ટે પણ નર્મદ પર વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ પ્રગટ કરેલ છે. વિશ્વનાથના પ્રયાસો નર્મદના જીવનને-સર્જનને-સમગ્ર રીતે વિગતવાર ચૂંથી એની કૃતિઓ પર વિદ્વત્તાભર વિવેચન આપે છે બેશક પ્રસંગાનુસાર પોતાના વિધાનના સમર્થનમાં વિવેચકે સામાજીક ભૂમિકાને પણ આલેખી છે. પાઠક સાહેબની વિદ્વત્તા, રસદૃષ્ટિ અને વિવેચન શકિત નર્મદના અભ્યાસીને એક વધુ સુંદર ગ્રંથ મદદકર્તા થઇ પડે એવો આપે છે. શ્રી પાઠકમાં એક વધુ અગત્યની હકીકત એ છે કે એક અલ્પ-વસ્તુ માટે પણ સત્તાવાર સમર્થન મેળવવાના એમના પ્રયાસો અતિ પ્રશંસનીય છે. એ ચીવટવૃત્તિ એમનાં મંતવ્યોને પૂરક બને છે. આ બધી હકીકત હોવા છતાં "જૂની બાટલીમાં નવો દારૂ" કહેવું પડે છે તેનું કારણ એ કે આ ગ્રંથની આખી જ પુનરાવૃત્તિ કરાવી હોત તે પ્રો પાઠક કદાચ આ ગ્રંથને હજુયે વધુ મૂલ્યવાન કરી શકયા હોત. એક પુસ્તક પડી રહ્યું તેને નવા લેબાશમાં ખપાવી નાખવાને

કદાચ ધંધાદારી અખતરો બેશક બુદ્ધિપૂર્વક અને યોગ્ય રીતે થયો છે એમ દેખાઈ આવે છે. સાહિત્યને લાગેવળગે છે ત્યાં સુધી એ યે બોટું નથી જ.

અનિલકુમાર (Enoch Arden): ભાષાંતર કર્તા ડો. એમ. ઓ. સુરૈયા. પ્રકાશક: કર્તા પોતે. જોગેશ્વરી. પ્રાપ્તિસ્થાન એન. એન. ત્રિપાઠી લિમિટેડ. કિંમત રૂપિયો પાંચ.

-લોર્ડ ટેનીસનના અમર કાવ્યનો આ સુંદર અનુવાદ આવકારયોગ્ય છે. ડો સુરૈયાએ બીજા અગાઉ પણ બીજાં કેટલાંક લોકપ્રિય અંગ્રેજી કાવ્યોનો અનુવાદ કરેલ છે. એમની સવૈયાની લઢણ વસ્તુને માટે વધુ અનુકૂળ છે. એમની ઓ પરની હથોટી પણ પ્રશંસનીય છે. પરિણામે અનુવાદ સુંદર ભાષાંતર કરી શકયા છે. આ પુસ્તકમા પણ એમની રીતિનીતિ મુજબ કેટલાક અભિપ્રાયો છે. એ અભિપ્રાયોમાં ઠીક ઠીક પાનાં રોકાયેલ છે અમારો આગ્રહ છે કે ડો. સુરૈયા તેમની તમામ અનુવાદ કૃતિઓને એક જ ગ્રંથમાં ગ્રંથસ્થ કરે અને આ અભિપ્રાયોનાં પાનાનો જે વ્યય થઈ રહ્યો છે તે બચાવે. અમારે મતે સર્જનમાં-ખાસ કરીને સર્જનગ્રંથમાં એ અભિપ્રાયોથી સાહિત્યને વિશેષ ફાયદો નથી થતો.

નવાં પુસ્તકોનો સ્વીકાર

(૨૪) **સાહિત્યવિહાર**: લેખક પ્રો. અનંતરાય મ. રાવલ, પ્રકાશક ભારતી સાહિત્ય સંઘ, પો. બો. ૯૭૮-મુંબઈ ૧ મૂલ્ય રૂપિયા ત્રણ (૨૫) **કંસવધ**: લેખક પ્રો. હીરાલાલ કાપડિયા પ્રકાશક: ગાંડીવ મુદ્રણાલય, હવાડિયો ચકલો, સૂરત (૨૬) **પતંગ પુરાણ**:- લેખક: હીરાલાલ રસિકદાસ કાપડિયા. પ્રકાશક લેખક પોતે, સાકડીશેરી, ગોપીપુરા, સૂરત. કિંમત દસ આના (૨૭) **સ્ત્રીઓનો પહેરવેશ**: લે. અ. સૌ ઇન્દિરા હીરાલાલ કાપડિયા પ્રકાશક કર્તા પોતે: કિંમત રૂપિયો એક. શિરનામું ૨૬ પ્રમાણે (૨૮) **વિભૂતિ**: લેખક: વિષ્ણુપ્રસાદ વેણીલાલ બક્ષી મુદ્રણસ્થાન: કિતાબઘર પ્રિન્ટરી, રાજકોટ: મૂલ્ય નોંધ્યું નથી (૨૯) **સંત દેવીદાસ**: લેખક શ્રી. ચુનીલાલ મેઘાણી, પ્રકાશક ભારતી સાહિત્ય સંઘ, પો બો. નં. ૯૭૮, મુંબઈ ૧. કિંમત રૂપિયો એક, (૩૦) **પરકમ્મા**: લેખક અને પ્રકાશક ૨૯ પ્રમાણે. કિંમત અઢી રૂપિયા (૩૧) **માણસાઈના દીવા**: લેખક ઝવેરચંદ મેઘાણી. પ્રાપ્તિસ્થાન ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ-ભીમરાજ બિલ્ડિંગ, કાલબાદેવી-મુંબઈ ૨ (૩૨ **દુનિયાપારના બહારવટિયા**: લેખક: ઝવેરચંદ મેઘાણી: સોલ એજન્ટ: ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ: ભીમરાજ બિલ્ડિંગ: કાલબાદેવી મુંબઈ ૨ કિંમત રૂપિયા ત્રણ ઊંચી આવૃત્તિ અને રૂપિયા બે સાદી આવૃત્તિ (૩૩) **રવિવંદના**: સંપાદક: ગુજરાતી સંસદ શાંતિનિકેતન પ્રાપ્તિસ્થાન ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ. શિરનામું ૩૨ પ્રમાણે કિંમત અઢી રૂપિયા.

કોલક ફોટો એન્લાર્જીંગ એન્ડ પેન્ટીંગ કંપની

* ગમે તેવા નાના ફોટા પરથી કોઈ પણ સાઈઝનુ એન્લાર્જમેન્ટ કે પેન્ટીંગ બનાવ ભાવ કરતા કિફાયત કરી આપવામાં આવશે

ગમે તેટલા માણસોના ગ્રુપ ફોટામાથી એક ફોટો છૂટો પાડી ચોખ્ખુ એન્લાર્જમેન્ટ કે પેઈન્ટીંગ કરવામાં આવશે

* મુબઇમા વસનારાઓને અમૂલ્ય સગવડ એ આપવામા આવશે કે અમારો પ્રતિનિધિ એમને ત્યા જઇને મૂળ ફોટો લઇ જશે તેમજ ડીલીવરી ઘર બેઠા કરવામા આવશે

* બહારગામના ગ્રાહકો માત્ર ફોટો નિશાની કરી ટપાલથી મોકલી આપે પેન્ટીંગ કે એન્લાર્જમેન્ટ પાછુ પોસ્ટ પાર્સલથી ઘર બેઠા પહોચાડવામા આવશે

* સારામા સારુ કામ, ઉત્તમ સગવડ હોવા છતા બનાવ ભાવ કરતા અમારા ભાવો ઓછા છે તેની ખાત્રી કરવામા આવે છે

વિગતો માટે લખો —

કોલક ફોટો એન્લાર્જીંગ એન્ડ પેન્ટીંગ કં.

પાર્લે રોડ-વિલેપારલે.

ધરતી તેની—

ગુજરાત ૩૩૮

હો....ધરતી તેની, ધરતી તેની, ધરતી તેની
જેના શોણિતથી સીંચાતી ધરતી તેની.

કોણ હિન્દુ ને કોણ મુસલમિન્?
કોણ ધણી ને કોની રે જમીન?
કરી જેણે નિજ દેહની માટી
લખી લોહીથી આ જગ-પાટી—

હો....ધરતી તેની, ધરતી તેની, ધરતી તેની
ભરતાંની એ માટી થાતી, ધરતી તેની!

ક્યાં રે પાકિસ્તાન? ક્યાં રે હિંદુસ્તાન?
આજ રહ્યો ના ધરતીમાં પ્રાણ—
ખૂનરેજીથી માગતું ભાઈ,
એક કબ્રસ્તાન—બીજું મસાણ—

હો....ધરતી તેની, ધરતી તેની, ધરતી તેની—
ભરતાંની એ માટી થાતી, ધરતી તેની.

કોલક

ભોમકા

ભોમકા, ભમ્યાના કોડભર્યા હૈયે,
ભોમકા, હૈયાને છેહ કેમ દૈયે.

ભોમકા, બાંધી કાં બંદરે રાખી,
ભોમકા, જિવતરને જેતરામાં નાખી.

ભોમકા, મ્હાલવા દે મોજ ને મોલે,
ભોમકા, જાગી આ જિન્દગી ના થોલે

ભોમકા, આભે કટકદળ છાયા,
ભોમકા, તેડાં તુફાનના આયાં

ભોમકા, અંધારી રાતનાં આણાં,
ભોમકા, અંધારે અવનીનાં વ્હાણાં.

ભોમકા, તોડું ત્રિકાળના સીમાડા,
ભોમકા, ભેદું દિશાઓના વાડા.

ભોમકા, આઘે જે આભથી યે છેટે,
ભોમકા, અંધારાં અજવાળાં ભેટે.

ભોમકા, મારા અજપાના આરા,
ભોમકા, તારા અજંપાના આરા.

ભોમકા, આતમના કોડભર્યા હૈયે,
ભોમકા, હૈયાને છેહ કેમ દૈયે.

નન્દકુમાર પાઠક



આષાઢી રાત

સાજન! મારી આષાઢી રેન ખાલી જાય.
આવા તે વાયદા ન થાય–સાજન! મારી૦

આભે અંધારાં ભારે, ધીમી વારિની ધારે
આખું આંગણુ છલકાય–સાજન! મારી૦

ઘેરો મેહુલિયો ગાજે, લાડિલી વીજ લાજે
એની છાતીમાં છૂપાય–સાજન! મારી૦

વનમાં તો પાગલ પેલો તોફાને વા ચડેલો,
ડાળે ડાળે અટવાય–સાજન! મારી૦

વાવી ગયા જે ચમેલી, આજે ફૂલે નમેલી,
નેવાનાં નીર માંહી ન્હાય–સાજન! મારી૦

જોતી વાટું તમારી, સૂની લાગે પથારી,
આંસુડે ઓશીકાં ભીંજાય–સાજન! મારી૦

નાથાલાલ દવે

મને નયન દો !

હતો રખડુ ગામ, ખેતર, વને, રણે, ડુંગરે;
દીધો નજરદોર માત્ર થકી રોપી હ્યા ઉગરે:
અફાટ જળરાશિમયાં વનરાજી કેરી વટા
ફૂટે : તરલ સાન્ધ્યરંગ, મદમસ્ત રાત્રિછટા;
–કદીક ઘરમોળું અંગ ધરતી ધરે ન્હાઈને
દીધું નિમિષમાં ત્યજાવી કર ભીડવો ન્હાઈને.
તમે બની ગયા સ્વયં નિર્મળ પ્રતિક સૌન્દર્યનું
અને હૃદયના ઉદાત્ત રસસ્નેહ માધુર્યનું:
છતાં અકથ ભાવ લાખ વિલપે મૂંગું, ઝંખના
પરાજિત બની ઢળે વિફળ ભગ્ન સ્વપ્નાકણા.
સખી, પ્રકૃતિ છાંય શોભનમહીં મૂકીને વ્યથા
ધરું તમ પદે મૃદુ હૃદયની અબોલી કથા
પ્રિયે ! કર ધરો, ભરો કૃતિ અરૂપમાં ઘાટને,
મને નયન દોઃ વિરાટ નિરખું ધરાવાટને.

પ્રેમશંકર હ. ભટ્ટ

ચહું ભગવતી--

મને ન મળી હોત પદ્મયુગ પ્રેમથી પૂજતાં
સનાતન પ્રકાશની પરમ એક તારાકણી,
પ્રજ્વળતી પ્રમાદનાં પડળ સ્થૂલ, ઝાંખાં હણી
સુચેતવતી દૃષ્ટિદીપ બની ક્ષીણ જે બૂઝતાં;
ન હું શકત તો, તમિસ્રતણી માર્ગ મારે ઢળી
મહાજવનિકા અભેદ્ય વિંધી, વિશ્વ અંગાંગમાં
સમુલ્લસિત શાંત સૌમ્ય શિવ સર્વ સૌંદર્યનાં
પ્રસન્ન હૃદયે સ્વરૂપ નીરખી દૃગે પાંગળી.
દિસે સુભગ રૂપની ચમક પ્રાણ ને પંડમાં,
અનન્ત અવકાશમાં; પ્રકૃતિમાં થયે પાંગરે,
મનુષ્ય ઉરના તરંગિત અગાધ રત્નાકરે,
લસે અણુ મહાણુમાં સતત તેજ બ્રહ્માંડમાં.
કૃતાર્થ નયણાં ભરી નિરખી રૂપલીલા બધું,
ચહું ભગવતી ! રહે મતત ધ્યાન સૌન્દર્યનું.

અમીદાસ કાણકિયા

નાવિકનું ગીત

સાગરજલમાં સૂરજ ડૂબે, નભ નવરંગ છવાય;
શિશુક વિહંગણ કુંજલડીઓ હાર મહીં ઘર જાય.
હાર મહીં ઘર જાય છે કુંજે,
સન્ધ્યાની રોવે છે રુઝો;
ધરતી પર આકાશ ઝળુંબે.
સાગરજલમા સૂરજ ડૂબે, નભ નવરંગ છવાય!

સન્ધ્યાની ઓસરતી લાલપ, ઊતરતો અન્ધાર;
હૈયામા અકળામણ થાતી, દાબે અણુકથ ભાર.
દાબે અણુકથ ભાર અનામી,
આધી ગાઢ હૃદયમાં જામી;
નજર ચડે સઘળે ચે કાલપ.
સન્ધ્યાની ઓસરતી લાલપ, ઊતરતો અન્ધાર!

ગહનગભીરા જલથર વીંધી નાવ ઊછળતી જાય;
ઊંધી વળી, વળી સવળી થઈ, એ આગળ ધપતી જાય.
આગળ ધપતી જાય ધમારે,
ચાંદરણાં દ્યુતિ મદ પસારે;
ધ્રુવ આમે કાટાને વીંધી
ગહનગભીરા જલથર વીંધી નાવ ઊછળતી જાય!

મૃગજળ પેઠે બંદર મારું છો દૂર ખસતું જાય,
તરતી, ડૂબતી ને ફરી તરતી નાવડી બઢતી જાય;
નાવડી બઢતી જાણે જ નિત્યે
વિશેષતા શી હાર્યે-જીત્યે?
જીત થકી છે ઝૂઝવું પ્યારું:
મૃગજળ પેઠે બંદર મારું છો દૂર ખસતું જાય!

દેવજી રા. મોઢા

એચ. જી. વેલ્સ

સંપાદિત

વિશ્વવિખ્યાત બ્રિટિશ લેખક એચ. જી. વેલ્સનું ૭૯ વર્ષની વયે લંડનના તેમના નિવાસસ્થાને મધુપ્રમેહના રોગથી અવસાન થયું છે.

૧૮૬૬ના સપ્ટેમ્બરની ૨૧મીએ તેઓ જન્મ્યા હતા. ૧૮૭૯માં પોતે જ્યાં ભણતા હતા તે ઓમની એકેડેમી છોડીને ફ્રાપડિયાના ધંધામાં તે પડ્યા. તે પછી એ શિક્ષક થયા, ડ્રેમિસ્ટ થયા અને વળી પાછા ફ્રાપડિયા થયા. ૧૮૮૩માં એ વળી પાછા એક ડ્રામર સ્કૂલમાં શિક્ષક થયા ને ૧૮૮૯ સુધી એ વ્યવસાયમાં જ રહ્યા. પણ તે પછીનાં ત્રણ વર્ષોમાં એમણે વિજ્ઞાનનો અભ્યાસ કરી ઊંચે નંબરે પરીક્ષાઓ પાસ કરીને ડિગ્રીઓ મેળવવા માંડ્યા. લંડન યુનિવર્સિટીની બી. એસસી.ની ડીગ્રી મેળવ્યા પછી તેઓ જીવવિદ્યાના અધ્યાપક નીમાયા, જે પદે રહીને તેમણે ફાજલ સમયમાં લેખનકાર્ય કરવા માંડ્યું. સુપ્રસિદ્ધ સામયિકોમાં પ્રગટ થયેલા તેમના સમર્થ લેખોએ વાચકોનું ધ્યાન તેમની પ્રત્યે આકર્ષ્યું અને સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રની તેમની સુંદર અને યશસ્વી કારકીર્દિનાં ત્યાંથી પગરણ મંડાયા.

બુદ્ધિ અને શક્તિ તેમને અસાધારણ પ્રમાણમાં વરેલી હતી. પુસ્તકો ઉપર પુસ્તકો તેઓ આપ્યે જ ગયા અને તે પણ એક એકથી ચડિયાતાં 'ટાઇમ મશીન' એ તેમનું પહેલું પુસ્તક. વૈજ્ઞાનિક વિષયોમાંથી આકર્ષક વાર્તાઓ સરજવાનું કામ તે પછી થંભ્યું નહિ; જો કે વિજ્ઞાન વિષયકવાર્તાઓમાં 'ટાઇમ મશીન' સર્વોત્કૃષ્ટ ગણાય છે 'ધ ઇનવીઝીબલ મૅન', 'ધ ફર્સ્ટ મૅન ઇન ધ મૂન', 'ધ વૉર ઇન ધ એર' આદિ આ પ્રકારની કૃતિઓમાં વાર્તાગુણ અને વૈજ્ઞાનિક ઝીણવટ ઉપરાંત દૂરગામી બેદરકર દૃષ્ટિ પણ રહેલી હતી. વિજ્ઞાનનો અને જગતની ઘટનાઓનો જે વિકાસ થવાનો હતો તેની એમણે જે સ્પષ્ટ આગાહીઓ કરેલી તે ઓટલી બધી સાચી પડી છે કે એમને ખુશીથી ભવિષ્યવેત્તા કે દ્રષ્ટાને આસને સ્થાપી શકાય. એમની ક્રાન્તદર્શી કલ્પના 'ધ શેપ ઑફ થીંગ્ઝ ટુ કમ' નામના ગ્રંથમાં સવિશેષ પ્રવૃત્ત થઈ હતી પરંતુ જેમ એમની દૃષ્ટિ ભવિષ્યમાં ઊંડી ખૂંપી શકતી હતી, તેમ ભૂતકાળમાં આઘે સુધી જતી હતી. 'ધ આઉટલાઇન ઑફ ધ વર્લ્ડ હિસ્ટરી' એ સુપ્રસિદ્ધ ઇતિહાસગ્રંથ એ દૃષ્ટિનું જ ફળ છે. એચ. જી. ને માટે એ ગ્રંથ સોનાની ખાણ નીવડ્યો. બાઇબલની નકલોનું વેચાણ વધારેમાં વધારે થાય છે એમ કહેવાય છે. પણ આ પુસ્તકે બાઇબલની એ કીર્તિને ઝાંખી પાડી દીધી. એક જ વર્ષમાં એની પાંચ લાખ નકલો ખપી ગઈ હતી. આમ એચ. જી. એ ઇતિહાસ અને વિજ્ઞાનને લોકપ્રિય બનાવવામાં યશસ્વી કાળો આપ્યો છે.

ભાવનાએ કરીને એચ. જી. વેલ્સ શાંતિ અને જગતકલ્યાણના ચાહક હોઈને સમાજવાદી વિચારો ધરાવતા હતા. ફેબીઅન સોસાયટીમાં પણ તેઓ જોડાયેલા, પણ કે પાછળથી મતભેદોને કારણે છૂટા થયેલા. પણ 'વર્ક, વેલ્થ ઍન્ડ હૅપીનેસ ઑફ મૅનકાઇન્ડ' એ ૧૯૩૨માં પ્રસિદ્ધ થયેલું ને 'ધ શેપ ઑફ થીંગ્ઝ ટુ કમ'નું પુરોગામી પુસ્તક એ ભાવનાની જ નીપજ છે. છેક ૧૯૦૫માં પ્રસિદ્ધ થયેલું 'ધ મૉડર્ન યુટોપીઆ' અને તેની પછીનું 'ફર્સ્ટ ઍંડ લાસ્ટ થીંગ્ઝ' સુધી એ જ ભાવનાને દોરે દોરે પાછા જઈ શકાય તેમ છે.

સામાજિક નવલકથાઓ અને નવલિકાઓ પણ વેલ્સે સારા પ્રમાણમાં લખી છે અને તેમાં સમકાલીન પ્રશ્નોને પણ વણી લીધા છે. 'કિપ્સ', 'ઍન વેરોનિકા' 'લવ ઍંડ મિ. લુઇશેમ' 'હિસ્ટરી ઑફ મિસ્ટર પૉલી' આદિ નવલકથાઓમાં એણે અનેક પ્રશ્ન વણી લીધો છે.

વેલ્સ બે વાર પરણેલા. પહેલી વાર એ પોતાની જ એક પિતરાણ ઇસાબેલ ગેરી વેલ્સ સાથે જ્યારે એ

પોતે લંડનમાં વિદ્યાભ્યાસ કરતા હતા ત્યારે પરણેલા. એ પ્રથમ લગ્નનાં અને શિક્ષક-વિદ્યાર્થી કાળનાં સ્મરણો એમની થોડેક અંશે આત્મકથારૂપ એવી 'લવ એંડ મિ લુઇશૅમ'માં અંકિત થયેલાં છે. એ પ્રથમ પત્ની સાથે પાછળથી છૂટાછેડા લઈને એમણે એમની કેથેરીન રૉબિન્સ, જે પોતે જીવવિદ્યાના અધ્યાપક હતાં ત્યારે તેમની વિદ્યાર્થિની હતી, તેની સાથે લગ્ન કરેલું. ૧૯૨૭માં એ બીજી પત્ની પણ મરી ગઇ. એનાથી એમને બે પુત્રો થયા છે તેમાંના એક જી.-પી. વેલ્સના સહકારમા એચ. જી એ 'ધ સાયન્સ ઑફ લાઈફ' નામનું પુસ્તક લખ્યું હતું.

જેમ જેમ ઉંમર થતી ગઈ તેમ તેમ વેલ્સનો લખવાનો છંદ ઘટવાને બદલે વધ્યો હતો. 'એકસપેરિમેંટ ઇન ઑટોબાયોગ્રાફી' અને 'ઍનેટોમી ઑફ ફ્રસ્ટ્રેશન' અનુક્રમે ૧૯૩૪ અને ૧૯૩૫નાં સર્જનો છે.

આ વિપુલ અને વિવિધ સાહિત્યપ્રવૃત્તિએ વેલ્સને જગતભરમાં પ્રસિદ્ધ કરી મૂકેલા, એટલું જ નહિ, રડયાર્ડ કિપ્લિંગ, બર્નાર્ડ શૉ અને એચ. જી. વેલ્સ અંગ્રેજી સાહિત્યના ત્રણ માંધાતાઓ ગણાતા. પણ એ ત્રણેમાં ય વેલ્સની જ્ઞાનસમૃદ્ધિ સૌથી અદકી હતી.

કલ્પના અટલી બધી સમૃદ્ધ ને વ્યાપક હોવા છતા હિંદ ઉપર વેલ્સને મહેર અવકૃપા જેવુ હતુ એમ લાગે છે. હિંદ વિશેના એમના વિચારો રદિ ચ્યુસ્તોને મળતા આવતા હતા. પ. નહેરૂ અને એમની વચ્ચે ૧૯૪૨ની લડત પહેલાં થયેલી ટપાટપી બાગ્યે જ કોઇ વિસર્યું હશે

પહેલા જગતયુદ્ધથી ક્ષુબ્ધ થયેલી એમની કલ્પનાએ જગદૈક્યની મંગલ ભાવનાની તેમને લ્હાણ કરી. પરંતુ બીજા યુધ્ધે અને અણુશક્તિની શોધે તેમની આશા ભાંગી નાખી હોય એમ લાગે છે, કેમકે છેવટછેવટમાં એમણે લખેલા લેખોમાં મનુષ્ય જાતિના વિનાશની આગાહીઓ એમણે કરી છે. એ આગાહીઓ સાચી પાડવી ના પાડવી તે મનુષ્ય-સમાજના હાથની વાત છે તથપિ જગત ઉપર વેલ્સનું જે ઋણ છે તે કશાથી ઓછું થાય એમ નથી.

'પ્રજાબંધુ'

ગુજરાતી સાહિત્ય પરિષદ
સોળમું અધિવેશન
રાજકોટ

ગૂજરાત સાહિત્ય પરિષદે શ્રી. રાજકોટ સાહિત્ય સભાના આમંત્રણનો સ્વીકાર કર્યો હોવાથી, સોળમું ગૂજરાતી સાહિત્ય પરિષદ સમ્મેલન શુક્ર, શનિ અને રવિવાર તારીખ ૧૮, ૧૯, અને ૨૦મી ઓકટોબરે રાજકોટમાં શ્રી ધર્મેન્દ્રસિંહજી કોલેજમા ભરવાનું નક્કી કર્યું છે. તે પ્રસંગે સર્વ સાહિત્યરસિકોને પધારવા સહૃદય વિનંતિ છે.

સમ્મેલનની સાથે કળાપ્રદર્શન યોજવાની ગોઠવણ કરવામાં આવી છે. સાહિત્ય પરિષદ સમ્મેલનના આ અધિવેશનમાં (૧) સાહિત્ય (૨) ઇતિહાસ અને અર્થશાસ્ત્ર અને (૩) વિજ્ઞાન એમ ત્રણ મુખ્ય વિભાગો રાખવાનું વિચારવામાં આવ્યું છે કળા પ્રદર્શન યોજવાનું નક્કી કર્યું હોવાથી કળા વિભાગ જુદો રાખવાની જરૂર જણાઈ નથી.

સર્વ સાહિત્યકારોને લક્ષિત, લક્ષિનેતર, અને બાળસાહિત્ય વિષયક નિબંધો તા. ૧લી ઓકટોબર સુધીમા "મંત્રીઓ, સોળમું ગૂજરાતી સાહિત્ય પરિષદ સમ્મેલન, ધર્મેન્દ્રસિંહજી કોલેજ, પો બો. ન. ૫૪, રાજકોટ" એ સિરનામે મોકલી આપવા આગ્રહભરી વિનંતિ છે સમય ટૂંકો હોવા છતાં સાહિત્યકારો તરફથી આ વિનંતિનો સારો પ્રત્યુત્તર મળશે એવી આશા છે.

રાજકોટ
તા. ૨-૮-૪૬

કલ્યાણરાય જોષી
ત્રિભુવન વ્યાસ
હસમુખલાલ કાજી
દુર્ગેન્દ્ર પડયા
બળદેવ મહેતા
સામાન્ય મંત્રીઓ.

કવિ કથાઓ

ભૂપરાજ અંજરિયા

કવિની પ્રથમ રાત્રિ

"શોભના સાથેની પહેલી જ રાતે હીરો સાડેબને નિર્વેદ પાઈ દીધો. દરબાર વાજસુરવાળાને કલાપીએ કહ્યું: "વાજસુરભાઈ, મેં જેને દિલ ધારેલ તે તો તદ્દન પાયેવ નીકળ્યુ. ખેલ ખતમ થઈ ગયો."

કલાપીએ એ પ્રથમ રાત્રિની વિફલતાને પછી તુરત જ આ કાવ્યમાં ગાન :

સાકી! જે શરાબ મને દીધો
દિલદારને દીધો નહિ;
સાકી! જે નશો મુજને ચડયો,
દિલદારને ચડયો નહિ.

શી દિવ્યતા! શી વિફલતા! શી પાર્થિવતા! એ પ્રશ્નનો વધુ વિગતવાર જવાબ દરબારથીની પાસેથી મળતો નથી. કહે છે કે, ગોપીચંદ-જલંધર, જેસલ-તોરલ વિગેરે સંવાદોના સર્જનમાં એ પછી ઊતરી ગયેલ કલાપી જો જીવ્યા હોત તો ભજનરચનામાં જ એમની કવિતા પરિપાક પામત."

—ઊર્મિ

હનીમૂન એટલે?

હનીમૂન, મધુરજની, એટલે દંપતીના કૌતુકનનો અંત એમ કોઈ અજ્ઞાત ફિલસૂફે કહ્યું હતું તે આ પરથી સાચું લાગે છે.

હું શા માટે જીવતો છું?

"નાઈન્ટીએથ સેંચરી" (ઓગણીસમી સદી) પત્રના તંત્રી સર જેમ્સ નોવેલ પર એક ઊગતા કવિએ "હું શા માટે જીવતો છું?" નામે કાવ્ય પ્રગટ કરવા માટે મોકલી આપ્યું.

"તમે એટલા માટે જીવતા છો કે જાતે સલામત અંતરે રહી ટપાલદ્વારા કાવ્ય મોકલી આપ્યું!" કાવ્ય વાંચ્યા બાદ મી. નોવેલે જવાબ લખી મોકલ્યો.

કવિનો બહુમાન

રવ મણિશંકર રતનજી ભટ્ટ, કવિ કાન્ત, ને ત્યાં એક વાર પરગામથી એમના એક જૂના મિત્ર શિવાભાઇ પટેલ મહેમાન થઇને આવ્યા.

મણિભાઇ કવિનું અતિથીસત્કાર કરવામાં ખૂબ ઉદાર હતા. એ વખતે કેરીની મોસમ ચાલતી હતી, અને પોતાને ત્યાં બાગ મુંબઇથી આવેલી આફુસ કેરીઓ એમણે શિવાભાઇને આગ્રહ કરી કરીને ખવડાવી; એ પછી મણિભાઇએ પૂછ્યું: "કેમ શિવાભાઈ, આ કેરી કેવી લાગી? ખાસ રત્નાગીરીની આફુસ હતી, હોં!"

"એમ કે? ત્યારે હજુ એક બે આપો." શિવાભાઇએ કહ્યું, "મેં તો અત્યાર સુધી એને પાયરી સમજીને જ બાધા કરેલી. હાફુસનો સ્વાદ કેવો છે તે તો હવે જાણવું પડશે!" —ચિત્રપટ.

Another Man's Poison

I NOTICE that Tennyson
Gives his benison
To "acclaims"
As a rhyme for "Thames,"
And even Keats
Cheats
With "higher"
And "Thalia."
To me such licence seems ignominious,
But I am a literary hack, not a genius.

હું જોતી મૂઓ છું ના!

સાહિત્ય પરિષદમાં ચાલતી મુન્શીની એકહથ્થુ સત્તા અને જોહાકી સામે તેત્રીસ સાહિત્યકારોની સહીથી પાલાંમાં એક વિરોધ સભા કેટલાક વર્ષ પહેલાં બોલાવવામાં આવી હતી. તેમાં પરિષદ કબ

તિથીએ રથપાઇ, પહેલું અધિવેશન ક્યારે કોના પ્રમુખપદે ભરાયું એ બધી વિગતો શ્રી ઉમાશંકર જોષીએ તિથીવાર આપવા માંડી ત્યારે શ્રી મેઘાણીએ ટકોર કરી :—

"તિથીઓ ઠીક યાદ કરી રાખી છે, ભાઈ."

"જોષી મૂઓ છું ના." ઉમાશંકરે હાજરજવાબ આપ્યો, "એટલે રાખવી પડે."

જોશી થઈને ય ગઇ તિથી વાંચો છો, ઉમાશંકર?

કવિનું ભાષણ

કલકત્તાના 'સાધારણ બ્રહ્મસમાજ'માં એક વાર કવિવર રવીન્દ્રનાથનું ભાષણ ગોઠવાયું હતું સભા-ગૃહમાં લોકોની પ્રચંડ મેદની જામી હતી. ગરમી સખત હતી. અંદરના સભાજનો બહાર નીકળવા અને બહારના સભાજનો અંદર જવા ધક્કામુક્કી અને ગરબડાટ કરી રહ્યા હતા. આથી સભાનું કામ મુશ્કેલ બની ગયું.

આવી ગીરદીમાંથી જેમતેમ માર્ગ કરી મુશીબતે મંચ સુધી તો પહોંચ્યા. ભાષણ કરવા ઊભા થયા અને ફક્ત બે મિનિટ નીચેનું ભાષણ કરી ચાલ્યા ગયા.

"જે લોકોએ આ સભામાં ન આવવું જોઇએ એવાઓ જ અહીં આવ્યા છે, ને જેમણે આવવું જોઇએ તેઓ અહીં દેખાતા જ નથી."

નર્મદની શેરી

"ચાલો, મુંબઇની ચોપાટીમાં હું તમને લઇ જાઉં. હા, આમ આવો. અહીં નર્મદ રહેતો હતો આજે તમે જોને વીર નર્મદ કહો છો એ આ ઘરની અંદર વસતો હતો. ગોળાગામાં નર્મદને કામગીરી મળી હતી એ કહેતો : "હું ય ધામ ખાઉં છું" એના પડોસમાં જ પ્રેમચંદ રાયચંદ રહેતા હતા. નર્મદનું પોટલું એક દિવસ ગુમ થયું. એ પોટલામાં નર્મદની લખેલી કવિતાનાં કાગળીઆં હતાં. એમાં હતું એ કાવ્ય, "યા હોમ કરીને પડો ફતેહ છે આગે"

"આ ઉત્તેજનથી, આ કવિતાથી પ્રેમચંદ રાયચંદને એટલું બળ મળ્યું હતું કે એમને એ લખનારની મુલાકાત લેવી હતી, અને જ્યારે તેમને ખબર પડી કે એમનાથી ત્રીજા જ ઘરમાં એ કવિ રહેતા હતા, ત્યારે એમનું દિલ થનગની ઊઠ્યું. ને જ્યારે તેઓ નર્મદને મળ્યા ત્યારે નર્મદ છેલ્લા શ્વાસ લઇ રહ્યો હતો. નર્મદની પૂરી ઓળખ એ લત્તામાં આપ એ પહેલાં તો એનું અવસાન થયું. અને આજ ગંપાગલીમાંથી, આજ કાલબાદેવીમાંથી નર્મદને સ્મશાને લઇ જવામાં આવ્યો."

"આંહી આવો, આ જ એ મકાન, પણ કેટલા ગૂજરાતીઓને આ ઇતિહાસની ખબર છે? હા, એક દિવસ અહીં, આ રસ્તા પર નર્મદ ચાલતો હતો..."

—નવી રોશની



કવિવર દયારામ.

(ગતાંકથી ચાલુ)

મૂળજીભાઈ પી. શાહ

અક્ષયપાત્રરૂપમાં દયારામના કાવ્યસરોવરે ગુજરાત અને ગુજરાતણોને આત્માનાં અમૃત પાયાં છે ને પાય છે.

કવિ ન્હાનાલાલે દયારામની ગરબીઓની મુક્ત કંઠે પ્રશંસા કરતાં કહ્યું છે:

'ગુજરી કુંજને ભરી ગંગાનો છેડણહારો તો દયારામ જ. દયારામની છે અજબ મધુરવની ફરફર. એનાં જ છે ગુજરાતનાં સાચ્ચાં ને સર્વોપરી Lyrics.

'જગતભરના સાહિત્યમાં-જગતભરના સંસારમાં જગતના Lyricsમાં ગુજરાતી ગરબીઓનું-ગુજરાતણના રાસનું સ્થાન અદ્‌ભુત છે; ને એ ગરબીઓના સમ્રાટ ગુજરાતણના હૃદયરાજવી દયારામનું સ્થાન સદા અદ્‌ભુત જ છે.'

ગોપાનો અવતાર ગણાતા દયારામની કવિતામાં ગોપીનું જ હૃદય જાણે ન ચિરાયું હોય એમ લાગે છે. વ્રજની કોઈ ગોપી નર્મદાતટનો વિહાર કરવા માટે જ જાણે ન આવી હોય અને એના આગમનમાં 'કૃષ્ણચંદ્રના કૌમુદી ઉજવળા' ગુજરાત પ્રત્યેનું મમત્વ પણ ખાસ કારણભૂત હોય એમ જરૂર માની શકીએ. ગુજરાતની કુંજોને પોતાનાં કાવ્યકુસુમોની છલકંતી રસછોળો ધરી એણે મઘમઘ મ્હેકાવી છે એ ફૂલોની સુવાસ ઘડી બેઘડીની નથી-દીર્ઘકાળની છે-ચિરંજીવ છે.

એકલી ગુજરાતની જ કુંજો શા માટે? એણે તો પોતાની મ્હેકંતી કાવ્યછોળો સર્વ દિગ્‌ભરમાં પરિસંમણ કર્યું હતું. એ કવિ ગુજરાત માત્રનો નથી-દિગ્‌ભરનો છે. એની કાવ્યભાવના સર્વવ્યાપી છે. એની હિલસુરી આત્મના ઝાકાણુમાંથી ઉદ્‌ભવેની કોઈ બીજાનાં હૃદયને સ્પર્શ કરતાં જ ભાગૃત કરે એવી છે.

કવિના ગરબીઓ સરળ, સભર, મોહક, માર્દવભરી અને સંગીતપૂર્ણ છે. એમાં માનવજીવનના પ્રસંગોનું બારીકાઈથી કરેલું નિરીક્ષણ જણાઈ આવે છે.

વાણીના એ જાદુગરે પોતાની સુરેખ રચનાઓ દ્વારા ગરબીઓનો જે અણમૂલો વારસો ગુજરાતણોને આપ્યો છે તે આજ એકે સૈકાથી ગુજરાતણોની હૃદય-મિલકત બની ગઈ છે.

રાસેશ્વર પ્રભુનો નિષ્કામ પ્રેમ, ગોપીભાવે રહેવાની તમન્ના એ બધું એ વૈષ્ણવ સુકવિએ ગાયેલી ગરબીઓમાં સ્પષ્ટ જોઈ શકાય છે.

કવિની ગરબીઓનું બીજું મોહકતત્વ સુરમ્ય પદલાલિત્ય અને હૃદયસ્પર્શી અલંકારો દ્વારા છે. ભાવને અનુરૂપ શબ્દોનું સંયોજન કરવાની એની કલાનાં સુભગદર્શન એની ગરબીઓમાં આપણને થાય છે. યોગ્ય સ્થળે મૂકાયેલા યોગ્ય શબ્દો એની કવિતાને દીપાવે છે. એની ગરબીઓ સમાજના નીચલા થર સુધી પહોંચી ગઈ છે અને અનેક સ્ત્રીઓના કંઠનો રાજગાર બની ગઈ છે. વૈષ્ણવ મંદિરોમાં ને ભજનમંડળીઓમાં તથા આપણી કુટુંબકુંજોમાં એને ગુંજારવ સદા થયા જ કરે છે.

રાધા અને એની સાહેલી ગરબે રમવાને નીકળી છે. એનું સુંદર વર્ણન કવિએ કર્યું છે:

'ગરબો ગાવાને ગોરી નીકળી રે લોલ;
રાધિકા રંગીલી અભિરામ:
વ્રજવામણી રે લોલ,
તાળી લેતાં વાગે ઝાંઝર ઝૂમખાં રે લોલ.'

*તા. ૧૬-૬ ના રોજ સુરતના 'ગુજરાતી સાહિત્યમંડળ'ના આશ્રય નીચે પ્રો. મોદનલાલ દવેના પ્રમુખપણા નીચે આપેલું ભાષણ.

'રાસસંમિલન'નું રંગચિત્ર દોરતો એનો એક રાસ મનોહર છે:

'હાં રે! વૃંદાવનમાં ઘનકકાર થેઈ થેઈ,
હાં રે! મધુવનમાં ઘનકકાર થેઈ થેઈ;
રાધાકૃષ્ણ રમે રાસઃ ગોપી લહિ લહિ લહિ રે!
બીજું નહિ નહિ નહિ રે!'

'પ્રેમપરીક્ષા'માં તો સમર્પણભાવ, તન્મયતા અને હૃદયપ્રેમ જોવાસરખો છે. જ્ઞાન શીખવવા આવેલા ઉદ્ધવજીને ગોપીઓ પ્રેમની ફિલસુફી સમજાવે છે:

'ઓધવજી! છે અળગી રે! વાત એક પ્રેમ તણી,
કોઇ અનુભવી જાણે રે! કહેતા ન આવે ધણી
પ્રસૂતાની પીડા રે, વંધ્યા તે શું જાણે!
જાણ્યું તે કેમ આવે રે? માણ્યાને પરમાણે.

* * *

તમારા હરિ સઘળે રે, અમારા તો એક રથળે,
તમો રીઝો ચાંદરણે રે, અમો રીઝું ચંદ્ર મળે.

પ્રણયની ફિલસુફીભરી આ ગરબી ખૂબ સમજવા જેવી છે.

એણે ગોપીહૃદયની વિરહવેદના ગાઈ છે:

'પ્રેમની પીડા તે કોને કહીએ રે?
હો મધુકર! પ્રેમની પીડા તે કોને કહીએ?
થતાં ન જાણી પ્રીત, જાતા પ્રાણ જાયે;
હાયકીધાં તે વાગ્યાં હૈયેઃ હો મધુકર!
ધીકીયે ઢાકયા રાત દિવસ અંતરમાં;
ભૂખનિદ્રામાં નવ લહિયે હો મધુકર!'

દયારામની ગરબીઓ અતિ શૃંગારી છે એમ ગણી કેટલાક એની ઉપેક્ષા કરે છે, પણ દયારામે ગાયેલો શૃંગાર લૌકિક નથી, અલૌકિક હોઇ એની કવિતાનું મુખ્ય લક્ષણ પ્રેમભક્તિ છે. પ્રેમભક્તિમાં તન્મય બનેલું એનું હૃદય વાણીદ્વારા ઊર્ધ્વગામી ભાવનાનાં ઉચ્ચારણ કરે છે. એ પ્રેમની પરમ મૂર્તિએ ગાયું છે:

'જે કોઇ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે,
'સિંહણ કેરું દૂધ હોય તે સિંહણ સુતને ઝરે;
કનકપાત્ર પાખે સૌ ધાતુ કોડીને નીસરે.'

એ રીતે એના શૃંગાર રસને પૂર્ણ રીતે સમજવા સરખો છે. શુદ્ધ કુંદનપાત્ર સમા પવિત્ર હૃદયો જ એના કાવ્યરસને પચાવી શકે.

શૃંગારરસની એક ગરબી છે:

'રાતલડી કોની સંગે રે જાગ્યા!
ધાયલ છોજી! નેણવાણ કોનાં વાગ્યાં?'
અને ગોપીહૃદય પ્રભુને કહે છે:
'મુજને અડશો મા, રે મુજને અડશો મા!
આધા, રહો અવળેના! છેલા! અડશો મા!
અંકભર્યાના સમ ખાવો તો, અધર તણો રસ પાઉં;
કહાનકુંવર કાળા છો અડતાં, હું કાળી થઇ જાઉં.'

અને કવિ રસેશ-કૃષ્ણ પાસે ગોપીને ચતુરાઇ-યુક્ત જવાબ અપાવે છે. તીવ્ર શૃંગારરસને એક નમૂનો કહી શકાય.

'તું મુજ અડતાં શ્યામ થશે તો, હું કમ નહિ થાઉ ગોરા;
ફરી મળતાં અદલબદલી, મુજ મોરા, તુજ તોરા.'

ત્યારે ગોપી જવાબ આપે છે કે કાળા થવાનું કષ્ટ નથી પણ આ નાની ઉંમરમાં લાંછન લાગશે તો બીજે વર કેમ વરશે? ત્યારે કૃષ્ણ કહે છે કે અન્યાશ્રમનું શું કામ છે? **परधर्मो भयावहः** એ ઉક્તિ જ આપણ એ સ્મરણ કરાવે છે.

દયારામની ગરબીઓમાં ઊંચી ને મૌલિક છતાં હૃદયંગમ ઘણી કલ્પનાઓ જોઇ શકાય છે. ગોપી ને છેલછબીલા છોગાળા બંસીવાળા કાનજીનાં કામણ અજબ છે.

'કાનુડો કામણગારો, રે સાહેલી! આ તો કાનુડો રંગ ભર્યો ને રૂપાળો,
આ શું આંખડલીનો ચાળો; રે સાહેલી! આ તો કાનુડો રંગે રાતો મદમાતો,
વાંસલડીમાં ગીત ગાતો
નેણ શું કરે છે વાતો, રે સાહેલી! આ તો કાનુડો

અને પછી એવા અવળેલા જાદુગરને સંબોધીને કહે છે:

અખિલાનંદ દાયક આલમેલો છેલો, તું તેને
સુખદેણી રે લોલ.
પ્રકૃતિકુમારી પ્રભુવાન કુલારી પ્યારી,
શેષમહેશની માતા રે લોલ;
તેં ગિરધર તારા ચરણ સેવે છે, જેનાં સેવે
ચરણ શિવ ધાતા રે લોલ.
શ્રી મહાલક્ષ્મી અંશ વિભૂતિ, જગસુંદરી
શિવાદિક નારી રે લોલ;
કહાં લગી વરણું રૂપ રાધા રૂપળી, તે કમળા
તે કળા તારી રે લોલ'

વેદ સરિખા જેનો ભેદ નથી જાણતા, મોટા મુનિઓ જેની ચરણરજ લે છે એવા શ્રીકૃષ્ણે જેને હૈયાનો હાર માની છે એવી રાધિકાનું રૂપ વર્ણવતા કવિએ કમાલ કરી છે.

એની રૂપના ગર્વથી છલકાઈ ગયેલી રૂપગર્વિતા રાધા-કૃષ્ણને મોહ પમાડી પોતાની પાછળ પાછળ ફેરવે છે અને કહે છે.

'હું શું જાણું જોઈ હાવે મુજમાં શુ દીઠું?
વારે વારે સામું ભાળે, મુખ લાગે મીઠું.
હું જાઉ જળ જમના ત્યાં પુઠે પુઠે આવે;
વગર બોલાવે બ્હાલો બેઠલું ચડાવે.'

એની સાથે રાધિકા ઝગડે છે, તરછોડે છે છતા પણ એ રીસાતો નથી.

'દૂર થકી દેખી બ્હાલો દોડયો આવી દોટે;
પોતાની માળા કાઢી પહેરાવે મારી કોટે.'

કૃષ્ણની પાઠળ ઘેલી થયેલી વહુને સાસુજી શિખામણ દે છેઃ

'શીખ સાસુજી દે છે રે, વહુજી રહો ઢગે;
આવડો શો આસગો રે, શામળિયાની સંગે?'

વહુ પણ સાસુથી ઉતરે એવી નથી. પોતાનાં 'ગંગાજળ સરખાં વિશુદ્ધ' (!) સાસુને કહે છે કે કમળો હોય તે પીળું જ જુએ. કારણ કે પ્રભુ પ્રત્યેની પોતાની સાચી ભાવના સાસુના વહેમી હૈયામાં શંકાઓ જગાવતી હતી. એ એની સાસુને જવાબ આપે છેઃ

'કહો છો એવાં હોશો રે, ત્યારે એમ સૂઝે છે;
દોષ પ્રભુમાં શો દીઠો રે? જેને જગ પૂજે છે.'

સ્ત્રીહૃદયના ભાવો દર્દો, વ્યવહારિકપણે કવિએ સરસ રીતે રજૂ કરી જાણ્યું છે.

કવિનો પ્રભુ પ્રત્યેનો પ્રેમ અલૌકિક હતો પોતાના જીવનને સાર્થક કરવા માટે કવિ પ્રભુ પાસે માગી માગીને પ્રેમરસની જ માગણી કરે છે. એને બીજી કશાની જરૂર નથી, — તમા નથી. મુક્તિ પણ વાંછતા નથી.

'પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈ જાંચુ રે;
મુક્તમાગીને આપજો જ્ઞાન રે, હું તો નવ રાચું રે.–
રીઝે રાજરી થકી ગરીબ લોક રે, ભોગી નવ ભોગે રે,
અમો રાજના ખાસા ખવાસ, મુક્તિ મનના આવો રે,–
નિત્ય નીરખીએ નટવર રૂપ રે, હોસ હૈયામાંથી રે;
મન માન્યુ મળે સહુ સુખ રે, તે એકતામાં કયાંથી રે.–
દિવ્ય રૂપ છો સદા સાકાર રે, આનંદના રાશિ રે;
ભોલે અનુચિત માનિક મુગ્ધ રે, તે નરકનિવાસી રે.'–

ગોપીને વ્રજભૂમિ જ વ્હાલી લાગે છે. એને વૈકુંઠમાં જવાની ઈચ્છા નથી :

'વ્રજ વહાલું રે! વૈકુંઠ નહિ આવું;
ત્યાં નંદકુંવર કયાંથી લાવું રે? વ્રજ૦
ત્યાં શ્રી વૃંદાવન રાસ નહિ,
વ્રજ વનિતા સંગ વિલાસ નહિ;
વિષ્ણુ વેણુ વાયાનો અભ્યાસ નહિ વ્રજ૦
સુખ સ્વર્ગનું કૃષ્ણ વિના કડવું,
મને ન ગમે બ્રહ્મસદન અડવું;
ધિક સુખ જોને પામી પાછું પડવું. વ્રજ૦

આ રીતે પ્રેમભક્તિના પૂજારી દયારામનું રટણ ગરબીઓના પ્રદેશમા અનેક રીતે અજોડ છે. એની કલ્પના ચમનગતી હૃદયની ઋજુતાભરી ગરબીઓ મોહક લાગે છે. ગુજરાતી નારીજીવનમાંના માધુર્ય, રસિકતા ને કોમળતા દયારામની ગરબીઓમાં સભર ભર્યા છે. ભણેલી કે અભણ કોઈ પણ ગુજરાતણ

દયારામની ગરબીથી ભાગ્યે જ અજાણી હશે. એની લોકપ્રિયતાનો એથી બીજો કયો પુરાવો જોઇએ ? **रसो वै सः** નાં રસદર્શન એટલે જ દયારામની પ્રેમ-રંગી કવિતા. કારણ કે એની કવિતાનો આત્મા પરમ પ્રેમ છે. એ પ્રેમ જુવાનીના ક્ષણિક ઉભરાયાળો પ્રેમ કે ઉન્માદ નથી; પણ મનુષ્યોને સાચી માનવતા શીખવે, માનવમાંથી દેવ સર્જે એવો નિર્મળ, શાશ્વત અને પ્રભુતામય છે.

સ્ત્રીહૃદયની કમનીય ભાષા ભણીને જ જાણે કવિ ન જન્મ્યા હોય એમ એમની નૈસર્ગિક કાવ્ય રચનાઓ સાક્ષી પૂરે છે.

'સ્નેહ-શાસ્ત્રમાં એક વ્રજની સ્ત્રી મુજાણ જો !
મોટા પંડિતને પણ એ વાત છે અજાણ જો !'

એના જમાનામાં પ્રચારનાં સાધનો અલ્પ હતાં. મુદ્રિત સ્વરૂપે પુસ્તકો છપાવી પ્રસિદ્ધ થાય એ સ્થિતિનો સંભવ જ કયાં હતો ? રેડિયોનું તો સ્વપ્નું યે ન હતું. આવી પરિસ્થિતિમાં કવિની કવિતા ગુજરાત ભરમાં અને એથી દૂર દૂર હિંદભરમાં ઘૂમી વળી છે એ શું બતાવે છે ?

ગુજરાતની રસઘેલી ગુજરાતણોએ એની કવિતા બરણીની મધુરપ પીધી છે ને હજુ પીએ છે.

પ્રેમભક્તિનો અખંડ દીપ નિરંતર જેના હૈયામાં પ્રગટયો હતો તે કવિ અંત સમયે પોતાને ન છોડી દેવા પ્રભુને વિનંતિ કરે છે. અહીં એની દીનતાનાં દર્શન થાય છે:

'મારે અંતસમય અલબેલા, મુજને મૂકશો મા !
માહરા મદનમોહનજી છેલા, અવસર ચૂકશો મા !'

અને એને સંપૂર્ણ શ્રદ્ધા છે કે પ્રભુ એને નહિ જ છોડે. પોતાનો વ્હાલમો કયાં વસ્યો છે તે એ જાણે છે:

'નિશ્ચેના મહેલમાં વસે મારો વલગો રે !
સતસંગ દેશમાં ભક્તિનગર છે,
પ્રેમની પોળ પૂછી જાજે રે !
પ્રેમે તાવ પોળીઓને મળી મહોલે પેસજો રે,
સેવા સીડી ચડી જોળા થાજે રે !'

૧૯૪૫ ના

—પ્રગતિ સૂચક આંકડાઓ—

ચાલુ કામકાજ રૂા. ૨ા કરોડથી વધુ

કુલ આવક રૂા. ૧૩ લાખથી વધુ

લાઈફ ફંડ રૂા. ૩૭ લાખથી વધુ

ઉદાર શરતોથી લાગવગવાળા
ગૃહસ્થોને એજન્સી આપવામાં
:: આવે છે ::

—બોનસ—

દર હજાર રૂપીઆના
વીમા ઉપર દર વર્ષે
રૂા. ૭-૮ નું ઈન્ટરીમ
બોનસ

ધી બોમ્બે કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ
સોસાયટી લી.
સર ફીરોજશાહ મહેતા રોડ, મુંબઈ.

અને એના કહેવા પ્રમાણે

ધન્ય ભાગ્ય તેનું ત્રિભોવનમા,
જેને હરિના સગીનો સંગ છે,

મરેખ૰ દયારામ પરમ વૈષ્ણવ હતો પ્રેમનો પરિવ્રાજક હતો. અમરપંથનો યાત્રાળુ હતો પ્રેમ-ભક્તિની બસીનો બજવૈયો હતો સાચુ જીવન જીવી જાણનાર, એ મહાન ગુજરાતી હતો આપણા કાવ્ય-નભોમંડળનો ચંદ્ર હતો—જ્યોતિર્ધર હતો એની કવિતાના શીળા તેજ આજ અનેકના હૈયાને અજવાળી રહ્યા છે.

આવા મહાન ભક્તકવિની જયંતી ઉજવી સુરતની સાહિત્યરસિક જનતાએ એના પ્રત્યેનો પોતાનો સદ્‌ભાવ દર્શાવ્યો છે જે પ્રશંસાપાત્ર છે, આ રીતે પ્રતિવર્ષે સુરત આ ભક્તકવિની જયંતી ઉજવવાની પ્રથા ચાલુ રાખે એ ઇચ્છવાજોગ છે

આવા એક પરમ વૈષ્ણવ સુકવિ ભક્ત દયારામ ભાઇને હું પણ અંતરની અંજલિ આપી મારુ વ્યાખ્યાન પૂરું કરું છું

અજર અમર તુજ નામ,
દયારામ ! અજર અમર તુજ નામ.

રેવા તીરે બસી છેડી, ગાયાં ગીત અનેક;
પ્રેમભક્તિના પુનિત પૂજારી, સાચી તારી ટેક
દયારામ !

દર્ભાવતીને દ્વારે તે તો, દાખવ્યો પુણ્ય પ્રભાવ,
જીવનકવનમા તે તો ઝીલ્યો, સાચો ગોપીભાવ.
દયારામ !

માર્દવભીની પ્રેમ ઝરતી, ગરબીના ભાનાર;
તબૂરાના તે તો છેડયા, રણઝણતા રસતાર.
દયારામ !

ગુર્જરગિરા ગીત નિકુંજે, રાચે ઉર ઉલ્લાસ,
અંજલિ આપું કવિવર ઉરથી, પ્રેરો રસના રાસ.
દયારામ !

(સંપૂર્ણ)

રસિયા-વાલમ

ડો. હરિપ્રસાદ દેસાઇ

[(તા ૧૦-૮-૪૧) નાસિક જેલમાં ગાંધીમંડળીના એક સીમા કાકા હતા. તેમની મુદત પૂરી થવાથી વિદાયમાન આપવામા આવેલુ તે પ્રસંગે કામની સેવાઓનું, વાંદા હોવાથી એમનાં જેલમાં નાટકો ભજન કરાવી આપેલાં તે પ્રસંગનું, રસોડામાં જઈ પાને બધાને માટે સારી રસોઇ કરતી આપતા તેનુ વગેરે ગુણાનુગાનનું આ કાવ્ય છે.

ઓરીસમાંથી ખુરશી આણીને વાસોથી બાંધી પાલખી બનાવીને કાકાનું સરઘસ કઢાવવામાં આવેલુ અને છેવટે આરતી ઉતારવામાં આવેલી આ કાવ્યમાં એની હકીકત-વર્ણનાત્મકરૂપે આપવામા આવી છે.

કાકાને વિદાય આપ્યા પછી બીજે દિવસે એમના જતા પહેલાં આ કાવ્ય બધી મંડળી સમક્ષ કાકાને વચમા બેસાડીને ગાવામાં આવ્યું હતું. –હરિપ્રસાદ દેસાઈ]

કાકાની વિદાય

ઉથલો ૧

કર જોડું હું· શારદા,– ગણપત લાગું પાય,
નવયુગનો મહિમા કંઈ, ગાવા બુદ્ધિ ન્હાય,
કારાગૃહ નાસીક વિષે, પંચવટી સુખધામ
ગાંધીગુરુકુળ જામિયાં, કપાળ દુશ્મન ઠામ–

૨

રામા ! રામા ! રામા ! રઘુપતિ રામા—

અનુષ્ટુપ ૩

વ્યક્તિ સ્વાતંત્ર્યને હ્હાતાં,
યુવકોયુવતિ બધાં,
લગ્નને દિવસેથી તો,
જુદાં ઘર જમાવતાં
તે અને તેણી માત્રેથી,
શોભતું ઘરઆંગણું;
બાળગોપાળના નાદ
માગતાં નહીં દંપતિ–
બાહુ તો કુતરાં રાખે,
તે શું ગેલ કર્યા કરે,
મુરબ્બી મુરબ્બાને એ
દોઢ ગાઉ ધકેલતાં
પરન્તુ જેલમાં આવી,
અભિમાન સ્વદેશનું—
જાગતાં, કુટુમ્બજ્યાં લાગે
રહ્યોયો રૂઢિ પ્રાચીન—
સંયુક્ત કુળની સંસ્થા,
જમાવી; જેલને વિષે.
મામા, કાકા અને બીજા–
મુરબ્બી, કરાવ્યા અહીં:
સગાં લાંડુ સમાં ભાઈ
બન્ધુથી અધિકાં ગણી
સ્નેહના સુતરે બાંધ્યાં
ઉચ્ચ આદર્શ પ્રેમના !

૪

ચાળીસ જણ રોજ ઇળીમળીને
"સહનાવવતુ ને સહનૌભુનક્તુ."

રાગ ઓખાહરણનો ૫

ચંપાગલી મુંબઈ થકી આવ્યા,
દીપચંદસુત પટવા શીવા;
બત્રીસ લક્ષણો વૃદ્ધયુવાન,
જુવાનોમાં વાધ્યાં જેનાં માન
પાકશાસ્ત્રમાં પ્રવીણ ઠોસા
કાકા કહીને રસોડામાં બોલ્યા–

મા મરજો ને જીવજો માશી
એવી ખ્યાતી થવા લાગી ખાસી !
બાપ કરતાં વધી ગયો કાકો
નિત્ય ચૂલે તપી થયો પાકો
રાતો ચોળ ત્રાંબા જેવો લાગે,
માથે ટકોરો રણકો વાગે.
પછી તો શું વધ્યા એનાં માન ?
કવિ જોડે નવાં નવાં ગાન–
ભાડે માગવા લાગ્યા લોક
મોડા ઊઠે તો પડતી'તી પોક
માની લાડકા લગન કીધાં
વહેવાણ વેવલીએ હેત દીધાં
સુખે ચાલતો સંસાર એમ,
કાકા રાખતા હેમ ને ક્ષેમ–
જતા ખુશીખુશાલીમાં દા'ડા
નોકર શાહો આવ્યા એમાં આડા

હરિગીત ૬

સાચા હશે જે, બાદશાહ
નહીં માન જેવા પામશે
તેવાં વિદાયી માનદેવા
સૈનિકો લેગા થશે
નિશ્ચય કરી એ રીતનો
દૂધપાક ભોજન આપવા
દિન આગલે મુગટ ગુંથ્યા
રે, હાથી હોદે સ્થાપવા–

૭

હાથીઘોડા પાલખી
જે કનૈયાલાલકી (૨)
કાકો બન્યો કેવો
જોવા જેવો—
ઉપડી સવારી
જોવા નથી નારી
કીર્તન કીધાં
ઓવારણાં લીધાં
કોઈ કૂદે કૂદે
કોઇ પગ છૂંદે
કુલો કુલો પુલો
ભોગરા ને ગુલો
કાકા જાણે સૂરજ
ઊંધે પડે ભૂરજ

૮

જે જે રામજી ! પટવા કાકા !
મામા બેડી તૂટે ટાંકા (૨)

૯

આનંદ મંગળ કરું આરતી
પટવા કાકા શીવા
અંધારે ભીને અથડાતા
આવ્યા તહમે દીવા—આનંદ,
ગાંધીસેનાના સૈનિકો,
અહિંસા યુધ્ધે આવ્યા
તે સૌને હેં પ્રેમે જીત્યા
અમૃત આપ્યાં પીવા—આનંદ
આમોશી ને સ્વાર્થત્યાગની
સાચી તારી સેવા—
સંગ ન છુટે ચાચા મોરા–
જન, માણી લેવા—આનંદ

સમાપ્ત

આગલા હપ્તા માટે જુવો જાન્યુઆરી ૧૯૪૧ અંક

ખુલ્લું પત્ર

(હિ. બ. બળવંતરાય કલ્યાણરાય ઠાકોરે પ્રવૃત્તિ સંઘના સંચાલક શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ પર મોકલેલ એક પત્રની નકલ અમને પ્રસિદ્ધિ અર્થે મોકલી આપતાં એ પત્ર નીચે રજુ કરેલ છે. તંત્રી)

શ્રી પ્રવીણચંદ્ર રૂપારેલ,

પ્રવૃત્તિ સંઘ, ૮૩ માપલા મહોલ્લ, મુંબાઈ ૪.

ભાઈશ્રી,

પ્રવૃત્તિસંઘ સંસ્થાને આશરે શ્રી અનસૂયા મહેતા આદિએ "કાવ્ય ત્રિવેણી" એ ત્રણ જાહેરસભાઓની જાહેરાતનું છાપેલું પત્રું મ્હને મોકલાવ્યું, તે મ્હને વખતસર મળી ગયું છે.

એ સભાઓમાં કવિઓ સ્ત્રીકવિઓ એક પછી એક સંભળાવવાનાં છે, તે દરેક પોતાનાં જ કાવ્યો સંભળાવશે એમ જણાય છે.

કાવ્યશોખીન કવિઓ પોતાને બદલે આવી સભાઓમાં પોતે જેને સાચા સારા અધિકારી, લોકોમાં અલ્પાધિ થયા હોય તે કરતાં વધુ જાણીતા થવા જોઈએ એવા, કવિઓ ગણતા હોય, તેમની કૃતિઓ સંભળાવે, તે વધારે યોગ્ય નહીં? વળી આ "ત્રીવેણી" તો નવે નામે મુશાયરા જ ને?

આત્મશ્લાઘા પ્રાણીમાત્રને કુદરતી, કિશોર અને નવયુવક નવયુવતી તે વિશેષ કુદરતી, એમ માનસશાસ્ત્રીઓ આપણને ચેતવે છે.

કવિ સ્ત્રીકવિ પોતે પોતાની કૃતિ સંભળાવે, લોક સાંભળતાં ચહેરા ઉપર ઉલ્લાસ આણે, વચ્ચે વચ્ચે અને આખરે તાળીઓ પાડે, વગેરે વગેરે કવિતા માટે સાચી આસક્તિના પ્રકાર ગણાય, કવિતાશોખ અને સારી કવિતાની કદર ફેલાવવાના ઉચિત ઉપાય ગણાય, કે હું સૂચવું છું તેવી સભાઓ જેમાં કવિઓ કે કાવ્યશોખીઓ કે કાવ્યાભ્યાસીઓ પોતાને જે વધારે જાણીતી થવા યોગ્ય કવિતા લાગી હોય, તેવી કોઈ બીજાની જ કૃતિઓ સંભળાવે તે?—એ બીજો મુદ્દો પણ વિચારશીલ કવિતાભક્તો ધ્યાનમાં લેશે એવી આશા રાખું છું. તા. ૨૪-૮-૧૯૪૯

બળવંતરાય કલ્યાણરાય ઠાકોરના જય જય

નૌતમ : આવતી પેઢીના કવિઓ

કોલક

'નૌતમ' તખલ્લુસે જાણીતા થયેલા અને આ અગાઉ બાળકાવ્યોનાં બે પુસ્તકો પ્રગટ કરનાર શ્રી મોહન હરજર વિદ્યાપીઠના ગ્રેજ્યુએટ છે. એમની કવિતાઓ પ્રાસાદિક છે, વિશદ અને સચોટ છે. આ ત્રિગુણાંકિત કવિતા સર્જક "નૌતમ"નું જીવન પણ કવિતા સમું છે. આજથી ૨૩-૨૪ વર્ષ પહેલાં કરાંચીના બજારમાં એમના પિતાશ્રી રેંકડી ફેરવી પોતાની આજીવિકા મેળવતા. તે વખતે ગરીબીએ એમને ઘરે ડૂંકથી વાસ કર્યો હતો કવિનાં માતુશ્રી એમને ખૂબ નાનપણમાં મૂકીને ગુજરી ગયેલા ત્યારે પિતા આ નાના બાળકને રેંકડીની ઉપરના ભાગમાં જાતજાતની વેચવાની વસ્તુઓ મૂકતા અને રેંકડીની નીચેના ખાનામાં એને સૂતાડી રાખતા કારણ કે એ બાળકને ઘરે સંભાળ લેનાર કોઈ નહોતું. એ બાળક આજે ગુજરાતની સર્જન ક્ષમારતમાં અક્ષરોના સાથિયા પાડે છે ત્યારે કોઈનું પણ હૃદય પ્રફુલ્લિત થાય તો નવાઈ નહિ. એઓ 'દમામ'માં નથી માનતા પણ શાંત રીતે પ્રસિદ્ધિના વિશેષ શોખ વગર પોતાનું સર્જ્યે જાય છે. એઓ કવિ છે તેની જ સાથે એક અચ્છા નવલિકાકાર છે. એક અભ્યાસી તરીકે પણ એઓ ખૂબ મહેનતુ અને બહુશ્રુત છે. "પ્રતિકાવ્યો" એ વિષય પર લખેલો એમનો નિબંધ ગુજરાતી સાહિત્યમાં કોઇ પણ વિદ્વાનનું ધ્યાન ખેંચે એવો છે. એમનો કાવ્ય સંગ્રહ પણ ટૂંક સમયમાં પ્રગટ થનાર છે. અહીં પ્રગટ થયેલાં છએ કાવ્યોમાં એમની હથોટીનો વાચકને ખ્યાલ આવશે. ગીત કહો કે વૃત્તબદ્ધ કૃતિ કહો-સોનેટ કહો કે રમજી કાવ્ય કહો પણ દરેક કૃતિમાં એઓ કોઇ પણ કસોટીમાં પસાર થવાને લાયક છે તેની ખાત્રી કરાવી જાય છે.

પરોઢિયે

પૂર્વ આકાશમાં રંગટશરો ફૂટી
ઝાકળે તેજનાં ગાન ઢૂકયાં:
સામી શેતૂરની ડાળીએ કયાંકથી
બુલબુલો આવી મીઠું ટહૂક્યાં!
તણખલે ઊઠતાં સ્મિતનાં બંજનો
વાદળાં યે થતાં ગીત-લીન
'ટીહુ' સ્પર્શે ઉરે જાગતાં સ્પંદનો
રણઝણી ઊઠતું મૂક બીન!
વિલસી ઘડીએઘડી રંગટશરો વ્હીલે
બુલબુલો ઊડી જાયે અદીઠાં;
કિન્તુ હૈયામહીં ચારુતા એ ખીલે
પંડથી રહે એ 'ટિહૂ'-ગાન મીઠાં!

હરિન્દ્રને—

કવીન્દ્ર! તારાં કવને અનોખાં
લાધ્યાં મને દર્શન રુદ્ર-રમ્યનાં:
સરસ્વતી બીનની મંજુ ઝંકૃતિ,
ને ધૂર્જટિ કેરી કરાલ ખંજરી!
આ નાટિકામાં, અહીં કાવ્ય મુક્તકે
છે સાથિયા પ્રેમલ ભાવનાનાં:
તો ત્યાં વળી પુણ્યપ્રકોપ બીજતો
જ્વાલા સમો પાવક ને પ્રચંડ!
સન્ધ્યા ઉષાની સુષમા સલૂણી
દેતો કરી મૂર્ત તું ગીતકાવ્યે:
ને ચાતના પીડિત શોષિતોની
છંદે ઝીલી જીવન-કાન્તિ પ્રેરતો!
હે કાન્તદર્શી કવિ, પ્રેર જીવને
કરાલ ને કોમલની ઉપાસના!



ભૂલકું આવ્યું !

ભૂલકું આવ્યું, ભૂલકું આવ્યું, ભૂલકું આવ્યું રે,
આંગણે મારે, આજ સવારે ભૂલકું આવ્યું રે !

પંખી શું કિલ્લોલતું આવ્યું,
નિર્ઝર શું હિલ્લોળતું આવ્યું.

ગાન જગાવ્યું, તાન ચગાવ્યું,
જીવનમાં તોફાન જગાવ્યું.

આવ્યું એવું મન લોભાવ્યું; ભૂલકું આવ્યું રે !
આંગણે મારે આજ સવારે ભૂલકું આવ્યું રે !

ફૂલકળીશું હસતું આવ્યું,
બીજ ચાંદાશું લસતું આવ્યું.

મ્હોરતું આવ્યું, કોરતું આવ્યું,
ચારુસ્મિતે નિત્ત ચોરતું આવ્યું.

આવ્યું એવું અંતરે ભાવ્યું, ભૂલકું આવ્યું રે,
એ બળે મારે પ્રેમલ કયારે, ભૂલકું આવ્યું રે !*

*ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર ઝરમરમાંથી



ઘરે બાહિરે !

"અવસ્થા થવા છતાંયે શી ફૂલગુલાબી કાન્તિ
જીવનોદ્યાને પ્રફુલ્લ જોબન–બહાર !
તાકાત, તંદુરસ્તી ને તાજગી ટકાવી રાખી
કહો ભલા એવો તે શો સાધ્યો ચમત્કાર ?"

પૂછો છો તો હ્યેને કહી દઉં મર્મ એ બધાંનો
સંકોચ શેં રખું તમ કને તલભાર ?
ચતુર સુજાણ બધુ સમજી જશો
ટૂંકમાં જ કહું છું તે સુણો દિલદાર !

પરણી ઊતર્યાં તે દિ'નો અમ દંપતી વચ્ચે
અચૂક પળાતો રહ્યો અલખ્યો કરાર:
ભિન્નજ હું ખાઉ ત્યારે રસોડે ભરાવું એણે
કોપે એ કે ચાલ્યા જવું મારે ઘરબા'ર !

અવારનવાર આમ 'ઘરે–બાહિરે' હું ઘૂમ્યો
તાજી શુદ્ધ હવા ખાતો, મારતો લટાર:
અનાયાસ એથી મને અકલ્પ્ય આ લાભ મળ્યો
ડોસલો થયો છતાંયે ચાલું છું ટટ્ટાર ! *

*એક દુહા પરથી

પગદંડીને પંથે

"પગદંડીને પંથે"માં અહીં સાતેક કૃતિઓ રજુ કરીએ છીએ. એની વિસ્તૃત ટીકા કરી શકાતી નથી તે બદલ ક્ષમા. ઉપરટપકે પણ આ કૃતિઓમાંથી 'વસમી વિદાય,' 'બેનડી,' 'સત્પ્રેમ-સંયોગ', ધ્યાન ખેંચે તેટલી સારી છે.

વસમી વિદાય

સાહેડી ગૂંથ્યા સેંથલિયે પૂરી સિંદુર રેલ
ભાલે લખ્યા હરી ઉજ્જવલ વિધાતાએ લેખ
અબોલ ઉર અંબોડે બોલે ગજરે ગૂથ્યાં બકુલ
કંઠ કોકિલ વરમાળે મ્હેકે મોગરિયાનાં ફૂલ
એનાં જીવન શાં પ્રફુલ્લ.

હાલણ ઝોલણ ઉરમાં આજે રેલે પૂનમપૂર
અદીઠડું ને અબૂઝ ઉર કો ખેંચતું દૂર દૂર
સ્નેહે ખેંચતું સુદૂર

સરખી સરખી સહિયર ભાવે વિદાય ગીતો ગાય
ચમકતી તારલી શા ચાંદલે અક્ષત પણ સોહાય
ઉરમાં ઉમળકા ઉભરાય–

રણઝણ મંજીરાંથી મંજુલ કંકણના રણકાર
ઓઢણલીના છેડલે ઝુલંતા જીવનનાં ઝંકાર
એના બાલ્યસ્મૃતિ ઝકાર

કોકિલ શી કલોલતી ભરતી વિદાય સાથે વિદાય
ધમધમતી પિયરિયે પગલી પોટલીમાં બંધાય
માનાં લાડ હવે બંધ થાય!

અદીઠ ભાવિ કેરે સોણલે સ્નેહભરિયું લહેરાય
તો યે ગીતડી છાંયડીવંતુ પિયર નવ છોડાય
એવી વસમી આજ વિદાય

અમૃતભર્યો ગાતઅંતરે પ્રેમઝરણ છલકાય
પ્રેમઅશ્રુઓથી પાંગર્યું એનું કૂણકું એ દૂર જાય–
માની આંખ થકી દૂર થાય–

પિતા કેરે ગોખલે બેસી સાંભળ્યાંતાં કૈં ગીત
સ્નેહસ્વાર્પણ ને ત્યાગ કેરા એવા આદર્શથી અંકિત
સાંભળે એને એ નીતનીત–

લાડીલા વીરની વાડીમાં ખીલ્યાં મોગરિયાનાં ફૂલ
સુકોમળ એથી યે સાંભરે વીરનાં પ્રેમકૂલ
મોંઘાં વહાલભર્યાં અણમૂલ

વિદાય લેતાં સાંભરી આવ્યો પિયરપ્રેમ પમરાટ
ઊર્મિલ અંતર ઉભરી ચાલ્યું આંસુને છલકાટ
વહાવે જીવનકેરે ઘાટ

શરમ સંયમ કેરી સાડી સાસરિયે મોહંત
બંધ થશે હવાં ઓઢણી કેરી મસ્તી કલોલવંત
એવી મસ્તી સૌરભવંત–

અજાણ્યે ને અણબોલ્યાં ઉરને જીવનદોર સોંપાય
પિયરપાકયાં પ્રેમબીનાં મૌક્તિક બે'ક વેરાય
અશ્રુમોતી આજ વેરાય

નવપંથે પગલી પાથરશે પ્રેમપ્રકાશ અનંત
ઉરમંજરી મહેકી ખીલવશે નવજીવન વસંત
સાચા સ્નેહે સૌરભવંત–

રમેશ પટેલ

મહિયર મોંઘું મોરૂં રે

લાખેણાં જીવનમાં મોંઘેરૂં મહિયર
સાસરીઆ જૂથમાં લાડીલું મહિયર
મહિયર મોંઘું મોરૂં રે.
મહિયરની મમતાનાં સોણલાં સંભારતી
ભાડુની પ્રીત ઉર સ્મરણો જગાડતી
સાત સાત બાંધવની માંડ કરી બેનડી
મહિયર મોંઘું મોરૂં રે.
બાપુની આંખડી ને શામળિયા વાનના
જનેતાની અણુસારે વીરા લેરખડા
પગલે ને પાંપણે વિસર્યા વિસરાય ના
મહિયર મોંઘું મોરૂં રે.
બોબલે ને બોબલે અઢળક કરિયાવરે
અભરે ભરાય મારે ઓરડે ઉબરે
"બમ્મા વીર !" વેણુ મારે હૈયે ને હોઠડે
મહિયર મોંઘું મોરૂં રે.
બાપુના જીવનની રંગેલ ચૂંદડી,
ડગલે ને બોલડે પળતી મમ માવડી
સાત સાત ઓરડા શોભાવતી ઘર-દીવડી
મહિયર મોંઘું મોરૂં રે.
સાગરસા ધીર ને ગંભીર વેણુલે
ટોડલેથી સાદતા બાપુ ફૂલબોલડે
ઘૂમરકે ઘૂમતી ઘરરાણી રીઝતી
મહિયર મોંઘુ મોરૂં રે.
રાણી હું મહાલતી સુખડાં સંસારનાં
સ્નેહ ને સુવાસના ઝૂલે રસ-પારણાં
ઉગે ઉર આશ મારી ફૂલી કે ફાલતી
મહિયર મોંઘું મોરૂં રે.
હેતભર્યું હૈડું ને નેહભરી આંખડી
પ્રેમભરી છલકાતી પ્રીતમ ઉરપાંખડી
નણુદી બટ-બોગણની નમણી છે વેલડી
મહિયર મોંઘું મોરૂં રે.

આનંદેશ

શ્રી રતુભાઈ દેસાઈ (પરિચય)

મધુસૂદન એમ. એ.

ગાંધીયુગના કવિઓમાં ગાંધીવાદી કવિઓની એક મંડળી. એ મંડળીમાં શ્રી રતુભાઈ દેસાઈ એક. શ્રી સ્નેહરશ્મિ, શ્રી ઉમાશંકર, શ્રી શ્રીધરાણી, શ્રી સુન્દરમ્, શ્રી માણેક, શ્રી રતુભાઈ દેસાઇ એ સૌને એક યા બીજી રીતે ગાંધીવાદી કવિઓ તરીકે ઓળખાવી શકાય.

શ્રી રતુભાઇ અન્ય કવિઓની જેમ કોઈ વિદ્યાપીઠના પદવીધર નથી. રાષ્ટ્રીય શાળામાં તાલીમ મેળવી પોતાની અસાધારણ પ્રતિભાથી એઓ બહાર આવ્યા. એમણે પ્રવેશ કર્યો રાજકારણ ક્ષેત્રે.

એમણે રાજકારણમાં પ્રવાસ કરતાં સાહિત્ય પર મીઠી નજર નાંખી–પરિણામે "સ્મરણ મુકુર" એ નામનું પ્રથમ પુસ્તક પ્રગટ થયું. શ્રી રતુભાઈની જાણતમાં એક અનોખી ઘટના બની. અન્ય કવિઓ સત્યાગ્રહના ગણેશ મંડાયા પહેલાં જ સાહિત્યક્ષેત્રે સુપ્રસિદ્ધ હતા અને તેમણે કારાવાસમાં જઈને વધુ સાહિત્યસર્જન કર્યું. શ્રી રતુભાઈ કારાવાસ જતાં પહેલાં અજ્ઞાતવાસમાં હતા. જેલમાં એમણે બંગાળી, ઉર્દૂ, મરાઠી ભાષાઓની તાલીમ લીધી. 'અન્ય' કવિઓના પરિચયનો સંસર્ગ સાંપડયો એઓ પણ સાહિત્યકાર થયા. જેલમાં લખેલાં એમનાં કાવ્યો આજે 'કારાવાસનાં કાવ્યો' માં અનોખી ભાત પાડે એટલાં મનોહર છે. એ ભાત કાવ્યો પ્રગટ થતાં આપમેળે પ્રત્યક્ષ થશે. પણ શ્રી રતુભાઈને સાચા કવિ બનાવ્યા હોય તો તે એક જીવનઘટનાએ. એઓ કારાવાસમાં હતા ત્યારે ગૃહાંગણે એમની માતાનું અવસાન થયું. આ કરૂણ ઘટનાએ એમને એક ઊંચી કક્ષાના કવિ બનાવ્યા. જેમ પથ્થરમાંથી ઝરણું નીતરે – ધરતીમાંથી અમીઝરણું પ્રગટે, રેતીના રણમાં એક વીરડી ઝળકે–તેવી જ રીતે એમના જીવનમાં કાવ્યનું અમીઝરણું વહેવા માંડયું. એ અમીઝરણું તે ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પંક્તિએ બિરાજતાં શોકપ્રશસ્તિ કાવ્યોમાંનું એક "જનની."

"જનની"એ એમને લોકપ્રિયતા આપી. "જનની"નો કવિ અજ્ઞાતવાસમાંથી બહાર આવ્યો. સ્વ. નરસિંહરાવનું "સ્મરણસંહિતા," ઈંદુલાલ ગાંધીનું "તેજરેખા" અને શ્રી રતુભાઈનું "જનની" એ ગુજરાતી સાહિત્યનાં કરૂણમનોરમ સર્વાંગ સુંદર શોક-પ્રશસ્તિ કાવ્યો છે.

"જનની" પછી એમની સાહિત્યપ્રવૃત્તિ સક્રિય બની. એ જ અરસામાં એમના પત્નીના અવસાને એમની શક્તિને બીજા રંગમાં પ્રગટાવી. એમણે "ઈન્દુ રજની" આપ્યું. "ઈન્દુ રજની" નથી નવલ, નથી નિબંધ, નથી કવિતા છતાં એ તમામ તત્વો એમાં મૂર્ત્ત છે.

૧૯૪૨ માં એમણે ઈંદુલાલ ગાંધી અને શ્રી કોલક સાથે "કવિતા" માસિકનું

સંપાદન–સંચાલન કર્યું. એ કવિત્રિપુટીએ 'કવિતા'ને ગુજરાતના યુવાન કવિઓનું મુખપત્ર બનાવી દીધું તેની જ સાથે આર્થિક બોટ સહન કરવા માટેનો ચારમાં ચારેય માર્ગ શોધી કાઢ્યો.

'૪૨ ઓગસ્ટની ક્રાંતિમાં એમણે પાછો લેણાશ બદલ્યો. એઓ સાહિત્યકાર મટી ક્રાંતિકાર થયા અને 'કવિતા' ભેળવાયું 'કોલક'ને ગળે. '૪૪ની આખરમાં એ 'કવિતા'ના સંપાદક–સંચાલનની જવાબદારીમાંથી કવિ ત્રિપુટી વિખુટી પડી.

ત્યારથી આજ પર્યંત એમનો સર્જન–વેગ એકધારો ચાલુ રહ્યો છે. છતાં હજી અંધ્યાણંધ હસ્તપ્રતો એમની પાસે અપ્રગટ પડી છે.

શ્રી રતુભાઈનું અનોખું ઓજસ છે એમનું સૌજન્ય. એમના સૌજન્યથી ન અંજાય એવું કોઈ જ ન હોય. અથવા બીજી રીતે કહીએ તો એઓ કવિ છે તેના કરતાં અમણું વહેવારુ છે. એમનું એ સૌજન્ય એમને કપડાં વકરતા રાખતું અટકાવે છે. સાપ મરે નહીં અને લાકડી ભાંગે નહીં એવી નીતિના એઓ હિમાયતી છે–વહેવારમાં.

એ સૌજન્યશીલ છે અને સહૃદયી છે, કવિ છે અને મમતાળુ સજ્જન છે. કહ્યા એમનું 'સૌજન્ય અને એમનું વ્યવહારકૌશલ્ય એ જ એક અનોખી કવિતા છે એમ કહીએ તો ચાલે!

ગુજરાતમાં કોઈ કવિ વેપારી થયા હોય તો કવિશ્રી બળવંતરાયનું નામ સહેજે નજરે ચઢે! નવી પેઢીમાં કોઈ વેપારી થયા હોય તો શ્રી રતુભાઈ દેસાઈ! એઓ વ્યાપારી તરીકે સફળ થયા છે એમના વ્યવહાર કૌશલ્યને લીધે.

ગુજરાતના નવીન કવિઓમાં એ એક જ કવિ એવા અપવાદ છે કે જેમણે "જનની" સિવાયનાં મોટે ભાગનાં કાવ્યો માત્રામેળમાં જ લખ્યાં છે. ગીતો લખવા પર એમની હથોટી સારી છે. પણ ગીતો ગાવામાં હથોટી જુની છે.

કોલક–ઈન્દુલાલની "કવિતા–પેટી"ના આ માજી ભાગીદાર ગુજરાતી સાહિત્યકારો માટે ઘણા લાભના છે. કારણ કે એઓ કાગળના વેપારી છે. ગુજરાતના કવિઓની લખવાના તેમજ છાપવાના કાગળો પૂરા પાડવાના કોન્ટ્રાક્ટ એઓ લઈ શકે તેમ છે. બીલ વસૂલ નહીં કરવાનાં હોય તો!

શ્રી રતુભાઈ દેસાઈનું નામ આજે જાણીતું થયું છે પણ સાહિત્યજીવનની શરૂઆતમાં એ નામે બુરખો પહેર્યો હતો. "સાદિલાન્ત"ના તખલ્લુસથી એમણે છુટક છુટક કાવ્યો અને લેખો જુદાં જુદાં સામયિકોમાં પ્રગટ કરેલાં.

શ્રી રતુભાઈ પાસે હજી અપ્રગટ કૃતિઓ પડી છે. પોતે કાગળના વેપારી છે એટલે એઓ વહેલી તકે પ્રગટ કરી શકે છે. એક વખત એઓ પ્રેસના માલિક પણ હતા. એટલે પુસ્તકપ્રકાશનની સર્વ વિધિ એમને હસ્તક છે એમ કહીએ તો નવાઈ નહીં!

વાંચતા રે'જો

કુ. પૂર્ણિમા દવે

રાજકોટ ખાતે સાહિત્ય પરિષદ ભરાવાની છે એ સમાચાર હવે રોજબરોજ વધારે ને વધારે નજરે ચઢતા રહે છે વડોદરા ખાતે સાહિત્ય પરિષદ ભરાયેલી ત્યાં સુધી જોવામાં આવેલું કે એક બાજુ 'હોલ'ના સાહિત્ય પરિષદ ભરાય ત્યારે બીજી બાજુ એક ગોમાયટીના મકાનમાં બહુકાકા ઉર્ફે દિ. બા બી. બા. ક. હા.ના નિવાસસ્થાનની ઉપર જ જુવાન લેખકોનું બીજું મિલન મળે એ જુવાન મંડળના એક સભ્યને મેં પૂછેલું કે પરિષદના પાટલે બેસી બીજી થાળીમાં જમવાનો અર્થ શું? એમાં શું હેતુ? એ ભાઈએ જવાબ આપેલો કે "આજે જુવાન લેખકો પરિષદથી છૂટા પડીને કે પરિષદમાં રહીને પણ પોતાનું અલગ મંડળ ઊભું કરી રહ્યા છે એમાં એક કારણ છે સંભવિત કારણ એ છે કે આ બધા જુવાનીઆઓ છે ૨૦ થી માંડી ૪૦ વર્ષ સુધીના આજે પરિષદના જે પ્રમુખો થાય છે તે મોટે ભાગે સફેદ વાળવાળા એટલે આ જુવાનિયાનો વારો પ્રમુખ થવાનો કયારે આવે? ઊલટાનું પ્રમુખ થવાની અશામાં ને આશામાં જ એમના વાળ સફેદ થઈ જાય! અને મુન્શીજી તો કોઈને ગાંઠે નહીં. એ તો ધાર્યું પાર પાડે!"

મેં તે વખતે જ એ ભાઈને કહ્યું કે "પરિષદમાં એક જ પ્રમુખ કયા છે? મુન્શીજીએ તો ડઝનબંધી વ્યક્તિઓને પ્રમુખો બનાવી શકાય એની વ્યવસ્થા કરેલી છે. એમાં કોઈ નહીં તો કોઈ વિભાગમાં તો આ જુવાનિયાનો નંબર લાગે ને?"

"એમાં તો વાત એમ છે કે પરિષદના પ્રમુખ તો થાય અને તેની સામે—બહુપતિની સામે બીજા દેવો પણ પૂજાય તેમ જુદા જુદા વિભાગો કરી તેનાં બીજા પ્રમુખ બનાવાય. પણ મુન્શીજી જેને પ્રમુખ બનાવે તે પ્રમુખ! પછી મુખ વગરનો હોય તો યે તે પ્રમુખ! મુન્શીજીએ વાડો કરેલો છે એમાં આ જુવાનિયાઓને સ્થાન નહીં મળે એવી એમને બીક છે"

"ભલા ભાઈ, પરિષદના પ્રમુખ ન થવાય એટલા માટે બીજી પરિષદ કરવી એ કેવો ન્યાય? બીજું, પરિષદમાં તો આપણે જાણીએ છીએ કે બધા પ્રમુખો થાય છે, આવે છે, જાય છે, ભૂલાય છે, નવા જોવા થાય છે, નામો બોલાય છે, મતો લેવાય છે અને છેવટે તો મુન્શીનું ધાર્યું થાય છે તો પછી એ પ્રમુખ થવામાં મજા યે શું?"

"મજા હોય કે નહીં, પણ વચ્ચેડો સરસ થાય ને! એની વાહવાહ થાય ને!"

"પણ...કાયમના પ્રમુખ તો મુન્શીજી જ છે. પછી બીજા પ્રમુખો થાય કે ન થાય તેમાં કયો ફેર પડે? અને એવા પ્રમુખ થવામાં આ જુવાનિયાઓને શી મજા?"

"પૂર્ણિમાબહેન...તમે પણ લેખક મિલનના સભ્ય થઈ જાઓ અને...સંભવ છે કે પાંચ દિવસે તમોએ સારું માન પામો!"

"હા ભાઈ...આ જુવાનિયાઓની મંડળીમાં આવું એટલે હું માન પામું એમાં નવાઈ શી? એ તો મને ખાત્રી જ છે કે વગર પ્રમુખ થયે—પ્રમુખ જેટલું માન આ જુવાન કવિઓ મને આપશે જ. કદાચ સંભવ છે કે કૈંટલાક કવિઓ મારા આગમન ઉપર જ કવિતા લખી નાખી મને સન્માને!"

"પણ તો શું તમો એમ ધારો છો કે પરિષદમાં તમને સ્થાન મળશે?"

"પરિષદમાં મને સ્થાન મળશે-વાળ ધોળા થશે ત્યારે, વિદ્યાબહેન પણ પ્રમુખ થઈ ગયાં. હવે વીસ પચ્ચીસ વર્ષે સ્ત્રીપ્રમુખનો વારો આવશે તો હું કંઈ થોડી જુવાન જવાની હતી?"

"હા, પણ ૭૫ નો થાય તે જ પ્રમુખ બને એવી દશા હોય તો?"

ઝંડુનું નામાંકિત રક્તો–ફોસ્ફો–માલ્ટ નબળાં સણસણાં બધાંને ઉપયોગી છે: સાજા માણસોની શક્તિ એનાં સેવનથી સવાયાઈ રહે છે, અને માંદાંને માંદગી પછીની નબળાઈ નાબૂદ કરી, નવજીવન આપે છે.

ઝંડુનું રક્તો–ફોસ્ફો–માલ્ટ સ્વાદિષ્ટ અને તાકીદે તાજગી આપનાર છે. અને તેથી નાનાં બાળકો તેમજ મોટાં સૌ કોઈ સહેલાઈથી લઈ શકે છે. પોષણ આપનાર અને ખાસ કરી લોહીની લાલી વધારનાર ઝંડુ–રક્તો–ફોસ્ફો–માલ્ટ અવશ્ય અજમાવો.

ઝંડુ રક્તો ફોસ્ફો માલ્ટ

એકવાર અવશ્ય અજમાવો!

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કર્સ લીo, ગોખલે રોડ, મુંબઇ નં. ૧૪
દુકાનઃ—ભાટીયા મહાજનવાડી, કાલબાદેવી રોડ.

મગજને ઠંડક આપવા કિંમતી વસાણાઓથી... જયપુર
ગાંધી નું બ્રાહ્મી તેલ વાપરો
સઘળે ઠેકાણે મળે છે!
સી.સી. મહાજન એન્ડ કું. મુંબઈ.

૨ ખા
ટોનીક
સ્ત્રીઓના સર્વ દર્દો માટે અકસીર
બાટલી કિંમત રૂ. બે પોસ્ટેજ જુદું

કોમળ ચામડીના કાળજી માટે વળી કાઢવા માટે
બાદશાહી સાબુ, પાવડર, લોશન
સર્વોત્તમ છે.

કવિતાની એક કલ્પના માટે, ગણિતશાસ્ત્રનાં અટપટા ઉકેલ માટે, તકરારી મુકદ્દમામાં એક સચોટ દલીલ માટે સુંદર મગજ જરૂરી છે

બ્રાહ્મિ જીવન

મગજના વિકારો મટાડે છે. કલ્પના વધારે છે.

લખોઃ—ગુજરાત આયુર્વેદિક ફાર્મસી
(૧) કાલબાદેવી, મુંબઇ (૨) ગાંધીરોડ, અમદાવાદ
(૩) હાઈરોડ, સૂરત (૪) લાખાજીરાજ રોડ, રાજકોટ

અમીરી નિવાસસ્થાન
સાદા, સાત્વિક અને શુદ્ધ
ખોરાક માટે સૌથી જૂનું

નૃસિંહ હિન્દુ લૉજ

ઠે. ૧૧૭–૧૧૯, હૉર્નબી રોડ, ફોર્ટ, મુંબઈ.
ટે. નં. ૩૧૯૭૫. ટેલીગ્રાફ એડ્રેસ–"લૉજ"

શકુન્તલાની મનોવ્યથા

હતી શાંતિ; ચંદ્યા સ્થિર થઈ હતી જ્યોતિદીપમા
કરુણા ઝૂમી'તી ગતા જીવનના ચિંતવનમાં;
મયૂરોની કેકા શિથિલ બની'તી મૌનશરણે
તૃષા થંભી ગૈ'તી નીરથી છલક્યાં ઢેલનયને.

એ જોઈ'તી આંધે નજર કરી ઢળેલ રવિની
સમીપે, જાગેલું હૃદય લઈ સૌભાગ્ય વપુરયું:
હતી શાંતિ તોયે-
અશાંતિથી જોનું ભીતર ભર્યું'તું દુ:ખ છલક્યું.

જુનાં વૃક્ષે ફૂલો અવનવીન દીઠા મલકતાં
જુનાં ક્ષેત્રે ડૂંડા નિગ્ધી રહી ધાન્યે છલકતાં:
હતું કોકિલાના સ્વરમહીં કશુ ગીત નવલું
નવા તેજે આજે હરખી રહ્યુ નાનું તણખલું.
દીઠી ત્યા તો ચન્દ્રવિરહ થકી મૂર્છિત રજની,
રહ્યાં જોઈ જોના નયન મૃદુ રેખા સ્મરણની.

ચન્દુલાલ ગાંધી

નજીક અને દૂર

[સ્વરૂપ ત્રન્વરા]

સદા નિત્ય જેને નીતર્યો સ્નેહ સાથે
આવે છે તે જ આજે વાખ આરોપ માથે,
હું તો જાણું જરા ના રહ્યા મિત્રે છે તુ કોપી
સ્વપ્નામાંયે હતી ના જેહની આણ લોપી'
કર્મોનુ ધુ તને કે આવી સામે ખડી થા,
જેની પ્રેક્ષા હતી તુ તેની પાડી બની બ
મૂળ જેને જીવે મે રોપ્યમા જિંદગાની
હાથે તેને રગી છે માહરી ખાનદાની
ખુ રે મ્હેરે તદારે દે જણાવી બધાને
શાને બીરે હુ પામ્યો આવી વચનાને
લે ના સોગદ તારા ખા તુ સોગદ મારા,
કીધા છે શા ગુનાઓ આ ગૃહસ્થે તદારા'
લાખો લાખો સદીને સેકડો જન્મ કેરા
દીઠા મે દિવસ તારા મ્હેર કેગ કોરા
પ્રીતિ છે પુષ્પદંતા વાણુની યા પધારી
જોયુ જાતે ખમીને તમ જોયુ વિચારી
આવેથી વારસામા આમદાની લુટાવી
પોતે પેદા કરેની ખ્યાતિ દીધી ડુબાવી
હવે કોને પડી છે જાણવા વાત મારી!
છેલ્લી બાહેધરી છે એકની માત તારી'
જોયા અજાનિલોને, જેર કીધા સપાટે,
તોફાનોમા જરાકે ના હતી જે ઉચાટે,
હારે છે કામ જોયા ન મને છેતરીને—
હતુ ધુ ધુ કિનારે અબિધ આવો તરીને!
આશા ફોટેલ રાતુ રહેજમા થાય સીધા,
મિત્રોને શુ કહુ ધુ જેમણે છેહ દીધા!
આવે ના કોઈ વારે આખરી રહી ઘડીમા,
જૂલો જાણે બન્યો ધુ ધુ મદારી ગલીમા'
પામે પ્યારી સુધાની તોય ન તૃપ્તિ થોડી,
સામો ના હાથ થાતો મીનદર્શી મનાથી,
તોયે જે વેણુ માર તો મહો સૌ રૂઝે છે,
ના તો સ્વર્ધામ પ્યાર વેગળે, વેમળે છે!

પતીલ

કફનની ચાદર

કેશવપ્રસાદ દેસાઈ

શિયાળાની એક ઠંડી રાત્રે, એક ઝુંપડાનાં બારણા બહાર, હોલવાઈ જતાં તાપણાં આગળ એક ઘુટ્ટો અને તેનો દીકરો બોલ્યા વિના બેઠા હતા. ઝુંપડામાં દીકરાની વહુ બુધિ બાઇલ્લે પડી પડી દુઃખાવાની મણોથી ચીસો પાડતી હતી. બોય મોય તો આ ચીસો એટલી દુઃખભરી થતી કે આ બાપદીકરાનો પ્રાણ પણ અદ્ધર થઇ જતો હતો. આખુયે ગામડું અંધારામાં ડૂબી ગયું હતું, અને આસપાસ બધુ સુમસામ હતું.

ઘીસુએ એકાએક આ શાંતિ તોડી અને કહ્યું: "એ બિચારી આ વખતે સાજી થાય એમ મને લાગતું નથી. તું જરા અંદર જઇને એની ખબર તો કહાડી આવ."

માધવે કાંઇક ગુસ્સાથી જવાબ વાળ્યો: "મરવાની જ હોય તો જલ્દ પતી જાય તો સારું. હું ત્યાં જઇને શું કરવાનો છું?"

"તારામાં તો રહ્મ લાગણીયે નથી." ઘુટ્ટો બોલ્યો, "પૂરા બાર મહિના તું એની ભેગો રહ્યો તોયે એના દરકાર કરતો નથી."

"પણ મારાથી એનું દુખ જોવાતું નથી." માધવ નિરાશાથી બોલ્યો.

ઘીસુ અને માધવ ચમાર હતા. આખુ ગામ જાણતું હતું કે એ બન્ને કામમાં બહુ આળસુ હતા. ઘીસુ એક દહાડો કામ કરે અને ત્રણ દહાડા મજા કરે. માધવ અડધો કલાક મજૂરી કરે અને એક કલાક બીડીઓ પીએ. એમનાં આ લક્ષણે કોણ એમને મજૂરીએ રાખતું નહિ. જ્યાં સુધી ઘરમાં બે જણ અનાજ હોય, ત્યાં સુધી આ બાપદા રોજી માટે કદાપિ હલાવે નહિ. જ્યારે લાંઘણો થાય ત્યારે પડી પીતુ કોઈ ઝાડ પર ચઢીને લાકડા પાડે અને માધવ બારી બાંધીને વેચી આવે. ગામમાં મજૂરીની કાંઇયે ખોટ નહોતી; મહેનતુ માણસને માટે પચાસ કામ પડ્યા હતા. જ્યારે ગામમા કોઈ મજૂર ના મળે ત્યારે લોકો આ બાપદીકરાને કામે રાખે. આ બાપદીકરાના સંતોષ અને સંયમ ભલભલા તપસ્વીને પણ ટપી જાય તેવા હતા. એમની મિલકત બોડા માટીનાં વાસણ અને ફાટેલા ગાભા હતા. એમને માથે દેવતો ભાર હતા તો યે તેઓ ચિંતામુક્ત હતા. અપમાન કે દુઃખ એમને સ્પર્શ કરી શકતા નહોતા. તેઓ દેખાવમાં બોવા ગરીબ અને નરમ હતા અને મોંના બોવા મીઠા હતા કે ગામલોક જાણતા હતા કે એક પાઈ પણ પાછી મળવાની નથી તો પણ તેમને વારવાર બોડા પૈસા ઉછીના આપતા હતા. ઘીસુ અને માધવ કોઇના બોતરમાંથી લાર્ડ લીધેલા બટાટા કે વઘારણ ઉપર દહાંગ કહાડતા કે બોરી લીધેલી બોરડી ચૂંગીને દહાડો કહાડી નાંખતા હતા. આમ ને આમ બે તો સાઠ વરસ કહાડયા હતા. દીકરો પણ બાપને પગલે ચાલતો હતો. અને બોડીપણામાં તો બાપ કરતા સવાયો હતો. આ સમયે તેઓ આખા તાપણામાં બટાટા શોકતા હતા. ઘીસુની વહુ તો વર્ષો ઉપર મરી ગઇ હતી. માધવ બાંગરી સાથે પરણ્યો હતો. એની વહુએ ઘર કાંઇક રીતમાં આણ્યું હતું. બે જણની કામગરી હતી. અબોલા દહાડો રોટલું કરીને ત્રણે જણનું બે પેટ ભરતી હતી. પરિણામે બાપદીકરો વધારે આળસુ બન્યા હતા. ગોબરામા અભિમાન પણ આવ્યું હતું. હવે તો કોઈ મજૂરીએ બોલાવે તો બે બોડા રૂપિયા માંગતા હતા. જે બાકીનું એમને માટે આટબાટનું કર્યું તે કહ્યતી હતી, બીમો પાડતી હતી, પણ આ લોકના

મનમાં તો એમ જ હતું કે એ જલદી મરે તો એમની ઉંમરમાં ખપેસ પડે નહિ!

ધીસુ રોકાયલો બટકા છોલતો હતો. એણે ફરીથી માધવને કહ્યું "તારી વહુની બહુર તો કહાડી આવ. મને તો લાગે છે કે એને કાંઇક વળગ્યું છે. ભૂવો તો રૂપિયો એક લીધા વિના ઉતાર નહી કરે." માધવના મનમાં એમ હતુ કે જો હું અહીંથી ઊઠયો તો બધા બટાકા બાપા પૂરા કરી નાંખશે. પણ મોટેથી બોલ્યોઃ "મને તો અંદર જતાં બીક લાગે છે."

"બીક શેની? હું આવડો મોટો અહીં બેઠો છું ને!"

"ત્યારે તમે જ જાવને!" માધવ બોલ્યો.

"તારી મા મરવા પડી હતી, તે દિવસે હું ત્રણ રાત સળંગ એના ખાટલા આગળ એકલો બેસી રહ્યો હતો. પણ આ તો વહુવારુ કહેવાય. એનુ મોં પણ મેં જોયું નથી. હવે હમણા હું એના ખાટલા પાસે જાઉં તો એની અત્યારની અવસ્થામા એ શરમાઇ મરે."

"એને બાળક આવશે તો આપણે કરીશુ શુ? આપણા ઘરમા નથી સુંઠ, નથી ગોળ, કે નથી તેલ" માધવે કહ્યું.

"ભગવાન સૌએ આપશે" ધીસુ બોલ્યો "તું તારે એમાં શ્રદ્ધા રાખીને આજે જે આપણને એક પૈસો પણ આપવા નારાજ છે, તે જ લોકો આવતી કાલે આપણને કેટલાએવાના કરીને પૈસા આપવા એમની મેળે આવશે. આ ઘરમાં નવ બાળકોના જન્મ થઇ ગયેલાં છે. દરેક વેળાએ જેની જરૂર પડી તી તે સઘળું આવી મળ્યું હતું. આ વેખતે પણ ભગવાન બધુયે આપી રહેશે."

ધીસુની માન્યતાઓ આવી હોય એમા કાંઇ નવાઈ નવાઈ નહોતી. એની આજુબાજુ રહેનારા એના જેટલાંજ ગરીબ હતા. એમ ના ધણા ખરા કરતા એની બુદ્ધિ કાંઇક વધારે હતી ધનવાનોને ઘેર ફેરાઆટા કરનાર સાથે એની બેઠક હતી. પણ એની પોતાની રીતભાત જુદી તરેહની હતી. આ લોકોની ઓળખાણમાંથી પૈસા પેદા કરવાની એની વૃત્તિ નહોતી. આ ગુણને લીધે મી એને થોડી ઘણી મદદ જરૂર પડે કરતા હતા. એના મનમાં એક વાતે સંતોષ હતો. જ્યારે એ અનિશ્ચય તાણમાં હોય, અને કાંઇ પણ કમાણી એને હોય નહિ, ત્યારે પણ એની સ્થિતિનો કે એના બોળપાનો લાભ કોઇ લઇ શકે તેમ નહોતું

ધીસુ અને માધવ બન્ને જણ, તાપણીમાના બટાકા અણધટની ઉતાવળથી મોંમાં રોકાયલા હતા પેલો મારા કરતા વધારે બટાકા ખાઇ જાય નહિ એમ એ દરેકના મનમા હતુ. એમ કરતાં કરતા ગળ અને ગળે ઉન્હા બટાકાના ડામ પડે કે આખમાં પાણી આવી જાય, તેની તેમને પરવા નહોતી. મુદ્દો એ હતો કે ગમે તેમ કરીને પણ વધારે બટાકા પેટમાં નાંખવા. ધીસુ આ વખતે વીસ વરસ જૂની એક વાત યાદ કરીને માધવને કહેતો હતો "ગામના જમીનદારને ઘેર લગ્ન હતુ, અને મે તો ખાધાજ કર્યું. એટલુ ખાધું કે ઊભાયે થવાય નહિ." આ વાત સાભળીને માધવના મોમા તો પાણી છૂટયુ અને બોલ્યો "હવે કેમ કોઇ આમ જમાડતુ નહિ હોય?"

"સમો બદલાઇ ગયો." ધીસુ બોલ્યો "હવે તો લોકો આવે સમયે ખર્ચ ઓછો કરવાની વાતો કરે છે પણ આપણા કુટુંબનુ ભાડું ઓછુ કરવાની વાત કોઇયે કરતુ નથી"

"તમે તે દહાડે વીસ પૂરી-ખાધી હશે." માધવે પૂછ્યુ.

"એથી તો વધારે." ધીસુએ જવાબ આપ્યો.

"હું જો તે દહાડે ત્યાં હોત તો હું પચાસ પૂરી ખાત"

"અત્યારે મને યાદ નથી કે મે કેટલી પૂરીઓ ખાધી હશે પણ પચાસથી ઓછી નહિ હોય. તું આજે છે, એ કરતા તે દિવસે હું વધારે જોમવાળો હતો."

ઝટકા પૂરા થઈ ગયા એટલે આ બે જણા સાપની માફક ગુંચળું વળીને તાપણા આગળ ઊંઘી ગયા. બુધીના કરાંજવાનો અવાજ તો ઘરમાંથી થોડી થોડી વારે આવ્યા જ કરતો હતો.

(૨)

વહાણું વાયું ત્યારે માધવ ઘરમાં ગયો. એની સ્ત્રી મરણ પામી હતી, શ્વાસ તાલુ પડી ગયુ હતું, આંખો ફાટેલી હતી, અને આખે શરીરે ગંદવાડ હતો. એણે મરેલા બાળકને જન્મ આપ્યો હતો. એ તરત બહાર દોડી ગયો અને ધીમુને બધી બીના જણાવી. પછી બન્ને જણાએ છાતી અને માથાં કૂટીને મોટા ધાંટા પાડી રડવા માંડ્યું. એમનું કકલાણ સાભળીને આજુબાજુથી લોકો દોડી આવ્યા અને એમને જૂના રિવાજ પ્રમાણે દિલાસો આપવા લાગ્યા. રડારોળ કર્યા પછી એ બન્નેને છેલ્લા સંસ્કાર માટે વિચારો આવ્યા. ઘરમાં તો કશું યે નહોતું. કોડી જોઇશે, રાબને ડાઘવા ચાદર જોઇશે, અને બધી ક્રિયા કરવી પડશે. બાપ-દીકરો જમીનદારને ઘેર ગયા. એ તો આ બન્નેથી કંટાળેલો હતો. કામ માથે લઇને પછી આવે જ નહિ એવી નાનીમોટી ચોરીઓ કરે એટલે એમને જોઇને જ એ તો તતડી ઊઠયોઃ "કેમ અલ્યાઓ! અત્યારના પહોરમાં ક્યાથી ? કેટલાએ દિવસોથી મોં પણ બતાવ્યું નથી. શું ગામ છોડી જવાનો ઇરાદો છે ?"

ધીમુએ નીચા નમી નાકલીટી તાણી અને આસુવાળી આંખ સાથે કહ્યું: "બાપજી, અમારે માથે તો દુઃખની ઝડીઓ પડી છે. આ માધવની બાયડી રાત્રે મરી ગઈ. આખી રાત એણે ચીસો-પર ચીસો પાડી. અમારાથી થયું એટલું બધું કર્યું. પણ અંતે એ તો ગઈ. અમે તો છેક નકામા થઈ ગયા. હવે કોઇ વધી અવળવે એવું એ ના રહ્યું. અમે તો તમારા ગુલામ છીએ. અમને તમારા વગર કોઇનો આસરો નથી. એનું મરણ સુધરે એટલા માટે તમારી પાસે આવ્યા છીએ. રાત તો હજી ઘરમા પડયું છે. રમકાને લઇ જવા માટે કાંઇક બંદોબસ્ત કરી આપો."

૧૯૮૫ના

પ્રગતિ સૂચક આંકડાઓ

ચાલુ કામકાજ રૂા. ૨૧ કરોડથી વધુ

કુલ આવક રૂા. ૧૩ લાખથી વધુ

લાઈફ ફંડ રૂા. ૩૭ લાખથી-વધુ

ઉદાર શરતોથી લાગવગવાળા ગૃહસ્થોને એજન્સી આપવામાં :: આવે છે ::

બોનસ

દર હજાર રૂપીઆના વીમા ઉપર દર વર્ષે રૂા. ૭-૮નું ઈન્ટરીમ બોનસ

ધી બોમ્બે કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી લી.

સર ફીરોજશાહ મહેતા રોડ, મુંબઈ.

એમ તો જમીનદાર દયાળુ હતા. પણ ધીસુને મદદ કરવી એ કાળા કામળા ઉપર રંગ ચડાવવા જેવું હતું. એને ધક્કો મારી કહાડી મૂકવાનું એને મન થયું, પણ એ વખત વિચારી ગયા, કાંઈ બોલ્યા વિના પોતે પોકેટમાંથી બે રૂપીયા કહાડીને એમના તરફ ફેંકયા. ન આ લોકોને દિલાસો આપ્યો કે ન દયાના બોલ કહ્યા. એ લોકો ગયા ત્યારે જમીનદારે છુટકારાનો દમ બેંચ્યો.

જમીનદારને ત્યાંથી નીકળી ધીસુ બીજા ગામ-લોકને ત્યાં ગયો. અવસર એવો હતો કે સૌને એની દયા આવી અને પાંચ રૂપિયા ભેગા થયા, ધીસુ અને માધવ કફનની ચાદર લેવા બજારમાં ગયા. એટલામા બધાએ વાંસડા ભેગા કરીને એ ચીરીને ઠાઠડી તૈયારી કરી. બૈરા પણ આજુબાજુથી આવીને ભેગા થઈ ગયા. રાજ સ્ત્રીનું હતુ એટલે એને નવાડીને બધું રીતસરનું કરીને એ સ્ત્રીઓ ચાલી ગઈ.

(3)

માધવ કાકીની ગોઠવણ કરીને અન્દરમા ધીસુને કહેવા ગયો. એની વાત સાભળીને ધીસુ બોલ્યો "ચાલો ત્યારે, હવે કફનની ચાદર માટે સસ્તુ કપડ શોધીએ."

"હા, હા, સસ્તુ ચાલશે. કકેરી ઉપાડતા જરૂર મોડું થશે, અને મુરજ આથમશે, એ વખતે સસ્તુ કે મોંઘું કોણ જોવાનુ છે ?"

"શબને નવું લુગડું ઓઢાડવાની રીત વળી કોણે કહાડી હશે ? એ બચારી જીવતી હતી ત્યારે તો એને કોઇએ ફાટેલો ગાભોએ આપ્યો નથી !"

"અને વળી આ નવું કપડું ચિતામાં બાળી દેવાનુ !"

ધીસુ બોલ્યો : "આટલા પાંચ રૂપિયા એના જીવતાં આપણને મળ્યા હોત તો એની દવાયે થાત."

બાપ દીકરો સાંજ પડતાં સુધી દુકાને દુકાને રખડયા. રેશમી કકડા જોયા અને સુતરાઉ પણ જોયા. પણ એમની નજરમાં એકકે કકડો ન આવ્યો. બાપને એ બન્ને એક જગાયે ઊભા. લોકજનેગે સામે જ કલાલની દુકાન તરફ ગયા અને અદર પેઠા. પહેલાં તો એમને કાંઈ સમજ પડી નહિ. પણ પછી ધીસુએ એક શીશો લીધો. ભજીઆ અને શીંગદાણા પણ લીધા અને પછી નિરાંતે ઓટલે બેસીને પીવા માડયો. બે ચાર ઘુંટડા ગળે ઉતર્યા એટલે એમનું મગજ તેજ થયું. ધીસુએ ફરી પાછું કહ્યું કે કફન માટે કપડું તો નકામું છે.

માધવે ઉચે આકાશ તરફ જોયું અને બોલ્યો : "દુનિયા એમજ ચાલે છે. નહિ તો લોક. બાલ-બોનને હજારો રૂપિયા શેના આપતા ! કોણ ઉપર જઈને તપાસ કરી લાવ્યું છે કે મરનારને આ રૂપિયા મળે છે !"

ધીસુએ જવાબ આપ્યો : "એ બધા પાસે તો પૈસા વધારાના પડયા છે. આપણી પાસે તેમ નથી."

"લોક પૂછશે કે ચાદર કયાં છે, ત્યારે શો જવાબ આપશો ?"

ધીસુ હસ્યો અને બોલ્યો : "કહીશું કે પૈસા પડી ગયા. અત્યાર સુધી બોલ્યા પણ જડયા જ નહિ. ભરે એ લોક આપણું કહેવું માને નહિ. પણ એના એ પાછા પૈસા આપશે."

બે જણા પાકા ખુશ હસ્યા. ફરી પાછુ નસીબ ઉઘડશે એ આશાએ તેમને આનદ થયો. માધવે કહ્યું "એ બચારી બહુ સારી બાઈ હતી. છેક છેલ્લા દહાડા સુધી એણે ઘરનું કામ કર્યું હતું."

વાતવાતમાં અડધો શીશો તો પૂરો થયો. ધીસુએ પાસેની દુકાનમાથી બશેર પૂરીઓ, શાક અને અથાણું લીધું. પાંતરા ઉપર આ ખાવાનું આવ્યું. હવે તો ઘણા ખરા પૈસા વપરાઈ ગયા અને થોડું પરચુરણ જ રહ્યું. બે જણ આ ખાવાના ઉપર તૂટી પડ્યા. ઘરમાં ખાવા થયું હતું અને રાબ હજી પણ હતું તે સમયે

આ તેમની રીતભાતથી કોણ શું કહેશે એની એમને પરવા નહોતી. એવી લાગણીઓની નજાકત તો એમણે કયારનીએ તજી હતી.

ધીમુ બોલ્યોઃ "હાશ, હવે આપણે ધરાયા. મરનારના આત્માને પણ હવે શાંતિ થઈ હશે."

માધવે આ વાતને ટેકો આપ્યો. આંખો મીંચી, માથું નમાવી, હાથ જોડી, એ બોલ્યોઃ "એ ભગવાન! તું તો અંતર્યામિ છું. તું સૌના મનની વાત જાણે છે. તું એને સ્વર્ગમાં જગા આપજે એવી અમારી અંતરની પ્રાર્થના છે. આવી ઉજાણી અમે જિંદગીમા કદી યે જોગવી નથી."

એક પળવારમાં તો માધવના મનમાં શંકા ઊભી થઈ. "બાપા! એક દી' આપણે પણ ત્યાં જઈશું ને!"

ધીમુ તો તત્કાળના આનંદમાં એટલો મસ્ત હતો કે ભવિષ્યની વાતો કરીને એ આનંદ ગુમાવવા માગતો નહોતો. એ કાંઈ જ બોલ્યો નહિ.

"આપણે ત્યાં જઈએ અને એ પૂછે કે માના શબને તમે ચાદર કેમ નહોતી ઓઢાડી તો આપણે શો જવાબ આપીશું?" માધવે પૂછ્યું.

"શો જવાબ આપવાનો છે!" ધીમુ બોલ્યો.

"પણ આવો સવાલ એ પૂછ્યા વિના નહિ રહે."

ધીમુ અકળાઈ બોલ્યોઃ "પણ તું શા ઉપરથી કહે છે કે એને રીનસરની ચાદર નહિ હોય? શું મેં સાઠ વરસ નકામા કઢાવ્યા છે? તું કાંઈ ભરોસો નથી. તું જોતો ખરો. એને કફનની ચાદર હશે જ હશે."

માધવે અચકાતા પૂછ્યુંઃ "પણ એ હવે કોણ આપશે? ભેગા પૈસા તો તમે બધાય વાપરી નાખ્યા. એ સવાલ બધા પૂછશે મને જ. લગન વેળાયે એની સેંથીમાં કંકુ મેં નાંખ્યું'તું."

ધીમુએ ફરી ભાર દઈને કહ્યું કે ચાદર ઢંકાશે જ.

"પણ કહો તો ખરા કે ચાદર લાવશો કયાંથી? એને માટે હવે પૈસા વધ્યા કોણ?"

"જેમણે પહેલા પૈસા આપ્યા હતા, એના એ લોક ચાદર લાવી આપશે. હા, એટલું ખરું કે હવે એ કોઈ આપણા હાથમાં પાછે નહિ મૂકે."

આ કલાલખાનાની દયામાં જ ઉતરેલા હતા. ત્યાંનો વાયુ પણ માદક હતો. આ લોક ત્યાં ફકત દારૂ પીવા નહોતા આવ્યા પણ કલાલખાનાનું આખું વાતાવરણ તેમને ત્યાં ઘસડી લાવ્યું હતું. જિંદગીની ચિંતા અને નાનીમોટી માથાકૂટો ભૂલી જવા એ લોકો ત્યાં આવ્યા હતા. ઘણી વાર તેઓ આ વાતોમાં એવા મશગુલ થઈ જતા હતા કે પોતે જીવતા હતા કે નહિ, તેનો ખ્યાલ જ તેમને રહેતો નહિ.

આ બાપદીકરો બહુ નસીબવાન હતા. ઓટલે બેઠા બેઠા, દારૂ ચૂસતા તેમને સૌ જોઈ શકતું હતું. એ બેની વચમા ભર્યો કાશેરો હતો. એમાંથી થોડી થોડી વારે બે જણ સહેરથી વારાફરતી ઘુંટડો લેતા હતા. માધવનું પેટ ભરાયું એટલે આટીનું પાનવામાં રહેલું બાવાનું એણે ત્યાં ઊભેલા એક ભીખારીને આપી દીધું. કયારનો એ આ ભીખારી, ભૂખી આંખે એમના સામું જોતો તો ઊભો રહ્યો હતો. જિંદગીમાં પહેલી જ વાર કોઈ કાંઇક આપવાનો આનંદ માધવે જાણ્યો. ભીખારીએ આશીષ આપી એટલે ધીમુએ કહ્યું: "ભાઈ! ધરામને ખા. અને આજે આ પ્રસંગ જેને લીધે છે, તેને તારા અંતરના આશીર્વાદ આપ. તારા આશીર્વાદ એને જરૂર પહોંચશે."

"બાપા! એ જરૂર સ્વર્ગે જશે. અરે એ તો સ્વર્ગની રાણી થશે રાણી." માધવ બોલ્યો.

ધીમુ તો જાણે કરીઆમાં ડોસલો હોય એમ બોલ્યોઃ "હા, દીકરા, હા. એ સ્વર્ગે નહિ જાય તો બીજું જશે કોણ! જીવતાં એણે કોકને જરાયે દુઃખ દીધું નથી. મરતાં એણે આપણી મનોકામના સિદ્ધ કરી. આ ખાવાનું! આ પીવાનું! એ સ્વર્ગે નહિ જાય તો શું પેલા દુંડાળાઓ, ગરીબોને રહેંસતા

તાજા બનેલાઓ, કાશીયે જઈને પ્રાયશ્ચિત્ત કરે અને મંદિરમાં ભેટ ચડાવે એટલે એ લોક જશે !"

પણ આ શ્રદ્ધાભર્યો આનંદ અને આશાને બદલે તરત જ એ બે ચિંતામાં ગરકાવ થઈ ગયા. એમના હૃદય ઉપર કાંઈક ભાર આવ્યો.

"પણ બાપા ! એણે બાપડીએ બહુ દુઃખ વેઠયું. એનું જીવતર દુખમાં ગયું. અને મરતી વખતની એની વેદના અપાર હતી." આટલું બોલતા બોલતા તો માધવ મોકળે મને રડી પડ્યો.

ધાસુએ એને દિલાસો આપ્યો. એને વાંસે હાથ ફેરવ્યો અને કહ્યું: "બેટા એ તો દુખમાંથી છૂટી. અને આ સંસારની માયાની જાળમાંથીએ છૂટી. આ પ્રસંગ રડવાનો નથી."

એકાએક એ બન્ને જણા ગેલમા આવી ગયા અને ભજન લલકારવા મંડી ગયા.

અતે નશામાં ને નશામાં ઊભા થઇને પુદડીઓ ફરતા, એકબીજાને તાળી દેતા ફરી ફરી એ કડીઓ બોલવા લાગ્યા અને અતે ભમ દઇને રસ્તા ઉપર ઢળી પડ્યા.+

+શ્રી. પ્રેમચંદજીની હિંદી વાર્તાના શ્રી. ગુરદયાળ મલિક કરેલા અંગ્રેજી ભાષાંતર ઉપરથી ઉતારેલી વાર્તા.

કાસમઅલી જી. મર્ચન્ટ

સાહેર લુધયાનવી ઉર્દૂ ભાષાના નવા કવિ છે. એમનો કાવ્ય-સંગ્રહ 'તલ્ખીયાં' (કડવાશ)ના નામે પ્રસિદ્ધ થઈ ચૂકયો છે અને એની એક વર્ષમાં જ બે આવૃત્તિઓ બહાર પડી છે. ઉર્દૂ કાવ્યસાહિત્યમાં એમનું સ્થાન અનોખું છે. એ આ યુગના નવતર પ્રગતિવાદી લેખકો અને સાહિત્યકારોમાંના એક છે. એમનાં કાવ્યોનો પ્રધાન સૂર નિરાશા છે. દુનિયાની વાસ્તવિકતાઓ અને આજના યુગના માનવસમાજના દુઃખદર્દો, યુવાન હૃદયની સળગતી આશાઓ અને આકાંક્ષાઓનું સુરેખ પ્રતિબિંબ એમનાં કાવ્યોમાં નજરે પડે છે.

અહીં 'ફનકાર' નામના એક કાવ્યને રજૂ કરું છું:

એક યુવાન કવિ છે, પ્રેમી છે અને ગરીબ છે. એ કહે છે:—

'મૈંને જો ગીત તેરે પ્યારકી ખાતીર સીખે
આજ ઉન ગીતોંકો બાજારમેં બેચને લે આયા હું'

—મેં જે ગીતો તારા પ્રેમના ખાતર લખ્યા હતાં એ ગીતોને આજે હું બજારમાં વેચવા લઈ આવ્યો છું.

"આજ દુકાનપે નીલામ ઉઠેગા ઉનકા
તૂને જિન ગીતોંપે રખી થી મુઝે જન્નતકી અસાસ
આજ ચાંદીકે તરાજૂમેં તુલેગી હર ચીજ
મેરે અફકાર-મેરી આહેરી-મેરે અહસાસ'

—આજે દુકાનમાં એ ગીતોનું લીલામ થશે જે ગીતો પર તેં તારા પ્રેમની મોહર મારેલી હતી, અને આજે ચાંદીના ત્રાજવામાં—એટલે કે રૂપિયા આના પાઈમાં—બધી વસ્તુઓ તોળાશે—મારા વિચારો, મારા ઉમળકો—મારી લાગણીઓ.

એ આગળ કહે છે—

"તૂને તેરી જાનકો મનસુખ યે ઉન ગીતોંકો
મુફલીસી-ઝખ્મ બનાને પે ઉતર આઈ હૈ
ભૂખ-તેરે રૂખે રંગીનકે ફસાનેકે ઉવજ
ચંદ અશ્યાએ જરૂરતકી તમન્નાઈ હૈ"

—જે ગીતો ફક્ત તને ઉદ્દેશીને લખાયેલાં હતાં, જે ગીત ફક્ત તારા નામ સાથે જ સંકળાયેલાં હતાં એ ગીતોને મારી ગરીબીએ અન્તરમાં વેચાની એક સામાન્ય વસ્તુ બનાવવા પર મને લાચાર કરી દીધો છે, અને મારી ભૂખ તારા સુંદર વદનના વર્ણનોના બદલે જરૂરતની થોડી ચીજોની આશા રાખે છે.

પછી એ કહે છે:—

"દેખ! ઇસ અરસ ગાહે મહેનતો અરમાયેમેં
મેરે નગમોંકી મેરે પાસ નહીં રેહ સકતે!
તેરે જલ્વે કાસી જરદારકી મીરાસ બની!
તેરે ખાકે ભી મેરે પાસ નહીં રેહ સકતે!"

—જો! આ મુડી અને મહેનતના સંઘર્ષણના યુગમાં મારાં ગીતો પણ મારી પાસે નથી રહી શકતા, એને પણ આ મુડીવાદીઓ પોતાના સકંજામાં જકડી લે છે.

તારાં દર્શન કોઈ શ્રીમંતની અંગત મુડી ભલે હોય! પણ તારા સૌંદર્યના-તારા લાવણ્યનાં રેખાંકનો પણ મારી પાસે નથી રહી શકતા. એને પણ આ લોકો મારી પાસેથી છીનવી લે છે.

"આજ ઉન ગીતોંકો બાજારમેં બેચને લે આયા હું
મૈંને જો ગીત તેરે પ્યારકી ખાતીર સીખે"

—આજે હું એ ગીતોને બજારમાં વેચવા લઈ આવ્યો છું, જે ગીતો મેં તારા પ્રેમના ખાતર લખ્યા હતા.

કવિ-કથાઓ

મૂળરાજ અંજારિયા

એવડાની વાત

હમણાં હમણાં ગુજરાતમાં મુશાયરાની ઋતુ ઠીક ફાટી નીકળી છે ને તેમાં સારી સારી ગઝલો પણ સારા પ્રમાણમાં રજૂ થાય છે. સાંભળનારાઓને એ ગઝલોમાંથી કોઈ શેર સારો લાગે તો "હુનારા" કહી કવિને "વન્સમોર" આપે છે એટલે કવિ તે બેવડાવે છે. આ પ્રથા માટે એક કવિમિત્ર ફરિયાદ કરતાં લખે છે કે, "આપણા શાયરો આમ નાટકીઆ એકટરોની કક્ષા પર તેમની જાતને મૂકી દઈ શા માટે કડીઓ બેવડાવવાનું પસંદ કરતા હશે?"

એ કડીઓ બેવડાવવા પાછળનું કારણ એ સાંભળી આનંદથી બેવડ વળી જતા શ્રોતા હોય કે પછી શાયરીમાં વારવાર આવતી "બેવડા"ની રંગીન વાતો પણ કદાચ હોય!

હવે પછી થનારા મુશાયરાઓમાં શાયરોનાં મ્હોં જોઇને નહિ પણ તેનાં મ્હોં સુધીને પછી તેમને દાખલ કરવામાં આવે તો વધુ માહિતા મળી શકે!

●

કવિની ખુમારી

ભાવનગરના સદ્‌ગત મહારાજા સર ભાવસિંહજી એક વિલક્ષણ પ્રકારના રાજવી હતા. માણસની કિંમતનું માપ કાઢવાની તેમનામાં શક્તિ હતી.

એમની પાસે કેળવણી ખાતાના એક અમલદાર વારંવાર જતા-આવતા. મહારાજા સાહેબ પાણો પીને એ અમલદાર જો પાસે બેઠા હોય તો તેમના બેસથી પોતાનું મ્હોં લૂછતા. આથી એ ભાઈ પોતાને માન મળ્યું સમજતા!

એક પ્રસંગે શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ (સ્વ. કવિ "કાન્ત") મહારાજા પાસે બેઠા હતા અને મહારાજાએ તેમના બેસથી મ્હોં લૂછયું. શ્રી. મણિભાઈએ બેસ બભા પરથી ઉતારો તરત નીચે મૂકી દીધો અને "સાહેબ, એ હું નહિ." કહી સડસડાટ દાદરો ઊતરી ગયા.

એ પછી મહારાજાએ એમની કોઈ પણ પ્રકારની મઝાક કદિ કરી નહોતી ને એ વટવાળા કવિએ કદિ બેસ પાછો ધારણ કર્યો નહોતો!

●

—કિ બિસ્સેમેં એક પાઈ નહિ!

એક શાયર કહે છે:—

ઇસ લીએ તસ્વીર જના
હમને ખિંચવાઈ નહિ,
કિ નકશે ગુલમેં બૂએ ગુલ
આજ તક આઈ નહિ.

(અમોએ આજ સુધી એટલા માટે છબી પડાવી નથી કારણ કે ગુલાબના ચિત્રમાં કંઈ ગુલાબની સુગંધ આવતી નથી.)

તેના એક વિરોધી શાયરે તેને આ પરથી મેણું માર્યું:-

ઈસ લીએ તસ્વીર ભેજા
તુમને ખિંચવાઈ નહિ
હૈં મુફ્લિસ ઈસ કદર
કિ ખિસ્સેમેં એક પાઈ નહિ!

●

બળાનો પાક

એક સાહિત્યરસિક પટેલ મિત્ર સાથે પરિચય ગાઢ થતાં કવિ શ્રી ન્હાનાલાલ તેમનું દરેક પુસ્તક એમને ભેટ આપે. કિંમત આપ્યા સિવાય ઉપહાર ન સ્વીકારવાનો એ ભાઈનો સિદ્ધાંત હતો. અતિ આગ્રહપૂર્વક એ કવિને કિંમત આપે ત્યારે કવિ કહેતા: "અરે, ભલા માણસ, એ રહેવા દો; પટેલ થયા પણ રહ્યા અધુરા. પગોળ લેવાતાં તમારે ખેતરે કોઈ આવી ચડે ને તમે સુપડું કણ દો તેના દામ લ્યો છો? આ પણ મારા બળાનો પાક છે. એના કંઈ પૈસા હોય?"

કબર પરનું કાવ્ય

અમેરિકાના શીકાગો શહેરના કબ્રસ્તાનમાં એક કબર પર નીચેનું કાવ્ય બાંધી પર કોઇએ પોતાની લડકવાયી અન્ના પર લાંબી લીટીઓમાં લખ્યું છે.

"Here lies the body of our Anna,
Done to death by a banana;
It was not the fruit that laid her low,
But the skin of the thing that
did her go!

*

આંખ લડી તારી!

આંસુડાથી આર્દ્ર બને ની
ઉરના કોમળ ભાવ ભરેલી
પણ જન્મી કવિતાના જેવી
આંખલડી તારી!

—શ્રી મીનુ દેસાઈ

ઉરના કોમળ ભાવોથી ભરેલી આંખોથી આંખ લડી પછી કવિ, તમને બીજું જોઇએ પણ શું?



ચંડી બને છે સખી !

મોડી સાંજ સખી મહારી મુજ પાસે જ્યાહરે આવતી
પોતાના મહિલાસમાજમહીંથી આનંદગોષ્ટિ કરી
મારે સાંભળવી સદાય પડતી રેકર્ડ એની, (જતી
સામેની ઘડિયાળ આગળ ભલે વેગેભરી દોડતી !
ને ભટ્ટી મુજ પેટની ધખધખી છો ને રહેતી જરી !)
" સાહેલીગણ માહરું નિરખિયું છે ના તમે શું હતું ?
પેલી કટંપલતા ? રમા ? મધુરિકા-દક્ષા-સુધા માવતી
શું એકે ય ન જોઈ છે કદિ ય રસ્તેથી જતાં કે અહીં ?
સાચે ના નિરખી ? અરે, જીવન તો તો નાખિયું વેડફી !"
કિન્તુ હું કયતો જહીં,

"પ્રિયતમે ! એ સર્વ સાહેલીઓ
ના મેં કેવલ જોઈ, રે પણ સહુને કાવ્યવાર્તામહીં
આલેખી રસનો અનુભવ કરાવી અન્યને-આત્મને-"
ત્યાં તો, " શું ? ઉચર્યો કશું ? "

ગરજ્યો ચંડી બને છે સખી !"

હસિત બુચ





સા થી ને

ઓ દૂર સુદૂરના સાથી
ઓ જન્મણોના સંગાથી
ક્યારે મુક્તમિલનના મંડપમાં ભેટીશું ભાવે ?
ક્યારે અંતર અભિગત વહ્યું ચિરસંચિત પ્રીતનવે ?
આ ઉપવનમાં સંસારે
આ સ્નેહસરોવર આરે
વ્યક્ત થવા ચહતું ગીત મારું હૃદયવીણાના તારે
એની આરજૂ ઝીલવા તું આવીશ પ્રિયતમ ક્યારે ?
આ સૂના શાંત શયનમાં
રાત્રિના મંદ વદનમાં
પ્રસ્પંદે પ્રતિપલ અંતરમાં તારું સ્વાગત માગે
મુખરિત મૌન થયું ગીત અવિરત અભિલાષાનું જાગે.
તું આવીશ આજે આજે

જયન્ત પાઠક

જય વિયોગ

વસંત ન હતી છતાં ય સુમનો સુરંગી અહીં
પ્રફુલ્લિત થયાં, વહી સુરભિ માધુરી ચોગમે,
અચાનક ઉરે ઝણી સુર સુરાવલી પ્રેમની
સુમેળ શુભ ત્યાં થયો, પ્રકૃતિ એ જ સાક્ષી હતી!
પ્રતીપ પથના અમે જીવન માર્ગપે ઘુમતાં
પરસ્પર વિરધિથી પ્રણય દોરનાં બંધને
સુસંગત થયાં, સમુલ્લસિત સ્નેહ–સૌહાર્દથી
નિરંતર નવા વિકાસમય બીજ નાખી મહી!
છતાં મધુર જીવને વિષમતા, નિરાશા વસી!
કદીક ફળશે નકી સુભગ ભાવની એષણા!
સુણો અરજ: ખેલતાં હરહમેશ શૈવ જના,
મને સતત દુઃખ દો, ન સુખની મનીષા જરી
પછી ન ભૂલશો પ્રભો! જય વિયોગ ઘાની ઝડી!
વિયોગ, દુઃખ ને વિનાશ શુભ ચિન્હ ઉત્ક્રાંતિનાં!

રમણ પટેલ

વિરાટની પંક્તિ

સમુંદરનું મંદ્ર ગર્જન હતું, હતી ચાંદની
વિશાળ પર વેળુકા હતી, હતાં દ્રુમો ઝૂલતાં,
હુંફાળી હતી મંદ વાયુતણી ફરફરો ચે, અને
પ્રસન્ન સ્મિત શાંતિની ફરફરી રહી'તી ધન્ય.
વિમુક્ત જગ શોરથી પ્રકૃતિ ઉભરે તે સ્થળે
ઊભાં ઉભય તો હતાં અચળ દીપ રેખા સમાં
સુસાત્વિક ઉરે ન'તા પ્રકટ ઊર્મિ ઉન્માદ કો
ન'તા શબદ ભેદતાં પ્રકૃતિ વ્યાપી સૌદર્યને
હતી ફક્ત શુભ ઉજ્જ્વળ છટા ભરી નેનમાં.
યથા જળતી જ્યોતિ એક, ભળતી મહા જ્યોતમાં,
યથા જળધિ ઊર્મિ એક, ભળતી મહા વીચિમાં,
સુમિષ્ટ રણકાર એક ભળતો સુરોમાં બીજી,
તથા પ્રકૃતિની વિરાટ કવિતા મહીં આપણે
હતાં ભળી ગયાં સખી! લલિત પંક્તિઓ શાં તહા.

મધુકર રાંદેરિયા

હા કલ!

અહીં સંધ્યા કોઈ મૃદુ પગલી પાડી જતી નથી
ઉષાનાં સ્વપ્નો ત્યાં કયમ કરી પછી સંભવી શકે?
દિશા છે ધૂંધાળી તિમિર ભરતી વ્યોમ ફલકે
નિશાનાં તંબૂઓ સ્થળ સ્થલ તણાયા પ્રથમથી!

નથી પુષ્પો પુષ્પો સમ અહીં, નથી જીવ જીવ શાં
છતાં સૂતેલાં ના દૃગ ધુતિભર્યા ઉન્નત ફરો
ભણી જવા ચાહે પણ પડી રહ્યા ભૂમિ સરસાં
કહો શાને ઊઠો અયિ જગતનાં મારુત ઊઠો,

ચલો સૌએ સંગે જય પ્રલયના જંગ રમવા;
જગાવી આહ્વલેકો લય થઈ ગઈ ચેતન ધુતિ
ફરી પૂરી દેવા; ધૂત ધુનિ હજૂએ નથી ખૂટી
શિખા તાજી, દીપે અધિક તર ઉત્કઠ ઝગવા!

મશાલે ચાલો એ શયિત પથ ઉદ્યુક્ત કરીએ
સ્વસ્વામ્યો ને પોતા થકી વધુ ગણી રક્ષી મરીએ.

નટવર દેસાઈ

કલ્પના

નવલ્પનાની નવરંગ રંગોળી
માંહિ કવિએ અંગુલિ બોળી
કાવ્યમાં દીધું છે ઉરને રોળી, — સ્વપ્નની ચોગમ કિંકિણી વાગી,
પૃથ્વીને સ્વર્ગની આબૂ જાગી,
દિશાએ દિશામાં કલ્પના જાગી !

વાદળમાં ચડયા ભવ્ય મિનારા,
નિંદમાંથી નેણ બોલતાં તારા,
ભાવનાના ઉડયાં લાખ ફુવારા, — ઈન્દ્રધનુનાં રૂપ સુહાગી,
ગલીપચી કરે ઉરમાં જાગી,
રંગબેરંગી કલ્પના જાગી !

દૂરનાં ઉદયાં ચિત્ર રૂપાળાં,
આજના કોટિક પ્રશ્નનાં જાળાં,
ભરી રહ્યાં જડમૂળ ઉચાળા, — ઉપમા ઠમકી ને ગડભાગી
આવતી કાલની ઝાંઝરી વાગી,
હર્ષ છલોછલ કલ્પના જાગી !

મેલાંઘેલાં શિશુ માંહિ ચગેલાં
કવિનાં અંતરે કૈંક દિઠેલાં
આવતી કાલનાં આદર્શ ઘેલાં — નાગરિકો તણાં ચિત્ર સુહાગી,
ભાવિની જાણે બંસરી વાગી,
કવિ-દીકીમાં કલ્પના જાગી !

ત્યાં તો અચાનક કલ્પનાની ગતિ
થંભી ગઇ કવિ-રોષથી કંપતી,
રોતા નિજ શિશુવૃંદની સુણતી — માંદલી કીકીયારી વણભાંગી,
સંતતિની દીઠી જોજ અભાગી
ત્યાં તો કવિની કલ્પના ભાગી !

સ્વર્ગના આબૂપણો સહુ ત્યાગી
ધરતીની નરી નગ્નતા જાગી
થાક ખાતી આંખ રહી છે તાકી; — શૂન્યતા ચોગમ ઊઠતી લાગી,
કલ્પનાની મિઠી ભ્રમણા ભાંગી,
મોતી-હીણાં રહ્યાં છીપલાં બાકી !

કાન્તિ વડોદરીઆ

આશાનું ગીત

ગીત આશાનું ગાવું,
ભાઇ ગીત આશાનું ગાવું !

જીવન આભ હો કાજળ કાળું વરસે દુ:ખની ધારા,
સઘન શ્યામળ વ્યોમમા આશા વીજના જો ચમકારા,

એના રૂપેરી દોરે ધાવું,
ભાઈ ગીત આશાનુ ગાવું !

મૃત સ્વપ્નોને વિસ્મૃત કરવા, નવ ઉરે ભરવાના,
વિજન પથ ને સ્વજનહીન છો, આશ નહીં તજવાના;

શ્રદ્ધાને સાગર ના'વુ,
ભાઇ ગીત આશાનુ ગાવું !

પથપે ઉન્હા વાયરા વાયે, વટોળિયા દિશ છાતા,
એમાં શીતળ ટહેરખી પેખી મેળવવી ઉર શાતા;

એ ના થી યે હુ ર ખા વું,
ભાઈ ગીત આશાનુ ગાવુ !

મરૂભૂમિના છીએ મુસાફિર જોવાની ના પગવાટ,
ધ્રુવ એ ધાણીએ ધપતાં આગળ કાપવી જીવન વાટ;

સહરા ખૂદતા જાવું,
ભાઈ ગીત આશાનુ ગાવું !

ઘેરા આશા ગીતથી ભાઇ આયખું આ ભરવાનું,
કદુ કટોરા મળે પીવાને—અમી એને ગણવાનું !

હસી ઘટઘટાવી જાવું,
ભાઈ ગીત આશાનુ ગાવુ !

રમણલાલ વ્યાસ

●

સાહિત્યકારો અને તેમના કૂતરા

સંપાદિત

એક એવી કહેવત છે કે, માનવે કૂતરા સાથે મૈત્રીનું સયોજન કર્યું ત્યારે સંસ્કૃતીની શરૂઆત થઈ. કૂતરા તરફનો પ્રેમ એ અંગ્રેજ લોકોમાં એક ખાસ ગુણ છે, અને એ પ્રેમ અંગ્રેજી સાહિત્યના લેખકોમાં ખાસ કરીને વિશેષ પ્રમાણમાં માલમ પડે છે.

અંગ્રેજી સાહિત્યમાં કેટલાક પ્રસિદ્ધ કૂતરા તરફના પ્રેમને લીધે એમનાં નામ અમર થયાં છે એવા દાખલા અસંખ્યો માલમ પડી આવે છે. બાયરનનો "બોટસ વેઇન" જે હાલમાં ન્યુસ્ટેડ એબ્બેમાં સૂતો છે તે સર વોલ્ટર સ્કોટના પ્યારા કૂતરા "હિમ્પેટ" અને "મેબ્બા" "કેમ્પ" મેથ્યુઆર્નોલ્ડના "ક્વિસ્ર" અને "જેટ્સ" તથા ચાર્લ્સ લેમ્બનો "ડાશ" આ કૂતરાઓ અંગ્રેજી સાહિત્યમાં અમર પાત્રસમા બની ગયા છે.

"મને લાગ્યું છે કે, મનુષ્યો એકબીજા સાથે વિનયી અને ઉદાર મનોવૃત્તિવાળા વ્યાપક ભાવનાવાન થાય એ પહેલાં તેઓ હમેશાં પોતાના પ્રાણીઓ તરફ વિનમ્ર અને વ્યાપક મનોદશાવાળા હોય છે." આ પ્રમાણે જોન ગાલ્સવર્થીએ લખ્યું છે. કૂતરાના ગુણ લક્ષણ વિશેનું એમનું સહાનુભૂતિભર્યું જ્ઞાન એમણે "Forsyte Sage"માં સરસ દર્શાવ્યું છે. એમા "બાલ્થાસાર" (Balthasat) જે મૈત્રીભર્યા અને ચીડીઅલ કૂતરાનું વર્ણન છે તે આબેહુબ કૂતરાનું પ્રતીબિંબ પાડે છે.

પરન્તુ, કૂતરાનું વિશિષ્ટ રીતે જીવન આલેખન અંગ્રેજી સાહિત્યમાં થયું હોય તો તે ડો. જોન બ્રાઉન મારફતે જ. તે એડીન્બર્ગનો શાણો સુબર્ગ તબીબ હતો. ઉત્તરની આ રાજધાનીના લગભગ બધા જ કૂતરા એમને ચાહતા હશે જ, અને એટલે જ એમણે "Rab and her freinds"માં દરેક આદમીએ કૂતરો પાળવો જોઇએ, એ સંબંધી ઘણાં સરસ કારણો જણાવ્યાં છે.

ડીંગ્સલી હમેશાં કૂતરા પાળવાનો શોખીન હતો. એમનો માનીતો કૂતરો શો સ્કોટલેન્ડનો નાનો શો "ડેન્ડી" હતો. આ કૂતરો વફાદારીપૂર્વક એમની સાથે હરવાફરવા જતો, શાળાએ જતો અને ભાષણો વખતે પણ સાથે જ રહેતો. ખુદ ડીકન્સ અને વ્યંગ લેખો લખનારો પોપ પણ પોતાના કૂતરાનું મન જીતી લે એવી રીતભાતોથી મોહી પડયો હતો. એમણે પોતાના એક મિત્રને લખ્યું હતું કે, "જેમ નાના બાળક તરફ આપણને ખેંચાણ વહાલ ઉત્પન્ન થાય છે, તેમજ મારો માનીતો કૂતરો પણ નાના બાળક શો પાતળો અને બધાં કરતાં સુંદર આકૃતિવાળો છે અને એની તરફ નાના બાળક જેવો પ્રેમ ઉત્પન્ન થાય છે. મિત્રોની બાબ્બાની દૃષ્ટિએ મિત્રતાનો જે કોઈ ઉમદા ગુણ કે તત્વ હોવું જરૂરી હોય, તે તે ગુણ સારા પ્રમાણમાં એનામાં રહેલો છે. હું બેસું છું ત્યારે તે જમીન પર બેસી જાય છે, હું ચાલું છું ત્યારે તે ચાલે છે. જે ઘણા મિત્રોના દાવા કરતાં વધુ છે....."

ડાયડનને પણ એક એવો વફાદાર કૂતરો મળ્યો હતો, જેણે તેને માટે પોતાનો પ્રાણ આપ્યો હતો. એમની ઉપર એક વેળા ધાડપાડુઓએ-લુંટારાઓએ હુમલો કર્યો હતો. આ લુંટારાઓએ એમની પાસે જે કંઇ હતું તે સર્વ લૂંટી લીધું હતું. કેવળ એની મોતાનું એક લોકેટ જ રહી શકયું હતું. આ વખતે એમણે પોતાના કૂતરાને બોલાવ્યો અને ફરમાન કર્યું કે, "જુનન! આ બદમાશોને પકડી પાડ!" આ કૂતરો એ લુંટારાઓ સામે ઝઝુમવા લાગ્યો અને પોતે મદદ મેળવવા દોડી ગયો. તે પાછો ફર્યો ત્યારે આ બહાદુર કૂતરો જખ્મી હાલતમાં પડેલો મળી આવ્યો એની ખૂબ સારવાર કરવામાં આવી, તેમ છતાં તે જીવી શકયો નહીં, અને છેવટે મરણ પામ્યો. પરંતુ ડાયડનને એટલો તો સંતોષ થયો હતો કે, એનાં ખૂન માટે

તેવસતા બે બદમાશોને ફાંસી મળી હતી એ કૂતરાના પ્રતાપે !

બાયરનનો એના ન્યુ ફાઉન્ડલેન્ડના પાળેલા કૂતરા તરફનો પ્રેમ ઘણો હતો અને અને વિષે એમણે ઘણી વાર ઉલ્લેખો કરેલા છે. એમનો આ કૂતરો "બોટસ વેધન" પહેલા તો લેડી બાયરનના પાળેલા કૂતરા "જીપીન" તરફ જરા દુશ્મનાવટભર્યો હતો. પણ પછી તો તેમને ખૂબ બનતું. એક વેળા "જીપીન" ને મોકલી દેવામા આવ્યો અને તે પછી તરત જ "બોટસવેધન" પણ અલોપ થયો. પાછળથી બોટસ-વેધન" "જીપીન"ને પોતાની સાથે લઈને જ પાછો ફર્યો. આ પછી તો તેઓ, ભારે મિત્રો થઇ પડયા હતા અને જ્યારે "બોટસવેધન"નું મરણ થયું, ત્યારે બાયરનને ઘણો જ શોક થયો હતો. પાચ વર્ષની ઉંમરે જ આ મરણ પામ્યો હતો. આ કવિએ લખ્યું હતુ કે, "બોટસવેધન મરણ પામ્યો ! ! ઘણું ઘણું સહીને એણે એ માર્ગ લીધો. પરન્તુ છેવટ લગી એણે પોતાની સ્વભાવગત નમ્રતા અને મીઠાશ છોડી નહિ..."

એલીઝાબેથ બેરેટ બ્રાઉનીંગ પાસે મજાનો કૂતરો હતો. એનુ નામ હતુ "ફ્લશ." એલીઝાબેથને મન આ આ કૂતરો જગતમાં ઉત્તમ હતો. એ લખે છે કે, "ફ્લશ જેવો કોઇ કૂતરો કયાય નહીં હોય."

સર વોલ્ટર સ્કોટ બધા કૂતરાઓને વહાલથી ચાહતા હતા. એણે કહ્યું છે કે, "કેમ્પ એ એવો શાણો કૂતરો છે કે એના જેવા બીજા કૂતરા ભાગ્યે જ મે જોયા છે. એને જે કઇ સ કેતમા કહેવામા આવે, તે તાળતોપ સમજી શકતો હતો." અને સર વોલ્ટરે જાહેર કર્યું છે કે, " તે કૂતરો બોલવા સિવાય બીજુ સઘળું કરી શકતો હતો." જે દિવસે "કેમ્પ"ને દાટવામા આવ્યો હતો તે દિવસે સ્કોટને એક ભોજન સમારંભમા જવાનુ આમત્રણ હતું પણ સ્કોટે એક ચિઠ્ઠી મોકલવાને કહેવરાવી દીધુ હતું કે, હું તમારા સમારભમા ભાગ લઇ શકું એમ નથી, કારણ કે, મારો એક અતિ વહાલો જૂનો મિત્ર મરણ પામ્યો છે.

સ્કોટને એના પડછંદ શિકારી કૂતરા "મેધમ" તરફ પણ ઘણું વહાલ હતું. એ ઘણો સમજુ અને

વિમો એ જીંદગીની જરૂરિયાત છે

પણ

ક્યાં ઉતારવો તે જ પ્રશ્ન છે.

જે સંસ્થાની મોટી થાપણ છે વિશ્વાસ ઉત્પન્ન કરે એવી ડાયરેકટરોની બોર્ડ છે -જેની કાર્યપદ્ધતિ ઝડપી અને વ્યવસ્થિત છે-એવી જ કંપનીમાં વીમો ઉતરાવવો જોઇએ.

સત્તાવાર થાપણ રૂ. ૧,૦૦,૦૦,૦૦
બહાર પડેલી રૂ. ૫૦,૦૦,૦૦૦
ભરપાઇ થયેલી રૂ. ૨૫,૦૦,૦૦૦

જીંદગી—આગ

દરિયાઈ—અકસ્માત

જયભારત

વીમા કંપની લિ.

૨૨, એપોલો સ્ટ્રીટ, મુંબઇ

ચાલાક હતો. એને લાગતું કે એના માલિકે ખૂબ લખી નાખ્યું છે. અને હવે એને માનસિક અને શારીરિક આરામની જરૂર છે, ત્યારે "ભેરુડા" પોતાના પંજા વડે દરવાજા પર ટકોરો કરવા મંડી પડતો, અને ફરવા જવા બહાર નીકળવાની માગણી કરતો, અને નાસ્તા વખતે તે શાંતિથી સ્કોટની ખુરશી પાસે લપાઈને બેસી જતો. પણ લેડી સ્કોટને એની અસામાન્ય વર્તણુંકથી રોષ ચડતો. તે માનતી કે આ કૂતરો ગાંડો છે. અલબત્ત એ એમ ધારતી હતી કે એક નોકર એને દૂર કરી નાખે, પરંતુ સર વોલ્ટર આ કૂતરાનો સ્વભાવ જાણતો હતો, એટલે એમણે હુકમ આપી દીધો કે, "નહીં, કૂતરાને દૂર ન કરવો ભલે તે બારી-બારણાં તોડી નાંખે કે બીજું નુકશાન કરે."

સર વોલ્ટર સ્કોટે એક વેળા કહ્યું હતું કે, "કૂતરાને પાળવામાં એક દુઃખ તો એ છે કે, તે જલદીથી મરી જાય છે. પરંતુ કદાચ એમ માની લો કે, કૂતરો ૫૦ વર્ષ સુધી જીવે છે અને પછી મરણ પામે છે, તો પછી મારી શી દશા થાય !"

પ્રજાનો પ્યારો લેખક રોબર્ટ લુઈ સ્ટીવન્સન, એડીનબર્ગમાં માતપિતાથી વીખુટા પડેલા એક બાલકના માબાપને શોધવા માટે વરસતા વરસાદમાં રાતના બે વાગ્યા સુધી ભટકતો હતો. તેને એક કૂતરા ઉપર અતિશય વહાલ હતું, અને એવું વહાલ હોય એ વિસ્મયજનક પણ નથી. તે જ્યારે જ્યારે ભોજન સમારંભમાં જતો, ત્યારે ત્યારે બોલતોઃ "હું ઇચ્છું કે, હું આ "બોબ" ને સાથે જ લઈ જાઉં." બોબ એક શરીર પર સુંદર કાબરવાળો કૂતરો હતો. આ કૂતરો એને એડીન્બર્ગમાંથી મળ્યો હતો. એક રાત્રે ભર વરસાદમાં આ કૂતરો પ્રીન્સેસ સ્ટ્રીટ પરના કેલેડોનીઅન સ્ટેશન પાસે દરવાજા આગળ બેઠો હતો; અને ત્યાંથી એમણે આ કૂતરાને સાથે લઈ લીધો હતો.

જે. એમ બેરીને પણ કૂતરાઓ માટે હૃદયમાં વહાલનો ખૂણો હતો. 'ધી લીટલ વ્હાઇટ બર્ડ' માં આવતો 'પોર્થોસ' એ આ લેખક પાસે રહેલા એક માનીતા કૂતરાનું જીવન પ્રતિબિમ્બ છે.

પુસ્તકમાં કૂતરાને અત્યાર સુધીમાં જે કોઇએ અતિ આશ્ચર્યજનક અંજલીઓ અર્પી હોય તો તે સર નેવીલ હેન્ડરસન છે, અને એ કૂતરાનું નામ "ફીપી" હતું. સર નેવીલ હેન્ડરસન જર્મનીમાં એક વખત એલચી તરીકે કામ કરતા હતા. "ફીપી" એ ઓસ્ત્રી-આનો ખેલાડુ કૂતરો હતો અને એને એમણે એ પાઉડ સને ૧૯૩૧માં ખરીદ્યો હતો. આ કૂતરો જર્મનીના બ્રીટીશ એલચી ખાતામાં જ રહેતો હતો.સને ૧૯૩૯માં બ્રીટીશ અલ્ટીમેટમ બાદ સર નેવીલે એલચી ખાતું છોડ્યું હતું. પણ "ફીપી" છ મહિના ક્વોરેન્ટાઇનમાં જીવતો રહી શકયો નહીં. તે મરણ પામ્યો, ત્યારે સર નેવીલે લખ્યું હતું કે: "મારા જીવનમાંથી કંઇક ચાલ્યું ગયું છે જે હું જાણું છું કે હું પાછું કદી મેળવી શકીશ નહીં."

કદાચ કૂતરા વિષે સહુથી સુંદર પ્રશંસા જે કોઇએ કરી હોય તો તે સ્કોટ છે. સ્કોટના "ધી ટાલીસ્મન"માં એ મળી આવે છે. એ લખે કે, પરમેશ્વરે આપણા આનંદો અને સંકટોના સાથીદાર તરીકે એણે આપણને આપ્યો છે. એનામાં પરમેશ્વરે ઉમદા સ્વભાવ અને ભારોભાર વફાદારી ભરી છે. એનામાં માનવબુદ્ધિનો હીસ્સો છે, પરંતુ માનવના જુઠાપણામાં એનો હીસ્સો નથી તે મનુષ્યનો કાયમનો સાચો મિત્ર છે.

કાવ્ય-કલ્પના

શ્રી સુદર્શન.....અનુ : નૌતમ

મહારાજ શ્રી હર્ષની ગણત્રી સંસ્કૃતના એ જગ-વિખ્યાત કવિઓમાં થાય છે, જેમના નામ અજર અને અમર છે. ભારતવર્ષમાં સૂર્ય અને ચન્દ્રમા સાથે હર્ષ પણ સદા જીવતા રહેશે. એમની કાવ્યકલ્પના જોઈને લોકો આજે પણ આશ્ચર્યમુગ્ધ બની રહે છે. એમણે ઘણો ખરો સમય કાવ્યરચનામાં જ ગાળ્યો હતો. એમને પોતાના રાજ્યની ય એટલી પરવા નોતી, જેટલી કવિતાની. શ્રી હર્ષ ઘણુંખરું કહ્યા કરતા—મારું અસલી રાજ્ય એ જ છે જેના ઉપર વિચારોનું શાસન છે. આ રાજ્ય છીનવી લેવાય, બદલાઈ જાય, નાશ પણ પામે, પરંતુ કવિનાનું રાજ્ય એવું રાજ્ય છે જેમાં કોઈ હસ્તક્ષેપ ન કરી શકે, એટલે સુધી કે એને મોતની ઠંડીગાર આંગળીઓ પણ કશી ઈજા નથી પહોંચાડી શકતી. મહારાજ પોતાની કલ્પનામાં તન્મય રહેતા, અને સૂર્ય ને ચન્દ્રમા, જીવન ને જ્યોતિ, પ્રેમ ને યૌવનની કદી નષ્ટ ન થનાર દુનિયાનાં સ્વર્ગીય સ્વપ્નાં જોયા કરતા.

એક દિવસ મહારાજ બાગમાં બેઠા હતા. સંધ્યાનો સમય હતો. આથમતા સૂરજના સોનેરી કિરણો ગુલાબના ખૂબસુરત ફૂલોની વિદાય લઈ રહ્યાં'તાં, અને પ્રકૃતિ-માતાનાં આ મનોહર બાળકોને ઉદાસીનતા દઈ રહ્યા તા. જેમ દરેક સ્ત્રી પોતાની સખીને ઘેરથી જતી વેળાએ એનાં બાળકોને કંઈ ને કંઈ આપવું પોતાનું કર્તવ્ય માને છે. ઉષાને-માતા પોતાની સાહેલીઓના વિયોગના વિચારે દુઃખી થઈ રહી તી, અને એના સુન્દર, સ્નેહપૂર્ણ ચહેરા પર વિષાદની કાળી રેખાઓ વધતી જતી તી. મહારાજ હર્ષ પ્રકૃતિનું ભાવોત્પાદક નાટક જોઈ રહ્યા-'તા અને લખી રહ્યા તા.

સહસા મહારાજની ચંદ્રમુખી કુંવરી ઉષા એમની સામે આવી ઊભી રહી. સાયંકાલના અન્ધકારમાં પ્રભાત-સૂર્યના ઉદય થયો. મહારાજ આ સમયે બીજી દુનિયામાં હતા. કોઈ અમીર, કોઈ મંત્રી, રાજ્યની કોઈ મહાનમાં મહાન ઘટના પણ આ આનન્દ-કાનનમાં પગ નોંતી મૂકી શકતી. આ એમની રાજસી આજ્ઞા હતી. પરંતુ પ્રેમને માટે રાજ્યના દ્વાર પણ બંધ નથી. એ હર જગ્યાએ પહોંચી જાય છે. મહારાજાએ ક્રોધમાં માથું ઊંચકયું, પરતુ રાજકુમારીને જોતાં જ એમના ક્રોધે મલકાટનું રૂપ ધારણ કરી લીધું.

ઉષાએ પોતાના કવિ અને મહારાજ પિતાને પુત્રીની પ્યારભરી દૃષ્ટિથી જોયા અને પછી પવિત્રતાની સાદાઈથી હસીને કહ્યું—"આખરે મેં તમને પકડી જ પાડ્યા ને! મહેલનો ખૂણે ખૂણો ઢૂંઢી વળી, સંગીત-મંડપમાં ગઈ, ચિત્ર ભવનમાં જોયું, પરંતુ તમે..."

એકાએક ભોજ-પત્ર દીઠા—અને અટકીને સંકોચથી માથું ઢાળી દીધું. પોતાની ભૂલ થઈ ગયાનો એને ખ્યાલ આવ્યો. એણે વિનય-ભાવથી મહારાજ ભણી જોયું અને કહ્યું: "પિતાજી! મને ખબર નહિ કે..."

મહારાજે એના આ શબ્દો ન તો સાંભળ્યા કે ન એને પોતાની વાત પૂરી કરવાની તક આપી. તેઓ ઊઠીને એની નિકટ આવ્યા, પિતૃ-વાત્સલ્યનો કંપતો હાથ એને માથે ફેરવ્યો અને વાત્સલ્યનો આ વશ કરી લેતો અમલ જારી રાખતાં બોલ્યા, "બેટા ઉષા, જરા સૂર્ય ભણી જો. તે પોતાનાં કિરણો સમેટીને કાળી ચાદરમાં મોઢું સંતાડી રહ્યો છે. એના કિરણો ફૂલોને માથે હાથ ફેરવી રહ્યાં છે, જેમ હું તારે માથે હાથ ફેરવી રહ્યો છું તેમ. મારા દરબારના કવિ પણ મારા ભાવ નથી સમજી શકતા, તેમ નથી એમની કને એ દૃષ્ટિ જે શબ્દોની સુન્દરતા જોઈ શકે. પરંતુ મને સંપૂર્ણ વિશ્વાસ છે કે તું મારી વાત જરૂર સમજીશ. તું મારી પુત્રી છે. તારું મન મારા મનના બીબામાં ઢાળેલું છે."

મહારાજે કવિતા સંભળાવી. રાજકુમારીએ કવિતા

સાંભળી, અને એની આંખોની ચમક અને હોઠોના મલકાટે મહારાજને ખાત્રી કરાવી દીધી કે દીકરીએ પિતાની કવિતાના ભાવ પૂર્ણ રૂપમાં સમજી લીધા છે.

ત્યાર બાદ બાપ-દીકરી બને સાંજના અંધારામાં મહેલે જવા રવાના થયા, અને ઉપાડ્યે પિતાની પૂઠ દેતાં એમની સાથે થઇ જવા મથતાં બાળપણની સાદાઈથી કહ્યું: "હું પણ કવિતા શીખીશ."

અને મહારાજ, જેમણે આજ પહેલાં પોતાની વ્હાલસોઇ પુત્રીની નાનામાં નાની વાત પણ કદી નામંજુર નોંતી કરી, મનમાં વિચારતા હતા: આને કવિતા કોણ શિખવશે? આ જુવાન છે. કુંવારી છે. આ તરફ કવિતામાં પવિત્રતા અને સંયમની સરિતાઓ વહેવડાવતા કવિ પણ કેટલા સાધારણ, વિષયવાસનાના કેવા ઉપાસક હોય છે એ સત્ય મહારાજ હર્ષ જેવા બુદ્ધિમાન્ અને પંડિત કવિ-સમ્રાટથી અછતું નોંતું!

(૨)

વર્ષાના દિવસ હતા. આકાશમાં કાળી ઘટા ગોરંભાઈ હતી, જેવી દુઃખી હૃદયો પર આશા છવાઇ રહે છે. આશાનાં આ વાદળાં કયારેક વરસે છે, કયારેક પવનના સપાટામાં આમતેમ ઊડી વિખારાઈ જાય છે. મહારાજ હર્ષના દરબારમાં એક સુંદર નવયુવક દંડી સન્યાસી આવ્યો, અને બોલ્યોઃ "રાજન્, અમે રમ્યા સંન્યાસી, ત્રણ દિવસથી વધુ કયાંય નથી રોકાતા. પરંતુ હવે વર્ષા-ઋતુ બેસી ચૂકી છે, હવે અમારે માટે માત્રા કરવાની આજ્ઞા નથી. અમે વાદળ અને વીજળીના આ ચાર મહિના કયાંક રોકાવા ઇચ્છીએ છીએ. શું તું અમારો પ્રબન્ધ કરી શકશે?"

મહારાજે નવયુવક સંન્યાસીનો ચરણસ્પર્શ કરી કહ્યું:-"સ્વામીજી, હું અને મારું આખુંય રાજ્ય આપની સેવામા ઉપસ્થિત છે. માનસરોવરના મુક્ત રાજહંસોને પીંજરામાં ખુશ રાખવા સહેલ તો નથી જ, પરંતુ હું મારી રાજ્ય-સત્તાની બધી શક્તિઓ ખરચી નાખીશ અને આપને કષ્ટ નહિ થવા દઉં."

સંન્યાસીએ હાથ ઊંચો કરીને મહારાજને આશીર્વાદ દેતાં કહ્યું: "ભગવાન્ તારું કલ્યાણ કરો."

સંન્યાસીને રાજમહેલમાં સ્થાન મળી ગયું, અને ત્યાં તેઓ વર્ષાઋતુના ચાર મહિના ગાળવા લાગ્યા. મહારાજ હર્ષ સન્યાસી પાસે અવારનવાર આવતા-જતા. ધીરે ધીરે એમને સન્યાસીના સદ્‌ગુણોનું જ્ઞાન થયું. તે કેવળ સાધુ જ નહોતો, મહાન ચિત્રકાર અને કવિ પણ હતો. અને એટલું જ નહિ, એમને હરેક વિદ્યાનું પૂરેપૂરું જ્ઞાન હતું. જે વિષય ઉપર એ બોલતો મહારાજ હર્ષ મોં તાકતા જ રહી જતા. આટલી નાની ઉંમરમાં આ પાંડિત્ય એક એવી વાત હતી જે મહારાજે કદી નોંતી દીઠી. અને વળી નવયુવક સંન્યાસીનો પ્રફુલ્લ ચહેરો, અને કૃત્યાકૃત્યા વનમાં મોટા થયાનો ભર્યો ભર્યો નીલાં તળાવ સમો બે શાંત આંખો! દુનિયાએ આવી મોહિની કોઈ પણ મનુષ્યના ચહેરા પર ભાગ્યે જ જોઇ હશે. મહારાજ હર્ષ જેમ જેમ સંન્યાસીને વધુ મળતા ગયા તેમ તેમ એમના હૃદયમાં એનું સન્માન વધતું જ ચાલ્યું. એમણે એ નાની ઉંમરના સાધુની દરેક રીતે પરીક્ષા કરી જોઈ, અને બધી રીતે એ શુદ્ધ સુવર્ણ નીકળ્યો. માણસોમાં કેટલાય દોષ હોય છે, સંન્યાસીમાં એક નો તો. મહારાજ એક દિવસ ખૂબ જ વિનમ્રભાવે બોલ્યા: "સ્વામીજી, રાજકુમારી કવિતા શીખવા ઇચ્છે છે. મેં ખૂબ ઢૂંઢયો, પરંતુ એવો એકે માણસ ન મળ્યો જેના ઉપર વિશ્વાસ મૂકી શકાય."

સંન્યાસીએ અર્ધી વાત પરથી પૂરો ભાવ સમજી લીધો. અને વિના સંકોચ જવાબ આપ્યોઃ "અહીં છીએ ત્યાં સુધી શિખવ્યા કરશું."

મહારાજના મનની મુરાદ ફળી. રાજકુમારી કવિતા શીખવા લાગી.

(૩)

ચાર મહિના બાદ મહારાજે સંન્યાસીને પૂછ્યું: "રાજકુમારી ઉષા શું શીખી?"

સંન્યાસીએ મનને મોહી લેતી મોટી મોટી અને સતેજ આંખોથી મહારાજ ભણી જોયું. અને હસીને જવાબ વાળ્યોઃ "કવિપિતાની પુત્રી છે. ઘણું ખરું

શીખી ચૂકી. આટલા થોડા સમયમાં બીજું કોઈ કંઈ પણ ન શીખી શકત, પરંતુ રાજકુમારીની કવિતા જોઈને તો અમે પોતે પણ દંગ થઈ જઈએ છીએ."

મહારાજને આશ્ચર્ય થયું: "પરંતુ કેવળ ચાર મહિનામાં!" સંન્યાસીએ જવાબ વાળ્યો, "રાજન કવિ થતા નથી, જન્મે છે. અગ્નિની ચિનગારીઓ રાખમાં ભારેલી પડી હોય છે, કવિતાની કળા હૃદયમાં છુપાયેલી હોય છે. ગુરુનું કામ માત્ર આટલું જ છે કે રાખ ખસેડીને કવિતાની એ ચિનગારીઓને સચેત કરી દે, આગ પોતાની મેળે જ ભભૂકવા લાગશે. આને માટે મથામણ કરવાની પણ જરૂર નથી. હવાની લહેરો જ એને માટે ધીના છાંટા બની જાય છે. રાજકુમારીમાં આ શક્તિઓ પહેલેથી જ મોજૂદ હતી. અમે માત્ર એને જગાવી દીધી છે, અને હવે તે સુંદર શબ્દો અને સુંદર ભાવોની વિદ્યામાં પ્રવીણ થઈ ચૂકી છે."

મહારાજે ઉલ્લાસઅભિમાન અને આશ્ચર્યથી પોતાની પુત્રી ભણી જોયું. તે જમીન તરફ જોઈ રહી હતી.

"ઉષા!"

ઉષાએ માથું ઉચકી પિતા ભણી જોયું. અને શરમાઈને માથું ઢાળી લીધું.

"તારી એકાદ કવિતા તો સંભળાવ. સંભળાવીશ ને?"

રાજકુમારે એ જ રીતે ભૂમિ તરફ જોતાં રહી માથું હલાવી કહ્યું: "ના."

"કાં?"

રાજકુમારીએ જવાબ ન દીધો.

"સંભળાવ બેટા, કોઈ સરસ મજાની કવિતા સંભળાવ."

ઉષાએ સાડીને માથા પર ખેંચતા ધીરેથી કહ્યું "તમને નહિ ગમે." હવે સંન્યાસી ચૂપ ન રહી શક્યો. બોલ્યો, "ઉષાદેવી, આ તમારી જ નહિ, મારી પણ પરીક્ષા છે. ગુરુના શિક્ષણની લાજ રાખજો."

ઉષાએ પોતાની પોથીનાં પાનાં આમ તેમ ઉથલાવતાં વિચાર્યું કે શું કરવું. પરંતુ કશો નિર્ણય ન કરી શકી. વિવશ થઈ બોલી "શું સંભળાવું!"

"કંઈ પણ સંભળાવી દેને, સાકર ગમે તે બાજુથી મીઠી હોય છે."

રાજકુમારીએ સાહસ કરીને કહ્યું "કવિતા ઉપર કંઈક લખ્યું છે તે જ સંભળાવી દઉં છું."

એણે બોલવા ચાહ્યું પણ શ્વાસ ન ઊપડી. મહારાજે સંન્યાસીને કહ્યું "આપ જ વાંચી દો."

સંન્યાસીએ પોથી લીધી અને વાંચવા લાગ્યો.

"કવિતાનો કવિશું એ જ સંબંધ છે, જે નવવિવાહિત રમણીનો પોતાના પતિશું. પતિ પત્નીને સ્પર્શવા, પકડવા, એને ભેટવા ચાહે છે, પરંતુ નવવધૂ લજ્જાય છે, પોતાની જાતને બચાવવા એક તરફ ભાગી જાય છે. કવિતાની પણ આ જ દશા છે. એ કયારેક કવિ સમક્ષ આ શંકિત દાસી જેમ શિર ઝુકાવીને ઊભા રહી જાય છે. કયારે ય એના ભણી જોઈને અવિનયી બાળકની જેમ હસે છે. કયારેક શરમાઈને મોં છુપાવી લે છે, અને કયારેક, કવિ જ્યારે એની ખૂબ જ સમીપ પહોંચી જાય છે ત્યારે ચંચલ હરિણીની જેમ ફાળ ભરતી દૂર ચાલી જાય છે. કયારેક જરા સમથી વાતમાં માથું ઢાળી દે છે તો કયારેક નિર્લજ્જ ભાવથી પોતાની બને ભુજાઓ એના ગળામાં વીંટાવી દે છે!" રાજકુમારીની આ કવિતા કેવી મનોહર હતી, કેવી ભાવપૂર્ણ! અને તે સાથે જ કેટલી સાદી! એમાં આંટીઘૂંટી નોતી, કોઈ એવી ભૂલ ભૂલામણી જોતી જે સમજતાં કલાકો સુધી માથાકૂટ કરવી પડે. કલ્પના જેટલી નવીન તેટલીજ ઉન્નત પણ હતી. પરંતુ અસ્વભાવિક જોતી આ જ કવિતા જો કોઈ બીજાની હોત તો મહારાજે એને નવાજી દીધો હોત. પરંતુ પુત્રીની લખેલી પ્રેમ અને યૌવનની આ અમર કહાની સાંભળીને એમની આંખોમા ખૂન ઊતરી આવ્યું. વિચારવા લાગ્યા—આ કુંવારી કન્યા સ્ત્રી-પુરુષના પ્રેમની વાતો કયાંથી જાણે? એણે આવું દૃશ્ય કયારે દીઠું? એમના દિલમાં એ સંદેહ ઉત્પન્ન થયો; એમણે નવ-

"Hello It's Me!"

Thanks for Recommending

THYMOCIN



સોલ એજન્ટસ :

ટી. એમ. ઠાકોર એન્ડ કું.

૪૩, ચર્ચગેટ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ ૧.

પુનઃ સંન્યાસી ભણી વેધકદૃષ્ટિએ જોયું, અને સ્થિતિને સમજવા પ્રયત્ન કરવા લાગ્યા. શું સોનું પણ અગ્નિમાં પડીને ખોટું થઇ ગયું? પરંતુ સંન્યાસી હસી રહ્યો'તો. એના ચહેરા પર જરા પણ ભય, એની આંખોમાં જરાપણ સંકોચ ન હતો. મહારાજ વિમાસણમાં પડી ગયા. આ ચહેરો પાપનો ચહેરો ન હોય. પાપ કરડી આંખ સામે માથું ઊંચું નથી કરી શકતો, તેમ નથી હોતું એમાં હસવાનું સાહસ. પરંતુ ઉપાએ પ્રેમની કવિતા કેમ લખી?

મહારાજ કેટલીક વાર સુધી ચૂપ-ચાપ બેઠા બેઠા સોચતા રહ્યા, પછી ઊઠીને ધીરે ધીરે ચાલ્યા ગયા. સંન્યાસી મહારાજના મનની વાત કળી ગયો.

(૪)

બીજે દિવસે મહારાજે સંન્યાસીને વિદાય આપવા દરબારમાં બોલાવ્યો. થાળ ભરીને સોનામહોરો એમને ભેટ આપી અને કહ્યું "આ છે આપની દક્ષિણા."

સંન્યાસીએ સોનામહોરોના થાળ ભણી અવહેલનાની દૃષ્ટિએ જોયું, અને કહ્યું "રાજન્, તું કવિઓમા રાજા, અને રાજાઓમાં કવિ છે. આ દક્ષિણા તારે યોગ્ય નથી."

મહારાજે આશ્ચર્યથી સંન્યાસી ભણી જોયું. પરંતુ સંન્યાસી હસી રહ્યો'તો.

"અમે ભોં માગી દક્ષિણા ઇચ્છીએ છીએ."

મહારાજે અધીનતાથી માથું ઝુકાવીને કહ્યું: "આજ્ઞા કરો. હું પાલન કરીશ."

બધા દરબારીઓ. જોઇએ તો. બધા સંન્યાસી શું માગે છે? એ વિચારે સ્તબ્ધ બની રહ્યા.

સંન્યાસી બોલ્યો "રાજન્, તારી એકાદ કવિતા સંભળાવ, અમારી એ જ સાચી દક્ષિણા."

દરબારીઓની આંખો ફાટી રહી ગઇ! તેઓ મનમાં વિચારતા હતા: સંન્યાસીએ સોનેરી તક ગુમાવી.

મહારાજે પૂછ્યું. "કયા વિષય ઉપર?"

"કોઈ ગરીબના ઘરનું દૃશ્ય બતું કરી દેખાડ."

મહારાજે ભોજ-પત્ર લીધું અને એક બાજુ બેસી ગયા. અર્ધી કલાકમાં તો કવિતા તૈયાર!

"વાંચો."

મહારાજે કવિતા વાંચવા માંડી—

"વર્ષા-ઋતુ છે, આકાશથાં કાળાં વાદળાં ઘેરાયાં છે, પરંતુ એથી ય વધુ કાળાં વાદળ ગરીબ હતભાગિની ડોશીના દિલમાં છવાયાં છે. આકાશનાં વાદળાંમાં કયારેક કયારેક વીજળી પણ ઝબકી જાય છે. પરંતુ એના હૃદયમાં સદા અંધારું જ છે.

છાપરામાંથી પાણી ચુએ છે, અને આ અવિરત ટપકતાં ટાઢાંટબુકલાંથી ભુંપડીની કાચી ભોંય પર ઠેકઠેકાણે ખાબોચિયાં બંધાયાં છે. છતમાંથી ટપકતું પાણી ખાબોચિયામાં પડે છે અને ખાબોચિયાંમાંનું પાણી ચારેતરફ ઊડે છે અને આસપાસની જમીન પણ ભીંજવી નાખે છે. પરંતુ આથી ય અદકાં ઊંડાં ખાબોચિયાં ડોશીના દિલમાં બંધાયેલાં છે.

સાંઝકાળના અંધકારમાં લોકો પોતપોતાના ઘરમાં દીવા ચેટવી રહ્યાં છે પરંતુ ડોશીના દીવાનું તેલ, કેટલાય દિવસ થયા ખૂટી ગયું છે, અને વાટ એના લુખાસૂકા વાળ જેવી સૂકી છે.

એના ચૂલામાં કેટલાય દિવસથી આગ નથી ચેતી. ત્યાં કરોડિયાએ જાળાં વણી કાઢયાં છે. એના ઘરના ઉંદરો ભાગી ગયા છે અને ચામાચિડિયાં અહીંતહીં ઉડતાં ફરે છે.

આ કવિતા નોંતી; કોઈ હતભાગીના ઘરનું ચિત્ર હતું, પરંતુ કેટલું સજીવ! કેવું હૃદય-ભેદક! દરબારીઓએ "વાહ-વા"ના ધ્વનિથી દરબાર આખો માથે લઈ લીધો, પરંતુ સંન્યાસી ચુપ હતો.

મહારાજે એના ભણી જોયું. સંન્યાસીએ કહ્યું "રાજન્, તારી કવિતા સાચે જ ખૂબ સુંદર અને ભાવમયી છે. પરંતુ..."

દરબારી, વજીર, રાજા બધા સંન્યાસી ભણી

અમારી ખરીદી

મેળા મહીં ઉલટભેર ગયાં .અમે સૌ
તૈયાર થૈ અવતવાં કપડાં સજીને.
તાતે દીધા અમકરે હુસી ચાર આના
દીધું, "તમે ખરચજો; પણ લાવશો ના
કૈં એવું જે ઝટ તૂટે, સમજી ગયાં કે ?"
"હા હા" ભણી હરખભેર ગયાં અમે સૌ.

લીધી ચીજો મનગમી હરખી બધાંએ
લીધું નહીં ભગિનીએ અમ કૈં, દ્રવીને
તેણે દીધો ગરીબને નિજ તુચ્છ ભાગ
ને આશિષો વળી દીધી નિજ આંસુઓથી.

આવી ઘરે વડિલની નિકટે પડ્યાં સૌ
ચીજો બધી હરખથી નિરખી રહ્યાં, ત્યાં
ાણી કથા ભગિનીની હરખ્યા પિતા, ને
ાપી દીધી બધી ચીજો અમને ફરીથી.

ાળામહીં જગતના જન આવી હોંચે
ીતે ઘૂમી અહીં તહીં હરખી ખરીદી
પાયો હલાહલ સમાં, શુચિ શુભ્રપુણ્યો
જાયે ફરી વિભુતણાં દરબારમાં; ત્યા
થાતી હશે ભગિનીના સમ ભેટ કોની ?

બાબુ જી. દેસાઈ

પ્રિય મિત્રને—

કૃપા ધારી બ્હાવા, અખૂટ અપરાધો અણુગણ્યા,
કૃતઘ્ની પ્રાણી શા, મલિન ક્રૂર નાગ સુહૃદના,
ક્ષમા જો ના દે તો, સુખથી પ્રિય તું દંડ કરજે,
સખે ! ઉપાલમ્ભો, અતૂલ મીઠડા શિર્ષ ધરજે. ૧

અહો તારા શબ્દો, કટુ બહુ હશે તોય પણ શું
વધુ લાગે મીઠા, મધુર અમીના બિંદુ થકી શું
સખે ! પ્રેમે પ્રેર્યા, હૃદયરવના દિવ્ય પડઘા,
શકું ના જાણી શું, સુહૃદ શુચિ હૈયેથી ઊઠતા. ૨

સખે ! પાપી હું તો, નથી કંઈ તને ભેટી જ શક્યો,
કંઈ ના સંદેશો, તુજ પ્રતિ કહ્યો બ્હાલભરિયો,
નથી તારું કોંદિ, દુ:ખ વળી સુખે શ્રેય કરિયું,
સખે ! ભૂલી તુને, મન મહીં અરે અન્ય ભરિયું ૩

ઘરું ઇચ્છા ઊંડી, તુજ દિલ સહે રોજ મળવા,
સખે ! બ્હાલા તારા, મૃદુ હૃદે મહીં ચિર વસવા,
અરે, ના તોયે હું, સદન પ્રિય તારે જઈ શકું,
સખે ! આશા મોટી, ખચિત જ હશે સત્ય નહિ શું ? ૪

સખે ! મારા આંસુ, વિમલ દૃગ કેરા ઉભળકા,
અને આ હૈયાનો, શિથિલ બનતા પ્રેમરણકા,
સખે ! આવી પાયે, પુનિત તુજ વદે હરખથી,
સ્વીકારી આપી લે. નહિ નહિ. સખે ! હું દૂર કદિ. ૫

રતિલાલ જોષી

'કવિતા' ઝિન્દાબાદ!

નૂતનવર્ષના મંગલ પ્રભાતે સર્વે કવિતારસિકોને અમારાં અભિનંદનો!

અનંતકાળના પ્રવાહમાં વર્ષ પછી વર્ષ વીતે છે. તેની જ સાથે કાળના વહેણમાં જીવનાર વ્યક્તિ અને વસ્તુનાં પણ વર્ષો વીતે છે

'કવિતા'નું વર્ષ પણ એની સાથે વીત્યે જાય છે. એક માત્ર પછી 'કવિતા' છઠ્ઠા વર્ષમાં પ્રવેશશે.

'કવિતા' જેમ જેમ વર્ષો વીતાવ્યે જાય છે તેમ તેમ અમને અમારું સ્વપ્નું સાકાર થતું દેખાય છે.

હવે અમને લાગે છે કે 'કવિતા'નો પાયો પૂરાયો છે-ભવ્ય ઈમારતને ઊભી કરવા માટે પાંચ પાંચ વર્ષની સાધનાનો પ્રચંડ પાયો તૈયાર કર્યો છે.

પાંચ વર્ષની વાત 'કવિતા' અને 'કોલક' જાણે છે. અનેક મુશ્કેલીઓનો કેવો સામનો કરવામાં આવ્યો છે તે કવિતાના મુદ્રકપ્રકાશક શ્રી નટવર ચીમાભાળા અને સંપાદક કોલક એ જ જાણે છે.

અને એ હકીકત પછી જ કહી શકીએ છીએ કે ના, કવિતાને ચિરાયુ આપી શકાયે. કવિતા છે તેના કરતાં વધુ પ્રાણવાન થઈ શકશે. 'કવિતા' ગુજરાતના નવીન કવિઓધુંઓનું મુખપત્ર થઈ શકશે.

પણ....એ બધા માટે એની કેટલીક જરૂરિયાતો પૂરી પાડવી જોઈએ. 'કવિતા'ના ગ્રાહકોમાં દોઢસોથી બસો જેટલા આજે છેલ્લા પાંચ વર્ષોથી 'કવિતા'ને પોતાનું માનીને જ રસ લઈ રહ્યા છે. એમની સમક્ષ, ગુજરાતના સાહિત્યપ્રેમી શ્રીમંતો સમક્ષ અમે એક વધુ વાત મૂકીએ છીએ. એ વાતમાં અમે પાર પડીશું તો અમને શ્રદ્ધા છે કે ત્રણ વર્ષમાં જ 'કવિતા' અનોખું સામયિક થઈ રહેશે.

'કવિતા'ને માટે એક નાનું પ્રેસ ઊભું કરવું, જેથી 'કવિતા'ને વધારે સારી રીતે પ્રગટ કરી શકાય. પણ પ્રેસને માટે ભંડોળ જોઈએ. એ ભંડોળ ક્યાંથી લાવવું? આજે પણ કવિતાને માથે દેવું છે. આ બધી પરિસ્થિતિમાં શું કરવું?

એનો એક માર્ગ અમે એમ કાઢ્યો છે કે કવિતાનુરાગીઓમાંથી લગભગ સો જેટલા આજીવન સભ્યો મેળવવા. આજીવન સભ્યનું લવાજમ રૂપિયા ૧૦૦) રહેશે. 'કવિતા'માં રસ લેનાર ભાઈઓ આજીવન સભ્ય થઈને કવિતાની યોજનાને બર લાવવામાં ફાળો આપશે. આજીવન સભ્યે ત્યાર બાદ કશું યે આપવાનું રહેતું નથી.

અમને આશા છે કે મિત્રો, પ્રશંસકો સૌ અમને આ યોજના બર લાવવામાં સહાય કરે.

—કોલક

અમારી ખરીદી

મેળા મહીં ઉલટભેર ગયાં .અમે સૌ
તૈયાર થૈ અવનવાં કપડાં સજીને.
તાતે દીધા અમકરે હસી ચાર આના
કીધું, "તમે ખરચજો; પણ લાવશો ના
કૈં એવું જે ઝટ તૂટે, સમજી ગયાં કે ?"
"હા હા" ભણી હરખભેર ગયાં અમે સૌ.

લીધી ચીજો મનગમી હરખી બધાંએ
લીધું નહીં ભગિનીએ અમ કૈં, દ્રવીને
તેણે દીધો ગરીબને નિજ તુચ્છ ભાગ
ને આશિષો વળી દીધી નિજ આંસુડાંથી.

આવી ઘરે વડિલની નિકટે પડ્યાં સૌ
ચીજો બધી હરખથી નિરખી રહ્યાં, ત્યાં
સુણી કથા ભગિનીની હરખ્યા પિતા, ને
આપી દીધી બધી ચીજો અમને ફરીથી.

મેળામહીં જગતના જન આવી હોંસે
પ્રીતે ઘૂમી અહીં તહીં હરખી ખરીદી
પાપો હલાહલ સમાં, શુચિ શુભ્રપુણ્યો
જાયે ફરી વિભુતણાં દરબારમાં; ત્યાં
થાતી હશે ભગિનીના સમ ભેટ કોની ?

ખાખુ જી. દેસાઈ

પ્રિય મિત્રને—

કૃપા ધારી વ્હાલા, અખૂટ અપરાધો અણુગણ્યા,
કૃતઘ્ની પ્રાણી શા, મલિન ક્રૂર તારા સુહૃદના,
ક્ષમા જો ના દે તો, સુખથી પ્રિય તું દંડ કરજે,
સખે ! ઉપાલમ્ભો, અતૂલ મીઠડા શિર્ષ ધરજે. ૧

અહો તારા શબ્દો, કટુ બહુ હશે તોય પણ શું
વધુ લાગે મીઠા, મધુર અમીના બિંદુ થકી શું
સખે ! પ્રેમે પ્રેર્યા, હૃદયરવના દિવ્ય પડઘા,
શકુ ના જાણી શું, સુહૃદ શુચિ હૈયેથી ઊતા. ૨

સખે ! પાપી હું તો, નથી કંઈ તને ભેટી જ શકેલો,
કંઈ ના સંદેશો, તુજ પ્રતિ કહ્યો વ્હાલભરિયો,
નથી તારું કોઈ, દુ:ખ વળી સુખે શ્રેય કરિયું,
સખે ! ભૂલી તુને, મન મહીં અરે અન્ય ભરિયું ૩

ધરું ઇચ્છા ઊંડી, તુજ દિલ સહે રોજ મળવા,
સખે ! વ્હાલા તારા, મૃદુ હૃદે મહીં ચિર વસવા,
અરે, ના તોયે હું, સદન પ્રિય તારે જઈ શકું,
સખે ! આશા મોટી, ખચિત જ હશે સત્ય નહિ શું ? ૪

સખે ! મારા આંસુ, વિમલ દૃગ કેરા ઉમળકા,
અને આ હૈયાના, શિથિલ બનતા પ્રેમરણકા,
સખે ! આવી પામે, પુનિત તુજ વંદે હરખથી,
સ્વીકારી ચાંપી લે: નહિ નહિ સખે ! હું દૂર કદિ. ૫

આત્મપ્રસન્ન રતિલાલ જોષી

ઉ તેજક, શ્રૂ
શું એ સૂક્ષ્મ પ્રતાઉ કલાધર
ના....હા....એવું એહ સરસ કો મિત્રકવિનું
અન્ય હૃદયશું પાનઃ એહવું ના કંઈ બીજું.

દેશળજી પરમાર

ઝેબુન્નિસા

પ્રવીણચંદ્ર જે. રૂપારેલ

લાહોર પાસે નવાકોટમાં તૂટેલા મિનારા અને દરવાજાઓ વચ્ચે સોનેરી ઝુરમ્બેવાળી એક જૂની કબર છે. કબર પરની સુંદર કારીગરી જોતા જ પ્રાચીન વૈભવનું ચિત્ર આપણા માનસ પર અંકાઈ જાય છે. એક દિવસ એની ચોતરફ બાગ હતા. વચ્ચે વચ્ચે હોજ અને ફુવારા હતા. પરંતુ ત્યાં એક વાર આટલી સુંદરતા હતી, જેને જોઈ પ્રકૃતિ પોતે હસી ઊઠતી, ત્યાં આજે ધુવડ બોલી રહ્યાં છે, પક્ષીઓએ માળા બાંધ્યા છે, ઠેકઠેકાણે ઘાસ ઊગી નીકળ્યું છે. કબરની આ અવદશા અને તે પર અંકિત થયેલા ફારસી પદે અનેક કવિઓને સહૃદયોને રડાવ્યા છે. કબર પરની પંક્તિઓ છેઃ

બર મઝારે મા ગરીબાં ને' ચિરાગે ને' ગુલે,
ને' પરે-પરવાના-સોઝદ-ને' સદાએ બુલબુલે!

'મુજ દુખિયારીની કબર પર કોઈ ફુલ ચઢાવતું નથી, કે દીપ પ્રકટાવતું નથી; નથી એવા કોઈ દીપક પર પતંગો બળી મરતાં કે નથી બુલબુલો પોતાનું સંગીત છેડતાં.' કેટલા કરુણાપૂર્ણ શબ્દો! ભૂમિ નીચે અનંત નિદ્રામાં પોઢેલી રાજકુમારીના સંતપ્ત, અલ્પ જીવનની કેવી કરુણ ગાથા! રાજકુમારીએ પોતાના કાવ્યમાં લખ્યું છે તે મુજબ તેના અંતિમ જીવનની કથાના અક્ષરે અક્ષર કબર પર અંકિત થયેલી પંક્તિઓમાં છૂપાયેલા છે તનો એવો કોઇ પ્રેમી ન હતો જે તેની કબર પર ફુલ ચઢાવે કે દીપક પ્રકટાવે, જેથી પતંગિયા બળીને પોતાનું જીવન તે પર ન્યોછાવર કરે કે બુલબુલો પોતાના હૃદયવિદારક સૂરોથી વાતાવરણ ભરી દે એ તો એક અર્ધખીલી કળી હતી; જે થોડા સમય સુધી પોતાનો પરાગ પ્રસારી સહાને માટે ધૂળમાં મળી ગઇ.

રાજકુમારી ઝેબુન્નિસાને દિલ્હીઓએ હજી સુધી મોગલ સમ્રાટ ઔરંગઝેબની અખંડ બ્રહ્મચારિણી પુત્રી તરીકે જ જાણી છે; એક ઉચ્ચ કોટીની કવયિત્રી તરીકે નથી જાણી, એક તરફ આગ્રાના કિલ્લામાં કમનસીબ બાદશાહ કેદી દશામાં પોતાના શેષ જીવનની ઘડીઓ વિતાવતો હતો. દારાને મૃત્યુને ઘાટ પહોંચાડી દેવામાં આવ્યો હતો. ક્રૂર હૃદયી ઔરંગઝેબના ગાદી પર બેસવા સાથે જ અવિશ્વાસનું વાતાવરણ ફેલાઇ ગયું હતું. નાચગાન, રંગવિલાસ અને વિખ્યાત દરબારી મહેફીલોએ રવાનગી લેવા માંડી હતી.

નાનકડી ઝેબુન્નિસા માત્ર આઠ વર્ષની વયે 'હાફીઝ' [1] થઈ હતી આથી ખુશ થઇને ઔરંગઝેબે આખી સેનાને ભોજન અને ગરીબોને સુવર્ણદાન આપ્યું હતું. આ પછી રાજકુમારીએ અરબી, ફારસી અને જ્યોતિષનું જ્ઞાન સંપાદન કર્યું. ફારસી પર તેને અથાગ પ્રેમ હતો. કુમળી વયમાં જ તેણે કવિતા લખવી શરૂ કરી. તે સુધીવાદી હતી. ઔરંગઝેબ લલિત કલાનો કટ્ટર વિરોધી હતો. છતાં રાજકુમારીના કવિતાપ્રેમે તેને થોડો પીગળાવ્યો, અને ફરી મુશાએરા યોજવા લાગ્યા. ઝેબુન્નિસા તેમાં રસપૂર્વક ભાગ લેતી. શાહી દરબારમાં એક વખત નીચેની પંક્તિ પૂર્તિ માટે મૂકવામાં આવી.

'સબા રા શર્મ મી આયદ બરૂએ-
ગુલ નિગાહ કરદન';

'ગુલાબ પર નજર નાખવામાં પવનને શરમ આવતી જોઇએ.' સામાન્ય રીતે જ વાયુના સ્પર્શથી ગુલાબ કરમાતું જાય છે. કવિઓએ તેની અનેક પૂર્તિઓ કરી, પણ બધી જ ફીકકી. અંતે ઝેબુન્નિસાની પૂર્તિએ સૌના મોં બંધ કરી વાહ વાહ પોકારી.

---

૧. કુરાન કંઠસ્થ કરનાર.

કિ રખ્ત મું ચારા વા કર્દ નતવાનસ્ત તૈ કરદન!

'પવનને એ માટે શરમ આવવી જોઇએ કે તેણે ગુલામની કળીઓને ખુલ્લી તો કરી નાખી, પરંતુ તેને તે પાછી સમેટી શકતો નથી.' કળી જ્યારે એક વાર ખીલી ચૂકી ત્યારે તેને કરમાવું જ રહ્યું; એટલે કે પવન જ તેના મૃત્યુનું કારણ બને છે.

રાજકુમારીના વિવાહ દારાના પુત્ર સુલેમાન સાથે શાહજહાંએ નક્કી કર્યો હતો; પરંતુ ઔરંગઝેબને તે માન્ય નહોતા એક વખત સુલેમાન ઔરંગઝેબની કુટિલ નીતિનો ભોગ બન્યો, અને માર્યો ગયો આ પ્રસંગ, પોતાની બહેનના પ્રસવકાળની વેદનાનું દૃશ્ય અને પછીથી થયેલા તેના પ્રેમી આકીલખાનનું મૃત્યુ, વગેરે તેના અવિવાહિત રહેવાના કારણો આપવામાં આવે છે પરવેજખાં નામના એક હાસ્યરસના કવિએ ઝેબુન્નિસાની કવિતાઓ વાંચી મજાકમાં એક શેર બનાવી તેને મોકલ્યો:

પીર શુદ ઝેબુન્નિસા લેકિન ખરી ।૨ ન શુદ

'ઝેબુન્નિસા ઘરડી થઈ પણ તેનો કોઇ ખરીદનાર ન નીકળ્યો.'

ઝેબુન્નિસા અત્યંત સુંદર હતી; તેના ડાઘા ગાલ પરના તલોએ તો કેટલાયે કવિઓના હૃદયમાંથી ઉપમાઓના ઝરણા વહેવડાવ્યા હતા. અપૂર્વ લાવણ્યમયી હોવા છતાં તે પોતાનું મુખચંદ્ર હમેશ ઘુંઘટ વાદળ પાછળ જ રાખતી. એક વખત નાસીરઅલીએ નીચેના ભાવવાળા શબ્દો કહેલા:

'ઓ, ચંદ્રને ઈર્ષ્યા આવે એવા મુખવાળી! તારો ઘૂંઘટ દૂર કર અને મને તારા અલૌકિક સૌંદર્યનું પાન કરવા દે'

જાણો છો ઝેબુન્નિસાનો જવાબ? આ રહ્યો:

'હું મારો ઘુરખ્યો દૂર નહીં કરું. કારણ કે તેમ કરવાથી કદાચ ઘુવડઘુલો ગુલાબને ભૂરી જાય; અને લક્ષ્મીનું સૌંદર્ય પૂજતા બ્રાહ્મણ ભક્તો મારું મુખ જોવા તેનો ત્યાગ કરી જાય'

રાજકુમારીની રોશનઆરા નામની એક દાસી

યૌવન એક ગીત છે
સૌંદર્ય એનો સૂર છે
જોબન એનો તાલ છે

એ ગીત સાંભળવું
હોય તો, આજે જ એક ફોટો
પડાવો—'ફોરવર્ડ'માં.

ફોરવર્ડ સ્ટુડિયોઝ

ધૂતપાપેશ્વર બિલ્ડિંગ, મંગલવાડી, ગીરગામ, મુંબઈ ૪.

હતી. રાજકુમારીના આ કવિતાપ્રેમથી સૌ પરિચિત હતા. એક વખત રાજકુમારીએ મંગાવેલો અરીસો લાવતાં ઠોકર લાગવાથી તે પડી ગયો અને અરીસો ફૂટી ગયો. તે જોઈને ચૂપ ઊભી રહી. રાજકુમારીએ અરીસો માંગતાં તેણે જવાબ આપ્યોઃ

'અજ કજા આઈન-એ-ચીની શિકસ્તી!'

'અરીસાનું મોત આવ્યું અને તે તૂટી ગયો.' સાંભળતાં જ ચહેરા પરના ભાવ જરાયે બદલ્યા વિના રાજકુમારીએ કહ્યું :

'ખૂદ શુદ સામાન-એ-ખુદબીની શિકસ્ત

"સારું થયું કે પોતાને જોતા રહેવાની વસ્તુ નાશ પામી. અરીસામાં પોતાને જોઈને જ તો માનવનું ઘમંડ વધે છે'.

એક વાર બાદશાહે પૂર્તિ માટે તેને નીચે પ્રમાણેના ભાવવાળું ચરણ આપ્યું :

'આજે પ્રાતઃકાળે હું પુષ્પ ચૂંટવા ગયો, ત્યાં ઉદ્ધત કાંટાઓએ મારું વસ્ત્ર પકડી લીધું'.

તરત જ ઝેબુન્નિસાએ પૂર્તિ કરી :

'સેંકડો બુલબુલો પોકારી ઊઠ્યાં કે તે ચોર છે, એને જવા ન દેશો'.

કેટલી સુંદર પૂર્તિ! એક વખત એ પોતાના બાગમાં સ્વચ્છંદે વિહરતી હતી. અનાયાસે પ્રકૃતિના સ્નિગ્ધ સૌંદર્યથી મુગ્ધ થઈ બોલી ઊઠી :

ચેહરા ચીઝ ઝે દિલ ગમ-ખુરદ કુ-દામ ચેહાર,
શરાબ, રાબ્બા ઓ આબે-રવાનો અબ્ર-એ નિગાર.

'મને સુખી રાખવા ચાર ચીજો બસ છેઃ મદિરા, કુલ, ખળખળ વહેતું ઝરણું અને પ્રિયતમનું પ્યારું મુખ'. થોડે જ દૂર સ્ફટિક શિલા પર ઔરંગઝેબ વિચારમગ્ન દશામાં બેઠો હતો. ઉપરનું પદ ગાતી તે ત્યાં પહોંચી. રાજાને જોઈ ભયભીત બની, બીજા ચરણને બદલાવી ગાતી ગાતી બીજી તરફ ચાલી ગઈ. એ પદ હતું :

નમાજ, રોઝ-ઓ-તસ્બીહ્ તોબા 'મસ્તેગફાર'

'નમાજ, રોજા (ઉપવાસ), જપ અને પ્રાયશ્ચિત'.

આમ આ કુમળા પુષ્પને માટે ઔરંગઝેબ પ્રચંડ સૂર્ય સમાન થઈ પડ્યો. ઝેબુન્નિસા ધર્માન્તર સહિષ્ણુ હતી આ માટે બાદશાહ તેના પર નાખુશ રહેતો. ઔરંગઝેબથી એ ખૂબ ડરતી. એક વખત રાજકુમારી પ્રકૃતિસૌંદર્યનો આનંદ અનુભવી રહી હતી. ત્યાં ઔરંગઝેબ આવી પહોંચતાં જ બોલીઃ

અય બુલબુલે ખુશ ઉલ્હા,
આહિસ્તા લબ્બય ઝુમ્બાં;
નાઝુક મિઝાજ શાહાં તાબેસ્બુન ન દારન્દ.

'ઓ મધુર બુલબુલ, તું ધીમે અવાજે બોલ, કેમકે કોમળ સ્વભાવવાળા રાજાઓમાં કાવ્ય સાંભળવાની શક્તિ નથી હોતી.' એક રીતે આ રાજાના રૂક્ષપણા પર કટાક્ષ હતો. પરંતુ રાજા કંઈ સમજી ન શક્યો અને ઊલટો તેના પર ખુશ થયો.

તેનું બાકીનું જીવન ઘણું જ દુઃખમાં વીત્યું. વૃદ્ધાવસ્થામાં ઔરંગઝેબ નાની નાની વાતોમાં પોતાના સંતાનો પર સંદેહ કરવા લાગ્યો. શાહજાદો અકબર રજપુતો સાથે મળી જઈ વિદ્રોહનો અગ્નિ ફેલાવી રહ્યો હતો. કેટલાક રાજકીય કારણોને લઈને ઝેબુન્નિસાને સલીમગઢના કિલ્લામાં કેદ કરવામાં આવી. કેટલાક કહે છે કે એ વખતે રાજકુમારીનો અનુરાગ મરાઠા સરદાર શિવાજી મહારાજ તરફ હતો. કારણ ગમે તે હોય પરંતુ એ કેદી અવસ્થામાં લખાયેલી મર્મભેદી કવિતાઓ વાંચી આંખ અશ્રુઓની વર્ષા વિના નથી રહેતી. એ સંવેદનોને, એ વ્યથાને ઝરણાના ચિરપ્રવાહની ધારામાં ઉતારી એક દિવસ સંધ્યાકાળે ઉદાસ બેઠેલી રાજકુમારી ગણગણતી હતીઃ

અય આબશારે નૌહાગર! અઝ અશ્કે ચીસ્તી;
ચી બર જમીં ફિગંદા કિ અન્દોહ કીસ્તી;
આયા કિ દર્દ ખૂદ કિ ચુંમા તમામ રાબ્ત,
શરરા બસંગ મી ઝદી ઓ મી ગીરસ્તી.

'ઓ નિર્ઝર! આજ તુજ પર આ શોકનાં પરિધાન શા? બાલે આ કરચલીઓ શી? આજ ને એવું શું દુ ખ છે? તે મારા જેવી દુખિયા-ીની જેમ કયા નિષ્ઠુરની મધુર સ્મૃતિમા પથ્થરો પર ાથું પટકીને આણી રાત શોકભર્યું કલ્પાત કર્યું ?' એક એક શબ્દમા વ્યથા છે, સંવેદન છે, જીવ-ાની અસીમ નિરાશાનો ભાર છે. એ વ્યથાથી તેનું ક્ષાંત હૃદય એ ભારને ઠેાળી પેાતેજ પેાતાનું વિકસે-ાણ કરે છે:

ાગે નૌઉમેદી યું આયદ આશાના દુશ્મન શબ્દ,
ામ જુદા, શાજ જુદા, દાલત જુદા, દુશ્મન શબ્દ,
રત 'મખ્ફી' દરદિલે મા દુશ્મની માહીચ કસ,
ર કિ બામા દુશ્મન અસ્ત બા એા જુદા
દુશ્મન શબ્દ.

'હાય! આજ આ નિરાશાના દિવસેામાં મિત્રેા શત્રુ બની બેઠા છે; સુખ, વૈભવ, વિલાસ, બધું મારાથી દૂર છે. પણ મને તેનેા લેશપણ શેાક નથી. મારે કેાઇની સાથે વેર નથી મારી સાથે વેરભાવ રાખનાર પણ કરુણ-દૃષ્ટિએ જોતા મારાં જ છે.' ઝેબુન્નિસા પેાતાના કાવ્યેા 'મખ્ફી' (છુપી-છુપાયેલી) ના ઉપનામથી લખતી. જાણે પેાતાના આત્મામા ઈશ્વરી પ્રેમનેા પ્રાદુર્ભાવ ન થાય ત્યાં લગી છુપી રહેવા માગતી ન હેાય!

આમ ઝેબુન્નિસાનુ જીવન-ઝરણ હરિયાળી વનરાજી માથી ઔરંગઝેબના સૂકા રણપ્રદેશમા આવી સૂકાવા લાગ્યુ. હૃદયમા વ્યથાની આગ સળગતી, અને એજ આગમા એ અર્ધ વિકસિત કાવ્ય કલિકાએ મૃત્યુને આલિંગન કર્યું.



નવતેરી દુનિયા (ફટકો)

બતાવો રે બતાવો સાઈ, નવતેરી દુનિયા !

આ દુનિયા પ્રસ્તવતા થાકયો,
આ દુનિયા નિંદતાં થાકયો,
આ દુનિયા હારીને થાકયો,
આ દુનિયાને જીતી થાકયો. બતા૦ ૧

આ દુનિયા માંડતાં થાકયો,
આ દુનિયા વર્ણિતાં થાકયો;
આ દુનિયાના પ્રેમે થાકયો,
આ દુનિયાના વૈર્યે થાકયો: બતા૦ ૨

આ દુનિયાના લોગે થાકયો,
આ દુનિયાના ત્યાગે થાકયો
આ દુનિયાના પુણ્યે થાકયો,
આ દુનિયાનાં પાપે થાકયો. બતા૦ ૩

આ દુનિયાના ભાવો ઊપર,
આ દુનિયાના અભાવ ઊંડાળ,
આ દુનિયાના જ્ઞાનેથી પર,
આ દુનિયાના તુચ્છોથી'તર,
આ દુનિયાના દ્વંદ્વો બાહર, બતા૦ ૪

બળવંતરાય ક. ઠાકોર

મારે શાની મણા ?!

હું તો સાગરની છોળો પલાણું કે આભચાપ તાણું
રે મારે શાની મણા ?
હું તો કોયલને ગીત ગવરાવું કે કેશરી નચાવું૦ રે મારે૦
હું તો સુરભીને સ્વર્ગથી ઉતારું કે ગંગ શિર ધારું૦ રે મારે૦
હું તો રણમાં ઉદ્યાનો ઉગાડું કે ફૂલડે રમાડું૦ રે મારે૦
હું તો અંતરના ભાવ ઓળખાવું કે નેન ઘરપાવું૦ રે મારે૦
હું તો હીરામાણેક ઉપજાવું કે મોતીડે વધાવું૦ રે મારે૦
હું તો શક્તિ ભવારિ ઉર ધારૂ કે જોમને વધારું૦ રે મારે૦
હું તો ત્રિકાલગંગ વહેવડાવું કે બ્રહ્મ પરખાવું૦ રે મારે૦
હું તો ચાંદો સૂરજ ઝળકાવું ને તારલા ઝગાવું૦ રે મારે૦
હું તો માનુકના મોહ પીગળાવું કે માયા ત્યજાવું૦ રે મારે૦
હું તો પેટે પાટા છો બાધુ કે મોતને આરાધું૦ રે મારે૦
હું તો ટાઢે ભલે શેકાઉ કે તાપમાં દઝાઉં૦ રે મારે૦
મારાં છોરૂ ભલે ટળવળે કે ભારતી કકળે૦ રે મારે૦
મારાં દુઃખોને દુઃખ શીદ માનો ? કે અશ્રુ શીદ આણો ?૦ રે મારે૦
હું તો મસ્તીવિમાને રહેલ માણું કે આપું રસદહાણું૦ રે મારે૦
હું તો નિત્યે કલ્લોલતો રાચુ કે બ્રહ્મલેખ વાંચું૦ રે મારે૦
મારે પીવાને અમૃતધારા કે તેજના પુવારા૦ રે મારે૦
હું તો, કાવ્યપ્રસાદીએ માતો, રહું છું નિત્ય તાતો
રે મારે શાની મણા ?

ગો૦

o

પ્રણય–ત્રિકોણ

ભરતવી

રસની પ્યાલી છીનવી લઇ કરમાંથી
ફેંકી દીધી શે ફર્શ પર ગુસ્સાથી?
મારૂં માન્યું નહિ માનિની, તેં લેશે;
બાળ્યું દિલને મિથ્યા, નકામા કલેશે!
કીધો મારી, સહુ આરઝૂનો ચૂરો,
મળ્યો ના જેને સુખનો લહાવો પૂરો;
ઊણી ઊણી લાગે મને દુનિયા આ,
ચેન પડે ના બાઝારમાં, ફળિયામાં.
દીધો કરવા ધર્યો મને નહિ એકે,
કે કો બીજી મુજને રખેને દેખે!
તેડ્યો મુજને મેહમાન તેં નિજ જે દિ'
બધને રહું છું હું ત્યારનો તુજ કેદી.
દીધો પાડી પરદો બધાની સાથે,
રહેજ ન રાખ્યો સંસર્ગ કો સંગાથે;
ભૂલે ચૂકે કો તર્ફ જો નિરખાયું,
કૌતુક તેમાં નિઃશંક છે લેખાયું!
ચઢતાં માથે આળો અને અપવાદો,
યાતાં તાજા ક્ષણમાં જુના વિખવાદો
હસતે વદને કરતાં મને શે રોકે,
સુંદર રથમાં લેતા વિસામો ટોકે?

રોં તો કાઢવા તારે ભરોસે વરસો;
મુજ મરજીના દે ગાળવા બે દિવસો,
શાને માટે હૈયું તલારૂં બાળે,
નિજ સરખાનું કરતાં ભલું કંટાળે?
રહી છે શાને ઊંડી અદાવત એડી,
દઇ વિસરાવી મનભાવતી મુજ કેડી?
બેઠી મુંજને પાડી પચાવી આખો,
કોઇ બીજાનો રહેવા દીધો ન અલાખો.
હરદમ જોતી, થાતી હલાકી મારી—
પ્રેમ કહું આ કે જુલમ, બરછી પ્યારી?

જેથી એકે ના બેટ ખપતી એની,
જેથી એકે ના વાત ગમતી એની?
ના એ મુખની તુજને પ્રશંસા રૂચે,
સઘળું એનું તુજ આંખમાં કયમ ખૂંચે?
રહેવા દેતી ઘરમાં ન એક નિશાની,
આ બેહાથે માગી લીધેલી છાની.

ઓરે! ઓરે! શા ડંખ દિલને કોરે?
કો ન ઝુરે ત્યાં માઝા મુકી જ્યાં જોરે?
ખમવું બોલું, ચોતરફથી ચીરાવું,
શાક મિસાલે ચુલે ચઢી રંધાવું!
પ્રીતિ કેરી છૂરી નીચે જે આવે
ધા પર તેનો દુનિયા નમક ભભરાવે.
લેવી બ્હોરી પ્રતિકારહીણ લાચારી
એહ દશાને દુનિયા કહે છે યારી.

સાંખી જાણી છે સેંકડો મેં સખ્તી,
પશુ સમી છે બીજી નહિ કમબખ્તી:
લાવ્યો સાથે જે પ્રેમની એંધાણી
બ્હોર્યું તેણે છે આસરનું પાણી.
આખો ઘેરી આવે જણાઇ એની
ચહેરા પરથી જાતી અસર ના જેની:
હસતા હોઠો સહુ ભેદ મનનો ફોડે,
વાત મડાતી શંકા તણે અંકોડે.

રહેતી છૂપી ના વેદના આશકની;
શી ય દશા છે માશુકના ચાહકની!
જીવન એનું દીસે બલાના જેવું,
એની હાલત વિષે વધુ શું કહેવું?
કરતાં એની સહુ છૂટયા નાગોદી,
પ્યારા મિત્રો, બેશી અને પાડોશી.
ઉધડો લેતાં ના કોઇ એને ચૂકે,

ખૂબ મહારી કેયે રહી ના આજે
રોષ કરે છે ખાગ અને અતરાપી,
કોણ રહ્યું છે મુજને નહીં સતાપી?
ભેદે મર્મો એવા છુપા ઘા મારે
કામ મિને કેા થાતુ જવાનુ જ્યારે
ચઢનેા મેડી જ્યે એહની કેા પેખે
લાખી ડોકે કરી ડોકિયા સહુ દેખે
છેાડી ધધેા દાડી મહનમા પીટે
પડી ભાત પટોરે—ફાટે છતા નહિ ફીટે!

દેહલતાનેા છે દેાલ સુદર હેાવુ,
અ ખ ગુન્હેા તુજ કેા આખ સામે જોવુ!
દેાન ચરણનેા જાણી બુજ ખમચાવુ,
જુર્મ હૃદયનેા હૈા તરફ ખેચાવુ!
પ્રીતિ કેરા જે રગમા રગાયા
દુનિયાદારીથી છેક તરછેાડાયા
શકતા લેશ ના ભાગ કામ કશામા,
દીસે જેઓ ચકચૂર નિત્ય નશામા
ન્યારી રસમેા, છે રાહ એહ નિરાના
વિઘ્નેા વચમા હમેશ વસવાવાળા
હાલત પૂરી પેાતા તણી ના પ્રીછે,
હરદમ હૈયે કલ્યાણ ઘરનુ ઇચ્છે
ગયે પડતી ધમ ાદ જે બીજાની
આશા રાખે લેશે નહીં મદતાની

એ વસનારી! નિજ કાન્તના કમજમાં
દે ના દેફી મુજ દાગીના રસ્તામા
કડવા ઘુટડા તુજ કેટલા મે પીધા?
કરજો વસમા છે લાભ ગણીને લીધા
તારૂ કયારે કહેવું નહીં મે માન્યું?
જેના સુખમા છે મારૂ સુખ જાણ્યુ.
મારા સમ છે, સોગદ મુજને દેતેા,
એને માટે અપશબ્દ એક કહે તેા

દેાષેા માગ તુજ પાસ સર્વ કબૂલુ,
દેાષેા કરતા જેથી નહીં હું ભૂલું
ચારી ચાલે કયારે ન પડયેા હું ફીકેા!
જેના સરખેા નાદાન છે ના બીજો!
રૂપકા ખાવા સર્જાયેનેા સ્વધગાના,
સુરત હમેશા નિજ શેાધવામા બ્હાના

માથે પડતી સહુ વેદનાઓ સાખુ,
કાપે માથુ તેનેા ય ભરેાસેા રાખુ,
છેા ધિક્કારે લેાકેા અનાડી મુજને,
ના ધિક્કારૂ તેને નહીં થા તુજને!
આવી પગમા મારા પડી જે પ્રીતે
ઠોકર મારી તેને શકુ શી રીતે?
રાખી મૂકી મનમા નકામેા કીનેા
લે બહુ કેડેા ના રાક આ કપડીનેા

[ક્રમશ

પતીલ

અભિસારે !

નિશીથે આજે મેહુલો ગાજે
વીજ ઝબૂકે ઘેલી !
કાલિન્દી આરે ત્યાં નંદ દુલારે
બંસી છેડી અલબેલી !

મેઘલી રાતે એ ઝંઝાવાતે
બંસી બાવરી બાજે;
નિજ કુટીરે અધીર ધીરે,
રાધિકા સાજ સાજે !

વિજન વાટે, ઉર ઉચાટે
દીપ ધરી અંધારે;
મન મતવાલી પ્રેયસી ચાલી
પ્રીતમ-અભિસારે !

નોતમ

કોઈ મને બોલાવે

કોઇ મને બોલાવે
મને કોઇ આજ બોલાવે
કોઇના સાદ સુણાયે:

ગગન થંભી મેઘલા સાદે
કોઈ મને બોલાવે,
રે કોણ મને બોલાવે ?
રે કોના સાદ સુણાયે ?

પુષ્પતણી પાંદડીએ જોયું
વનવનની ઉપવાટે જોયું:
અનિલની લહેરે કંઈ જોયું
ચોગમ ન્યાણી ન્યાણી જોયું

કોઈ ના દેખાયે
રે-કોઈના પેખાયે
કોના સાદ સુણાયે ?

રજનીકાન્ત દલાલ



આ અંક

સંપાદકીય

'કવિતા'નો ગયો અંક દીવાળી પ્રસંગે પ્રગટ થયો. પરિણામે નવેમ્બરના અંકના પ્રકાશન માટે પૂરતો સમય રહ્યો નહિ, પણ બને ત્યાં સુધી કોઈ પણ સંજોગે ૧૦ મી તારીખ થતાં 'કવિતા' પ્રગટ થવું જ જોઈએ. એટલે આ અંક શકય તેટલી ઉતાવળ કરીને પ્રગટ થાય છે.

આવતો અંક ડીસેમ્બરની ૧૦ મીએ પ્રગટ થશે. ઘણા ગ્રાહકોનાં લવાજમ પણ પૂરાં થાય છે એટલે એ ગ્રાહકોને નવાં વર્ષનું–૧૯૪૭ ના વર્ષનું લવાજમ મોકલી આપવાની વિનંતિ કરવામાં આવશે. જો લવાજમ નહિ મળશે તો ડીસેમ્બર અંક તે તે ગ્રાહકને વી. પી. કરવામાં આવશે.

'કવિતા' લેખકોની સંખ્યાબંધ કૃતિઓ સ્વીકારેલી હોવા છતાં પ્રગટ કરી શકાતી નહોતી. પરિણામે આ અંકે નવીન કવિઓની કૃતિઓ સારી સંખ્યામાં પ્રગટ થાય છે. બલકે એક રીતે આ અંક વિશેષાંક જ બની રહે છે.

માત્ર કવિઓનો જ અંક આપવો એ દૃષ્ટિ તો નથી જ, છતાં આ અખતરો છે. એક તો સમયના અભાવે વધુ થઇ શકયું નહિ અને બીજું નવીન કવિબંધુઓની ધીરજને પણ હદ હોય છે એ સમજીને.

આમાં સંખ્યાબંધ નવીન બંધુઓનો પરિચય થાય છે. કંઈક કૃતિઓ વિષે પણ લખાયું હોત, પણ થઇ શકયું નહિ. આથી બીજું શું લખાય?

રજા પડી હોત !

કેવી પડે મઝા, કેવી પડે મઝા.
આ જીંદગીમાં એક દિની પડી જાય રજા
કેવી પડે મઝા !

સુખ દુ:ખ, હર્ષશોક,
પથરાયા થોકથોક
વસે તેની પાર ફોક, એ જ લઈએ મઝા,
જો પડી જાય રજા !

રાગ દ્વેષ, મોહ માયા,
તણી પથરાઈ છાયા,
તજી, ઓ અમૃતના જાયા, લઈએ ચિર ચાંદનીની મઝા,
જો પડી જાય રજા !

ક્લેશ, કંકાસ, કુસપની,
જવાળ અહીં આપની,
ચાલો આનંદના મયંકની માણી લઈએ મઝા,
જો પડી જાય રજા !

ચિર આનંદ, ચિર જ્યોતિ,
દિવ્ય પુણ્ય મહોદધિ,
ઉછળે છે કોટિકોટિ, લઈએ એનાં મજ્જનોની મઝા,
જો પડી જાય રજા !

ગમી ગઈ આજ ઓય,
તો તો આ પિતાની ગોદ,
જરી યે નહિ છોડવાના છોને થતી ગોતાગોત !
જો આ જીંદગીમાં એક દિની રજા પડી હોત !!

શશિન્ ઓઝા

શાહે જહાં તમેય છો !–

બાજંદા સૌ કલાકારો પોતીકા, પરદેશના;
પડ્યા છે તાજની પાસે નિજના તાણી તમ્બુઓ.
ખલકની ખૂબીના બારે કામે લગાવી ટેસડી,
ઘડીમાં કરી બેસરી* દુરન તર્જ સૂરીલ ઓ.
ફરી એ તર્જમાં મીઠા ઓસર્યા સૂર પૂરવા,
આવ્યા છે કલાકારો પોતીકા, દૂર દેશના
પ્રસ્વેદ બિન્દુ મુખપે વળેલાં
કૈં વાર સૂર્યે કરી બાષ્પ દીધાં;
તો યે કલાકાર ન વિકૃતિને
શકયો કરી સુકૃતિ તાજદ્વારે. ૧૦

એથી ય નકશી કરનાર સારી
બેચાર બંકા નીકળ્યા જમાતે;
કિન્તુ બની બ્હેતર હોઇ વ્યર્થ.
ઊગીને આથમ્યો ભાનુ કેટલી વાર આ રીતે;
કરી ના શકયું નકશી કો બારમાં બંધ બેસતી.
નિશાએ એકાદી
શશીની નાળેથી ધવલ રસ દેવે વહવિયો;
અને તારા લાગ્યા છબછબ કરી રનાન કરવા.
સર્યા ચિન્તા ઘેર્યા
કલાકારો થોડા કુદરત કલાને મુલવવા. ૨૦

બ્યોતરના તણો ઘેઘ ઝીલી રહેલા
ઊભા રહી, ધૂર્જટી તાજ પાસે
આવ્યા કલાકાર લટાર દેતા;
નિહાળવા કાળની ટેસડીને.
" શાહે જહાં આ ! " ઉચરી ઊઠયો ત્યાં
કો ઝૈફ ઊભેલ નિહાળી એક.
ઝૈફી થકી લદાયેલાં ધીરેથી ચખ પોપચાં:
ઊઘડયાં સાંભળી શબ્દો અજાયબી પમાડતાં

" ઓ, સંગમાંહી દિલ ચસ્પ નકશી ૩૦
કરનાર, પ્યારા મમ શાયરો, હા !
એ દુઃખ ખ્વાબી ગુલ ખલક ચોકે
મૂકી જનારો સુલતાન પોતે.
સૂતેલીને શાયરી શાયરોની
જગાડી મૂકે ઘડી બે ઘડીમાં;
રચનાર આ તાજમહાલ એવો
શાહેજહાં હું મુમતાજ પ્યારો.
અંજમ વખ્તે મમ ચશ્મ નૂર
મુમતાજની ખ્વાહિશ આખરીને
કરી સરો ચશ્મ દીધેલ કોલ,
નૂરે જહાં યે મન ! આલમે અ
ગુલ એવું ઉગાડીશ જેની ખુશ્બે
કરાવશે યાદ મુમતાજ ! તારી.'
એ પાક ખ્યાલે જ નીચે જમીપે
આરમાનમાંથી અહીં તાજ લાખ્યે
એમાં ન લેશે ખુદ કીર્તિઝંખા.
તેથી જ આજે ફરડાયલો છે
પગડેસથી કાળ તણી છતાં યે
ના હુરન માંહી લવ યૈ કમી કૈં.
જાઓ ! કલાકાર તમે બધા યે
સંશુદ્ધિભાવનાની ઉણપ ઉણપે પૂરશે દીપ
કલા, સમય, ઝીંદગી, સહુય વેડફો કાં
કાળે કરી ખોડ પૂરી શકો ના
મથો કદાપી સહુ ઝીંદગાની.
ખંડેર સૌને થીગડાં લગાવી
પાછા સુહાવો યદિ, તો અપેક્ષા
નવસર્જનોની રહશે કહીંથી ?
જાઓ ! રચી સૌ શકશો તમે યે
આ તાજના તાજ સમા મહાલ
જાઓ ! પરન્તુ
મુમતાજ તમારીના શાહેજહાં તમે ય છો;
રખે ભૂલી જાતાં.

જયકાન્ત ત્રિવેદી

"માગણી"

[ધ્વનિત]

મારા રોતલ હૈયાને રોજ રહ્યું રડવું:
રડતાં રડતાં આંસુ મારાં સુકાયાં ચળે;
મારી સૂકી આંખો દુનિયાને સૂકી નિરખે–
એક દુઃખથી દુઃખ બીજે મારે આથડવું.
જો કે પી ગયો છું દુઃખ આ સહુ હું કડવું;
કડવા પછી સર્વ મિઠાશ થકી તલખે
પણ મારા દિલે એવી પીડ ઊંડી તણખે
સુખનું લાગે ચિન્તનયે મને કે અડવું ૮.

* * * *

નહિ માગું, પ્રભુ! તારાં સુખોને ખોબા ભરી
મને કો'ન સ્પૃહા દુનિયા તણા વૈભવની
નથી રાખી, ન રાખીશ હું એવી આશ કદા–
દુઃખ પાડીને યે શું ન દર્શન દેશે જરી?
મારાં આંસુથી દે તું ભલે ભરી આ અવની
પણ નાથ! તરાવ મને તારે હાથ સદા ૧૪.

બેજન દેસાઇ

ત્રિ મુક્તક

[૧]

ખરે કન્યકા ખૂબ શક્તિ કસે તું
હિંચોળે ચઢી ખૂબ ઊંચે હસે તું
યદા હિંચશે બાળ તારાં હિડોળે
કહે તે સમે આજ જેવી હશે તું?

[૨]

ઘણા સંત ભાળ્યા ભૂલાયાં રટણ છે
ઘણાં તીર્થ નાહ્યા ભૂસાયા ચરણ છે
પ્રભુ જો તું પ્રગટે ઘટી જાય કિંમત
તું અદૃશ્ય છે તો જ તારું સ્મરણ છે.

[૩]

સરી સરિતા ગિરિના અંકમાંથી
ધમી યુવતી થતાં પર્યંકમાથી
સ્વયં જઈને મળી કાં ઉદધિને?
બચી જાવા અસત્ય કલંકમાથી?

મંડેરાવ માનાજી પવાર

મનનું ધાર્યું કંઈ નથી

લલાટે જે લખાયું છે
મીથ્યા કદી થાતું નથી;
જે આજ વાવ્યું તે કદી
ઉગ્યા વિના રહેતું નથી
આવ્યું યૌવન જોરથી
રોકયું રોકાતું નથી;
જલ ભરેલ વાદળું
વર્ષ્યા વિના રહેતું નથી.
જે થવાનું તે થાય છે
નવીન કંઈ થાતું નથી;
ઈચ્છયું તે કરમાય છે
કાયમ કંઈ રહેતું નથી.
આવે ઘડપણ આપણું
પાછું કદી જાતું નથી;
"કનક" હરિ ધાર્યું થાય છે
મનનું ધાર્યું કંઈ નથી.

ગં. સ્વ. કનકકુંવર
(રાણીસાહેબ માલીયા).

માથેરાનમાં

મને સ્મરે છે અહિં એક વેળા
લૈ હાથમાં હાથ પ્રિયે ફરેલાં
ઉન્નત શૃંગે ગિરિકંદરામાં
દીઠી અદીઠી વનકેડીઓમાં.

યૌવન હતું ખીલ્યું વનશ્રી જેવું
જીવન હતું સંગીતથી ભરેલું
પ્રિયે! હતી તું નભતારિકાશી
શોભી રહી વિશ્વની સૌંદર્યશ્રી.

મને સ્મરે છે અહિં એક વેળા
આ વિશ્વના સુંદર બાગમાંહિ
ઉલ્લાસ આનંદ ભરેલ હૈયાં
મળ્યાં હતાં એક થવા ભવિષ્યે.

મળ્યાં, પ્રિયે! એક થઈ રહ્યાં હવે
યુગો સુધી ના પડશું છુટા પ્રિયે!

પ્રાણુલાલ



ક્યાં રે જવાનું !

: અંજની :

વિશાળ વિશ્વ મહીં અથડાતાં,
ભાવિના વમળે પછડાતાં,
સંસ્મૃતિના ભ્રમણે અટવાતાં,
ક્યાં રે જવાનું ? ૧

ભમવું આયુ આશ ઉછંગે,
કમનીય કુદરત કેરી કુંજે,
કે જ્યાં માનવતા ગીત ગુંજે ?
ક્યાં રે જવાનું ? ૨

સ્વપ્ન તણા સુંદરતમ વ્યોમે,
વાસ્તવની કંટકમય લોમે;
ઉડતાં હ્યાં યૌવનના જોમે:
ક્યાં રે જવાનું ? ૩

અગમ્ય આ જીવનની વાટે,
ભટકી સઘળા આશા-ઘાટે,
રખડી રઝળીને જગ પાટે;
ક્યાં રે જવાનું ? ૪

નિયતિના કરમાં રમવાનું,
ભાગ્ય તણા વહને વહવાનું,
હસતાં રડતાં છાનું છાનું;
ક્યાં રે જવાનું ? ૫

રમણલાલ વ્યાસ

કવિતાગમન વેળા

જે પ્રેમમૂર્તિ તુજને ગણે છે
શ્રધ્ધાળુને લાયક દ્વાર તારુ
ઠોકી પધારે અતિથી બનીને,
તું તે સ્વીકારી ઉરમાં લઈ લે
આરામ માટે કર પ્રાર્થના ત્યા!

તિમિર રા દુઃસ્વપ્નને સહારે
આવે બની ભાનુતણો પ્રકાશ
એકાંતના શૂન્ય પથિક જેવો
નિમંત્રવાને તુજને સુહાસ્યે
આરામથી તે સરજે સ્વતંત્રતા!
ને જે મળે તે અપનાવવાને
હૈયુ અતિશે કર આર્દ્ર ભાઈ!
ને જે અધૂરી, વળી ના મળેલી
તે સંપત્તિ માની સ્વીકાર પ્રેમે!

એ ત્યાગીને વિસ્મરશે કદી ના,
આશા જગાડી બસશે કદી ના!
વર્ષો તણી વ્યર્થ ઉપાસનાથી
જે ઉરશાંતિ ય પમાય ના ના,
જે ના કદી દૃષ્ટિ ચઢેલ દૃશ્ય
તેના તને દર્શન દેય પ્રેમે!
હિમાલયોના ચઢી કૈક શૃંગ,
રણોની ઓળગી તપેલ રેત;
ને તે છતા ના મળતું પ્રયત્ને
તે તો મળે સ્વેલ જ નેત્ર પ્રેમે!
ને યાતનાથી ન જીવી શકાય
એ ચિત્તનો ભાર ન ઉંચકાય
ને ઉર ઓથાર ન જિરવાય
ક્ષણેકમા તે લઈ લેય ઉલ્લસી!

ઉઘાડવાને તવ દ્વાર ના તને
ઈચ્છા હતી, એ હતી ચાતુરી છો,
તુ કેટલો રંક બની જશે જો
દ્વારે ચઢયાને કદીયે વળાવશે!

(સૂચિત)

નાનુ પરજાણકર

મૂલ્યાંકન

(સવૈયા)

'ચીજ હશે કો સુંદર જગમાં !' કહીને જોવા ચાલ્યો આસ
બહાર બરાબર ફરી વળ્યો, પણ ના કંઈ પત્તો લાગ્યો હાથ
ફર્યો ચીન ને જાપાને પણ, 'પગલા ટૂંકા' ગમ્યાં નહિ
જાપાની યુવતીના પુલકો–એ પણ મનડું મોહ્યું નહિ.

આંગ્લ દેશ ને અમેરિકા–રે ત્યાં પણ ના સંતોષ લગાર
ફરતાં આવ્યો જર્મનિ ઈટલિ પણ ના કયાંયે ઠર્યા પાદ
લંકાની લાડીઓ જોઈને ગોવાનાયે જોયા વર
'ભરણ જમણ સૌ જોયા સ્થળ'ના પણ ના સુંદર પામ્યો નર.

નેપાળ ભમ્યો, ટિબેટ ભમ્યો ને કાશ્મિરી લલના ભાળી
કિન્તુ મન ના ચોંટે કયાંયે ત્યારે આવ્યો દ્વાર ભણી
ઘરમાં આવી પગ મૂકતા તો દૃષ્ટિ ચોંટીઃ લીધી બાય
ચુંબન ગાલે : હર્ષ ન માયો · 'ઘર દીવડાનો સુંદર સાથ.'

મધુરમ્

નભ આંખડીએ

નભ આંખડીએ નભ આખડીએ
કુલ પાંદડીએ ખગ પાંખડીએ,
પ્રભુની વિભુની શુભ ચાખડીએ
કવિની રવિની કડીએ કડીએ
રસ રેલવતી શુભ ભેલડીએ
શશિની હસતી મૃદુ આંખડીએ,
વનરાજિ તણી મધુ વેલડીએ,
દીઠી મોહકતા ઘડીએ ઘડીએ....૮

વળી વિશ્વવિરાટની વાતડીએ
ચણ બધ કરી હસીએ ? રડીએ ?
કવિને લઈને કવિતા ઘડીએ
રવિને નમી સવિતા ગણીએ
નભ આંખડીએ મૃદુ તારલીએ,
હસતી ફરતી જ્યમ ચાંદલીએ
પ્રિય પાંદડીએ પદ પાખડીએ
પ્રભુની જ લીલા નભ આંખડીએ ...૧૬

કુલ પાંખડીએ ભટકે ભમરા,
રસસાગરમાં બૂડતા ચૂમતા,
વળી મંદ હસી કમલો બીડતા
મહીં કેદ થઈ ભમરા ભમતા.
નભ આંખડીએ રુડી રાતલડી,
દીસતી નભની બસ આંખલડી;
ત્યહીં ભૃંગ અને કમલિની તણી,
બનતી મૃદુ, વિશ્વની એ ભેલડી....૨૪

પ્રિય પાંખડીએ, પદ પાંદડીએ,
બલિહારી વિભો ! તવ આંખડીએ.

જગદીશ મહેતા

હૃદયદીપ

સ્મરી મિલન આપણું, સુખદ સ્નેહની શાંતિને
વળી વિરહકાળના દુઃખ ઘણા સદા હું, પ્રિયા,
હવે સ્મરણઅગ્નિથી હૃદયદીપ ચેતાવતાં
અને પુનિત પ્રેમના સુભગ શાંત ગંગોદકે
ઉંડા કરુણ ભાવથી કિરણ તેજનું મુકતાં
થતો અધિક ક્ષુબ્ધ હું, ગહન જાગતી કલ્પના–
–વહો હૃદયદીપ તે, પરમ શાંતિના સાગરે
અને સરજજો ત્યહીં અમર સ્નેહજ્યોતિ પ્રિયા.

રામચંદ્ર દેસાઇ

પહેલું મિલન

રે વિચારું, પ્રણય રસ શો? પ્રેમ શો? રાગ શું છે?
છે હૈયામાં, પ્રથમ મિલનોના પ્રયાસો હજીએ,
પ્રિયા માટે,
વાતો માટે,
ત્યા તો પેલી, ઝણુક કરતી, વીજળી એક મોટી,
યાતાં ત્યાં તો, દિલ ધડકતાં પાસ આવી પડી ને;
"બીધી હું તો," કહી હસી પડી, બાજતા હાથ ઝોકે,
હૈયાં આપ્યાં, ઉભય દિલની, વાત બોલી તહીં તો.

માઝા મૂકી, પ્રથમ મિલને, છેક હોડી ડુબી એ,
ઊંડી ઊંડી પ્રણય રસમાં,
ડુબી ડુબી, રસ પ્રણયમા,
ને દેખાયું, સમજ પડી ત્યાં, રાગ શું! પ્રેમ શું એ,
હું તો ડુબ્યો,
ને એ ડુબી, જલ પ્રણયના પૂર માંહી ફરીથી.

ઠાકોરભાઇ સી. દેસાઇ

એ પ્રભુથી દૂર જા રે

ખુઆઈ જીવન જ્યોતિ રે—

જીવન પ્રભાત જ્યાં ઊગવા લાગ્યું,
છાયું રજનિ અંધારું રે—ખુઆઈ૦

નાના એક ગામમાં, નાની શી ઝુંપડી,
જ્યાં નાનો ઉજાસ હતો રે—

સ્વર્ગીય તમસ્ કાજ, ઉઠાવી આ રોશની,
શો રસ્તો નિરાળો રે—

ગરીબી શું ચુન્ટ્યો અમારો,
નેહુકમી ચલાવી રે;

તારૂં પ્રભુ તેં કરીને બતાવ્યું,
શાને છોડું ભલાઈ મારી રે—

જો પ્રભુમાં પ્રભુતા છે નહીં,
તો એથી અધિક શું કુરના રે;

હું તો માની પ્રિયાને ભોડું,
એ પ્રભુથી દૂર જા રે—

નિર્ભય



એક જ ટહુકો

કોકિલા, તું કમળનયની, કોક ગાંધર્વ કન્યા
પૂર્વે હોગે જરૂર, પણ રે કોકના શાપથી રે
પક્ષી જાતે અવતરી, છતાં મૂળ શું ગુપ્ત રેતી?
છપી રે' ના પરવશ બને પ્રાણતાની બલેને.
તું તો દૂતા અગર નદીસા ઋતુગાળી તણી રે,
તું જોવે છે દૂર દૂર થકી વિશ્વ સઘળો જ બનેજે;
બનજે આપ અખિલ જગને ઐક્યનાદેય સાચો,
કે વનોરા શુભ ઉષરતી-કાળ સંજ્ઞા કરે છે?
તું બનજે કે રટન કરતી, રે જગાતીત હોયે—
કે ના હોયે જગતજનની કે રહ્યા વિશ્વથી રે;
વિશ્વે જન્મી તદપિ ન તને વિશ્વના રંગ કાંઈ,
જેનું કેન્દ્ર જગત પર છે, બધનો હોય કયાંથી?
તું કોકિલા મધુ ટહુકતી આલમગ્રહો વિષે તો;
શું ને કાને મુજ જીવનમાં એક ટહુકો કરે ના?

શિવપ્રસાદ ભટ

શ્રાદ્ધ

આજે આ ઊગિયો માત દિનપૂર્વે વ્યથાતણો
અણુધા અવસ્થા ટાણે ભાળેલો આજના સમો
સૂતેલો ખાટલે ત્યારે પીડાતો જ્વર તાવથી
ત્યહીં મેં સાંભરી તહારી વિદાયો તે વિલાપની.
બાલ્યમાં તે સમે ન્હોતું ભાન તહારા વિયોગનું
છતાં યે ડૂસકું એક મુખ્યું'તું દૈવપ્રેરીત.
(મને એ સાંભરે તીથિ સંચરી સ્વર્ગ માતની)
હવે હું ઉજવું આજે તીથિ એ તવ શ્રાદ્ધની.

હસ્તે ગ્રહી ભોજનથાળ ઊભો
વાયસબલીનો તવતૃપ્તી અર્થે
કિન્તુ અરે મા! મુજ અશ્રુપૂર્ણ
આંખો વિલોકી શું તું તૃપ્ત થાશે?

આંસુની અંજલી અર્પું લેજે એ જળની ગણી,
દુભેલું દુન્યવી દુઃખે હૈયું નિઃશ્વાસ તું દિયે.
સંસારે ખેડવા પંથ ધૈર્ય ને બળ અર્પવા
અદૃશ્યે પ્રેરજે મીઠી આશિષો તવ ઉરની.
ક્રંદનો શામવા મ્હારાં ગોદ તહારી પ્રસારજે,
અને જ્યાં મા! તું હો ત્યાંથી વ્હાલ તહારું વહાવજે.
ભલે તું દૂર હો તોયે તહારી એ ગોદની હું ફે!
સમાશે ડૂસકાં મ્હારાં ઓગાળી પીશ વેદના
કર્તવ્યપંથને અંતે વ્હેલોવ્હેલો તું ગોદમાં
લપાઈશ હું આવીને હૈયાનાં વ્હાલ ઝીલતો.

ભાઈલાલભાઈ પટેલ

*શુ ક્ર તા રા

હેમન્તસ્ય પ્રથમ-રજની-શેષ-પ્રાહ્મે-મુહૂર્તે
નિદ્રા ભંગે, વિકલ નયને આભ શૂન્યે નિહાળું:
શુભ્ર સ્વાંગે, અતલ ગગને એકલી શુક્રતારા
પોઢે, જાણે તરલ જલમાં પદ્મિની હંસબાલા!

સ્નેહી કેરાં પ્રથમ મિલને આંખડી પાંખડી શી
અર્ધી મીંચી અરધ ઉઘડી, અંતરંગે દ્રવંતી;
એવાં ઘેલાં પ્રણય નયને, આર્દ્ર હૈયે ય એવે
દૃષ્ટોદૃષ્ટ મળ્યાં,દૃગે દૃગ ઠર્યાં,હૈયે વસી મોહિની.

નહીં એને અંગે ઘનધનુષના રંગ જુજવા
નહીં એને કંઠે કૂજન મધુરાં પંચમસુરાં
અહો! અંગે અંગે સ્નધન શુભ રંગ પ્રણયનો
અને કેવો કંઠે ગહન સૂર કાવ્યસૃજનનો?

વૃષ્ટિ પ્હેલી ઝરમર થતાં, નૃત્યઘેલી નિસર્ગ,
પોતાની સુસમૃદ્ધ સ્નેહસરિતા ગાંડી બની રેલતી

*પ્રથમ-પ્રણયને શુક્રતારાની ઉપમા આપી છે.

પ્હેલી દૃષ્ટિ પ્રણય ઝરતી જીવને દિવ્ય તેવી
હૈયાકાશ ભરી સુધામય વહે સ્વર્ગંગશી સ્નેહની.

કિન્તુ અર્ધી ક્ષણ નહિ વીતી, ઓસરી સ્નેહસંધ્યા!
મુગ્ધસ્મિતે ક્ષણિક મિલને આથમી શુક્રકન્યા!

ક્ષણાર્ધેયે એણે પ્રણયપૂર નિઃસીમ વહ્યાં
અને ગાઢે રંગે હૃદયપટ એવાં ચિતરિયાં
કની, કાળાન્તે યે નહિ ભૂંસી કૃતાન્તે કદિ શકે.

આછી પીંછી લઇ પીજકલા ચીતરે આભ આખું
છૂપે વિદ્યુત્ જ્યમ ઘન ચીરી તીવ્ર તેજે તરંતી
છૂપી તુંયે; ઘડિક ઘડીમાં સંગી કેરા વિયોગ!
હાવાં તો મિલને સુહાસ, હવણાં હૈયાતણાં ક્રંદન!!

સૌથી પ્હેલી પ્રણયરજની દેહ ને દેહી કેરી
સૌથી પ્હેલા પ્રણયવિરહે દુઃખિયાં દેહ દેહી?
તેવી દૃષ્ટિ પ્રથમ પ્રણયે હું રહ્યો'તો રિઝાઇ
તેવા દિવ્ય પ્રણયવિરહે હું રહ્યો રે વિધાઇ.

હૈયે તો યે નહિ વિવશતા, જીવ ના ક્લેશ ક્ષુબ્ધ,
સ્નેહી કેરી પ્રથમ સ્મૃતિની તીવ્ર ચિત્તે સુગંધ;
કાલાબ્ધિમાં દિવસ રજની બિન્દુડાં ક્ષુદ્ર માત્ર
એમાં આવી ઘડી અધઘડીથી બને ધન્ય પ્રાણ.

'ઉપવાસી'

મિલન પછી—

અસીમ બ્રહ્માંડ મહીં સુવિશાળ વ્યોમપથે
નિયત નિશ્ચિત માર્ગે કરતાં પ્રયાણ
આવી ગયા ગ્રહદ્વય અકસ્માત પાસપાસે
જાગી ઊઠ્યાં મિલનનાં આનંદનાં ગાન.

તેજસ્વી એ તારકોનું આશ્ચર્ય અનંતે વહે
વિશ્વમહીં રશ્મિપૂંજ વિસ્તરે ચંચલ;
આજે એના સ્તરેસ્તરે પાષાણ પ્રકંપી રહે,
પવને પ્રચંડ વેગ, ક્ષુબ્ધ સિન્ધુજલ.

દીપ્ત, સમુજ્જવલ સોહે દિગન્તની સીમા,
કંપી રહી વ્યોમ કેરી નિબિડ નીલિમા.

વીતી રે મિલનક્ષણ; નિયત અનંત પથે
ગ્રહો બંને જુદા જુદા આરંભે પ્રયાણ;
ઓ રે ! પણ કેમ શમે ભીતરે જે કંપ જાગ્યા,
સાગરોમાં ભરતીનાં જાગ્યાં જે તુફાન ?

નાથાલાલ દવે

ચાલી ગયેલી વાદળીને–

(૧)

વાદળી! ક્યાં રે ગઇ એલી વાદળી!
તને જોઇ'તી મેં ૂર મારી સીમે,
તું તો આવંતી પાસ ધીમે ધીમે
હતી જોઇ તારી વીજ,
હતું સુણ્યું તારું ગીત
મેં તો આશાની માંડી'તી મીટ જી
તને સૂઝી શી આ મતિ
તેં તો આડી કરી ગતિ? એલી વાદળી.

(૨)

મેં તો જાણ્યુ'તું વરસી અહીં જશે,
મારાં ખેતર સૌ અંકુરિત થાશે;
મારાં પંખીડાં ગાશે,
મારાં ઝરણાંઓ ગાશે;
મારૂં મનડું ઉમંગે એ નાચશે જી
ત્યાં તો થૈ તું અદીઠ
આ તે કેવી તારી રીત? એલી વાદળી.

(૩)

હવે લાવે જો નીર ફરી વારે, અને આવી જો ગામ ચઢી મારે,
વેણુ ફુંકાને ત્યારે મારા ડુંગરની ધારે
એક: બેસી જોઇશ તારી વાટ જી
બેની જતી ના આમ રાખી મૂકું તમામ . એલી વાદળી.

પ્રહલાદ પારેખ

ફેરબદલો

ધરીને હૈયામાં સ્મૃતિ જુની બધી યે રસભરી
નવા ભાવો કેરી રસિક વહવી રંગસુરખી,
જુના ભાવો, સ્વપ્નો, મધુર રટતાં સ્નેહસ્મરણા
હવે કો પંથીના અહીં ન ઢળજો નેત્રનમણા!!

હતું કેવું મીઠું સદન, દિલ સૌને ગમી જતું,
પ્રવાસીને થાતું બસ રજની અહીંઆ રહી જવું;
સદાનંદે ઠોલી, કલકલ નિનાદો મચવતું
ફુવારા સ્નેહોના દિલ ભરીભરીને વરસતું!

હવે હૈયે ઉભા નથી, નથી નિનાદો સરિતના
નથી ઊર્મિ પ્રેમે ભરતીથી કિનારા છલકતા;
જલ્યાં હૈયાં કંઈકંઈ મૃદુ, પ્રણયભસ્મે ચણતણાં
વહાવે છે આંસુ ફરી જગવવા મૂળ ફણગા!

વળો પંથી! પાછા, નમી નમી કહું છું
પ્રિય! વળો,
ન જાણું કયે દિથી દિલ ફરી ગયું ફેરબદલો!!

'શશિન્' ઓઝા



કવિતાને

યથા વય રમી હસી હૃદય બાલ્યકાળે સહા
સવેગ સલિલોર્મિના કલકલો ધરી રાચતાં
જઈ સરિત રેતમાં પદપદે પુરી રેખમાં
સુધા શિતળ તેજથી સરલ પ્રેમની ભાવના.

કિશોરવય ઊભરે હૃદય ઊભતાં બેઉનાં
ચઢી ભરતિ ચોટ કૈં જટિલ પ્રેમની કાંઠડે;
મુખે ધવલ લાલિમા, પણ વસે ઉર એકતા
છતાં ધડક દિલની અકથ થૈ રહી દિલમાં!

વિષાદ ઘન ઘામથી હૃદય થૈ ગયું બાવળું
તહીં હૃદયભારને લઘુ કરી ભુજા સાંકળી
હરે કવિત જે વસી; શિશુ સખા પછી થૈ પ્રિયા!

હવે કવિત, જય મ તું નિરખતાં પ્રિયા વાટને
ઘણી હૃદય રાજિ ત્યમ વસતા કને એ ફરી
જતી ન વણસી, પ્રિયા ઉભય એકબીજા થકી!

રમણ પટેલ

લ ઘુ તા

(गुरुता से लघुता की ओर નામક શ્રી 'મિલિન્દ'ના હિન્દુસ્તાની કાવ્યનો પદ્યાનુવાદ.)

વાદળના પહેલા બિન્દુનો જે પામે અભિનવ અભિષેક,
પણ જીવનથી અલગ કરે છે જેને દુ:ખદનો અવિવેક;
પ્રથમ કિરણથી અરુણ તણા, જે પામે સૌની પહેલાં સુખ,
પણ જેને નહીં શોક-હર્ષ કંઈ—ચાહે જગમા દુ:ખ યા સુખ,
નથી બનવું ગર્વોન્નત પર્વત
નિર્જનમાં બનવું ન મહાન

સવારમાં શ્રમિકોની ટોળી જ્યાંથી ગાતી જાયે છે,
સંધ્યાએ ગૃહિણી જેના પર આતુર નયનો ઢાળે છે;
મુસાફરોના સુખદુ:ખથી જીવન છે અરિયર દિનરાત
એ રસ્તાની ધૂળમાં બળીને વિતાવે જીવન અજ્ઞાત.
ચાલો, એવું રજકણ બનીએ
પરિચય સુખદુ:ખનો કરી લઈએ.

મોજાં સૌ આ મધુર ગીતથી જેનાં મહિમાગાન કરે
પણ મીઠુ જળબિન્દુ જેમા તૃષિત જગતને કદી ન મળે;
ચન્દ્રકિરણના ચુમ્બનથી ઊછળે થઈ જે આનન્દ વિભોર
કિન્તુ જગતના સુખદુ:ખની જેના ઉરમાં નહી કોઈ હિલોર
નથી બનવું એ વિસ્તૃત-ગુર્જિત
કિન્તુ સ્વાર્થમગન સાગર.

તૃષાતુર ચાતક, ચિન્તિત ચેદૂત, મીન અને ભગનાશા મોર
જ્યારે જગના અગણિત નયનો તાકે સૂના નભની કોર;
ત્યારે સદય બનીને શીતળ જળ વરસાવે સ્યામલ ઘન
એ ઘનને પોતાનું ચૂપચૂપ સોંપે જે નાનું જીવન—
—એ નીરવ જલબિન્દુ થઈને
કરીએ અવિ-જગહિત-જીવન.

રાજ્ય અખિલ અંબર છે જેનું, ઘનગર્જન છે જયજયકાર
સ્વાગત કરતાં ભયવિસ્મયથી જેનું વિશ્વવસિત નરનાર
છુપાઈ જાતી, ઘડી ભારે, આકર્ષિત જગનો કરી ઉપહાસ
"મારી" સમજી કદી ન જગ આ બોલાવે પોતાની પાસ
અરિયર ના બનવું એ વિદ્યુત
હૃદયહીન સુખનું જે! રિમત.

ધામે ધામે બળતો જળતો ઝૂંપડીમાં જે ભરે પ્રકાશ
અગન છુપાઈ જેના ઉરમાં—હોઠો પર અક્ષય મૃદુ હાસ
પંથ ભૂલ્યા ને પંથની વચ્ચે બની રહેતો જે અનુસંધાન
ધ્યાન ન ધરતો બલિદાનનું મૂકત્યાગનું નહીં અભિમાન.
ઝૂંપડીમાં સીમિત લઘુ દીપક
બનીએ—લઘુતા અનુભવીએ!

ગુલે ચમન

ક્રિકેટ અને કવિઓ

ક્રિકેટની રમત એવી છે કે તેનાં જૂનાં રમરણો પણ સુખ આપનારાં હોય છે. આમ કેમ ? આનો જવાબ સહેલો છે. ક્રિકેટનાં રમરણો સાથે લીલાંછમ મેદાનો, 'ક્રિકેટ સીઝન', ક્રિકેટ રમવા પૂરતી નિરાંત, ક્રિકેટ-મૅચો અને 'બૅટિંગ', 'બૉલિંગ' અને 'ફિલ્ડિંગ'ની કલામય અને ઉત્સાહ આપનારી ઝણઝણાટી—એ બધું યાદ આવે છે, શરીરને પુલકિત કરે છે અને મનને આનંદના તરંગો ઉપર વહેતું કરે છે.

સ્વાભાવિક છે કે મારા જેવા ઘણા જૂની 'રેકર્ડો' દર્શાવતી 'સ્કોરિંગ બુકો'ને સંઘરી રાખતા હશે.

આવું એક, ક્રિકેટની સ્મૃતિ તાજી કરતું, જૂની સ્કોરિંગ બુકનું પાનું, એડવર્ડ ટૉમસના સ્વચ્છ અને સુંદર હસ્તાક્ષરે લખાયેલું એક પુસ્તકમાં જોવા મળ્યું

આ જ એડવર્ડ ટૉમસે એક જગ્યાએ લખ્યું છે કે ક્રિકેટની એક 'ઇનિંગ્ઝ'નો 'સ્કોર' એ એક નાના સુંદર 'સૉનેટ' જેવો છે.

ફ્રાન્સિસ થૉમ્પસનના સુંદર 'કાવ્ય'ની આ લીટીઓ કયો ક્રિકેટર ઊભરાતા આનંદ અને ઉત્સાહ અનુભવ્યા વિના વાંચી શકશે ?—

'The run-stealers flicker to and fro—
A ghastly batsman plays to the
bowling of a ghost.
Oh ! my Hornby and my Barlow
long ago.'

આ લીટીઓની સ્મૃતિ સાથે 'Old Trafford'નું ઐતિહાસિક ક્રિકેટ મૈદાન માનસિક દૃષ્ટિ સમક્ષ આવે છે.

સંગીતકારો અને લેખકોને ક્રિકેટનું આકર્ષણ છે, આપણે કવિઓ જ બાકી

આપણા કવિશ્રી નાનાલાલે તો પોતાના અનર્ગળ ક્રિકેટશોખનું રસિક બયાન આપેલું જ છે. ચંદ્રવદનનો શોખ પણ જાણીતો છે.

બાયરન એક વાર પણ 'હેરો'માંથી ક્રિકેટ રમેલો અને કાંઈ પણ 'રન' કર્યા વગર 'આઉટ' થયેલો.

કીટ્સે પણ 'બૅટ' પકડયું હતું અને હાલના કવિઓમાં જૉન ફ્રિંકવૉટર ક્રિકેટનો પ્રેમી હતો અને એના મનથી સ્વર્ગ એટલે 'લૉર્ડ્ઝ'ના ક્રિકેટ મેદાનમાંના 'પેવીલિયન'માં સી. બી. ફ્રાયના ઝભ્ભામાં બેસી ક્રિકેટ મૅચ જોવી એ.

એડમન્ડ બ્લન્ડન ક્રિકેટનો પદાડી રમનાર છે. સેસિલ રે લ્યુઇએ પણ એકવાર જોતજોતામાં પાંચ વિકેટો લઈ બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. સર જૉન રૂથાવરને પણ ક્રિકેટનો ભારે શોખ. એકવાર એમણે ૧૦ 'રન્સ' કરેલા અને પછી 'આઉટ' થઈ ગયેલા.

'વીઝડન'ના એગાદ 'અંક'માંથી તમને ખબર પડશે કે રૂપર્ટ બ્રુક પણ 'રગબી' શાળા તરફથી રમેલો.

જે. બી. રિમય—નવલકથાકાર—જે 'નોટ્સ ફ્રૉમ-ધી' તરફથી રમ્યો છે, તેનો અભિપ્રાય છે કે "જેટલો સારો લેખક તેટલો ખરાબ ક્રિકેટર." રોબર્સોક હૉપ્સનો સર્જક એ એવો એક અપવાદ છે કે જેણે ક્રિકેટ રમવાની આવડતમાં 'કાઉન્ટી ક્રિકેટર'ના જેટલી કુશળતા મેળવી હોય. ઇ. વી. લુકાસનો એ અભિપ્રાય હતો અને એ એણે એના મરણ પહેલાં જાહેર કરેલો કે "ક્રિકેટ એ એક એવો વિષય છે કે જે લખવા લાયક હોય."

જે. એમ. બારીને જ્યારે મળો ત્યારે બાકીનું જ ક્રિકેટ સિવે એવું વાત ના કરી હોય એવું બને. કેટલીય વાર એણે ઑસ્ટ્રેલિયન ટેસ્ટ ટીમોને પોતાની ક્રિકેટ અમલદારી અને ક્રિકેટ વિષેની રસિક વાતોથી

મુગ્ધ કર્યા છે.

એક વાત વારંવાર આપણી સમક્ષ તરી આવે છે અને તે એ કે 'લેખકો ભાગ્યે જ સારા ક્રિકેટરો બની શકે છે.' ઘણીવાર લેખકો પોતાની 'ટીમ' બનાવીને અભિનેતાઓની ટીમ સાથે કે ગાયકોની ટીમ સાથે રમ્યા અને અચૂક દરેકવાર હાર્યા છે. આમાં આશ્ચર્ય શું?

આથી એક વાર એવું બન્યું કે લેખકો છંછેડાયા અને અભિનેતાઓ સાથે મેચ ગોઠવી - લેખકો તરફથી એક પત્રકાર 'અમ્પાયર' તરીકે ઊભો હતો. એણે તો તાબડતોબ અભિનેતાઓને 'આઉટ' આપી આપીને 'પેવીલિયન'માં પાછા મોકલવા માંડયા. આ Rot કેમ રોકવો? લેખકોના કેપ્ટનને દયા આવી. એણે એના બોલરને કહ્યું કે આ અમ્પાયરને તારે 'અપીલ' ના કરવી—છતા આ બોલરના ઉત્સાહે એની વિવેકબુદ્ધિને દબાવી દીધી અને અભિનેતાઓ પૂરા થઇ ગયા. આ પછી કદી અભિનેતાઓની ટીમે લેખકોની ટીમ સાથે મેચ રમવાની હિંમત કરી નથી. આ વાત બનેલી છે. આ રીતે લેખકોએ પોતાની ક્રિકેટઆબરૂ સાચવી.

★

પાશ્ચાત્ય કાવ્યસાહિત્ય

અત્યારની અંગ્રેજી કવિતાનું મૂળ મુખ્યત્વે કરીને અંગ્રેજ કવિઓએ ટેનિસનીય કાવ્યપ્રકાર સામે ઉઠાવેલા બંડમાં આરોપવામાં આવે છે, પરંતુ એ બંડની પ્રેરણા પૂરી પાડનાર ઇંગ્લેંડ નહિ પણ ફ્રાન્સ હતું.

ગ્રુર્જવા સંસ્કૃતિએ નિષ્પન્ન કરેલા કાવ્યવિરોધી ભૌતિકવાદ સામે તેમજ વિક્ટર હ્યુગોની પરંપરિત રંગદૃષ્ટિ સામે બોદિલેર, વેર્લા, લાફોર અને મેલ્લાર્મે વગેરે ફ્રેન્ચ કવિઓએ ઓગણીસમી સદીના મધ્યભાગે બંડ ઉઠાવ્યું, પણ એ પરંપરાની અંદર રહીને કર્યું નવું સમન્વય સાધવાને બદલે એ લોકો એ પરંપરાથી તદ્દન અલગ બની ગયા અને વિષમધારણા, કુંઠિત અને ક્વચિત અનીતિપ્રધાન માનસનો ઊભરો ઠાલવવા માંડયા. માનવતાના સર્વસામાન્ય પ્રવાહમાંથી દૂર ફેંકાઈ ગએલા એ કવિઓ હતા. એમની કશી વિશેષતા ગણી શકાય તો માત્ર એટલીજ કે પોતાના અંગત અને બાનગી મનોભાવોને પણ એમણે કાવ્યસાહિત્યમાં વ્યક્ત કરવા માંડયા જેમાંથી આજે 'સીમ્બોલિઝમ' નામે ઓળખાતો પ્રકાર ઉદ્‌ભૂત થયો.

આ બંડખોરોની અસર માત્ર ફ્રાન્સ પૂરતાંજ મર્યાદિત નહોતી રહી એમની અસર ઇંગ્લેંડની વિક્ટોરિયન પરંપરા પર પણ પડી. અંગ્રેજી કાવ્યજગતના ક્ષયિષ્ણુઓ ('Decadents') અને તેમાંયે ખાસ કરીને ડોસને તેરત એ પ્રકાર અપનાવી લીધો.

પાશ્ચાત્ય કાવ્યપરંપરા પર આ ફ્રેન્ચ સીમ્બોલિઝમની અસર પડી છે એ ખરૂં, પણ એ એકમેવ અસર નહોતી. ઇટલીમાં જેરીનેતીએ ચિત્રકલા અને સાહિત્યમાં 'ફ્યૂચરિઝમ' નામનો નવો પ્રકાર શરૂ કર્યો હતો. ઇ. સ ૧૯૦૯ ના ફેબ્રુઆરી ૨૦ મીના ઇટાલિયન પત્ર 'ફિગારો'માં એણે એ નવા અને વિસ્મયકારક પ્રકારને પ્રસિદ્ધિ આપી અને 'ફ્યૂચરિઝમ'નો એ પેગંબર બની ગયો. આ ફ્યૂચરિઝમના મુખ્ય અંગો છે ગતિ, કર્કશતા, ખંડિતતા અને પૂર્વાનુસંધાન વિનાનો ઓચિંતો પલટો. અંગ્રેજી કવિઓમાંથી ઓડેન પર આ ફ્યૂચરિઝમની ખાસ અસર જણાય છે.

આ 'ફ્યૂચરિઝમ' પછી આવ્યું 'ઇમેજીઝમ' ઓ ઇમેજીઝમના પ્રણેતાઓ અને પ્રચારકો હતા, ઇઝરા પાઉન્ડ તથા ટી. ઈ. હલ્મ. વિસ્તૃંખલ રંગદર્શી પ્રતીકાત્મકતા સામેનું એ બંડ હતું. અને એના પ્રધાન લક્ષણો હતાં. કાવ્યના કલેવરની રુક્ષતા સંક્ષિપ્તતા, સૂચનાત્મકતા, છંદોરચનામાં સ્વતંત્રતા અને એ બધાં સાથે વિશૃંખલતાને બદલે પ્રતિકોનું સવિશેષ સ્પષ્ટિકરણ.

પરંતુ ગત્ય રના પાશ્ચાત્ય કાવ્યસાહિત્ય ઉપર સીમ્બોલિઝમ, ફ્યૂચરિઝમ કે ઇમેજીઝમ કરતાં પણ વધુ પ્રભાવશાળી અસર રહેલી હોય તો તે છે જીરાર્ડ મેનલે હોપકિન્સ, વિલ્ફ્રેડ ઓવેન અને ટી.

એસ. ધલિયટની સંયુક્ત અસર અનેક કાવ્યપ્રવાહોના સંમિશ્રણ અને સંવહન દ્વારા એમની કૃતિઓ અત્યાર પહેલાંના કરતાં કંઈ અનોખી જ ઉદ્રિક્તતા અને પ્રાણમયતા ધરાવી રહે છે. એમાંયે હોપકિન્સે 'Sprung Rhythm' નો કરેલો આવિષ્કાર અનન્ય છે. શબ્દને એના પ્રચલિત અર્થથી છેદી નાખીને નવા જ અર્થપ્રદાન સાથે નિષ્પન્ન થતો લય એ એની ખૂબી છે અને ઓડેન તથા ડે લેવિસ બંનેએ હોપકિન્સની આ પદ્ધતિ સારી પેઠે અપનાવી છે.

વર્તમાન પાશ્ચાત્ય કાવ્યપ્રવાહનો આ સંક્ષિપ્ત અતિસંક્ષિપ્ત પરિચય છે. આપણા નવકવિઓ પ્રચલિત કાવ્યપરંપરા સામેના પશ્ચિમમા જાગેલા બંડના આઘાતપ્રત્યાઘાતો સમજવા પ્રેરાઈને આપણા કાવ્યમૂલ્યોના પણ આવશ્યક બનેલા નવસંસ્કરણ પ્રત્યે પ્રેરાય એટલો જ ભાત હેતુ એ પાછળ રહ્યો છે.

કવિ બાયરનનો વિચિત્ર મિત્ર !

અઢારમી અને ઓગણીસમી સદીમાં વિચિત્ર પ્રાણીઓને પાળવાનો ઘણા લોકોમાં શોખ હતો. જાણીતો કવિ બાયરન એવો એક શોખીન હતો. તેની પાસે એક રીંછ હતું. આ રીંછને પોતાની મુસાફરીમાં પણ તે સાથે રાખતો. એક વાર લંડનથી નોટિંગહામ શાયરની મુસાફરી કરતાં તેણે ગાડીમા બે જણની જગ્યા અનામત રખાવી. "બાયરન અને મિત્ર" અથવા "બાયરન અને ભુખ્યા" એવું એની બેઠકે લેબલ ઉપર લખેલું હતું. બાયરનના એ 'મિત્ર'ને એક ટોપી પહેરાવવામાં આવતી! અને ફૂંદાવાળો કોટ પહેરાવવામાં આવતો! એક વાર કવિના એ 'મિત્ર' માટે એવી દલીલ કરીને આગલી હરોળના એક ઉતારૂએ વાંધો ઉઠાવ્યો હતો કે, " પાછળની બેઠકમાં જે શાંત ગૃહસ્થ બેસાડવામાં આવ્યો છે અને જેણે શિયાળાનો ગરમ કોટ પહેર્યો છે તે વાસ્તવિક રીતે એક સાચું જીવતું ચોપગું રીંછ છે."

૧૯૪૫ ના

—પ્રગતિ સૂચક આંકડાઓ—

ચાલુ કામકાજ રૂા. ૨૫ કરોડથી વધુ

કુલ આવક રૂા. ૧૩ લાખથી વધુ

લાઈફ ફંડ રૂા. ૩૭ લાખથી વધુ

ઉદાર શરતોથી લાગવગવાળા

ગૃહસ્થોને એજન્સી આપવામાં

:: આવે છે ::

—બોનસ—

૬૨ હજાર રૂપીઆના

વીમા ઉપર ૬૨ વર્ષે

રૂા. ૭-૮ નું ઈન્ટરીમ

બોનસ

ધી બોમ્બે કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી લી.

૨૨ ફીરોજશાહ મહેતા રોડ, મુંબઈ.

પુનરાગમન

ગુણવંત જોશી

'ફીલ્ડ હૉસ્પિટલમાંથી મને મુક્ત કરવામાં આવ્યો ત્યારે પણ હું દિક્કો અને માંદો લાગતો હતો. ત્રણ અઠવાડિયાં આ હૉસ્પિટલમાં હું રહ્યો, તે દરમિયાન મેલેરિયા તાવના કેસો વધી વધીને એટલા વધી ગયા હતા કે જાણે દુનિયામાં આ એક જ રોગ છે.

મારો 'કીટ' (સૈનિકનો સામાન) તથા ધુસો લઈ ઑફિસ બહાર, છૂટા થવાના હુકમની રહ જોતો ઊભો. કલાક બાદ મારું નામ સંભળાણ મોટરટ્રકના ત્રણ પગથિયાં ચડી હું અંદર ગયો. જોયું તો વેરવિખેર કાગળમાં દટાયેલો એક 'ઑરડરલી' અંદર વિરાજતો હતો.

"તમારું નામ બેરેટ ને?"

"હા"

"તમારી મુક્તિનો હુકમ આવી ગયો છે." કાગળિયાં ફંફેસતાં તે બોલ્યો, "પણ સાજરીનો ક્યાં મુકાઈ ગયો છે તે જ યાદ આવતું નથી" કાગળિયાં ફેંદીને ઊભટાનો તેણે વધુ ગોટો કર્યો.

"આ...આ...રહ્યો નં. ૧૧૨૬૨૧૬."

"તે હું નહીં." મે કહ્યું.

"અરે, હું શું નહીં? નામ પણ બેરેટ લખ્યું છે ને? છતાં તમે નહીં, તો કોણ હું?"

"ના."

"ત્યારે?" તે ઘૂરક્યો.

"આખું નામ કહો તો ખબર પડે."

"ઓ. જી. બેરેટ."

"મારું બી. ટી. બેરેટ"

ફડફડતો તે કાગળિયાં ઉથલાવવા માંડ્યો. ચહેરા પર અભાનુકી ઉદ્વર્તાઈ રાખવા નો હક તેના આખી ખમીસ પર લટકતી બે સફેદ પટ્ટીઓએ આપ્યો હતો.

"ઓમ?" ધડ વાળતો, "તો પછી એ કોઈ બીજો હશે"

છેવટે માંડમાંડ જોતી, મને હુકમ આપ્યોઃ "ટ્રાન્ઝીટ કેમ્પ નં ૨૫માં, તમારા યુનિટ સાથે જોડાવા હાજર થાવ."

"મોટરટ્રક કે એવું કૈં એ તરફ જવા મળશે?" મેં પૂછ્યું.

"ટ્રક ટ્રક કેવી?" અવાજ તીખો કરતો, "તે આને શું તમે તમારું ઘરબાર માનો છો? તમારી જોવા તો સાજ પડયે પાંચસે આવતા હશે."

તેણે બીજું નામ પૂકાર્યું.

સામાન ઊંચકી દરવાજા આગળ આવ્યો તડકો જામી ગયો હતો. રસ્તા પરની રેતી અને ધૂળ ઉરાડતી મોટરલોરીઓ એક પછી એક દોડયે જતી હતી.

દરવાજા આગળ ઊભેલા એક માણસને પૂછ્યું, "ટ્રાન્ઝીટ કેમ્પ ૨૫ની તમને કૈં માહિતી છે?"

"વીશેક ગાઉ હશે." તેણે મારી સામું જોતાં જણાવ્યું, "હાલતાં હાલતાં સુસે નામનું ગામ આવશે. ગામ બહાર આ કેમ્પ છે."

"શુક્રિયા" બોલવાનાં બોલતાં પસાર થતી લોરીને અંગૂઠાનું નિશાન કરી 'લીફ્ટ'× આપવા

×લીફ્ટ=રસ્તા પરથી મોટર નીકળે તો કોઈ પણ કરી મોટર ઊભાવી શકે તેને પાશ્ચાત્ય દેશોમાં રાહદારી પોતાને બેસાડવા માટે અંગૂઠાનું નિશાન લીફ્ટ આપવાનું કહે છે.

અટકાવી.

"ક્યાં જવું, બિરાદર?"

"સુસે બાજુ."

"અર્ધેક સુધી સાથે છું. આવી જાવ."

સામાન અંદર નાખી હું લોરીમાં ગોઠવાઈ ગયો. લોઢાની, ઘસાઈ ઘસાઈ ચમકતી થયેલ, સીટ પર આસન જમાવ્યું. રસ્તાનું ઠેકાણું નહીં ને રેતી કહે મારું કામ. મોટરની ગતિ વધે ને રેતી બોબસે બોબસે આંખ, મ્હોં, માથાં પર હલવાતી રહે. રસ્તો ઢેકાઢળીયાવાળો એટલે શરીર આંચકા ને પછડાટી ખાવા માંડયું. સીટ પર બેસવું અશકય હતું. રોકું આવ્યું કે શરીર સ્પ્રીંગની માફક છટકે. ને આવાં રોડાંનો કૈં પાર નહોતો. બેસી બેસી કુલા પણ એવા દુઃખવા આવ્યા કે નીચે બે હાથ રાખ્યા. તે પણ કયાં સુધી નભે? એટલે પછી ધુસ્કો નાખી બેઠો.

ફરી એક વાર હું મારી જાતને ભૂલી ગયો. લાગણી, ઊર્મિ કે આવેશ કશું મને સ્પર્શી શકતું નહોતું. જડતામાં સપેટાઈ હું પડયો રહ્યો. હમણાંથી આવું જ જીવન જીવવાનું નસીબે માંડયું હતું. આવી જ મોટરલોરીઓમાં આવી રીતે જગરો માઇલની મુસાફરી બેઠી હતી. ચેકોસ્લોવેકિયા, સીરિયા, ફ્રીજીપ્ત, સીરેનાઇકા, લિબિયા, આફ્રિકા. શરૂઆત અને અન્ત વિનાનું ભૂંગી ફિલ્મનું ગૂંચળું હોય તેમ જીવન ઉકેલાતું હતું.

નાનો હતો ત્યારે નકશા પર જાતજાતનાં નામ ને રંગ જોઈ નિશ્ચય કરેલો કે આ બધાં ગામો એક દિવસ જરૂર જોઇશું. એ દિવસ આવી ગયો, પણ તે ઉત્સાહ, તે રંગ વિના અહીં તો માણસ મટી પશુ થવાનું હતું. પરસેવાથી ગંધાતા, ડાબિયા જેવા, એકબીજા પર પડતા, બીચોબીચ સાંકડી જગામાં પડયા રહેતા બોકડા જેવા સૈનિકો, કચરા જેવો લશ્કરી પોષાક, ગંદી અશ્લીલ વાતો, લાગણી-શૂન્ય આનંદહીન મોટે રાગડે ગવાતાં ગાયનો, જુવાનિયા બીનઅનુભવી અમલદારો તરફ રખાતું કુવર્તન, પેઘેલા અમલદારોને ધીકેળાં ને અમારા જેવા બાર હજાર આદમીઓનું પશુ જેવું જીવન!

અહીંનું જીવન બાબી કપડે ચઢવાનું હતું. કેમ્પ પડયો છે તેની નિશાનીરૂપ માંસનાં ડબ્બાનાં વૃક્ષવેલાંનાં પાંદડાં ને ડાળીઓથી મઢી લેવાયેલી, દુશ્મનોને બતાવાય નહીં તેવી લોરીઓ, રણક્ષેત્રની ભૂંડી ભૂખ, શેષ છૂટકારો કરતી રાતા ટીપાવાળી ટપાલ ઓફિસ, રાંધણિયામાંથી પાડાના માંસની ચોવીસે કલાક ફેરતી દુર્ગંધ, પાણી પીવાના ટીનના બાલા ને ટબલો પર વહેતો માખીઓનો કાળો સ્રોત, બોરાકમાં, ચામાં, જ્યાં જૂઓ ત્યાં માખી, જમવા માટે ધખધખતા બપોરે એક લાઈનમાં ઊભા રહેવાનું; ભૂખ વિના, સ્વાદ વિના, ખાવાનું: જમવાનાં વાસણો, ચીકણા, તેલવાળા પાણીમાં માંજવાના; પાછાં ફરતાં ચા ટીનના ડબલામાં લેતા જવાનું: ચમચાથી માખીઓ કાઢી ચા પીવા તૈયા- થાવ ત્યારે ગોળના પાણીના સ્વાદ આવે. સ્ત્રીઓનાં મ્હોં જોવાય મળે નહીં ત્યા બીજી વાત કયાં કરવી? પરિણામે કોઇ વખત લાગ મળ્યે જાતિય વિકૃતિ જેવો ઉથલો ખાતી કે મળેલ સ્ત્રી યુવતિ છે કે વૃદ્ધ, કિશોરી છે કે બાળ, તે જોવાનું, સ્ત્રીના સ્તન બીલેલાં કે ભરાવદાર છે તે નિરખવાનુ, રહેતું જ નહીં. ને પછી આ બધું ભૂલવા દારૂ ખૂબ પીતો પડતો.

એક વખત મોટરમાં ફરતું સિનેમા જોવાની જાહેરાત થઈ. ચાલીશ-પચાસ માઇલનો પંથ કરી સૈનિકોને બડબી બડબી હજારો લોરીઓ જોવાની જગાએ પહોચી. શેની ફિલ્મ હતી તે તો જાહેર નહોતું થયું એટલે જાતજાત ને ભાતભાતની અટકળો ચાલતી હતી. જૂની હોય કે ઘસાઈ ગએલી તેની સાથે કોઇને નિસ્બત નહોતી. ફકત તેમાં નાચગાન ને સ્ત્રીઓ હોય તો બસ. રેતીના અમીત દરિયામાં બે લોરીઓ એક બીજા તરફ પૂંઠ નાખી ગોઠવી હતી-પડખામાં રજતપટ લટકતો હતો સંગીત-નૃત્ય સંગીત ચાલુ હતું. હજારો સીગરેટમાંથી નીકળતા ધુમાડાની ઘટા નીચેના માણસો સીસોટીઓ વગાડતા

આતા હતા. ઝડપથી વધતા જતા અંધારામાં સીગરેટનો પ્રકાશ આગિયા જેવો ચળકતો હતો. સીગરેટનો ધૂમાડો હવા ન હોવાથી માથા પર ધૂંધવાઈ પડતાં ઝાંખો બનાવતો હતો.

સંગીત અટકયું. સીસોટી ને વિચિત્ર પ્રાણીઓના અવાજો શરૂ થયા. અલબત્ત્ાામીનથી ટયૂનિસ સુધીના બે હજાર માઈલના દોરજમાં સળગી આવેલ સૈનિકોમાંથી કોણ બિલાડું, તો કોણ કૂતરું બોલાવતું હતું. સંગીત ફરી શરૂ થયું. ફરી અટકયું. એક લશ્કરી અમલદારે બુધાને બેમી જવા કહ્યું, "બધા બેસી જશો તો સરસ દેખાશે." તેનો અવાજ દેકારા પડકારામાં, બૂંડી સીસોટીઓમાં ડૂબી ગયો. હું પછવાડે બેઠો હતો. ફિલ્મ શરૂ થાય તે પહેલાં મેં નક્કી કર્યું હતું કે ફિલ્મ જોવા મળવાની નથી. મોટા ટોળામાં, યુનિફોર્મવાળા સમૂહમા ને ગધાતા શરીરવાળા અને મેળમાથા વિનાની વાતોમાં હું એકલો પડી જાઉં છું.

સંગીત શરૂ થયું. આ વખતે લોકપ્રિય ગયન વાગતું હતું. સમૂહે તે ગીત ઉપાડી લીધું. પરન્તુ ફિલ્મ શરૂ થતાં સંગીત બદલાયું સાથ આપતા અવાજો તરછોડાયા-બંધ થયા. બધા ઊંઘાનીચા થવા લાગ્યા. ત્યા તો ફિલ્મનુ નામ સંભળાયું—Desert victory (રણની જીત) એક સામટો હજારો ગળામાંથી અમાનુષી અવાજ ફૂટયો, સંગીત ને સ્ત્રી જોવા ગાઉ ગાઉના ઘૂમી આવેલા નિરાશ થયેલા માણસોની વેદના ને નિષ્ફળતાનો તે ઉદ્‌ઘોષ હતો ફિલ્મ સમજુતી આપનાર (કોમેન્ટેટર)નો પડઘાશીલ, રોચક અવાજ ગાળો અને અવાજોમાં ચગદાઈ ગયો. ચારે તરફ અવ્યવસ્થા મચી ગઈ. સૈનિકો પાછા લોરીઓમાં બડકાવા માંડયા..... .....

—આંચકા સમેત લોરી અટકી આંચકાથી હું પીઠપર પડી ગયો.

"કાં, બિરાદર ? કેમ છો ? ઊતરવાનું આવ્યું."

"શુકિયા" બોલી મેં મારો સામાન બહાર ખેંચ્યો.

લોરી મને ઉતારી ચાલતી થઈ. આગળ પાછળ જોઈએ તો સૂર્યના પ્રખર તાપમાં તપતી-ચળકતી રેતી.

મુસાફરીને અંગે તથા તીક્ષ્ણ, નિર્દય રીતે તપતા સૂર્યને લીધે હું અસ્વસ્થ હતો. કોણ જાણે કયાંથી—અવકાશમાંથી—માખીઓ ઝાટકવા માંડી. ઉડાડવા જેમ જેમ પ્રયત્ન કરતો ગયો તેમ તેમ વધુ ને વધુ ચોંટતી જ ગઈ. આ કસરતમાં મને સારી પેઠે પરસેવો છૂટયો.

સળગતી ભઠ્ઠીમાંથી વાયરો આવે તેવા ગરમ લૂ ભર્યા ઝપાટાની થાપટ વાગી. જોયું તો દૂર દૂર કોઈ વાદળું હોય તેવો આકાર લાગ્યો. ઊભા થઈ મેં લોરીને અટકાવવાની નિશાની કરી પણ લોરી એટલી ઝડપથી પસાર થઈ કે ઊલટાનું આ વખતે તો રેતીની કાંકરીઓ ઉલળી ઉલળીને મને ચોંટી ને આંખો તો એવી બંધ થઈ ગઈ કે તે પછી આવતી બીજી બે લોરીઓ પણ મેં ચૂકાવી.

છેવટે એક નાની લોરી મળી.

"સુસે ?" મેં પૂછયું.

"થોડે સુધી છઈએ." ડ્રાઈવરે કહ્યું, "વચ્ચે ઉતારી દઈશ."

હું પાછળ ચડયો. ટ્રકમાં હાંસી હાંસીને ભરેલા ટીપડાંમાં જગ્યા જડવી મુશ્કેલ હતી. છેવટે એક ટીપડા પર હું ગોઠવાયો. લોરી જેમ જેમ હાલતી ગઈ, રોડા જેમ જેમ આવતાં ગયાં તેમ તેમ વારા-ફરતાં કુલા ફેરવતો હું બેઠો રહ્યો. એવામાં એક એવો મોટો રોડો આવ્યો કે હું ઉછળી કેનવાસ બાંધવાના લોદ્દાના દાંડા સાથે બટકાઈ બૂંડા હાલે નીચે ઝીકલાયો. ગાળો ચોપડતો, બડબડ, બડબડ થતાં ટીપડાં વચ્ચે પાછો ગોઠવાયો.

લગભગ પાંચેક માઈલ કપાયા હશે ત્યાં તો

ધમકી આપતો અવાજ સંભળાયો :—

'યલ્લાહ'

ઊભા થઈ જોયું તો એક આરબ મોટરના રસ્તામાંથી દૂર હઠવા મિથ્યા પ્રયાસ કરી રહ્યો હતો. આરબ ગધેડા પર બેઠો હતો ને ગધેડાની બન્ને બાજુ ખજુર હતાં. ગધેડાને હાંકવા રાશને જોર જોરથી ઘાતકી રીતે ખેંચતો હતો; સાથોસાથ ગાળોનો પણ ઢગલો થતો હતો. નગારાં પર દાંડી પડે તેમ તેના ઉઘાડા પગ ગધેડાની પૂંઠમાં ઝીંકાતા હતા.

"સુવ્વર, ગધા, કાલે લોગ, યલ્લાહ'. ડ્રાઈવર બબડ્યો.

એક્સલરેટર પર પગ મૂકી મોટર પાછી લઈ ગીઅર બદલી મોટર આગળ લીધી ને હાર્ન કરી એવી રીતે હાંકી કે લોરીનું પડખું આરબ સાથે અથડાયું.

ધાર્યું થયું. ગધેડાએ સમતુલા ગુમાવી. આરબ ને ગધેડો એક બાજુ ફંગોળાઈ ગયા. ને પેલા ખજુર આકાશમાંથી વરસાદ વરસે તેમ રેતી પર વર્ષી રહ્યા. આરબના ક્રોધનો, ગાળનો પાર ન્હોતો. મુઠ્ઠીઓ વાળી ગાળો અને શાપોનો તેણે વર્ષાદ વરસાવ્યો.

પાછળ બેઠાં બેઠાંય તે મને ડ્રાઈવર-વિજેતાનું હાસ્ય સંભળાયું.

મારા મનથી તો યુગના યુગ વીતી ગયા, એટલું ચાલ્યા બાદ મોટર અટકી.

"અચ્છા, સા'બ, અહીંથી આપણો રસ્તો જુદો પડે છે."

"હજુ કેટલું દૂર છે?"

"એકાદ માઈલ." લોરી ચાલુ થઈ, "સાહેબજી, સલામ."

બીજી ક્ષણે મોટર ફૂલ ચાલવા માંડ્યો. આંખે

વિમો એ જીંદગીની જરૂરિયાત છે

પણ

કયાં ઉતારવો તે જ પ્રશ્ન છે.

જે સંસ્થાની મોટી થાપણ છે, વિશ્વાસ ઉત્પન્ન કરે એવી ડાયરેકટરોની બોર્ડ છે, —જેની કાર્યપદ્ધતિ ઝડપી અને વ્યવસ્થિત છે-એવી જ કંપનીમાં વીમો ઉતરાવવો જોઇએ.

સત્તાવાર થાપણ રૂ. ૧,૦૦,૦૦,૦૦
બહાર પડેલી રૂ. ૫૦,૦૦,૦૦૦
ભરપાઇ થયેલી રૂ. ૨૫,૦૦,૦૦૦

જીંદગી—આગ

દરિયાઈ—અકસ્માત

જયભારત

વીમા કંપની લિ.

૨૨, એપોલો સ્ટ્રીટ, મુંબઇ

આથે ધોળા ટપકાં જેવા મચ્છરો દેખાતા હતા મને થયું કે તે જ મુજે હેવું જોઇએ મારી પાછળનું વાદળું ઢુલીને મોટું થયું હતું મારા મ્હોં ને ગરદન પર લૂ વરસતી હતી દસેક મિનિટ માંડ ચલાયું થાકી હારી જઈ હું ભૂમિ પર ઢગી પડયો ઘોડીવારે વાદળ ખસ્યું

'મુજે મુખી ઉઠએ જો તમને અમે કૈ ઉપયોગી થઈ શકીએ તો કહો" ઓફિસર જેવા લાગતા એક માણસે મને પૂછ્યું

તેમનો આભાર માની હું અદર બેઠો આખ બધ કરી મ્હોં પર રૂમાલ મૂકી અકકડ થઈ બેઠો

એકાએક અગે અટકયા

'તમારે કયા જવું છે ?"

મે તેમને મારું ઠેકાણું આપ્યું.

'હત્તારીની ભારે કરી મારે માથે' મારું અવાજે તેણે કહ્યું. 'અહીંથી બેતરવા એક એમ પી ગ્રે છે હું તેને પૂછી જોઉ"

હું તેમનો આભાર માની ફૂટપાથ પર ઊભો રહ્યો

સામે આવેલ બે મકાનો પર કાળા ભોગ અક્ષરે ચેતવણી આપતું 'ટાઈફસ'નું પાટિયું લટકતું હતું ફેટલાક આરબ લોકો મૂગા મૂગા રસ્તા પર જતા હતા, તો કેટલાક બોમ્બમારાથી તૂટી ગયેલ ભીંતને અડેલી કે બારણામા ઉભડક બેસી ગપાટા મારતા હતા સ્ત્રીઓ તેમના નમણા માથા પર ઊંચા વજનદાર, પાણીના ભરેલા કુજા મૂકી મનપની ચારે જતી હતી પદીમા હોવાથી ચમકદાગો તો ન્હોતાં દેખાતા-દેખાતી તો ફક્ત આખો રસ્તે જતા હતા કાદિની દુકાનો આવી લીલી દ્રાક્ષ પર અસખ્ય, ગોળ પર હોય તેટલી, માખીઓ બણબણતી હતી. એટલે મ્હોમા પાણી આવતું હતું પણ તે ન ખરીદી

ચારે તરફ મૈનિકો આથડતા હતા તેમાના ઘણા દિરાશ્રન્ય હતા તો ઘણા વેસ્વાગૃહોની તપાસમા હતા બે રસ્તા વૃદ્ધા પડતા હતા ત્યા એમ પી નો મને ભેટો થયો તેમણે કેમ્પ જવાનો રસ્તો બતા યો એટલું જ નહીં પણ એક ટ્રકમા ત્યા સુધી જવાની સગવડ પણ કરી આપી કેમ્પ આગળ હાથમા બ્યોનિકાધારી આર પી ખડો હતો તેણે કયાથી આવતો હતો વગેરે પૂછ્યું.

'ધાર્યું તો ધણીનું જ થાય છે પણ આફ્રિકામા બરાબરમા બરાબ જગ્યા હોય તો આ છે કુ તો ઘોડીવણી બીજી જગાઓ જોઈ આવ્યો કુ પણ આ જગાથી તો તોબા સાજ પડયે ચાલવાનુ કેમ્પ !' આ કેમ્પમા હાજરી પૂરાવવાની, અહીંથી એક માઈલ ચાલો ત્યારે રસોડુ આવે ને ત્યાથી અધો માઇલ ચાલીએ ત્યારે વિશ્રામસ્થાન આવે સામી બાજુએ એકાદ માઈલ ચાલીએ તો NA AFI મળવુ અસભવિત

ભૂખ, તાપ, તૃષા, માદગીની નબળાઇ, વગેરે પીડાઓ અત્યારે મને અતિ ગૌણપણે દબી રહી હતી તોય રસ્તો કાપ્યે જ છૂટકો આ બધાથી તે બધા પર સામાન ફેરવનો ચાન્સો પરસેવાનો પાર ન્હોતો આખ મ્હોં ચીકણા પરસેવાથી છવાઇ ગયા, તો વાસાની કરોડરજ્જુની દાડલી પર ધોધમાર પરસેવા ના રેલા નીકળવા લાગ્યા છેવટે એક તબુ આવ્યો. જોયું તો 'એ દિસ' એવા શબ્દો રેતીમા કોતર્યા હતા

સામાન મૂકીને અધારિયા, તપેલા તબુમાં ગયો થોડી ક્ષણો તો (પ્રકાશમાથી આવતો હોવાથી) કૈં દેખાયું નહીં, કૈં સભળાણુ નહી ફક્ત માખી ઓનો તાલબદ્ધ બણબણવાનો અવાજ કાને આવતો હતો ધીરે ધીરે તબુમા દોષ તેવુ કેમ્પ ટેબલ બોખાની બેઠો, ને થોડે છેટે રખાયેલ બિછાના, પરની મચ્છરદાની આટલું દેખાયુ પાચેક મિનિટ થોભ્યો ગળુ ખખાર્યું મચ્છરદાની નીચેથી ગાદિયો ઊંઘમયો અવાજ આવ્યો

"જાગુ છે, એ !"

એ નામ-નબર કહ્યા

"કૈં ખ્યાલ નથી આવતો"

"૧૧૯ નબરની કીલ્ડ કોરપીટલમાથી આવું છું"

"ત્રણ વાગે આવજો." થોડી વારે, "કેં બાકું?"

"ના."

"રસોડે પહોંચો."

કચવાતો બહાર નીકળ્યો તો સામે ત્રણ જૂદી જૂદી દિશામાં જતા રસ્તા જોયા.

કયો રસ્તો લેવો? તંબુમાં જઈ પૂછાણ કર્યું. કોણ સાંભળે? ત્યાં તો બધું ઠરી ગયું હતું. થાકથી-બેદરકારીથી હાથે ચડ્યો તે રસ્તો પકડી ચાલવા માંડ્યું. અર્ધોક માઇલ આવી રીતે ઢસડાયો હશે ત્યાં પંચાયું "પાયખાના"; એટલામાં એક સિપાઇ જોયો. તેને પહેલાં સમય પૂછ્યો ને પછી પૂછી રસોડાની દિશા.

"ઓફિસનો તંબુ છે તેની પાછળના ભાગમાં એક માઇલ દૂર રસોડું છે. એ તો ઠીક પણ અત્યારે હવે શું થાય? જમવાનું તો ૧૨થી ૧ સુધીમાંજ મળે."

કપાંય છાંયડો હોય તો જોવા નજર નાખી. માઇલોના માઇલો સુધી વૃક્ષ-એકાદ નાનો છોડ-કશું દૃષ્ટિગોચર થયું નહીં. નિર્દય રીતે આગ વર્ષાવતા પ્રચંડ સૂર્ય નીચે સફેદ રેતીનો વિશાળ સાગર પથરાયો હતો. ને માથા પર માખીઓની લશ્કર તાલ સાથે નૃત્ય કરી મારું સાનભાન ભૂલાવી દેવા મથતી હતી. તે દિવસ કેમ પસાર થયો તેનું ભાન નથી. અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં, ને અહીંથી પછી, એમ બધે ઠેકાણે ઠેબાં ખાધાં. અમારા યુનિટને સાસિલી જવાનું હતું: વહાણનો પત્તો જ્હોતો. એટલે વહાણ આવે ત્યારે જ છૂટકારો થાય તેમ હતું. સાસિલીનું નામ સાંભળતાં મારું હૃદય વેંતકે કૂદ્યું. હાશ, આફ્રિકાના નર્કમાંથી, આ રેતીની યાતનામાંથી તો છૂટ્યા. ત્યાં હશે લીલાછમ વૃક્ષો, સુંદર મકાનો, ઓઓ, માણસો, ઘણું ઘણું હશે.

રસોડે જવાનો ને ત્યાંથી આવવાનો એમ બે માઇલ, દહાડામાં ત્રણ વખત મારે ચાલવા પડતા. દરેક ટાણે માણસોની લાંબી કતારમાં ઊભાવું પડતું. બળબળતી રેતીમાં બેસી જમવું પડતું; ને જમતાં જમતાં, લાંબા વખતથી ન આવેલાં વહાણોની વાટ જોતા સૈનિકો પાસેની કથનીઓ સાંભળવાની. જાણે કે હજારો માણસો આ રેતીના રણમાં અનાદિ કાળથી, આવવાના ન હોય એવા વહાણની પ્રતિક્ષા કરતાં ખડાં છે! થોડાકને સૂવા માટે તંબુ હતો. બાકીના બહાર પડ્યા રહેતા. એ રણમાં નંદનવનનો ટૂકડો હોય તેવો એક નાનો લીલોછમ જમીનનો ટૂકડો. હતો ટૂકડા માથે છૂટાછવાયાં પાંચ છ તાડનાં ઝાડ હતાં. એકાદ વૃક્ષ તળે સામાન નાખી હું પડ્યો.

સૂર્યનાં તીક્ષ્ણ કિરણો જેમ જેમ અમારી પર સપાટો ચલાવવા માંડ્યાં તેમ તેમ હું અને બીજા પાંચ સૈનિકો વૃક્ષના મૂળમાં લપાઈ, એ નિર્દય કિરણોરોથી બચવા ફાંફાં મારવા માંડ્યા. કાળી, મોટી, ગંદી કીડીઓએ હલ્લો શરૂ કર્યો. ઓછાડમાં પાયજામામાં, જ્યાં ફાવે ત્યાં ચડી ચટકાવવા માંડી. ઉષા કાળથી તે સંધ્યા સુધી હજારો માખીઓએ અમને દબ્યા કર્યું. સાંજની આતુરતાપૂર્વક રાહ જોતો હું બેસતો રણની રાત્રિઓ ઠંડી, શાન્ત ને મધુર હોય છે.

કેમ્પથી દોઢેક માઇલ દૂર દરિયો હતો. સાંજે ન્હાવા માટે ત્યાં જતો ને આટલી ગરમી પછી એ ઉન્હા મલિન પાણીમાં નાવાનું. નાહ્યા પછી આખા શરીરે ચળ ઉપડે, ને તાજગી મળ્યાનું તો નામ નિશાન નહીં. શરીર ગંદું, ચીકણું, ખારી વાસ મારતું, ભારરૂપ લાગ્યા કરે.

જમણી બાજુ દૂર દૂર નજર નાખીએ તો ભોમ્યના સપાટામાં આવી ભાંગી ખંડેર થયેલ તૂતક, કેબિનનાં હાડપિંજરો, સ્ટીમરોનાં ભૂંગળાઓ દેખાતાં. આથે આથે અસ્પષ્ટ દેખાતી સ્ટીમર ને તેના પર ચકરાવો લેતું એરોપ્લેન જોતાં થતું કે સ્ટીમર ભાંગ્યે કોઈ રણમાં, ઉપર આકાશ ને નીચે ધરતી જેવી અસહ્ય દશામાં ફેંકાઈ જઈ તેમ ફેંકાઈ ગયા છીએ એવું લાગવા માંડ્યું.

પાંચમા દિવસ પછી તો હાજરીમાં જવાનું

મૂકી દીધું. ને એકવાર જમવા સિવાયે બીજું બધુ કાઢી નાખ્યું. સૂર્ય અસહ્ય હતો.

દરેક સવારે પરેડ થતી પણ હું ન જતો શિસ્ત (Discipline)ના મથાળા નીચે મારું, એક વખત, નામ જોયું. તેમાં ઓફિસે જઈ હાજરી આપવાનો હુકમ હતો. હું ગયો નહીં. કલાકો, દિવસો, રાત્રિઓ જાણે અન્ન વિનાની કોઈ ચૂડેલ હોય તેમ મને ભરખી જવા માંડયા. મારામાં કોઈ જાતની લાગણી, ઊર્મિ, રસંદનો, કશું જ નહોતું રહ્યું. નિરંકુશપણે ગરમીના ચાબખા સહેવા રહેલ સૂર્યને જોવા છતાં તે પર પણ ગુસ્સો ચડતો નહોતો. ગુસ્સો કરવાનું જ્ઞાન પણ નહોતું રહ્યું માથુ જાણે લોખંડનો મોટો ગોળો હોય તેમ ભારે ભારે લાગતું. આખું શરીર હાડકાંનું પિંજર રહેતું હોય તેમ દુખ્યા કરતું. વાત દહાડે દિવસે બગડતી ચાલી. છેવટે બારી આઠમે દિવસે ડૉક્ટર મારી પાસે ગયો. તેણે તીક્ષ્ણ દૃષ્ટિએ મારી સામું જોયું. થોડાક પ્રશ્નો પૂછ્યા ને કહ્યું, 'તારો સામાન લઈ અમે કવાર્ટરમાં હાજર થા. મેલેરિયા ને કમળો બન્નેની અસર તારી પર સારી પેઠે છે.

મરતાં પડતાં મારી ચીજ વસ્તુ લઇ હું ઢસડાતો હાજર થયો. એકાદ કલાક બાદ એમ્બ્યુલન્સ આવી. તેમાં બે 'સ્ટ્રેચર' મૂકવામાં આવ્યા. મને પણ અંદર દાખલ થવા હુકમ થયો.

એમ્બ્યુલન્સ ગતિમાં આવી.

ઊંઘે ચડી ગયો હોઈશ કે બેભાન થઈ ગયો હોઈશ, શું થયું તે ખબર નથી પણ જાગ્યો ત્યારે વર્ષોનાં વર્ષો પડેલાં જે ઠેકાણેથી નીકળ્યો હોઉં એવું લાગતું હતું એ ફીલ્ડ હોસ્પિટલમાં હું પહોંચાયો. વ્યકત ન કરી શકાય એવી સંપૂર્ણ બેદરકારીથી મેં ચક્ષુપટ પર પૂર્વાપર સંબંધ રાખ્યા સિવાય ચિત્રો દોરવા માંડ્યાં તો, રેતી, નમતો સૂર્ય, રાત્રિઓ, ચળકતા રાતા કોસો, એમ્બ્યુલન્સો.....

"એ ..હે. જરાસા જેમ ઊભો છું શું ? રસ્તો રોકાય છે આગળ ચાલ."

સત્તાશીન અવાજના દાબમાં રહેવા ટેવાયેલ પગ આગળ હડસેલાયા હું આગળ વધ્યો–કયાં જતો હતો તે જાણ્યા સિવાય. *



* 'New writing' ની એક વાર્તા પરથી.

કવિ-કથાઓ

મૂળરાજ અંજરિયા

કડબ અને કવિતા

રાજકોટમાં હમણાં જ ભરાઈ ગયેલ ગૂજરાતી સાહિત્ય પરિષદના સંમેલનને રાજકોટની આમજનતા કેવી નજરે જોતી હતી તેનો દાખલો ત્યાં ટાંગામાં ફરવા નીકળેલા કેટલાક સાહિત્યકારોને મળી ગયો. તે અરસામાં જ માંગરોળમાં રાજકીય પરિષદ પણ મળવાની હતી. સાહિત્યકારો ટાંગાવાળા સાથે ભાડું ઠરાવવા બેઠા ત્યારે તેણે કહ્યું: "બાજનાથ જવાના બાર આના તમને વધુ લાગે છે? સાહેબ, કડબના ભાવ કેટલા ચડી ગયા છે તેનો તો કંઈ ખ્યાલ રાખો! ને હવે તમે પરિષદવાળાઓ એનો ભાવ ઘટે એવું કંઈક કરતા જાઓ ને તો સસ્તા થાય!"

આ સાંભળતાં બીજો ભાઈબંધ ટાંગાવાળો જે નજીક ઊભો હતો તેણે કહ્યું: "અરે ભાઈ, કડબના ભાવ ઘટાડાની શકે એ પરિષદ આ નહિ, એ તો માંગરોળ પરિષદ. આ લોકો તો ગાવાવાળા!"

✿

કવિનો પ્રકાશક

અંગ્રેજ કવિ બાયરનની વિનોદવૃત્તિ ઘણી તીવ્ર હતી. ઈશ્વર અને ધર્મ પ્રત્યેની તેની અનાસ્થાની વાત જાણીતી છે.

એક વાર એણે પોતાના પ્રકાશક મરેને બાઈબલની એક નકલ ભેટ મોકલી. મરે આથી મિત્રોમાં અભિમાન લેવા લાગ્યો કે એક પ્રખ્યાત કવિએ તેને બાઈબલ ભેટ આપી. જે કોઈ ઓળખીતો મળે તેને એ એ ગ્રંથ બતાવે.

બાઈબલમાં એક જગાએ એક વાક્ય આવે છે: "એરેબેસ એક લૂંટારો હતો." એક વાર મિત્રો આગળ આ બાઈબલ બતાવતાં તેની નજર આ વાક્ય પર ઠરી. જોયું તો તેમાં "લૂંટારો" શબ્દ કોઢીને કવિએ હાથથી લખ્યું હતું "પ્રકાશક."

આ પછી મી. મરેની એ ગ્રંથ બધાને બતાવવાની વૃત્તિ મરી ગઈ.

✿

કવિને જવાબ

પાંચ અંગ્રેજી ચોપડીઓ ભણેલ, એક ગૂજરાતી વિદ્યાર્થીએ પોતે જેને "કાવ્ય" કહેતો એવું કંઈક એક કાગળ પર ચીતરી કાઢી શ્રી ઝવેરચંદ મેઘાણી પર મોકલી આપ્યું કે: "મારે કવિ બનવું છે, માટે આ કૃતિના ગુણદોષ ચર્ચી બતાવશો."

શ્રી. મેઘાણીએ એને જવાબ લખ્યો: "ભાઈ, આ કાવ્ય તો નથી પણ એ શું છે, એની ય સમજ પડતી નથી. હમણાં તો તું વાચ, વાંચવાનો આનંદ લે, અને જે ધંધો કરે છે તેને વળગી રહે."

કાનનાં તમરાં ઉડાડી નાખે તેવો ઉત્તર આવ્યો: "તમને બીક લાગતી હશે કે હું અજવાળે આવીશ તો તમારે ઢંકાઈ જવું પડશે!"

✿

આજની અકૂવા

કદીયે કવિતા ન લખનાર શ્રી. ડુંગરશી ધરમશી સંપટના લેખો પર, કહે છે કે, સિંધ સરકાર હવે નિકાસ જકાત નાખવા વિચાર કરી રહી છે.

✿

કવિનો મિત્ર

અઢારમી અને ઓગણીસમી સદીમાં વિચિત્ર પ્રકૃતિઓને પાળવાનો ઘણા લોકોમાં શોખ હતો. બાયરન પણ એવો એક શોખીન હતો. તેની પાસે એક રીંછ હતું. આ રીંછને તે મુસાફરીમાં પણ સાથે ને સાથે રાખતો.

એક વાર લંડનથી નોટીંગહામની મુસાફરી કરતાં તેણે ગાડીમાં બે જણની જગા અનામત રખાવી. "બાયરન અને મિત્ર" અથવા "બાયરન અને બુર્ઝન" એવું એની બેઠકે લેબલ ઉપર લખેલું હતું. બાયરનના એ "મિત્ર"ને એક ટોપી પહેરાવવામાં આવતી ! અને ફૂંવાડીવાળો કોટ ઓઢાડવામાં આવતો !

એક વાર કવિના એ "મિત્ર" માટે એવી દલીલ કરીને આગલી હરોળના એક ઉતારૂએ વાંધો ઉઠાવ્યો હતો કે "પાછળની બેઠકમાં જે શાંત ગૃહસ્થ બેસાડવામાં આવ્યા છે અને જેમણે શીયાળુ ગરમ કોટ પહેર્યો છે તે વાસ્તવમાં એક સાચુ જીવતું ચોપગું રીંછ છે !"

પા, કે પી, અરે પાપી !

"મને પાપી બનાવ્યો આજ
"પા, પી," કહીને સાકીએ,
ધરીને જામ તે બોલ્યા
અડધુ પી, અરે, પા-પી !"

શયતાનના પયગંબર

ડોકટર મહમુદ ઇકબાલ જ્યારે કેમ્બ્રીજ યુ વર્સિટીમાં ભણતા હતા ત્યારે એક દિવસ બ્રિ બાબત ચર્ચા ઉપડી. એક અંગ્રેજ વિદ્યાર્થીએ ક "મિ. ઇકબાલ, એવું કેમ છે કે જેટલા પયગં કે ધર્મસંસ્થાપકો આ દુનિયામાં આવ્યા છે ફક્ત એશીઆમાં જ જન્મ્યા છે ? યુરોપમાં કે કેમ ન જન્મ્યા ?"

ડોકટર ઇકબાલે જવાબ આપ્યો : "શરૂ શરૂ તો અલ્લાની બાંયાં અને શયતાને પોતે પોતાનો પેં જમાવી દીધો. અલ્લાની બાંયાંએ એશીઆ પસંદ ક ને શયતાને યુરોપ એ જ કારણે પયગંબર અલ્લાની બાંયા તરફથી આવ્યા છે તે એશીઆમા થયા છે."

"તો પછી શયતાનના પયગંબરોનું શું થયું અંગ્રેજ વિદ્યાર્થીએ પૂછયું.

"તમારા જે મશહૂર રાજપુરૂષો છે તે બ કોણ છે ?"



આવતા પેઢીના કવિઓ : પ્રાણલાલ

સંપાદક : કોલક



અહિં રજુ થતી કૃતિઓ એક એવા કવિની છે કે જે કવિ વ્યાપારમાં જ એટલા બધા પ્રવૃત્ત છે કે આગેવાન એમને કવિતા લખવાની નવરાશ રહે છતાં કૃતિઓ એક વાત કહી જાય છે કે આ કવિ પાસે કવિતા લખવાની શક્તિ છે, કવિતા લખ્યા વિના ચાલે એમ નથી એવી એમની તાલાવેલી છે. પરિણામે અહિં રજુ થતી કૃતિઓ કવિ લખી શકયા છે. આવાં છૂપાયેલા 'રત્નો' કવિતાને ધીમે ધીમે ઉપલબ્ધ થઇ રહ્યા છે એ આનંદની વાત છે આ કૃતિઓ એકસરખી રીતે સારી કવિની કૃતિઓ છે એમા શંકા નથી એને આ જ કવિ પાસેથી હજીયે બીજી કૃતિઓ ધીમે ધીમે મળતી રહેશે એમા પણ શકા નથી.

કદર

પ્રિયે! તારે ઓષ્ટે જીવનરસ એવો વસી રહ્યો,
મધુ એનું બિન્દુ જીવનરસ પી, નાચી ઉઠું.
પ્રિયે! આ ઓષ્ઠો પે ધરી દઉં બધુ રાજ્યધુરીથી,
યદિ ચક્રવર્તી જગતભરનો હું હત કદિ

બધાં લાલીથી આ અધર મૃદુ પે હું ધરી રહું,
બધીએ સમૃદ્ધિ, ધનવિભવ: હોઉં ધનપતિ;
કવિ હોઉ તો તો, વિષય કવિતાનો નવ બીને,
બધા ભ્રમરાં કાવ્યો રચી અધર પે રાચી રહું હું.

કદાકારે જો હું કદિ બની શકયો હોત સખિ! તો
વિતા તારા ઓષ્ઠો નવ કથ જ આલેખન બીજું.

પ્રિયે! ના હું રાજા, ધનપતિય ના, ના કવિ ય તે,
કદાકારે ના તો કદર કરું શું આ અધરની?
રહ્યો હું તો પ્રેમી તુજ અધર સર્વસ્વ મુજનુ,
અહિં મીઠી ચૂમિ કદર અધરોની કરી રહું.

મૌક્તિકો

તું કલ્પના: મ નવ કાવ્યગ્રંથની
તું પ્રેરણા: જીવનમાર્ગ દિવ્યની
તું ભાવના: મંગળ આત્મશુદ્ધિની
તું સાધના: આત્મન-મુક્તિ યત્નની

× × ×

નિત્યે નવાં રૂપ ધરી તું નારી!
સંસારને સ્વર્ગ બનાવી છો રહી
લઘુત્વમાંથી તું પ્રભુત્વ ઠારે
મને સદાયે છો દોરવી રહી.

× × ×

ઓ નારી! તારા લઘુ ઉરમાં તેં
ભર્યો ઝરા સાગર શા વિરાટ!
આ પ્રેમ વાત્સલ્ય—સુચારુતાના
જેવી ધરા આ વસવાટ યોગ્ય!



દર્શન

જોઉં તને મેં પ્રિય અંધકારમાં
જ્યોતિ સ્વરૂપે વિલસી રહેવી
પ્રીછી તને જીવનતંત્રમાં મેં
ચમત્કૃતિ શી ઝબકી ગયેલી.
લાધી મને તું સખિ! રત્નખાણ શી
આ રંકને રાય કરી દીધો તેં
આવી સખિ! તું મુજ શુષ્ક ભોમને
ભીંજવતી શીતળ વારીધાર શી.

નવી કવિતા

રજા છે તો ઘરે બેસી કરીશું કૈં સુધારાઓ
વિચારી એમ મેં કાગ્યો લીધાં જ્યાં હાથમાં સાંતો
પ્રિયા આવી ઉભી હસતી લીધાં સૌ કાગળો ઝૂંટી
હૃદયમાં એ રીતે મ્હારા કવિતા તે નવી ફૂંટી!



સંબોધન

પ્રિયે! તારે ગાલે, સુરણી રમતી યૌવન તણી
અને લાલીમા યે અનન્ય રસતૃષ્ણા જગવતી;
સખિ! તારે ગાલે, સ્મિતભરિત એ ગૌરવદને,
રહ્યું કેવું શોભી તલ, અતીવ ઝીલું, ગમી રહે.
ધવલ ગંગાસ્રોતે ઊછળી રહી શી શંકર જટા,
હિમાદ્રિને ખોળે, હિમ શું રમતું પક્ષસરૂ આ:
પ્રિયે! શ્વેતાકાશે દૂર સુદૂર શું પંખી ઉડતું
સમુદ્રે વા શુભ્રે, તરી રહ્યું પ્રિયે! નાવ ગુલતું.

પ્રિયે! આ ગાલો યે અતિવ થઈ આવેશવશ ને
લઉં ભીડી ચૂમિ ખૂબ ખૂબ જ લાંબી રસભરી:
અને ચોટું મુદ્રા રસમય ગુલાબી વદન યે,
રહે કેવી દીપી સુરખિભર આ ગૌર વદને.
કરી જે રેં મુદ્રા અતિ ધવલ પૂર્ણેન્દુ મહિં જે,
રહ્યું લાંછન તેવીઃ તુજ મુખ પરે, ને વદી રહે
કથા રાત્રિની એ ઉર ઉરથી ને ઓષ્ઠ મુખથી
મળ્યાં, ભીંસાયાંતાં, દઢ લઈ તું ને બાથ-મહિંને
દીધી ચૂમી એની! વિજયધ્વજ શો એ મિલનનો
રહેશે લ્હેરાતો, યુગયુગ સુધી, પ્રેમી જનના
ચૂમિગીતો ગાતો, હર પુરુષ ને પ્રેયસી તણા
કહેતો રહેશે એ યુગયુગ તણી દંપતી કથા.

ગાંડીવ

બાળ પખવાડિક

બાળકોમાં સારા સંસ્કારનું સિંચન
કરવાં તમારા ઘરમાં જરૂર મંગાવો
તા. ૧ અને ૧૬ મીએ પ્રગટે છે.

વા૦ લના૦ રૂા ૭ . પરદેશ શિ. ૧૬

ગાંડિવ સાહિત્ય મંદિર : : સુરત

રમણિક અવાવનાળાનો કાવ્યસંગ્રહ

– પ્રતીક્ષા –

શ્રી ઉમાશંકર જોષીના પ્રવેશક તથા ટિપ્પણ સહિત બે રૂપીઆ

– ઝાંઝરી –

રમણિકલાલ કિ ભેલતાના બાર ગીતો. છ આના ત્રણ નકલ મંગાવનારને પોસ્ટેજ ફ્રી
લખો **ચોકસી બ્રધર્સ** બાલાહનુમાન–અમદાવાદ

ઝંડુનુ નામાંકિત રક્તો–ફોસ્ફો–મૉલ્ટ નબળા સબળા બધાને ઉપયોગી છે સાજા માણસોની શકિત એના સેવનથી સચવાઈ રહે છે, અને માંદાને માંદગી પછીની નબળાઈ નાબૂદ કરી, નવજીવન આપે છે

ઝંડુનુ રક્તો–ફોસ્ફો–મોલ્ટ સ્વાદિષ્ટ અને તાકીદે તાજગી આપનાર છે અને તેથી નાના બાળકો તેમજ મોટા સૌ કોઇ સહેલાઈથી લઈ શકે છે પોષણ આપનાર અને ખાસ કરી લોહીની લાલી વધારનાર ઝંડુ–રક્તો–ફોસ્ફો–મૉલ્ટ અવશ્ય અજમાવો.

ઝંડુ રક્તો ફોસ્ફો મૉલ્ટ

એકવાર અવશ્ય અજમાવો!

ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લી૦, ગોખલે રોડ, મુંબઇ ન ૧૪
દુકાન—ભાટીયા મહાજનવાડી, કાલબાદેવી રોડ